

## પ્રકરણ : 30

# ભાયંદરની ભાગ્યવતી ભૂમિમાં...

જાણકારો કહે છે આ સૃષ્ટિમાં ભૂમિ ત્રણ પ્રકારની હોય છે.

એક ભૂમિ એવા પ્રકારની હોય છે જેની ભીતરમાં ધગધગતો લાવારસ હોય. આમ એ ભૂમિ ઉપર ઉપરથી સરેરાશ ભૂમિ જેવી હોય, એની ઉપર ક્વચિત્ હરિયાળી પણ પથરાયેલી હોય. પરંતુ જ્યારે એમાંનો લાવારસ ભભૂકી ઉઠે ત્યારે ઉપરની હરિયાળી તો ઠીક, આસપાસના વૃક્ષો પણ પૂરેપૂરા સાફ થઇ જાય-'સ્વાહા' થઇ જાય. ન એની નજીક માનવો ફરકી શકે કે ન એની આસપાસથી પંખીઓ ઊડી શકે. જે જાય તે ભસ્મસાત્ થઇ જાય... બીજી ભૂમિ હોય છે જલથી છલકાતી-ફલદ્રૂપ. એની ભીતરમાં જલપ્રવાહ એવો હોય કે થોડું ખોદકામ થતાં જ નિર્મલ નીર ઉભરાવા માંડે. પાણીની પ્રચુરતાનાં કારણે આ ભૂમિ કોમળ-આર્દ્ર હોય... ત્રીજી ભૂમિ છે રોહણાચલગિરિની. આ ભૂમિ એવી રત્નખચિત હોય છે કે ત્યાં જરાક ખોદકામ કરો ત્યાં ડગલે ને પગલે એકેકથી ચડિયાતાં રત્નો સાંપડ્યાં કરે.

અલબત્ત, ભૂમિ તો આ સિવાય પણ વિવિધ પ્રકારો ધરાવતી હોય છે. પરંતુ ચિંતકોએ વ્યક્તિની માનસિક ભૂમિકાને સરખાવવા આ ત્રણ પ્રકારો દર્શાવ્યા છે. આપણે એ જ ત્રણ પ્રકાર જરા અલગ રીતે ભૂમિ સાથે જ સરખાવીએ કે જે ભૂમિ પર વારંવાર લોહીતરસ્યા

યુદ્ધો થતા હોય-હત્યાઓ વગેરે થતા હોય એ લાવારસભૂમિ છે. જે ભૂમિ પર દયા-કરુણા-પરોપકારનાં ઝરણાં વહેતા હોય એ જલાર્દ્રભૂમિ છે અને જે ભૂમિ પર દીક્ષાઓની-સર્વવિરતિની વણઝાર રચાતી હોય એ રત્નભૂમિ છે.

ભાયંદરની ભાગ્યવતી ભૂમિ આ અર્થમાં રત્નભૂમિ-રત્નોની ખાણ સમી બની ગઇ હતી. જ્યારથી ત્યાં પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીની પ્રેરણાથી બાવનજિનાલય-તીર્થનિર્માણનાં મંગલાચરણ થયા ત્યારથી ત્યાં જૈનોની વસતિ 'દિન દો ગુણી... રાત ચોગુણી'ની જેમ સતત વધવા માંડી હતી. આપણા પૂજ્યશ્રીની પુણ્યવંતી પ્રેરણા-મંગલ માર્ગદર્શન મુજબ જ્યારથી ત્યાં ૧૬૦ થી અધિક પ્રભુજીઓની પ્રતિષ્ઠા થઇ ત્યારથી એ ભૂમિના ભાવિકોની ભક્તિમાં-ભાવનામાં-આરાધનામાં વૃદ્ધિ આવતી ગઇ અને દીક્ષાઓની એક દિવ્ય પરંપરા સર્જાવા માંડી. એક અંદાજ મુજબ આજ પર્યંત ભાયંદરમાં કુલ ૧૭૮ પુણ્યાત્માઓની દીક્ષાઓ થઇ છે !! આવી ભાગ્યવતી ભૂમિને 'રત્નભૂમિ' શબ્દથી કેમ ન નવાજાય ?

ભાયંદરની આવી ભાગ્યવતી ભૂમિના મુખ્ય ધર્મકેન્દ્ર બાવન- જિનાલયતીર્થનો સંઘ વિ.સં. ૨૦૫૦નાં ચાતુર્માસનો લાભ આપવા પૂજ્યશ્રીને સતત આગ્રહ કરી રહ્યો હતો. આ તીર્થના ટ્રસ્ટીઓ સુરેશભાઇ સંઘવી વગેરે અને સંઘના અગ્રણી શશીકાંતભાઇ સીરોયા વગેરેની વિનંતિમાં મુખ્ય ભાર એ મુદ્દા પર હતો કે 'આ તીર્થના-સંઘના પ્રેરણાસ્રોત આપ છો અને આપનું એક પણ ચાતુર્માસ અદ્યાવધિ આ સ્થાને થાય નહિ એ કેમ ચાલે ? આ વર્ષે આપે ચાતુર્માસની સંમતિ આપવી જ પડશે.' આ વિનંતિ માટે સુરેશભાઇ વગેરે અમદાવાદ પણ આવી ગયા હતા, તો પાવી-જેતપુરની પ્રતિષ્ઠાસમયે સાવ નાનાં ગામડાંઓમાં પણ આવી ગયા હતા.એક તરફ બાવનજિનાલયતીર્થનો સંઘ હતો, તો બીજી તરફ દહિંસરનો શાંતિનાથજિનાલય સંઘ હતો. એ સંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં ઝાકઝમાળ ચાતુર્માસ અને અંતે ઉપધાનતપ કરાવવા સજ્જ હતો. મુખ્યત્વે આ બન્ને સંઘોના આગ્રહ વચ્ચે મહામાસમાં જ પૂજ્યશ્રીએ નિર્ણય જાહેર કર્યો કે આ વર્ષની ચાતુર્માસજય બાવનજિનાલયતીર્થે અને તે પછીના વર્ષનું ચાતુર્માસ ક્ષેત્રસ્પર્શના હશે તો દહિંસરસંઘમાં કરાશે. તે પછી ચૈત્ર માસમાં મામાની પોળ સંઘ-વડોદરાના પ્રતિષ્ઠામહોત્સવમાં ચાતુર્માસજય બોલાવાઇ હતી.

તે મુજબ વિ.સં. ૨૦૫૦નાં ચાતુર્માસ અર્થે પૂજ્યશ્રી મુંબઇ પધાર્યા. વૈશાખ-જેઠ માસની ભયાનક ગરમીના દિવસો હતા. છતાં ભરુચ-સુરત-નવસારી-વલસાડ વગેરે દરેક મોટા નગરોના સંઘોને તેમજ પૂ. યુગદિવાકરશ્રીના ઉપકારવાસિત ફણસા-ખતલવાડા-ઉમરગામ-બોરડી-ઘોલવડ-દહાણુ વગેરે સંઘોમાં પ્રવચનાદિરૂપે ધર્મલાભ આપતા આપતા પૂજ્યશ્રી મુંબઇ પધાર્યા અને ચાતુર્માસપ્રવેશ પૂર્વે પણ દહિંસર-બોરીવલીથી લઇ ચેમ્બુર-ગોડીજી પાયધુની-વાલકેશ્વર-ગોવાલીયાટેંક વગેરે મુખ્ય દરેક સંઘોમાં પધાર્યા. સંઘોને સામૈયાં-પ્રવચનનો આદિનો લાભ મળ્યો, તો પૂજ્યશ્રીને સાડા ત્રણ વર્ષો બાદ તે તે સંઘોના પ્રભુજીનાં દર્શન-વંદનનો લાભ મળ્યો. આ રીતે સાતત્યસભર સુદીર્ઘ વિહારયાત્રાના અંતે આષાઢ શુદિ-૯, રવિવાર, તા. ૧૭-૭-૯૪ના મંગલદિને પૂજ્યશ્રી આદિ તથા સા. શ્રી વસંતપ્રભાશ્રીજી આદિ શ્રમણ-શ્રમણીવૃંદનો ભાયંદર-બાવનજિનાલયતીર્થે શાનદાર ચાતુર્માસપ્રવેશ થયો. પ્રવેશનું શ્રેષ્ઠ મંગલ મુહૂર્ત ગણો કે નવના અખંડ અંકની તિથિ ગણોઃ **આ ચાતુર્માસ પૂજ્યશ્રીના અત્યાર સુધીના સ્વતન્ત્ર ચાતુર્માસોનું શિરમોર-શ્રેષ્ઠ ચાતુર્માસ નીવડ્યું. એટલું જ નહિ, આ પછીના લગભગ તમામ ચાતુર્માસો અવનવી શાસનપ્રભાવનાસભર બન્યાં. કેટલાક આનાથી ય સવાયા નીવડ્યાં. મારું નિરીક્ષણ એ છે કે આ ચાતુર્માસથી જીવનની અંતિમ સન્ધ્યા પર્યંત પૂજ્યશ્રી પુણ્યથી-પરિવારથી-પ્રભાવકતાથી અને પરિણતિથી ઉત્તરોત્તર પ્રગતિનાં શિખરે આરૂઢ થતા રહ્યા.**

ચાતુર્માસપ્રવેશદિને વીશ વીશ મંડળો-અનેકવિધ સાજસામગ્રી અને હજારોની મેદની સાથે ભવ્ય સ્વાગત, પ્રવચનહોલ અને પરિસરમાં પગ પણ ન મૂકી શકાય એવી ખીચોખીચ ભીડ, નિત્ય પ્રવચનોમાં ઊમટતી પર્ષદા આદિનાં કારણે ચાતુર્માસનો પ્રારંભ જોરદાર થયો. થોડા જ દિવસોમાં પ્રવચનો દેવચંદનગરઉપાશ્રયના બદલે, બાવનજિનાલયપરિસરમાં વિશાલ મંડપ રચીને ત્યાં શરૂ કરવા પડ્યા. ક્વચિત્ એવું પણ બન્યું કે મુંબઇબંધ જેવાં કારણે ભાયંદરવાસીઓ ઘરે હતા ત્યારે ત્યારે સવાર ઉપરાંત અચાનક બપોરનાં પ્રવચનો જાહેર થતા એમાં પણ હકડેઠઠ શ્રોતાઓ ઊમટ્યા. તત્ત્વાર્થસૂત્ર પર પ્રવચનો, પ્રદેશી રાજાના તેર છટ્ઠનો સામૂહિક તપ-અખંડ જાપ સાથે શ્રી સમેતશિખરજી તીર્થનાં અટ્ઠમ-૧૦૮ પાર્શ્વનાથઆરાધનાદિ તપ, સમેતશિખરજીતીર્થરક્ષામહાસભા અને તેમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી ભાવિકો દ્વારા તત્કાલ સુવર્ણ-રજત આભૂષણોનાં દાન, રવિવારે સંગીતમય ભક્તિસન્ધ્યા, બાળશિબિરો-મહિલા શિબિરો, આયંબિલખાતા માટે ₹. ૨૫ લાખનાં અને સાધારણ ખાતા માટે ₹. સાત લાખનાં ફંડનાં આયોજનો આદિથી ચાતુર્માસ એકદમ ઝગમગી રહ્યું... પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીની ચિરવિદાય બાદ પણ પૂજ્યશ્રીની નિશ્રામાં તેઓશ્રીના જન્મદિનની ભવ્ય ઉજવણી તપ-ત્યાગ-સાધર્મિકભક્તિ-જીવદયા-વિવિધ જ્ઞાનસ્પર્ધા વગેરે રૂપે થતી જ હતી. પરંતુ આ ચાતુર્માસમાં એ ઉજવણી ખૂબ વ્યાપક રૂપે થઇ. બાવનજિનાલયના પાષાણના-ધાતુના મળી બસો જિનબિંબોની અંગરચનાસ્પર્ધા-શાનદાર મહાપૂજા-તેર મહિલામંડળોની સંયુક્ત પૂજા-૯૧ સાધર્મિકપરિવારોને જીવનોપયોગી કીટ અર્પણ વગેરે અનેક કાર્યક્રમો ગુરુદેવની જન્મતિથિઉજવણીઉત્સવમાં થયા.

પર્યુષણામહાપર્વમાં બાવનજિનાલયનાં મુખ્ય દ્વારથી ૬૦ ફુટરોડ સુધીના દ્વાર પર્યંત મેદની ઊમટતી. જન્મવાંચનદિને **દશ હજાર** ભાવિકોને મોદકની પ્રભાવના થઇ, તો સાંવત્સરિક પ્રતિક્રમણમાં **પાંચ હજાર**થી વધુ ભાઇઓ સામેલ હતા. મોટી તપશ્ચર્યાઓ ચારસોથી વધુ હતી. તેમાં માસક્ષમણતપસ્વીઓની સુવર્ણમુદ્રા અને અન્યોની રજતમુદ્રા દ્વારા ભક્તિ થઇ. પર્યુષણા બાદ સમસ્ત ભાયંદરના સંઘોનો સંયુક્ત વરઘોડો-રથયાત્રા પૂજ્યશ્રીની નિશ્રામાં થઇ અને તેના અંતે ૨૫ હજાર ભાવિકોનું સાધર્મિકવાત્સલ્ય થયું. આ માનવમહેરામણ ઊમટતો નિહાળીને જ પૂજ્યશ્રીએ સુરેશભાઇ સંઘવી વગેરે ટ્રસ્ટીગણને પ્રેરણા કરી કે 'ધર્મશાળાની આગળનું અધિષ્ઠાયકસંકુલ બાવનજિનાલયની પાછળ લેવું જરૂરી છે અને ધર્મશાળાથી બાવનજિનાલયપ્રારંભ સુધીના ભાગને આવરી લેતા શક્ય એટલા વિશાલ પ્રવચનહૉલનું નિર્માણ આવશ્યક છે. તો જ આ વિરાટ જનસંખ્યા બારે માસ શાંતિથી સર્વ આરાધના-પ્રવચન-શ્રવણાદિ કરી શકે.' આજના બાવનજિનાલયતીર્થમાં મુંબઇ અને તેની આસપાસમાં જવલ્લે જ જોવા મળે તેવું વિરાટ અને આબાલવૃદ્ધ માટે સુવિધાભર્યું જે ધર્મઆરાધનાભવન ઉપલબ્ધ છે એનાં બીજારોપણ વિ.સં. ૨૦૫૦ના પૂજ્યશ્રીનાં આ ચાતુર્માસમાં થયા હતા. એ વટવૃક્ષ જેવું સાકાર રૂપ પણ આગળ જતાં પૂજ્યશ્રીનાં કારણે જ પામ્યું.

આ જ ચાતુર્માસમાં બે વડીલ પૂજ્યોનાં સ્વાસ્થ્યસંબંધી કસોટીરૂપ મોટી ઘટના સર્જાઇ. એમાંથી પ્રથમ ઘટના બની પૂ. સાહિત્યકલારત્ન આ.ભ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા. સંબંધી. તેઓનું સ્વાસ્થ્ય ચાતુર્માસપ્રારંભે જ અત્યંત પ્રતિકૂળ બની જતાં જીવન સામે પ્રશ્નાર્થ જેવી સ્થિતિ આવી પડી હતી. આથી મોટા ડૉક્ટરોની સલાહ અનુસાર એમને તાત્કાલિક મુંબઇ-**Breach Candy Hospital**માં દાખલ કરાયા. સ્વાસ્થ્યના સંયોગો અસાધારણ હોવાથી પૂજ્યશ્રીને ત્યાં જવું અનિવાર્ય હતું. સામાન્યતઃ ચાતુર્માસની શાસ્ત્રીય મર્યાદા અલગ હોય છે. આમ છતાં, એક નગરમર્યાદામાં વિશિષ્ટ કારણસર ગમનાગમનની પ્રવૃત્તિ હાલના શ્રમણોમાં જોવા મળે છે. ભાયંદરનું સ્થાન લગભગ મુંબઇના સંલગ્ન ઉપનગર જેવું હોવાથી પૂજ્યશ્રીએ વિશિષ્ટ કારણ જોઇને વડીલ પૂજ્યશ્રીનાં સ્વાસ્થ્યસંદર્ભે Breach Candy Hospitalમાં જવાનો નિર્ણય કર્યો. સવારે ભાયંદરથી પૂજ્યશ્રીએ વિહાર આરંભ્યો, માર્ગમાં જરૂર મુજબ ગોચરી પૂરતી સંઘઉપાશ્રયે સ્થિરતા કરી સતત વિહાર જારી રાખ્યો અને સાંજે પાંચ વાગ્યે પચાસ કિ.મી.નો વિહાર પૂર્ણ કરી Breach Candy પહોંચ્યા. તે સમયે ત્યાં નિકટના સંઘોમાં ચાતુર્માસસ્થિત સમુદાયના પૂજ્યો તેમજ સમુદાયના ભક્ત સંઘો-શ્રાવકો ઉપસ્થિત હતા. સહુ પૂજ્યશ્રીને ઘેરી વળ્યા. સહુનાં નેત્રોમાં આશ્ચર્ય-અહોભાવ છલકાતો હતો. કેમ કે પૂજ્યશ્રી સૌથી વધુ દૂરના સંઘમાં હતા. છતાં એક જ દિવસમાં આટલો થકાવટભર્યો વિહાર એમણે કર્યો હતો. સમુદાયભક્તિ-વડીલભક્તિ અંગે પૂજ્યશ્રીનું આ પ્રેરક ઉદાહરણ હતું. **Breach Candy Hospital**ની સામેના **Apartment**માં રાત્રિસ્થિરતા કરી ત્યારે પૂજ્યશ્રીએ પૂ. યશોદેવસૂરિજી મ.ની સેવામાં રહેલ મુનિશ્રી જયભદ્રવિજયજી સાથે દીર્ઘકાલ વાર્તાલાપ કરી સાન્ત્વન પણ આપ્યું. પૂજ્યશ્રીનું ઔચિત્ય નિહાળીને મુનિવર પ્રસન્ન-પ્રભાવિત થઇ ગયા. એ પછીના કેટલાક દિવસો સ્વસ્થ વીત્યા બાદ પુનઃ એક વાર એ વડીલ આચાર્યશ્રીનું સ્વાસ્થ્ય અતિ ગંભીર થઇ ગયું અને દીપક બુઝાયો કે બુઝાશે જેવી સ્થિતિ આવી. ત્યારે પણ પૂજ્યશ્રી પ્રથમ વારની જેમ જ એક જ દિવસમાં પચાસ કિ.મી.નો વિહાર કરી **Breach Candy** પધાર્યા હતા. આખરે કુલ એકસોથી વધુ દિવસ **Hospital**માં સઘન સારવાર બાદ એ વડીલ આચાર્યશ્રીનું સ્વાસ્થ્ય સાનુકૂળ બન્યું. તેઓશ્રીનાં સ્વાસ્થ્ય નિમિત્તે પૂજ્યશ્રીએ ભાયંદર-બાવનજિનાલયતીર્થે ચોવીસ કલાકના અખંડ જાપ સાથે પાંચસો આયંબિલતપની આરાધના ય કરાવી હતી.

બીજી અણધારી ઘટના સર્જાઇ પૂ. શતાવધાની આ.ભ. શ્રી જયાનંદસૂરીશ્વરજી મ.સા.ના કાલધર્મની. આ વડીલ આચાર્યશ્રી **Breach Candy** થી થોડા જ દૂરના ગોવાલીયાટેંક જૈન સંઘમાં ચાતુર્માસ વિરાજમાન હતા. ગોવાલીયા ટેંક સંઘના પંચશિખરીય નૂતન ભવ્ય જિનપ્રાસાદની અંજનશલાકા-પ્રતિષ્ઠા નિમિત્તે તેઓશ્રી ત્યાં પધાર્યા હતાં. ચાતુર્માસ બાદ તુર્ત એમના સહિત સમસ્ત સમુદાયની નિશ્રામાં એનો મહોત્સવ ઉજવવાનું નિર્ધારિત થયું હતું. પરંતુ પ્રબળ ભવિતવ્યતાવશ અચાનક જ પાંચ મિનિટના નાદુરસ્ત સ્વાસ્થ્યમાં તેઓશ્રી આસો વદિ ત્રીજની રાત્રે એકાએક કાલધર્મ પામ્યા. સમુદાય-શાસન માટે આ મોટી આંચકારૂપ ઘટના હતી. પૂજ્યશ્રીએ ત્યારે પણ વહેલી પ્રભાતે વિહાર કર્યો અને સાંજે ચાર વાગ્યે અડતાળીસ કિ.મી.નો વિકટ વિહાર પૂર્ણ કરી ગોવાલીયાટેંકમાં પદાર્પણ કર્યું. એ શાસનપ્રભાવક સૂરિવરશ્રીની અંતિમ પાલખીયાત્રા - ગુણાનુવાદસભા-મહોત્સવ આદિમાં ઉપસ્થિત રહી સક્રિય માર્ગદર્શન-ભાગ લીધો, અકસ્માત્ આવી પડેલ આ પરિસ્થિતિમાં અંજનશલાકા-પ્રતિષ્ઠાદિ આયોજનો યથાવત્ રહે એ માટે સમુદાયના એક અગ્રણી જવાબદાર આચાર્યશ્રીરૂપે પૂજ્યશ્રી વિવિધ વિચારણા-ચર્ચામાં સામેલ રહ્યા અને ગુણાનુવાદસભાદિને સ્વ. આચાર્યશ્રીને શ્રદ્ધાંજલિરૂપ જીવનલેખ ગુજરાતસમાચારઅખબારમાં મારા દ્વારા આલેખિત પણ કરાવ્યો. આ ઉપરાંત ભાયંદર બાવનજિનાલયતીર્થ - ખાર જૈન સંઘ વગેરે સ્થળે પોતાની નિશ્રામાં સ્વ. આચાર્યશ્રીની ગુણાનુવાદસભાસહિત ભવ્ય પંચાહ્નિક મહોત્સવો કરાવ્યા. આ તમામ બાબતોમાં પૂજ્યશ્રીની સમુદાયપ્રીતિ-વડીલપ્રીતિ સરસ અભિવ્યક્ત થાય છે.

આ ચાતુર્માસમાં વિવિધ સંઘો દ્વારા એમનાં સ્થાનોમાં નાનાં-મોટાં શાસનકાર્યો માટે પૂજ્યશ્રી પાસે વિનંતિઓ આવતાં પૂજ્યશ્રીએ તે દરેક વિનંતિનો સ્વીકાર કર્યો. મુખ્યત્વે આવા કાર્યો ચાર સંઘોનાં-સ્થાનોનાં થયાં. પ્રથમ કાર્ય ઉપસ્થિત થયું વસઈરોડ જૈન સંઘનું. ત્યાં પૂજ્યશ્રીના સદુપદેશથી નવનિર્મિત વિશાલ ઉપાશ્રયમાં કેટલુક Fund હજુ અપેક્ષિત હોવાથી સંઘની વિનંતિ હતી કે પર્યુષણપર્વના પ્રથમ દિવસે ગુરુભગવંત પાઠવો તો તેમની નિશ્રામાં કેટલાક આદેશો આપીને નિર્ધારિત Fund પૂર્ણ કરી શકાય. પૂજ્યશ્રીની આજ્ઞાથી મારે સવારે વસઇ જઇ સાંજે પરત આવવાનું થયું. પ્રવચનમાં સરસ માહોલ બન્યો અને સંઘનું ઉપાશ્રયસંબંધી કાર્ય ધારણાથી ય સવાયું પરિપૂર્ણ થઇ ગયું. બીજું કાર્ય આવ્યું કાંદિવલી-પૂર્વના રામનગર જૈન સંઘનું. એ વિસ્તારમાં લગભગ દોઢસોથી અધિક જૈન પરિવારો હતા. પરંતુ વિસ્તાર ખૂબ પછાત હતો. સંઘના પરિવારોની સ્થિતિ પણ ખૂબ મધ્યમ. કિંતુ એ પરિવારોની ધર્મભાવના ઉત્તમ હતી. પૂજ્યશ્રીની આ એક વિશેષતા હતી કે તેઓ જેમ મોટા માતબર સંઘોનાં કાર્યો કરતા, એમ નાના-નાના જરૂરિયાતમંદ સંઘોનાં કાર્યો ય કરતા. જાણે કે પૂજ્યશ્રી વાદળવ્રતી હતા. વાદળને જેમ જલવર્ષા કરતી વેળાએ નગર-ગામ-ખેતર કે જંગલ જેવો ભેદ ન હોય, એમ પૂજ્યશ્રીને ય ઉપકારવર્ષા કરતી વેળાએ નાના સંઘો-મોટા સંઘો જેવો કોઇ ભેદ ન હતો. પૂજ્યશ્રી યથાશક્યપણે સૌનાં કાર્ય કરવાની ભાવના ધરાવતા હતા. એમણે યોગ્ય સમયે તે સંઘમાં જિનાલય-ઉપાશ્રય-પાઠશાળાદિ કાર્યો કરાવવાની વાત સ્વીકારી લીધી.

ત્રીજો સંઘ આવ્યો દહિંસર-નવાગામ વિસ્તારનો. નવવિકસિત એ વિસ્તાર સરસ હતો અને ત્યાં પણ દોઢસોથી વધુ જૈન પરિવારો વસતા હોવાથી એક જિનાલયની આવશ્યકતા હતી. પૂજ્યશ્રીનો પુણ્યપ્રભાવ સાંભળીને ત્યાંના ભાવિકો પૂજ્યશ્રી સમક્ષ સંઘસ્થાપનાની અને જિનાલયનિર્માણની વિનંતિ લઇને આવ્યા હતા. આ માટેની જગ્યા પણ એમણે વિચારી રાખી હતી. એથી પૂજ્યશ્રીએ ત્વરિત એ કાર્ય હાથ પર લીધું અને કાર્તિક માસમાં નવાગામ પધારીને એ કાર્ય ઝડપથી આગળ વધારવાનું ફરમાવ્યું. ચોથું કાર્ય આવ્યું ભાયંદર-વ્યંકટેશપાર્કમાં રથાકાર-જિનાલયનું. બાવનજિનાલયથી સાત-આઠ મિનિટ ચાલીને જવાથી આવતા આ વિસ્તારમાં જૈન ભાગ્યવાનોએ અનેક નવા બિલ્ડીંગો બનાવ્યા હોવાથી ત્યાં સેંકડો જૈન પરિવારો વસવા માટે આવી રહ્યા હતા. એ બધા બિલ્ડીંગોની મધ્યમાં નયનરમ્ય રથાકાર-જિનાલય બનાવવાની એ ભાગ્યવાનોની ભાવના હતી. ત્રિસ્તુતિક પરંપરાના અને તદ્દન અપરિચિત એ રાજસ્થાની ભાઇઓ આ જિનાલયનાં ખનન-શિલાન્યાસાદિ માટે પૂજ્યશ્રીને વિનંતિ કરવા આવ્યા હતા. પૂજ્યશ્રીએ એમની વિનંતિ સ્વીકારી ખનન-શિલાન્યાસ માટે વિજયા દશમી-દશેરાનું મંગલ મુહૂર્ત ફરમાવ્યું.

તે દિવસે ઊગતા સૂરજની સાખે ખનનવિધિ બાદ બપોરે વિજયમુહૂર્તે શિલાન્યાસવિધિ હતો. શાશ્વતી ઓળીનું તે દિવસનું પ્રવચન ફરમાવ્યા બાદ પૂજ્યશ્રી સકલ સંઘ સાથે વાજતે-ગાજતે એ ભૂમિ પર પધાર્યા. વિજયમુહૂર્તનો સમય હોવાથી ખુલ્લા આકાશમાં મધ્યાહ્નનો સૂર્ય જોરદાર તપતો હતો. તમામ વિધિ-વિધાન બાદ જ્યાં શિલાન્યાસની ક્ષણ આવી ત્યાં એકાએક ખુલ્લા આકાશમાં ક્યાંકથી કાળી ભમ્મર વાદળી ચડી આવી અને માત્ર એકાદ મિનિટનાં અમીછાંટણાં કરીને વિખરાઇ ગઇ. ન કોઇને વિક્ષેપ થયો, ન વિધિમાં રુકાવટ આવી. માત્ર મંગલ થયું. સહુ વિસ્મિત થઇ ગયા કે ધોમધખતા તાપમાં આ ક્ષણિક અમીવર્ષા કેવી રીતે થઇ ગઇ!! આ ઘટનાથી ખુશખુશાલ નિર્માતાપરિવારે પૂજ્યશ્રીનાં બૃહત્શાંતિપાઠ-માંગલિક વક્તવ્ય બાદ હર્ષભેર સ્વયંભૂ ઘોષણા કરી કે ''ગુરુમહારાજ ખૂબ સરલ-વત્સલ-પુણ્યવંતા છે. આ જિનાલયની અંજનશલાકા-પ્રતિષ્ઠા પણ અમે એમની નિશ્રામાં જ કરાવીશું.'' જો કે, પૂજ્યશ્રીએ ત્યારે પણ આ ઘટનાને અંશે પણ ચમત્કારરૂપે ન દર્શાવતા એને માત્ર કુદરતનો શુભ સંકેત જ જણાવ્યો હતો. **પૂજ્યશ્રીની આ એક વિશિષ્ટતા મેં ડગલે ને પગલે માણી છે કે એમણે ક્યારે ય ચમત્કાર-મન્ત્ર-જ્યોતિષ વગેરેને નાનું શું ય મહત્ત્વ આપ્યું નથી. એ આ બધાથી જોજનો દૂર રહ્યા છે અને એમણે માત્ર પ્રભુકૃપા-ગુરુકૃપાને પ્રાધાન્ય આપ્યું છે. રથાકારમંદિરના શિલાન્યાસની ઘટનામાં પણ પૂજ્યશ્રીની આ જ મનોવૃત્તિ પ્રગટી હતી.**

આ ચાતુર્માસની આરાધનાઓના મંદિર પર કલશારોપણની જેમ ઉપધાનતપઆરાધનાનો અને તેના માળારોપણમહોત્સવમાં ૫૧ મંગલમૂર્તિસ્થાપના-મૂલનાયકપરિકરપ્રતિષ્ઠા-દીક્ષાદિ આયોજનો ઘોષિત થયા... કાર્તિક શુદિ-૧૧ના પૂજ્યશ્રીએ આપેલ શુભ મુહૂર્તે દહિંસર-નવાગામના ભાવિકોએ 'દહિંસર-નવાગામ જૈન શ્વે.મૂ. સંઘ એન્ડ ચેરિટીઝ' નામે વિધિવત્ સંઘસ્થાપના કરી. કાર્તિકી પૂર્ણિમાએ ભાયંદરની આગવી વિશેષતા મુજબ દરિયા કિનારે સકલ સંઘ સાથે શ્રી શત્રુંજય-પટયાત્રા થઇ તેમજ ચાતુર્માસપરિવર્તનાદિ થયા. તે પછી પૂજ્યશ્રી કાર્તિક વદિ-૬, તા. ૨૪-૧૧-૯૪ના નવાગામ પધારતાં સંઘે તેમનું ભવ્ય સ્વાગત કર્યું. ભાવિકોના અજબના ઉલ્લાસ વચ્ચે પૂજ્યશ્રીનું 'જિનાલયની જરૂરિયાત' વિશે મનનીય પ્રવચન થયું. મુખ્યત્વે પૂજ્યશ્રીએ એમાં જીવનમાં પ્રભુભક્તિની અનિવાર્ય આવશ્યકતા સમજાવીને એ જણાવ્યું હતું કે ''આજના મુંબઇગરા લોકોનું જીવન અત્યંત વ્યસ્ત છે. બાળકોની Tuition-classesની જવાબદારીઓ, પતિની Serviceની-વ્યવસાયની જવાબદારીઓ, પત્નીની ઘરવ્યવહારની જવાબદારીઓઃ આ ચક્કરમાં સૌને સમયની તીવ્ર તંગી છે. એ સ્થિતિમાં જિનાલય દૂર હોય તો સેંકડો પરિવારો દર્શન-પૂજાથી વંચિત

રહી જાય. માટે તમારા વિસ્તારમાં જિનાલય જરૂરી છે.'' સમગ્ર સભાએ પૂજ્યશ્રીની પ્રેરણા ઝીલી લેતાં સંઘે જિનાલયનિર્માણની જય બોલાવી. માહોલ એવો સરસ સર્જાયો કે જ્યાં સુધી પ્રભુ ગાદીનશીન ન થાય ત્યાં સુધી ઘણા ભાગ્યવાનોએ 'ચાનો ત્યાગ-મીઠાઇનો ત્યાગ-વ્યસનત્યાગ' વગેરે નિયમો લીધા. અરે ! એક જૈનેતર ભાઇએ તો કેરીત્યાગનો કઠિન નિયમ પણ લીધો !!

ત્યાંથી પૂજ્યશ્રી ગોવાલીયાટેંક જૈન સંઘમાં અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ નિમિત્તે પધાર્યા. આજના મુંબઇના અગ્રણી સંઘોમાં સ્થાન પામતા એ સંઘમાં પાંચ પાંચ શિખરો-રંગમંડપ-ભવ્ય ભૂગર્ભગૃહ આદિ યુકત દેવવિમાનસમાન શ્રી શંખેશ્વરપાર્શ્વનાથમહાજિનાલયનો અંજન-પ્રતિષ્ઠા પ્રસંગ સમસ્ત સમુદાયની નિશ્રામાં ધામધૂમથી યોજાયો હતો. આ એ સ્થાન હતું જ્યાં પૂ. યુગદિવાકર ગુરુદેવની પ્રેરણા-કૃપાવૃષ્ટિથી શૂન્યમાંથી સર્જન થયું હતું. પૂજ્યશ્રી એ શૂન્યમાંથી સર્જનયાત્રાના સાક્ષી અને સક્રિય સહયોગી હોવાથી પંચમજલી જૂની ઇમારત-એનાં ભૂમિતલના ગૃહજિનાલય ઉપાશ્રયાદિ-એનાં સ્થાને પંચમજલી ઉપાશ્રય તથા પંચશિખરીય જિનાલયનિર્માણ અને હવે એવી અંજનશલાકા-પ્રતિષ્ઠાઃ આ તમામમાં પૂજ્યશ્રી સંલગ્ન હતા. જિનાલયનાં ભૂગર્ભગૃહમાં એકેકથી ચડિયાતા વિશાલ જિનબિંબો-મુખ્ય ગર્ભગૃહો તથા રંગમંડપમાં નયનરમ્ય જિનપ્રતિમાદિ-અદ્‌ભુત કલ્યાણકઉજવણી-સાધર્મિકવાત્સલ્યો આદિથી મહોત્સવ જાજરમાન બની ગયો. પૂજ્યશ્રી સહિત ચાર પૂ. આચાર્યદેવોના હસ્તે અંજનવિધાન થયું અને માગશર શુદિ દશમીના દિને મન્ત્રોચ્ચારો સાથે હજારોની મેદની વચ્ચે પ્રતિષ્ઠાવિધાન થયું.

ત્યાંથી તુર્ત વિહાર કરી માગશર શુદિ તેરશે પૂજ્યશ્રી ભાયંદર-બાવનજિનાલયતીર્થે પધાર્યા. પૂનમના મંગલ દિને પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં બસો પાંચ આરાધકોના ઉપધાનતપનો પ્રારંભ થયો. પ્રતિદિન પૂજ્યશ્રી દ્વારા કરાવાતી ક્રિયાઓ-વાચનાઓ-પ્રવચનો આદિથી વાતાવરણ આરાધનામય-ઉલ્લાસમય બની રહ્યું. આ ઉપધાનતપમાં ભાયંદરના જ ત્રણ નાના બાળકો સામેલ થતાં ભાવિકો માટે એ આકર્ષણરૂપ બની ગયા હતા. સાત-દશ અને અગિયાર વર્ષના એ બાળકોના નામ હતા ભાગ્યેશ (ચિન્ટુ)-મેહુલ-ચિરાગ. સાવ નાની વય છતાં એમણે ન તો ઉપવાસ-નીવિના ક્રમમાં કોઇ છૂટ લીધી હતી કે ન તો ક્રિયામાં કાંઇ છૂટ લીધી હતી. આ પૈકીનો સૌથી નાની વયનો બાળક ભાગ્યેશ તો ઉપધાનતપના ત્રણ મુખ્ય દાતા પૈકીના એક પરિવારનું સંતાન હતો. એના ઉપધાનતપથી એના પિતા મહેન્દ્રભાઇ એટલા ખુશખુશાલ હતા કે શક્તિથી થોડા આગળ વધીને પણ એ બાલતપસ્વીને પ્રથમ માળપરિધાન કરાવવાનો ઉછામણીલાભ લીધો. આ ઉપધાનતપમાં એક વાર પૂ.આ. શ્રી રામચન્દ્રસૂરિજી મ.ના સમુદાયના પૂ.આ. શ્રી પૂર્ણચન્દ્રસૂરિજી મ. તથા પૂ. મુનિ શ્રી કીર્તિયશવિજયજી (પછીથી આચાર્ય) મ. પધારતા પૂજ્યશ્રી સાથે તેમનું પ્રવચન થયું. તો એના થોડા દિવસો બાદ પૂ. પંન્યાસજી શ્રી ચન્દ્રશેખરવિજયજી ગણિવર પધારતા એમનું પણ પૂજ્યશ્રી સાથે સંયુક્ત પ્રવચન થયું. પંન્યાસજીએ પણ સરસ આત્મીય પ્રતિભાવ આપી પોતાનાં પ્રવચનમાં, પૂજ્યશ્રીએ તાજી કહેલ 'सकलकुशलवल्लि:' સંબંધી બાબતનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે ''મને પણ આ વાત નવી જાણવા મળી છે.''

ઉપાશ્રયના એક જ વિશાલ Hallમાં સ્થિરતા હોવાથી બપોરે પંન્યાસજી મ. આપણા પૂજ્યશ્રી પાસે પધાર્યા અને ઘણો બધો વર્તમાનકાલીન વિષયોનો વાર્તાલાપ થયો. એમાં વાત-વાતમાં તેઓએ એક વાત કહી કે ''આપણે ત્યાં પ્રભુનાં 'વીતરાગ' વિશેષણ પર જેટલો ભાર અપાય છે એટલો એમના 'કરુણાસિંધુ' વિશેષણ પર ભાર અપાતો નથી. આથી સામાન્ય જીવોને એમ થાય કે વીતરાગ ભગવાન આપણને કોઇ સહાય કરવાના નથી. તો પછી એમની ભક્તિ કરવાનો શો અર્થ ? માટે 'કરુણાસિંધુ' વિશેષણ પર પણ મજબૂત ભાર અપાવો જોઇએ.'' પૂજ્યશ્રીને યાદ આવી ગયું એક સમયે આ પંન્યાસજીના સમુદાયના અને હાલ સાંપ્રત શ્રમણપરંપરાના પ્રવાહથી દૂર થઇ ગયેલ એક વિદ્વાન વ્યક્તિનું વિધાન. વર્ષો પૂર્વે તેઓએ પૂજ્યશ્રી સાથેના વાર્તાલાપમાં આવી વાત કરતા કરતા એમ કહી દીધું હતું કે ''ભગવાન આપણને સહાયક બને છે અને એ પણ સક્રિય કર્તાભાવે સહાય કરે છે.'' પૂજ્યશ્રીએ ત્યારે જે વિવેકભર્યો સુધારો વાર્તાલાપમાં કર્યો હતો એવો જ સમુચિત અભિગમ દાખવીને પૂજ્યશ્રીએ પંન્યાસજીનાં કથનને સમર્થન આપ્યું કે ''પંચસૂત્ર ગ્રન્થમાં પરમાત્મા માટે 'अचिंतचिंतामणि' વિશેષણ છે. એમાં પ્રભુને અચિંત્ય ચિંતામણિરૂપે ઓળખાવાય છે. ચિંતામણિરત્ન જેમ સ્વયં કાંઇ ન કરતું હોવા છતાં એની વિધિપૂર્વક આરાધનાદિ કરનારને તે ઇષ્ટ સંપદા પ્રાપ્ત કરાવે છે એમ વીતરાગી પ્રભુ સ્વયં કાંઇ ન કરતા હોવા છતાં એમનાં લોકોત્તર ગુણોની સદ્દહણાપૂર્વક-જ્ઞાનપૂર્વક જે એમનો આદર-સત્કાર-પૂજા-ભક્તિ આદિ કરે એને એ ઐહિક સંપદાઓ અને પરંપરાએ સિદ્ધિસંપદા પ્રાપ્ત કરાવે છે. પરંતુ એમાં તેઓ પ્રબળ નિમિત્તભાવે હોય, સક્રિય કર્તાભાવે નહિ. ક્યાંક 'તું તો રંકને કરે છે રાય' જેવી વાતો લખાયેલ જોવાય છે એ ઔપચારિક છે, સ્થૂલ સ્તરનું કથન છે. બાકી વાસ્તવિક સ્તરે પ્રભુને પ્રબળ નિમિત્તભાવે ઉપકારી ગણવા જોઇએ.''

ઉપધાનતપની પૂર્ણાહુતિના દિવસોમાં નવદિવસીય ભવ્ય મહોત્સવ યોજાયો. મહા શુદિ પાંચમે ઉપધાન તપસ્વીઓનો ઐતિહાસિક વિરાટ રથયાત્રા-વરઘોડો યોજાયો. ભાયંદરમાં ઘણાં વર્ષો બાદ ઉપધાનતપ થયા હોવાથી જબરજસ્ત ઉલ્લાસનો માહોલ હતો. રાત્રે દીક્ષાર્થીસન્માનસમારોહ યોજાયો. છઠની સવારે ૫૧ મંગલમૂર્તિસ્થાપના -

પરિકરપ્રતિષ્ઠાદિ મંગળ વિધાનો થયા. તે પછી વિરાટ ધર્મ-પ્રતાપનગરમાં હજારોની મેદની વચ્ચે માળારોપણસમારોહ યોજાયો. આ પ્રસંગે ગત ચાર વર્ષથી સતત વિનંતિ કરતા દહિંસર-શાંતિનાથજિનાલયસંઘે આગામી ચાતુર્માસજય માટે પ્રબળ આગ્રહ કરતાં વિધિપૂર્વક વિ.સં. ૨૦૫૧ની ચાતુર્માસજય ત્યાંના માટે બોલાવાઇ. આ જ માળારોપણસમારોહમાં મુમુક્ષુ કુ. મમતાને પ્રવ્રજ્યાપ્રદાન થતાં તેમને સા. શ્રી મિતરસાશ્રીજીરૂપે ઘોષિત કરાયા. આ માળારોપણસમારોહમાં મુંબઇસ્થિત સમગ્ર સમુદાયનું આગમન થયું હતું.

ભાયંદરના ઐતિહાસિક શાસનપ્રભાવક કાર્યો આ રીતે સમાપ્ત કરી પૂજ્યશ્રી બોરીવલી જામલી-ગલીસંઘની વિનંતિથી ત્યાંના સૂરિપદપ્રદાન-દીક્ષા-માળસમારોહમાં પધાર્યા અને ત્યાંથી તુર્ત અંધેરી-પૂર્વના શ્રી શંખેશ્વરજિનાલયસંઘમાં પધાર્યા. પૂજ્યશ્રીના સાંસારિક ભગિની સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના પરિવારમાં સંયમ સ્વીકારવા સમુત્સુક યુવામુમુક્ષુ કુ. બીના હસમુખભાઇ શાહનો દીક્ષાનિમિત્તક પંચાહ્નિક મહોત્સવ એ સંઘમાં યોજાયો હતો. પૂજ્યશ્રીની પુણ્યપ્રભાવવંતી નિશ્રા અને દીક્ષાર્થી સાથે સંઘના સરસ લગાવનાં કારણે માત્ર દીક્ષામહોત્સવ હોવા છતાં પ્રતિષ્ઠામહોત્સવ જેવો સુંદર માહોલ સર્જાયો. મહા વદિ ચોથે સમસ્ત સમુદાયનાં સાન્નિધ્યમાં ખીચોખીચ મંડપ વચ્ચે મુમુક્ષુની દીક્ષાવિધિ દર્શનીય રીતે થઇ, ઉપકરણોની ઉછામણી ખૂબ સુંદર થઇ અને અંતે મુમુક્ષુને સા. શ્રી વિશ્વવન્ધ્યાશ્રીજીના નામે ઘોષિત કરાયા. તે દિવસે નવદીક્ષિત સાધ્વીજી વન્દનાર્થે આવ્યા ત્યારે પૂજ્યશ્રીએ નાનકડી પણ નમૂનેદાર હિતશિક્ષા આપી કે :-

'जाए सद्धाए निक्खंतो, परिआयट्ठाणमुत्तमं।
तमेव अणुपालिज्जा, गुणे आयरियसंमए।।'

''યુવાવય-સુશિક્ષિત અને સંપન્ન અવસ્થા વગેરે હોવા છતાં ય સંસાર છોડીને તમે જે શ્રદ્ધાથી-સમજણથી સંયમજીવન અંગીકાર કર્યું છે એ ઉત્તમ જીવનને એ જ શ્રદ્ધા-સમજણ અને સત્પુરુષાર્થથી દીપાવજો. સતત ગુણવિકાસ-આત્મકલ્યાણ-વિકાસ પર લક્ષ્ય કેન્દ્રિત કરજો અને સંયમજીવનને-ગુરુઇચ્છાને અનુરૂપ પ્રવૃત્તિ જ કરજો.''

આ દીક્ષામહોત્સવ બાદ તુર્તના સમયમાં ગચ્છનાયક પૂ.આ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.નો પૂજ્યશ્રી પર એક પત્ર આવ્યો હતો. તેમાં તેઓશ્રીએ પૂજ્યશ્રી હસ્તકની શાસનપ્રભાવના-લેખનાદિની સરસ અનુમોદના કરી છે. આ રહ્યો એ પત્રાંશઃ

ર્નું

મહા વદિ-૬, રવિવાર
વાલકેશ્વર

શાસન પ્રભાવક આચાર્યશ્રીજી યોગ્ય

તમો સુખશાતામાં હશો...

તમારા તરફથી સુંદર પત્રિકાઓ અમને મળતી રહે છે. પત્રિકાઓ ઘણી સારી હોય છે. લખાણ પણ સારું જોવા મળે છે.સંઘાડાનો મોભો જાળવતા લખાણો જોઇને અનુમોદના થાય છે. મારા ખ્યાલ મુજબ પહેલેથી જ તમો આપણા સંઘાડાના રિવાજનો આદર કરતાં રહ્યા છો તેથી સંતોષ થાય છે. એ પરંપરા સદા જળવાઇ રહે એ આપણે જોવું રહ્યું. તમારા પટ્ટશિષ્ય શાતામાં હશે. ગુજરાતસમાચારના એમના લેખો ક્યારેક-ક્યારેક ઠીક હોય અને સમય હોય તો વાંચી લઉં છું.

તમને અંધેરીથી ભાયંદર સુધીનું ક્ષેત્ર સારી રીતે ફળ્યું છે, અને શાસનપ્રભાવનાનાં કાર્યો સરળતાથી થઇ શકે એવી પરિસ્થિતિ તમે ઉભી કરી શક્યા છો તેનો આનંદ થાય છે. સારાં સારાં કામો, શાસનપ્રભાવનાનાં કાર્યો તમારા કુશળ પટ્ટશિષ્યના સહકાર સાથે થતાં રહે એવી શુભેચ્છા...

નૂતન સાધ્વીજીની દીક્ષા સારી રીતે થઇ હશે. નાની ઉંમરમાં સંયમનો માર્ગ સ્વીકાર્યો તેનો ખ્યાલ રાખીને સંયમમાર્ગમાં આગળ વધે અને ભણવા-ગણવામાં ધ્યાન રાખે.

લિ. યશોદેવસૂરિ...

અંધેરીથી પૂજ્યશ્રી ચેમ્બુરતીર્થની નિકટના ગોવંડીનગરે શ્રી શંખેશ્વર-પાર્શ્વનાથજિનાલયના પ્રતિષ્ઠામહોત્સવ માટે પધાર્યા. ગોવંડી સંઘના વર્તમાન સંકુલની સંપૂર્ણ ભૂમિના અને પ્રથમ ગૃહજિનાલયના પ્રેરક પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રી હતા. એથી સ્વાભાવિક જ આ સંઘના અગ્રણી રૂપચંદજી રાઠોડ વગેરે પૂજ્યશ્રી સાથે ઘનિષ્ઠ સંલગ્ન હતા. ત્યાં પ્રથમના જિનાલયની પ્રતિષ્ઠા-ઉપાશ્રય-પાઠશાળાસ્થાપનાદિ કાર્યો પૂજ્યશ્રી હસ્તક થયા હતા. છેલ્લાં વર્ષોમાં ત્યાં શિખરબદ્ધ જિનાલય નિર્મિત થતા એનો ભવ્ય પ્રતિષ્ઠામહોત્સવ સમસ્ત સમુદાયની નિશ્રામાં યોજાયો હતો. આ જિનાલયના વિશાલ ભૂગર્ભગૃહમાં પાટણથી પધરાવાયેલ સમ્રાટ સંપ્રાતિકાલીન શ્રી નેમિનાથપ્રભુના ૪૧ ઇંચના ભવ્ય પ્રભુજી અતિ આહ્લાદક હતા. ફાગણ શુદિ બીજનાં શુભ મુહૂર્તે મૂલનાયક શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાદિ જિનબિંબોની પ્રતિષ્ઠા ધામધૂમથી થઇ.

ત્યાંથી પૂજ્યશ્રી ક્રમશઃ વિહાર કરી શ્રી વસઈરોડ જૈન સંઘમાં પધાર્યા. અહીં પૂજ્યશ્રીની પ્રેરણાથી નવનિર્મિત આલીશાન ઉપાશ્રયનો ભવ્ય ઉદ્ઘાટનસમારોહ ફાગણ વદિ-૧૧ના સંઘના ઉત્તમ હર્ષોલ્લાસ સાથે યોજાયો. તે પછી ચૈત્ર માસની શાશ્વતી ઓળીની આરાધના કાંદિવલી-મુનિસુવ્રતજિનાલયસંઘમાં કરાવી પૂજ્યશ્રી યુવામુમુક્ષુ કુ. સોનલના દીક્ષામહોત્સવ પ્રસંગે બોરીવલી-દોલતનગર સંઘમાં પધાર્યા. આ મુમુક્ષુ પૂ. યોગનિષ્ઠ આ. શ્રી કેશરસૂરીશ્વરજી મ.ના સમુદાયમાં દીક્ષિત થનાર હતા. એમના પરિવારજનો તથા ગુરુણીવર્ગની ભાવના આ દીક્ષા પૂજ્યશ્રીના વરદ હસ્તે થાય તેવી હતી. તેથી પૂજ્યશ્રી ત્યાં પધાર્યા હતા. પંચદિવસીય મહોત્સવ-રથયાત્રા-વિદાયસમારોહ વગેરે તો શ્રેષ્ઠ થયા જ. પરંતુ સૌથી વધુ ધ્યાનાકર્ષક બાબત ઉછામણીની હતી. ખૂબ મોટી ઉછામણી ઉપકરણોની થઈ. વૈશાખ શુદિ છઠે ભવ્ય સમારોહમાં પૂજ્યશ્રીના વરદ હસ્તે મુમુક્ષુ કુ. સોનલને રજોહરણપ્રદાન થયું અને તેમણે સા. શ્રી વિરાગરસાશ્રીજીરૂપે ઘોષિત કરાયા.

ત્યાંથી પૂજ્યશ્રી ઘાટકોપર-સાંઘાણી એસ્ટેટ સંઘમાં પધાર્યા. આ સંઘમાં પૂ. યુગદિવાકરશ્રી પછી સૌથી વધુ ઉપકારો પૂજ્યશ્રીના હોવાથી સંઘે જિનાલયપ્રતિષ્ઠારજતમહોત્સવ અંગે સંપૂર્ણ પ્રેરણા-માર્ગદર્શન આપવા પૂજ્યશ્રીને વિનંતિ કરતા પૂજ્યશ્રીએ મહોત્સવના કેટલાક દિવસો પૂર્વેથી સાંઘાણીસંઘમાં પધારી પ્રવચનો-પ્રેરણાઓ દ્વારા ભક્તિનો જુવાળ જગાવ્યો. હતો તો એ ફક્ત પ્રતિષ્ઠારજતમહોત્સવ. પરંતુ એની ઝાકઝમાળ અને વ્યાપ પ્રતિષ્ઠામહોત્સવ કરતા ય ચડિયાતો હતો. પ્રતિષ્ઠારજતમહોત્સવ નિમિત્તે સંઘમાં મહત્તમ સંખ્યામાં આયંબિલતપ-મંદિરનિર્માણસ્પર્ધા-સંઘમાંથી દીક્ષિત પૂજ્યોના સાંસારિક પરિવારોનું સન્માન-અરિહંતવંદનાવલિ/તીર્થંકરવંદનાવલિ વગેરે વિવિધ ભક્તિસ્તોત્રોનાં સંગીતમય અનુષ્ઠાનો-અદ્ભુત વિશેષતાઓસભર રજતધ્વજારથયાત્રાવરઘોડો-પ્રતિદિન રાત્રે અવનવા કાર્યક્રમો/નાટકો-૨૫૦૦ દીપકો સાથે સમ્રાટ કુમારપાલમહાઆરતી આદિથી સમગ્ર સાંઘાણીસંઘના જૈન પરિવારો પ્રભુભક્તિમાં-અનુષ્ઠાનોમાં જોડાયા. જેઠ શુદિ એકમની ઉષાભક્તિરૂપે, મારા દ્વારા રચિત તીર્થંકરવંદનાવલિ (સકલાર્હત્સ્તોત્રના પદ્યમય ગુર્જર ભાવાનુવાદ)નું સંગીતમય સંવેદનાઅનુષ્ઠાન થયું ત્યારે પૂજ્યશ્રીની બે મિનિટથી પ્રેરણા થતા આગામી બે વર્ષ સુધી પ્રત્યેક ગુરુવારે તીર્થંકરવંદનાવલિનું સમૂહ અનુષ્ઠાન કરવાના લાભો નોંધાઈ ગયા. સમસ્ત સમુદાયનાં સાન્નિધ્યમાં યોજાયેલ આ મહોત્સવમાં જેઠ શુદિ ત્રીજે સકલ સંઘની વિરાટ મેદનીની ઉપસ્થિતિમાં રજતધ્વજારોહણવિધિ થયો. તે પછીની ધર્મસભામાં સંઘે પૂજ્યશ્રીને આગામી વર્ષના ચાતુર્માસની વિનંતિ ય કરી. સંઘની વિનંતિથી પૂજ્યશ્રીએ મારી પાસે લખાવેલ સંઘઇતિહાસની રમણીય રજતવર્ષસ્મારિકાનું ઉદ્ઘાટન આ પ્રસંગે ભવ્ય રીતે કરાયું. એકંદર આ રજતમહોત્સવ પૂજ્યશ્રીનાં સબળ-સફળ માર્ગદર્શનથી યાદગારરૂપે યોજાયો.

ત્યાંથી પૂજ્યશ્રી દહિંસર-નવાગામ જૈન સંઘમાં શ્રી મુનિસુવ્રત જિનાલયના પ્રતિષ્ઠામહોત્સવ માટે પધાર્યા. જેઠ વદિ સાતમે શ્રી મુનિસુવ્રતસ્વામી-શ્રી આદીશ્વરપ્રભુ-શ્રી વાસુપૂજ્યસ્વામી-શ્રી મણિભદ્રવીરદેવ-પદ્માવતીદેવી આદિ પ્રતિમાઓની તથા પૂજ્યશ્રીની ભવ્યાતિભવ્ય પ્રવેશસ્વાગતયાત્રા યોજાઇ. સ્વાગતયાત્રા બાદની પ્રવચનસભામાં પ્રતિષ્ઠાની ઉછામણીઓ બોલાતા માતબર રકમના પ્રત્યેક આદેશો થયા. જેઠ વદિ નોમના મુખ્ય પ્રતિષ્ઠાદિને મન્ત્રોચ્ચારોપૂર્વક પ્રભુપ્રતિષ્ઠા થઇ. ત્યારે જિનાલય ઉપરાંત સમગ્ર પરિસર ભાવિકોથી છલકાઇ ઉઠ્યું હતું. પ્રતિષ્ઠા પ્રસંગે સમુદાયના વડીલ પૂજ્યો ખાસ પધાર્યા હતા. પ્રતિષ્ઠાદિને ત્રણ ઘટના ખાસ ઉલ્લેખનીય બની : (૧) પ્રતિષ્ઠાસમયે સમગ્ર જિનાલયમાં અમીઝરણાં થતા ભાવિકોનો ઉલ્લાસ દ્વિગુણ થઇ ગયો. (૨) પ્રતિષ્ઠા બાદની પ્રવચનસભામાં પૂજ્યશ્રીની માર્મિક પ્રેરણા ઝીલી લઇ આસપાસના અમૂક અજૈન ભાઇઓએ આજીવન વ્યસનત્યાગનો મહાન નિયમ લેતા સભા તાળીઓથી-જયનાદોથી ગાજી ઉઠી (૩) સાંજે સર્વપ્રથમવાર કુમારપાલ મહારાજાની આરતી યોજાતા સંઘના આબાલવૃદ્ધ ભક્તજનો ઊમટી પડ્યા હતા. તા. ૨૩ જૂન, ૧૯૯૫નો એ દિવસ હતો. મુંબઇમાં ૧૦મી જૂનથી વરસાદની સીઝન ભરપૂર શરૂ થઇ જાય. એમાં વળી એ દિવસે સવારથી સાંજ ઘનઘોર વાદળો છવાયા હતા. છતાં ન પ્રતિષ્ઠાના રંગમાં ભંગ પડ્યો કે ન સમૂહ આરતીમાં અવરોધ આવ્યો. સંઘમાં આ જિનાલયનિર્માણથી ધર્મભાવનાનો એક નવો અધ્યાય શરૂ થયો.

વિ.સં. ૨૦૫૧ના એ વર્ષનાં ચાતુર્માસ માટે પૂજ્યશ્રીની પધરામણી દહિંસર-શાંતિનાથ જૈન સંઘમાં થઇ. આ એ સંઘ હતો કે જ્યાં શૂન્યમાંથી સર્જન પૂ. યુગદિવાકરશ્રીની પ્રેરણાનુસાર અને પૂજ્યશ્રીની નિગરાની નીચે થયું હતું. પૂ. યુગદિવાકરશ્રીના કાલધર્મ બાદ સંઘનાં પ્રશ્નોનું નિરાકરણ-પૂ. યુગદિવાકરશ્રીનાં ગુરુમંદિરનું નિર્માણ વગેરે સર્વ બાબતો પૂજ્યશ્રી હસ્તક થઇ હતી. એ પૂજ્યશ્રી સંઘમાં સર્વપ્રથમ ચાતુર્માસ પધારતા હતા. વળી સંઘમાં કોઇ આચાર્યભગવંતનું ચાતુર્માસ આ સર્વ પ્રથમ હતું. એથી પણ સંઘનો ઉમંગ આસમાનને આંબ્યો હતો. આષાઢ શુદિ એકમ, તા. ૨૯-૬-૯૫ના દિને પૂજ્યશ્રીનો સ્વાગતપ્રવેશ થતા દાંડિયા-રાસ રમતા યુવાનો, કલાત્મક બેડાધારી બેનો, ઠેર ઠેર ગહુંલીઓ વગેરે દહિંસરવાસીઓને સર્વપ્રથમ નિહાળવા મળ્યા. મુક્તિ-કમલ જૈન ભવનનો નવનિર્મિત વિશાલ હૉલ અને એની સોપાનશ્રેણિ-પરિસર વગેરે શ્રોતાઓથી સંપૂર્ણ ભરચક થઇ ગયા. પ્રવેશદિને જ સંપૂર્ણ ચાતુર્માસિક ભક્તિનો લાભ અને તે પછીના અલ્પ સમયમાં જન્મવાંચન સાધર્મિકવાત્સલ્યલાભ - રથયાત્રાસાધર્મિકવાત્સલ્યલાભ - સંપૂર્ણઓળીલાભ-ઉપધાનતપઆરાધનાના તમામ લાભ દહિંસરના જ ભાગ્યવાનો દ્વારા લેવાઇ જતા





# માંજલપુરમાં ય મહોત્સવ : ગાજ્યો પૂ. ધર્મસૂરિદાદાનો ડંકો






વડોદરા–માંજલપુર સંઘમાં વિવિધ સમુદાયોના ચાતુર્માસોની પહેલ પૂજ્યશ્રીના ચાતુર્માસથી થઇ અને એ પ્રથમ ચાતુર્માસમાં જ ત્યાં 'પૂ.આ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ. જૈન આરાધના ભવન'નું તથા કાયમી આયંબિલ ખાતાનું આયોજન થયું. આ તસવીરો છે એ ભવનના ઉદ્‌ઘાટન સમારોહની.









રજતવર્ષની ધજા... મહોત્સવની મજા :





પૂજ્યશ્રીના પરમોપકારોથી વાસિત કાંદિવલી–મૂનિસુવ્રત જિનાલય સંઘમાં પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં આયોજિત
પ્રતિષ્ઠા રજત મહોત્સવની તસવીરી ઝલકો






દહિંસર માટે આ 'અચ્છેરા' જેવી બાબત બની. આ ઉપરાંત ઉપાશ્રયના બે તરફના ભાગોમાં નિર્મિત 'ધર્મસૂરીશ્વરજીસ્વાધ્યાયહોલ' - આયંબિલખાતાનો કાયમી લાભ-ઉકાળેલ પાણીનો કાયમી લાભ-આરાધના હોલ-'ધર્મવિહાર' શ્રાવિકાઉપાશ્રયફંડ વગેરે અનેક કાર્યો એક જ ચાતુર્માસમાં થતાં દાનપ્રવાહનો જાણે ધોધ વહ્યો. એ જ રીતે તપસ્યાઓ-આરાધના-અનુષ્ઠાનો-પ્રવચનો-મહિલાશિબિરો-બાળશિબિરોમાં ભાવિકો વિશાલ સંખ્યામાં ઊમટ્યા. આઠસો ભાવિકો રવિવારનાં પ્રવચનોમાં અને પાંચસો બાળકો શિબિરોમાં હોય એ દહિંસર માટે કલ્પના બહારની વાત હતી. પર્યુષણા બાદની ચૈત્યપરિપાટીમાં ૧૧૦૦ ભાવિકો ચાલતા જોડાયા હતા.

અનુષ્ઠાનોમાં સૌથી વધુ સરસ થઇ કુમારપાલમહારાજાની આરતી. પર્યુષણાની પૂર્વસંધ્યાએ યોજાયેલ એ અનુષ્ઠાન પૂર્વેના ભવ્ય વરઘોડામાં અને આરતીમાં જબરજસ્ત મેદની ઊમટી. વર્ધમાન-ભક્તિમંડળના યુવાને એક સાથે સોળ સોળ થાળીઓ ફેરવી સંગીતમય નૃત્ય કર્યું, તો પૂજ્યશ્રીનાં સૂચનથી મારા દ્વારા 'મેરો મન તુમ સાથે લીનો...' પંક્તિનું અલગ જ સંદર્ભનું સંવેદનાચિંતન રજૂ થયું. માહોલ એટલો ભવ્ય હતો કે મુંબઇના અગ્રિમ અખબારો મુંબઇસમાચાર-ગુજરાતસમાચારે તસવીરો સાથે એનાં અહેવાલો આપ્યા, તો **Mid-day** અખબારે લગભગ બે પેજ જેટલું **Coverage** આ મહાઆરતી અંગે સ્થાનિક સંવાદદાતા દ્વારા કર્યું... ચાતુર્માસ બાદ માગશર શુદિ છઠથી ૨૨૭ આરાધકોના ભવ્ય ઉપધાનતપ થયા. તેમાં પૂજ્યશ્રીનાં પ્રવચનો ચાતુર્માસિક પ્રવચનગ્રન્થ તત્ત્વાર્થસૂત્રના આધારે થયા, તો 'જૈન ઇતિહાસના તેજસ્વી તારલા' વિષય પર પ્રતિ રવિવારે મારે પ્રવચનો આપવાનું બન્યું. આ ઉપધાનતપમાં ચિંતનકુમાર-મેહુલ-ક્વીન-ભાગ્યેશ વગેરે દશથી પંદર વર્ષના બાળકોએ પણ હોંશે હોંશે અપ્રમત્ત આરાધના કરી.

એક ઉલ્લેખનીય ઘટનાક્રમરૂપે ઉપધાનતપના પાંત્રીશમા દિને એક આરાધકના નિકટનાં સ્વજનનું અવસાન થતાં એમના પરિવારજનો એમને લેવા આવ્યા. પૂજ્યશ્રીએ ખૂબ પરિપક્વતાથી દેહની અનિત્યતા-આરાધનાયોગોની દુર્લભતા-મૃત સ્વજન માટે આરાધના જતી કરવાના બદલે એમનાં નિમિત્તે વિશિષ્ટ આરાધના કરવામાં સમુચિતતા વગેરે મુદ્દા દશ-પંદર મિનિટ એવી સરસ-સરલ રીતે સમજાવ્યા કે આરાધકે પોતે જ ઘરે પરત જવાનો ઇન્કાર કરી દીધો અને સ્વજનોએ એ ભાવના વધાવી પણ લીધી. ઉપધાનતપના અંતે ભવ્ય અષ્ટાહ્નિક મહોત્સવ-૩૫ છોડ ઉદ્યાપન-વિરાટ રથયાત્રા વરઘોડો-યાદગાર માળારોપણસમારોહ યોજાયા અને તે પછીના અલ્પ સમયમાં-જિનાલય પરિસરમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી શાસનરક્ષક શ્રી નાકોડાભૈરવદેવ તથા પદ્માવતીદેવીની પ્રતિષ્ઠાનો મહોત્સવ યોજાયો. માળ તથા પ્રતિષ્ઠામહોત્સવ પ્રસંગે સમસ્ત સમુદાયે ત્યાં પધરામણી કરી હતી.

દહિંસરના ઇતિહાસના એ એકમાત્ર ઝાકઝમાળ ભવ્ય ચાતુર્માસ સાથે સંલગ્ન મારી પણ એક ઉપકારક સ્મૃતિ અત્ર નોંધવી સમુચિત લાગે છે. વિ.સં. ૨૦૫૦ના ભાયંદરનાં ચાતુર્માસની આસપાસમાં પૂજ્યશ્રીની કૃપાદૃષ્ટિથી મારા દ્વારા સકલાર્હત્ સ્તોત્ર-'ઉપમિતિભવપ્રપંચા'ના કર્તા સિદ્ધર્ષિગણિકૃત આત્મસંવેદના-શમીનાપાર્શ્વસ્તવના-જિનદર્શનમહિમા-યુગાદિદેવસ્તવના : આ પાંચ સંસ્કૃત પદ્યસ્તોત્રોના ગુર્જર પદ્ય ભાવાનુવાદ થયા હતા. એને કંઠસ્થ રાખવા તે વર્ષથી સાંજના અકાળ સમયે એનું વ્યક્તિગત ગાન કરાતું હતું. એમાંથી દહિંસરનાં આ ચાતુર્માસમાં એવા મનોરથ પ્રગટ્યા કે આ સ્તુતિઓનું પ્રતિદિન સાંજે જિનાલયમાં પ્રભુભક્તિરૂપે ગાન કરવું. એમાં સહવર્તી મુમુક્ષુને સામેલ કરી એ ચાતુર્માસમાં શાંતિનાથદાદાની લગભગ ચાર-પાંચ માસ ભક્તિ કરી. ત્યારથી પૂજ્યશ્રીનાં શ્રમણવૃંદમાં જે નિત્યની સંધ્યાભક્તિનો સિલસિલો આરંભાયો એ આજે ત્રેવીસ વર્ષો બાદ પણ બરકરાર જારી છે. એ ભક્તિભાતાને કેન્દ્રમાં રાખી આ ચાતુર્માસનું બયાન સમાપ્ત કરતાં આપણે ગાઇએ પેલી મજેદાર પંક્તિ કે :-

**'પ્રભુ ! તું છવાયો નયન પર, મન પર વચન પર મનન પર...'**

• • •



# પ્રકરણ : ૩૧

# 'Operation' છતાં ય અપ્રમત્તતા...

National Highway જેવા ધોરી માર્ગો પર હોય છે પ્રત્યેક કિલોમીટરે Milestone. આ Milestone'ની મજાની ખાસિયત એ હોય છે કે પ્રવાસી જે દિશામાં જતો હોય તે તરફનું શહેર-ગામ કેટલું દૂર છે તેએ દર્શાવે. એની બીજી ખાસિયત એવી વિલક્ષણ છે કે "stone' પસાર કર્યા બાદ પ્રવાસી જો મુખ ફેરવીને વિરુદ્ધ દિશામાંથી નિહાળે તો એ Stone પસાર થયેલું શહેર કેટલું દૂર છે એ દર્શાવે. ઉદાહરણરૂપે વ્યક્તિ મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર મુંબઈ તરફ જતી હોય તો પ્રત્યેક stone એને મુંબઈ કેટલું દૂર છે એ દર્શાવશે. એ વ્યક્તિ જો ત્યારે મુખ ફેરવીને અમદાવાદ તરફની નજરે નિહાળશે તો એ જ Stone અમદાવાદ કેટલું દૂર છે એ દર્શાવશે. Stone એક જ. પરંતુ દૃષ્ટિ બદલાતાં દર્શન અલગ થાય.

જેવી વાત આ Stoneની છે, એવી જ વાત શરીરની છે. જ્ઞાની ભગવંતો જણાવે છે કે જો એ શરીરને તત્ત્વદૃષ્ટિથી નિહાળવામાં આવે તો એ મોક્ષ તરફ લઈ જાય અને જો એને મોહદૃષ્ટિથી નિહાળવામાં આવે તો એ સંસાર તરફ લઈ જાય. જે અજ્ઞાની-મૂઢદૃષ્ટિ જનો શરીરને રૂપ-સૌંદર્ય-સૌષ્ઠવ વગેરે દૃષ્ટિકોણથી નિહાળે છે એમના માટે શરીર રોગનું નિમિત્ત બની સંસારનું-ભવભ્રમણનું કારણ બને. જે જ્ઞાનીજનો શરીરને વિનાશિતા-અશુચિતા-રોગમયતા વગેરે દૃષ્ટિકોણથી નિહાળે એમના માટે એ જ શરીર વૈરાગ્યનું

નિમિત્ત બની નિર્જરાનું-મોક્ષનું કારણ બને. પૂજ્યપ્રવર ઉમાસ્વાતિજી ભગવંતે આ દૃષ્ટિકોણ કેળવતું વાસ્તવિક સૂત્ર આપ્યું છે કે 'जगत्कायस्वभावौ च संवेगवैराग्यार्थम्.'

જેઓમાં આવો દૃષ્ટિકોણ કેળવાયો ન હોય તેઓ શારીરિક રોગ-પીડા-તકલીફમાં નાસીપાસ થઇ જાય યાવત્ આર્તધ્યાન -સંકલેશનો ભોગ બને. જેઓમાં આ દૃષ્ટિકોણ કેળવાયો હોય તેઓ શારીરિક રોગાદિ સમસ્યાઓમાં જરા ય નાસીપાસ ન થાય અને આર્તધ્યાનાદિનો ભોગ ન બને. તેઓ સ્વસ્થભાવે-સમતાભાવે આવેલ રોગાદિમાં અડીખમ રહે. અલબત્ત, શરીર ધર્મનું પ્રથમ સાધન છે એમ સમજીને એ યથાવશ્યકપણે ઉપચારાદિ કરાવે ખરા. પરંતુ એ સ્થિતિમાં ભીરુતા -હાયવોય ન દાખવે.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી શરીરક્ષેત્રે રોગાદિમાં આવો સ્વસ્થભાવ-સમતાભાવ ધરાવતા હતા એની પ્રતીતિ થઇ દહિંસરના ઉપધાનતપ-પ્રતિષ્ઠાદિ ધર્મકાર્યો બાદના સમયખંડમાં. બન્યું હતું એવું કે છેલ્લા ત્રણેક વર્ષથી પૂજ્યશ્રીને હૃદયની ધોરી નસોમાં **Blockage** હોય એવો ડૉક્ટરોનો અભિપ્રાય હતો. એમનું ખાન-પાન એકદમ મર્યાદિત અને સ્વભાવ બિલકુલ તણાવમુક્ત-પ્રસન્ન હોવાથી એમને બ્લડપ્રેશર-ડાયાબીટીસ જેવા કોઇ કાયમી રોગ જીવનના અંત સુધી ન હતા. વળી તેઓ સતત પ્રવૃત્તિમગ્ન રહેતા હતા. આથી એમનું શારીરિક સ્વાસ્થ્ય સ્પૃહણીય સ્તરનું હતું. માત્ર આ **Blockage**ની સમસ્યા વધી ગઇ હતી એથી મુંબઇની વિખ્યાત હિંદુજા હોસ્પિટલમાં એમનો **Engography Test** કરવાનો નિર્ણય મુંબઇના ગુરુભક્ત સંઘોએ કર્યો. પૂજ્યશ્રી એ માટે ક્રમશઃ વિહાર કરી માહિમ જૈન સંઘના ઉપાશ્રયે પધાર્યા. ત્યાંથી હિંદુજા હોસ્પિટલ એકદમ નિકટ હતી. વળી એ સંઘ સાથે પણ પૂ. યુગદિવાકરશ્રીના સમયથી પૂજ્યશ્રી સંલગ્ન હતા.

ફાગણ વદિ બીજ, તા. ૭-૩-૯૬ના દિને અમે એ ઉપાશ્રયે આવ્યા. સાંજે હિંદુજામાં દાખલ થવાનું હતું અને બીજા દિવસે સવારે **Engography** કરવાની હતી. તેના અહેવાલના આધારે **Open Heart Surgery** નો નિર્ણય થવાનો હતો. આવો મહત્ત્વનો દિવસ હોવાથી સામાન્યતઃ એ દિવસે ગોચરીમાં દૂધ વહોરવાનું ટાળવું યોગ્ય હતું. પરંતુ સરતચૂકથી હું દૂધ વહોરી લાવ્યો. ગોચરી લાવ્યા બાદ મને આ ક્ષતિનો ખ્યાલ આવ્યો. પરંતુ 'હવે કાંઇ વિચારવું વ્યર્થ છે' સમજી હું મૌન રહ્યો. પૂજ્યશ્રીનાં ધ્યાનમાં આ વાત આવી ગઇ હતી. પરંતુ ગંભીરતા-પીઢતા દાખવી તેઓ પણ આ બાબતે મૌન રહ્યા. ગોચરી વાપરવા બેસતા હતા ત્યાં અચાનક ઠેસ લાગતા તરપણીનું દૂધ ઢોળાઇ ગયું. હવે મારું મન ક્ષુબ્ધ થઇ ગયું કે 'આ અપશુકન કોઇ ગલત ભાવિનો સંકેત તો નહિ કરતું હોય ને? છેલ્લા કેટલા ય વર્ષોમાં આવી ક્ષતિ ભૂલમાં ય થઇ હોય એવું મને સ્મરણ ન હતું. આજે જ-પૂજ્યશ્રીનાં સ્વાસ્થ્યસંબંધી મહત્ત્વના દિને જ ઉપરાઉપરી બે વાર ક્ષતિ કેમ થઇ હશે?' પૂજ્યશ્રીએ મારી વણકથી ચિંતા વાંચી લીધી અને તુર્ત વાતાવરણ હળવું કરતાં શબ્દો ઉચ્ચાર્યાઃ 'રાજા, કાંઇ ચિંતા ન કરીશ. દેવ-ગુરુની કૃપાથી બધું સારું જ થશે. નાની નાની બાબતોથી મનને શંકામાં-દ્વિધામાં ન જવા દેવું.'' પૂજ્યશ્રીની નિશ્ચિંત માનસિકતામાં મને એમની શરીરભાવથી પર સ્વસ્થ મનોવૃત્તિનાં-સમતાનાં દર્શન થયાં.

સાંજે નિર્ધારિત ક્રમ મુજબ અમે હિંદુજા હોસ્પિટલમાં દાખલ થઇ ગયા. બીજા દિવસની સવારે પૂજ્યશ્રીએ કોઇ ચિંતા-સૂચના વગેરે વિના સ્વસ્થતાથી પ્રતિક્રમણ-પ્રતિલેખન-દર્શન-નવસ્મરણ-સૂરિમન્ત્રજાપ આદિ આરાધના કરી. અમારો મુકામ અગિયારમા મજલે અલગ-સ્વતંત્ર ખંડમાં હતો. નીચે-ભૂમિતલ પર સમુદાયના સર્વ ગુરુદેવો-સંઘોના અગ્રણીઓ આદિ હતા. ઉપરથી સ્ટ્રેચરમાં પૂજ્યશ્રીને નીચે **Engography** વિભાગમાં લઇ જવામાં આવતા હતા ત્યારે હું ઠેઠ સુધી પૂજ્યશ્રીને મૂકવા ગયો. મારાં મનમાં હજુ ગઇ કાલની ઘટનાના ઓછાયા હતા. એથી થોડો અજંપો-ઉચાટ હતો. પૂજ્યશ્રી આ પામી ગયા હતા. એમણે જ્યાંથી છૂટા પડવાનું આવ્યું ત્યાં સૂતા સૂતા સ્ટ્રેચર પરથી હાથ હલાવીને કહ્યુંઃ ''કાંઇ ચિંતા ન કરીશ. બધું બરાબર જ થશે.'' અમે છૂટા પડ્યા પછી મારી આંખોમાં ક્ષણિક અશ્રુ ઉભરાઇ ગયા. એ ક્ષણે હું બધી રીતે એકાકી હતો.બે-ચાર ક્ષણમાં સ્વસ્થ થઇ જઇ હું ભૂમિતલ પર સૌની સાથે થઇ ગયો. અર્ધા-પોણા કલાક બાદ ડૉક્ટરોએ સમાચાર આપ્યા કે પાંચમાંથી ત્રણ મુખ્ય નસોમાં ખૂબ મોટું **Blockage** છે. એથી **Surgery** કરવી જ જોઇશે.

અમે તત્કાલ નિર્ણય કરી લીધો અને તે જ દિવસે **Heart Surgery Specialist** ડૉક્ટર નીતુ માંડકે હસ્તક **Surgery** નક્કી કરાઇ. અમે સૌએ ત્રણ વર્ષોથી મળતા ડૉક્ટરોના અભિપ્રાયો લક્ષ્યમાં રાખી આવી કાંઇક સંભાવના વિચારી રાખી હતી. એટલે અગાઉથી જ મુંબઇના પૂજ્યશ્રીના ઉપકારવાસિત સંઘોમાં-ડભોઇ તીર્થમાં-વડોદરા તથા અમદાવાદના વિવિધ સંઘોમાં પૂજ્યશ્રીનાં આરોગ્ય નિમિત્તે ચોવીશ કલાકના અખંડ જાપ સાથે સામૂહિક આયંબિલનું આયોજન કરાવ્યું હતું. અમારા સાધુ-સાધ્વીજી ભગવંતોએ આયંબિલ કર્યા. મેં પણ એક ચોખાનું આયંબિલ કર્યું. ઘણી બધી તબીબી પૂર્વકાર્યવાહી બાદ **Operation** શરૂ થયું. નિર્ધારિત ત્રણ કલાકના બદલે સાડા ચાર કલાક બાદ ડૉ. માંડકે એ **Operation Theatre** ની બહાર આવી **Operation** સંપૂર્ણ સફળ રહ્યાના સમાચાર આપ્યા ત્યારે અમને સૌને શાતા વળી. એ સમાચાર આપતા ડૉક્ટરે એક વાત ખાસ ઉચ્ચારી હતી કે ''મહારાજ સાહેબનો **Will Power** બહુ જ મજબૂત છે. એટલે અમને જરાય **Tension** ન હતું.'' ત્યારે સૌની વચ્ચે હોવાથી અને સખત માનસિક થકાવટ હોવાથી મેં આ શબ્દોની વિગતમાં જવાનું મુનાસિબ ન માન્યું.

તે પછીના બીજા દિવસે પૂજ્યશ્રીને **I.C.U.** માંથી બહાર લઇ અગિયારમા મજલે પરત લવાયા ત્યારે એક દિવસ મેં વાતવાતમાં પૂછ્યુંઃ ''**Operation Theatre**માં આપને ડૉ. માંડકે સાથે કાંઇ વાત થઇ હતી?'' પૂજ્યશ્રી કહેઃ ''હા; એ મને કહેતા હતા કે મહારાજશ્રી,

ગભરાતા નહિ. અમારે તો રોજની Practise થઇ ગઇ છે એટલે Operation Perfect થશે.'' મેં વળતા ઉત્તરમાં કહ્યું કે મને લેશ પણ ગભરાટ નથી. હું નિર્ભય છું અને નવકાર ગણું છું. Anasthesia ની શીશી સુંઘાડી ત્યાં સુધી મારા નવકાર ગણાતા હતા.'' મને હવે બરાબર મેળ બેસી ગયો કે Operation બાદ ડૉક્ટરે પેલા શબ્દો કેમ ઉચ્ચાર્યા હતા. કુલ સાત દિવસ અમે હોસ્પિટલમાં રહ્યા. એ દરમિયાન, Operationના દિવસે ઘણા બધા મોટા જીવોને અભયદાન અપાયું. તેમજ બાકીના તમામ દિવસોમાં રોજ નવ મોટા જીવોને અભયદાન અપાયું. Operationના તેમજ તે પછીના દિવસોમાં મુંબઇના વિવિધ સંઘોના તથા બહારગામના સંઘોના ટ્રસ્ટીઓ-અગ્રણીઓ-ગુરુભક્ત શ્રાવકોનો પ્રવાહ શાતાપૃચ્છાર્થે આવતો રહ્યો. તો ભાયંદર બાવનજિનાલય-દહિંસર-કાંદિવલી-ચેમ્બુર-ઘાટકોપર-સાંઘાણીએસ્ટેટ-અંધેરી (પૂર્વ) વગેરે સંઘો તથા સાંઘાણીના પાર્શ્વ જૈન યુવક મંડળ-કાંદિવલી રામનગરના શ્રી ધર્મસૂરીશ્વરજી યુવક મંડળ વગેરેએ સુંદર સેવા-શુશ્રૂષા કરી.

પૂજ્યશ્રીના દીર્ઘ જીવનકાળમાં હોસ્પિટલમાં રહેવાના પ્રસંગો માત્ર ત્રણ વાર બન્યા છે. તે પૈકી આ પ્રથમ વારનો હોસ્પિટલપ્રસંગ હતો. છતાં એક પણ વાર એમને પીડાની ફરિયાદ કરતાં કે ઉચાટ અનુભવતા મેં નથી જોયા. નિયમિત તપાસ માટે આવતા ડૉક્ટરો સાથે ય તેઓ હસીને રમૂજથી વાત કરે. સાત દિવસ બાદ અંધેરી-પૂર્વ સંઘમાં આરામ અર્થે પૂજ્યશ્રીની સ્થિરતા થઇ. એ દરમિયાન Routine Checkup માટે ડૉ. માંડકે આવ્યા ત્યારે એક વાર એમની આ રમૂજનો મજાનો પ્રસંગ બન્યો. પૂજ્યશ્રીએ માંડકેને કહ્યું: ''આ રીતે ય તમારે જૈન સંતોના ઉપાશ્રયે આવતા રહેવું. તો તમારામાં સંસ્કારો ખીલતા જશે.'' ડૉક્ટરે હળવાશથી કહ્યું: ''આ રીતે તો (Checkup માટે તો) ઉપાશ્રયે નથી આવવું. કેમ કે હું નથી ઇચ્છતો કે કોઇ સંતો માંદા પડે.'' પૂજ્યશ્રીએ એ જ શૈલીમાં કહ્યું:''એમ? તો પછી તમારો ધંધો ચાલશે કઇ રીતે?'' ''આ ધંધો નહિ ચાલે તો, બીજા વ્યવસાયમાં જતા રહીશું. પણ એ માટે સંતોને માંદા નથી પાડવા.'' પૂજ્યશ્રીએ આ ઉત્તર પર ખુશી દર્શાવતા કહ્યું: ''ખૂબ સરસ. એક સેવાભાવી ડૉક્ટર તરીકે તમારામાં આ જ લક્ષણ હોવું જોઇએ કે કોઇ માંદા પડે એ ભાવના તમારી ન હોય. બાકી હમણાં દોઢ વર્ષ પૂર્વે એક ડૉક્ટરે મારી પાસે આશીર્વાદ માંગ્યા હતા કે ''સાહેબ! હોસ્પિટલ કરી છે. પણ બરાબર ચાલતી નથી. એ ધમધોકાર ચાલે તેવા આશીર્વાદ આપો. તમે જ કહો, આવા આશીર્વાદ મારાથી કેમ અપાય? એની હોસ્પિટલ ધમધોકાર ચાલે એનો અર્થ જ એ થયો કે લોકો વધુ ને વધુ માંદા પડે.'' ડૉક્ટર ખડખડાટ હસી પડ્યા. પછી ગંભીરતાથી પૂજ્યશ્રીએ ઉમેર્યું: '' આજે તબીબીક્ષેત્રનું ભયંકર વ્યવસાયીકરણ થઇ ગયું છે. સેવા જેવી વાત નથી રહી. માત્ર મેવા મેળવવાનો આ ધંધો બની ગયો છે. હું ઇચ્છું છું કે તમારા જેવાઓએ ગરીબ દર્દીઓની સારવારમાં પૈસા ગૌણ કરવા જોઇએ.''

અમારી ચૈત્ર માસની ઓળી એ સંઘમાં થઇ. તે દરમિયાન કૃતજ્ઞ પૂજ્યશ્રીએ ભાવના દર્શાવી કે ડૉ. માંડકે તથા અન્ય સેવાવ્રતી જૈન ડૉક્ટરોનું બહુમાન થાય તો સારું. આ ભાવનાનો ત્વરિત અમલ કરાયો અને એક ભવ્ય સમારોહમાં હિંદુજાના મોટા ડૉક્ટરો ઉપરાંત ડૉ. ભરતભાઇ-રજનીભાઇ-શિરીષભાઇ-કલ્પનાબેન-હેમાબેન વગેરે જૈન ડૉક્ટરોનું જાહેર બહુમાન પૂજ્યશ્રીની નિશ્રામાં કરાયું. પૂજ્યશ્રી ત્યારે તાજા ઓપરેશનવશ પ્રવચન આપતા ન હતા. એ જવાબદારી મારા દ્વારા સંભાળાતી હતી.પરંતુ એ દિવસે તેઓએ ચાર-પાંચ મિનિટ પ્રવચન આપ્યું. એમાં તેમણે જૈન ડૉક્ટરોને ઉદ્દેશી સરસ વાત કરી કે ''જૈન શાસ્ત્રોમાં સાધુ-સાધ્વી ભગવંતોની સેવાને 'વૈયાવચ્ચ' શબ્દથી ઓળખાવાઇ છે. આ વૈયાવચ્ચ માટે શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં ભગવાન મહાવીરપ્રભુ અને ગૌતમસ્વામીનો સંવાદ મળે છે. એમાં ગૌતમસ્વામી પ્રભુ મહાવીરદેવને પૂછે છે કે 'वेयावच्चेण भंते! जीवे किं जिणयइ?' (વૈયાવચ્ચથી જીવને શી પ્રાપ્તિ થાય?) તો ભગવંતે ઉત્તર આપ્યો કે 'वेयावच्चेण तित्थयरनामगुत्तं जणयइ' (વૈયાવચ્ચથી જીવને શ્રી તીર્થંકરનામકર્મ બંધાય છે.) સાક્ષાત્ તીર્થંકર ભગવાન બનાવી દેવાનું સામર્થ્ય ધરાવતી આ સેવા-વૈયાવચ્ચની ભાવના તમે જેટલી વિશેષ આત્મસાત્ કરશો એટલી તમારાં વર્તમાનજીવનમાં સુખ-શાંતિ-સંસ્કાર-સદ્ગુણ-સમાધિ-સંયમધર્મ પ્રત્યે બહુમાન વગેરેની પ્રાપ્તિ થશે...''

સામાન્યતઃ આવા મોટા Operation પછી વ્યક્તિ તરત બધી જવાબદારીઓમાં જોડાઇ ન જાય. કેમ કે શરીરતંત્ર બરાબર વ્યવસ્થાપિત ન થવાનાં કારણે પીડા-આંતરિક વાઢકાપમાં દર્દ-માનસિક નબળાઇ વગેરે એને જવાબદારીમાં જોડાવા અંગે અવરોધ કરે. પરંતુ, પૂજ્યશ્રી તો Full Fledge માં શાસનકાર્યોની જવાબદારીમાં જોડાઇ ગયા. આમાં એક કારણ એમનો અભિગમ પણ હતું. એમનો વૈચારિક અભિગમ કાયમ એ હતો કે 'તકલીફ છે એવું વિચારવાથી તકલીફ અનુભવમાં આવે. એના બદલે જો શાસનકાર્યોમાં પ્રવૃત્તિશીલ થઇ જઇએ તો 'તકલીફ છે' એવું વિચારવાનો ય અવકાશ નહિ રહે.' એમણે આ Spirit થી એ વર્ષના શેષ કાળમાં ત્રણ ત્રણ મોટા કાર્યો-એમાં પ્રવચનો તથા આયોજનાદિ સર્વ જવાબદારી-તે વર્ષનાં તમામ ચાતુર્માસિક પ્રવચનો-શાસનકાર્યો વગેરે યથાવત્ સંભાળી લીધા. જાણે 'Operation કરાવ્યું છે' એવો કોઇ ખ્યાલ કમ સે કમ કાર્યોના સંદર્ભમાં તો એમણે રાખ્યો જ ન હતો.

તે પૈકી શેષકાલીન પ્રથમ મોટું શાસનકાર્ય આવ્યું ઘાટકોપર-નવરોજી લેનના સંઘના શ્રી મુનિસુવ્રત-સ્વામીમહાજિનાલયના પ્રતિષ્ઠારજતમહોત્સવનું. પૂ. યુગદિવાકર ગુરુદેવની પ્રેરણાથી નિર્મિત મુંબઇના અનેકાનેક જિનાલયોમાં અગ્રિમ હરોળમાં આવે તેવા જિનાલયો પૈકીનું એક આ મહાજિનાલય હતું. એનો રજતમહોત્સવ પણ પૂજ્યશ્રીનાં સંપૂર્ણ માર્ગદર્શનાનુસાર સમસ્ત સમુદાયનાં સાન્નિધ્યમાં ભવ્યાતિભવ્યરૂપે

યોજાયો. રોજે રોજના વિરાટ સંખ્યાના સામૂહિક આયંબિલ તથા સામૂહિક અટ્ઠમતપ-રજતવર્ષને આવરી લેતી અવનવી સ્પર્ધાઓ-ઘાટકોપરના દીક્ષિત પૂજ્યોના માતા-પિતાનું બહુમાન-પ્રતિદિન સંગીતમય સંવેદનાકાર્યક્રમો-જાહોજલાલીસભર શાનદાર રથયાત્રાવરઘોડો અને રજતસાલગિરિનાં ધ્વજારોપણની મેદનીએ નવો કીર્તિમાન સર્જયો. બે પ્રસંગ એ મહોત્સવના યાદ આવે છેઃ (૧) રજતધ્વજા સાથે સકલ સંઘ મહાજિનાલયની ભૂમિતલની પ્રદક્ષિણા આપતો હતો ત્યારે અમે શ્રમણો જિનાલયના રંગમંડપની બહાર ઉપસ્થિત રહીને એ અદ્‌ભુત દશ્ય નીરખતા હતા. એક શ્રમણે કહ્યુંઃ ''આ તો જાણે પ્રતિષ્ઠા જેવો માહોલ છે.'' બાજુમાં ઉપસ્થિત પૂ. મુનિવર શ્રી ચન્દ્રસેનવિજયજી મ. કે જેઓ આ મહાજિનાલયના પ્રતિષ્ઠા પ્રસંગે પણ હાજર હતા એમણે કહ્યુંઃ ''પચીશ વર્ષ પહેલા ઘાટકોપરમાં આટલી વસતિ ન હતી. એથી પ્રતિષ્ઠા પ્રસંગે આટલી મેદની ન હતી. મેં તો ત્યારની પ્રતિષ્ઠા નજરે નિહાળી છે. એથી મને બરાબર યાદ છે.'' કહેવાનો આશય એમનો એ હતો કે પ્રતિષ્ઠાપ્રસંગ તે સમયની અપેક્ષાએ અદ્‌ભુત હતો, જ્યારે રજતમહોત્સવ વર્તમાન સમયની અપેક્ષાએ અદ્‌ભુત હતો. (૨) આ રજતમહોત્સવ પ્રસંગે વિરાટ મંડપમાં પ્રથમવાર યોજાયેલ સામૂહિક નમસ્કારમહામન્ત્રજાપસાધનાના વચ્ચેના વિરામોમાં આમન્ત્રિત કરાયેલ ઘાટકોપરના અગ્રણી સાહિત્યકારોમાંના એક સાહિત્યકાર ચંદુલાલ સેલારકાએ આ સંઘના જ પોતાના એક જૈન મિત્રનો બાળપણનો સંસ્કારપોષક-ખુમારીવંતો પ્રસંગ કહીને એ જણાવ્યું હતું કે જૈન સંઘોની પ્રવૃત્તિઓ બાળકોમાં સંસ્કારસિંચનનું અદ્‌ભુત કાર્ય કરે છે... આ સાહિત્યકારોને આમન્ત્રિત કરાયા કે અન્ય નવતર અનુષ્ઠાનો થયાઃ એ બધું પૂજ્યશ્રીની દષ્ટિસંપન્નતાને આભારી હતું. સાંઘાણી સંઘના રજતમહોત્સવની જેમ આ રજતમહોત્સવમાં પણ સંઘના સંપૂર્ણ ઈતિહાસનું આલેખન ધરાવતી સ્મારિકા પ્રગટ કરવાની ભાવના શ્રી સંઘે પૂજ્યશ્રી સમક્ષ વ્યક્ત કરતાં પૂજ્યશ્રીની આજ્ઞાથી મારા દ્વારા એનું આલેખન થયું.

બીજો પ્રસંગ ઉપસ્થિત થયો લોઅરપરેલના શ્રી મરુધરીય શ્વે. મૂ.જૈન સંઘના શ્રી શાંતિનાથજિનાલયની પ્રતિષ્ઠાનો. આ તે સંઘ હતો જ્યાં પૂર્વે નિહાળ્યું તેમ વિ.સં. ૨૦૩૭માં પૂજ્યશ્રીની પ્રેરણાથી જિનાલયસ્થાપના-ઉપાશ્રયનિર્માણાદિ થયા હતા. આ સંઘની ભાવના પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં જ પ્રતિષ્ઠામહોત્સવ ઉજવવાની હતી. પૂજ્યશ્રી સંઘની વિનંતિથી લોઅરપરેલના તે સંઘમાં જેઠ શુદિ આઠમે ભવ્ય સ્વાગત સાથે પધાર્યા. પાંચ દિવસ વિવિધ મહાપૂજનો અને ત્રણ ટંકની નવકારશી-સંઘજમણો સાથે એ મહોત્સવ ખૂબ હર્ષોલ્લાસથી ઉજવાયો. વિખ્યાત સંગીતકાર અશોક ગેમાવતની જુસ્સાદાર ભક્તિરમઝટ-રાજસ્થાનના વિજાપુરથી ખાસ લવાયેલ જવાહીર બેન્ડની જમાવટ-રથયાત્રા તથા રાત્રિભાવનામાં વિવિધ કલાકારો દ્વારા સાત બેડાંના નૃત્યો વગેરે આકર્ષણો અને રજવાડી સજાવટ ધરાવતા આ મહોત્સવમાં જેઠ શુદિ બારશ ગુરુવારે શુભ લગ્ને મૂલનાયક શ્રી શાંતિનાથજી આદિ જિનબિંબો તથા અન્ય જિનબિંબો-અધિષ્ઠાયક દેવ-દેવીઓ આદિની પ્રતિષ્ઠા થઈ. ઉછામણીઓમાં તો સંપત્તિની રેલમછેલ થઈ.

ત્યાંથી પૂજ્યશ્રીની પધરામણી થઈ બોરીવલી-કાર્ટર રોડના શ્રી સંભવનાથ જિનાલય સંઘમાં. આ સંઘમાં વિ.સં. ૨૦૨૭માં પૂ. યુગદિવાકરશ્રીની નિશ્રામાં સર્વપ્રથમ ગૃહજિનાલયની પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૨૭ના જેઠ વદિ દશમે થઈ હતી. આથી એનો પણ પ્રતિષ્ઠારજતમહોત્સવ ઉપસ્થિત થયો હતો. અહીં સંઘનો વ્યાપ ખૂબ વધવા સાથે આઠસોથી વધુ જૈન પરિવારો નિત્ય જિનપૂજાદિમાં સામેલ થતા હતા. આવા નવવિકસિત સંઘના રજતમહોત્સવમાં અનેક સમૂહ આયોજનો-રથયાત્રાદિ ઉપરાંત સત્તાવીશ છોડનું ભવ્ય ઉદ્યાપન-ઉજમણું પણ હતું. તમામ આયોજનો ઉલ્લાસના માહોલમાં યશસ્વી બની રહ્યા હતા ત્યાં મુખ્ય ધ્વજારોહણદિને ચિક્કાર મેદની વચ્ચે સંઘને સંબોધન કરતા પૂજ્યશ્રીએ હૃદયભીનાં મર્મભર્યા શબ્દો ઉચ્ચાર્યા કે ''તમે સહુ દેશમાંથી મુંબઈમાં આવ્યા ત્યારે આમાંના ઘણા ભાવિકો કદાચ ભાડાની રૂમમાં રહેતા હશે. પરંતુ એ ભાગ્યશાળીઓ એક લક્ષ્ય રાખીને આર્થિક રીતે આગળ વધતા ગયા અને આજે ભાડાની રૂમમાંથી **Ownership Flat**ના માલિક બન્યા છે. અરે! સંઘના પ્રમુખ દામજીભાઈએ તો ત્રણ-ચાર મજલાનો સ્વતંત્ર બંગલો વસાવ્યો છે. તમે તમારા નિવાસસ્થાનો આલીશાન કર્યા. પરંતુ, પ્રભુનું જિનાલય તો પચીશ વર્ષોથી યથાવત્ છે. એ જિનાલય શિખરબદ્ધ સ્વરૂપ પામે-વિશાલ થાય એના નક્કર પ્રયાસ હવે ઝડપથી થવા જ જોઈએ. નહિ તો તમારી ભક્તિ એટલે અંશે ખામીભરેલી રહેશે.'' અંતરના ઊંડાણમાંથી ઉચ્ચારાયેલ એ શબ્દો દામજીભાઈનાં અંતર સુધી પહોંચ્યા. એમણે જાહેર કર્યું કે ''આગામી બે-અઢી વર્ષમાં શિખરબદ્ધ જિનાલય બનીને જ રહેશે. પરંતુ શરત એટલી કે સાહેબજીએ અમારા સંઘ પર ધ્યાન આપવું જોઈશે.'' પૂજ્યશ્રીએ સંમતિ આપતા સકલ સંઘે તાળીઓ અને જયનાદોથી વાતને વધાવી લીધી. પૂજ્યશ્રીની નિશ્રા-પ્રેરણાનુસાર શિખરબદ્ધ જિનાલયનું કાર્ય કરવાનો મંગલ નિર્ણય થયો.

વિ.સં. ૨૦૫૨નાં એ વર્ષે પૂજ્યશ્રી ચાતુર્માસાર્થે પધાર્યા કાંદિવલી-શ્રી મુનિસુવ્રતજિનાલય- સંઘમાં.દ્વિતીય આષાઢ શુદિ દશમે ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ, પૂજ્યશ્રીનાં તત્ત્વાર્થસૂત્ર તથા તરંગવતીમહાકથા પર દૈનિક પ્રવચનો, પૂજ્યશ્રીની આજ્ઞાથી મારા દ્વારા પ્રતિ રવિવારની 'જૈન મહાભારત' પર પ્રવચનશ્રેણિ, શિબિરો, સામૂહિક તપસ્યાઓ, માસક્ષમણ વગેરે તપનો નવદિવસીય મહોત્સવ, ત્રણ ત્રણ સંઘોમાં સ્વપ્નદર્શન-જન્મવાંચન પ્રસંગે શ્રમણનિશ્રાપ્રદાન, કાંદિવલીસંઘમાં અદ્‌ભુત ઉલ્લાસભરી પર્યુષણારાધના આદિ થયા. આ ચાતુર્માસની પાંચ મુખ્ય બાબતોના ઉલ્લેખ પૂર્વે આપણે પૂજ્યશ્રીની સ્વાસ્થ્ય સંબંધિત પ્રવૃત્તિ પર આછો દષ્ટિપાત કરીએઃ તેઓ માનસિક રીતે ખૂબ **Strong** હતા. એથી જ તાજું

**Heart Operation** થયું હોવા છતાં તેઓએ તે જ ચાતુર્માસથી સળંગ પ્રવચનો શરુ કરી દીધા હતા. તેઓશ્રી ન કોઇ વિશેષ આરામ કરતા, કે ન કોઇ સુખશીલતા પોષતા. એક પણ વિશેષ સુવિધા અપનાવ્યા વિના તેઓશ્રી પૂર્વવત્ કાર્યરત રહેતા. **Heart**ની એક જરૂરી દવા સિવાય તેઓશ્રી કોઇ **Alopathy** દવા લેતા ન હતા. તેઓશ્રીનો ઝોક આયુર્વેદિક દવા તરફ હતો. એથી સ્વાનુભવના આધારે પૂજ્યશ્રી નિશ્ચિત નિર્દોષ આયુર્વેદિક ઉપચાર કરતા. આ ઉપરાંત તેઓશ્રી પ્રતિદિન પ્રભાતે ઉપાશ્રયના બીજા મજલામાં લગભગ અર્ધા કલાકથી વધુ સમય સતત પાદભ્રમણ કરતા. કેટલા ય વર્ષો સુધી આ નૈસર્ગિક સ્વાસ્થ્યોપચાર જારી રાખવાથી, **Bypass Surgery** છતાં પૂજ્યશ્રીને ઓપરેશનના ઓગણીશ વર્ષ પર્યંત એટલે કે આયુષ્યના અંત સુધી **Heart** સંબંધી કોઇ પણ તકલીફ ન આવી. 'शरीरमाद्यं खलु धर्मसाधनम्' પંક્તિનો રહસ્યાર્થ પૂજ્યશ્રી બરાબર સમજતા હતા અને એટલા ખાતર જ શક્યતઃ વિશેષ નૈસર્ગિક ઉપચાર દ્વારા તેઓ સ્વાસ્થ્યની કાળજી લેતા હતા. હવે વિચારીએ એ ચાતુર્માસના પાંચ વિશિષ્ટ પ્રસંગોનું પંચામૃતઃ

પહેલો પ્રસંગ એટલે કાંદિવલી-પૂર્વના શ્રી રામનગર જૈન સંઘમાં ભવ્ય જિનાલય-ઉપાશ્રયનિર્માણપ્રારંભ. બે વર્ષ પૂર્વે ભાયંદરમાં આ સંઘને પૂજ્યશ્રીએ જે આશ્વાસન-હૂંફ આપી હતી એનાં અમલીકરણરૂપે ત્યાં શ્રી ચિંતામણિપાર્શ્વનાથજિનાલય અને ધર્મવિહારઉપાશ્રયનો ખનનવિધિ તથા શિલાન્યાસવિધિ ક્રમશઃ શ્રાવણ વદિ બીજે તથા ચોથે વિશાલ જનમેદનીની વચ્ચે સંઘના પ્રબળ ઉલ્લાસ સાથે થયો. સંઘની આર્થિક શક્તિ એકદમ મર્યાદિત હતી. છતાં પૂજ્યશ્રીનો પુણ્યપ્રભાવ એવો પ્રસર્યો કે બહારના વિવિધ ગુરુભક્ત ભાગ્યવાનોના મજબૂત સહયોગથી કાર્ય તેજગતિએ આગળ વધ્યું અને ચાતુર્માસ બાદ પૂજ્યશ્રીની નિશ્રામાં તેના પ્રતિષ્ઠામહોત્સવનું લક્ષ્યાંક રખાયું. પૂજ્યશ્રીની પ્રેરણાથી સંઘની નવી પેઢીમાં સંસ્કરણ માટે 'શ્રી ધર્મસૂરીશ્વરજી જૈન પાઠશાળા'ની તેમજ 'શ્રી ધર્મસૂરીશ્વરજી જૈન યુવક મંડળ'ની સ્થાપના અગાઉથી જ કરાઇ હતી... બીજો પ્રસંગ છે જ્યાં ચાતુર્માસ હતું તે કાંદિવલી-મુનિસુવ્રતજિનાલયસંઘનો. આ સંઘમાં સાધારણખાતાનો તોટો દશેક લાખ ₹. નો તે કાળે હતો. ટ્રસ્ટીઓએ પૂજ્યશ્રીને વિનંતિ કરતાં પૂજ્યશ્રીએ ધર્મદ્વાર-પુણ્યદ્વાર અને કલ્પવૃક્ષકૂપનયોજનાનું માર્ગદર્શન આપી પ્રવચનમાં તેની પ્રબળ પ્રેરણા કરી. ફલસ્વરૂપે પર્યુષણાપર્વ સુધીમાં ₹. એકવીશ લાખનું માતબર સાધારણફંડ થઇ ગયું. કાંદિવલી જેવાં ક્ષેત્રમાં આટલું ત્વરિત અને આટલું મોટું સાધારણફંડ સૌને મન વિસ્મયજનક બની રહ્યું. આમ છતાં પર્યુષણામાં શાનદાર કુમારપાલમહાઆરતીની મોટી ઉછામણી અને બાર હજારથી વધુ ભાવિકોએ જેનાં દર્શનનો લાભ લીધો તે મહાપૂજાનું અદ્‌ભુત આયોજન વગેરે બરકરાર રહ્યા.

ત્રીજો પ્રસંગ એટલે સમ્રાટઅકબરપ્રતિબોધક જગદ્‌ગુરુ શ્રીમાન હીરસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગારોહણની ચતુર્થ શતાબ્દીની ભવ્ય ઉજવણી. વિ.સં. ૧૬૫૨ના ભાદરવા શુદિ અગિયારશે સમાધિમય કાલધર્મ પામેલ એ યુગપ્રધાન સૂરીશ્વરના સ્વર્ગારોહણની ચારસોમી તિથિ એ વર્ષે હતી. ઇતિહાસદૃષ્ટિ અને પૂર્વાચાર્યભક્તિ ધરાવતા પૂજ્યશ્રીએ આ મહાન યુગપુરુષનો પરિચય સહુ કોઇને થાય તે માટે તેમની ગુણાંજલિસભા વગેરે આયોજનો તો કરાવ્યા. ઉપરાંત જૈન-અજૈન તમામ વર્ગને સમજાય તેવી સરલ શૈલીમાં મુંબઇના અગ્રણી અખબાર 'મુંબઇસમાચાર'માં સળંગ બે દિવસ જગદ્‌ગુરુ અંગે માહિતીસભર લેખો આલેખ્યા. જગદ્‌ગુરુ દ્વારા થયેલ અહિંસાપ્રવર્તનનાં મહાન જીવનકાર્યની લગભગ સર્વ મુખ્ય મુખ્ય બાબતો આવરી લેતા એ લેખના પ્રારંભે પૂજ્યશ્રીએ આ મજાની-સરલ ભૂમિકા કરી હતી કે ''ભારતીય પરંપરાના ધર્મોમાં બહુ પ્રાચીન કાળથી અહિંસાનો ધબકાર સતત સંભળાતો આવ્યો છે. 'अहिंसा परमो धर्मः'ની ભાવના જેટલી આ ભૂમિ પર વિકસી છે એટલી વિશ્વમાં ક્યાંય વિકસી નથી. અહીં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય જેવા જૈનાચાર્યો 'आत्मवत् सर्वभूतेषु'ની વાતો લખી ગયા છે, તો તુલસીદાસ જેવા સંતો આ ભૂમિની પ્રજાને 'दया धर्म का मूल है' ના પાઠો શીખવી ગયા છે. પરંતુ આ બધા શ્રમણો-સંતોમાં એક જ એવી વિરલ વિભૂતિ થઇ ગઇ છે કે જેમણે સમગ્ર ભારતમાં અહિંસાનું અદ્‌ભુત પ્રવર્તન એક મુસ્લિમ બાદશાહ દ્વારા કરાવ્યું!! આ વિભૂતિ એટલે સમ્રાટઅકબરપ્રતિબોધક લગભગ સમસ્ત ભારતમાં પ્રતિવર્ષ છ માસ અને છ દિવસ પર્યંત જીવહિંસાની બંધીનો માર્ગ કંડારનારા જગદ્‌ગુરુ શ્રીમાન હીરસૂરીશ્વરજી મહારાજ!! આ વર્ષે ભાદ્ર શુદિ-૧૧, તા. ૨૩-૯-૯૬એ એમના સ્વર્ગગમનને ૪૦૦ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે ત્યારે, એમના અદ્‌ભુત કાર્ય વિશે જાણકારી મેળવવી ઉચિત બની રહેશે.'' તે પછી તવારીખી ઉલ્લેખો સાથે જગદ્‌ગુરુ અને સમ્રાટ અકબરના પ્રસંગોનું પૂજ્યશ્રીએ રસપ્રદ અને આધારભૂત આલેખન 'સૂરીશ્વર અને સમ્રાટ' પુસ્તકને લક્ષ્યમાં રાખીને કર્યું હતું.

ચોથી ઘટના બની 'શ્રુતસૌરભ' ગ્રન્થપ્રકાશનની. વાત એ હતી કે પૂજ્યશ્રીની સાંસારિક જન્મભૂમિ ડભોઇતીર્થે જૈન બાળકો-યુવાનોમાં સમ્યગ્જ્ઞાનનું અને સુસંસ્કારોનું સિંચન કરતી જૈન ધાર્મિક પાઠશાળાની શતાબ્દી પૂર્ણ થઇ હતી. વિ.સં. ૧૯૫૨ના આસો શુદિ છઠે પૂ. મુનિરાજ શ્રી રાજવિજયજી મ.ની પ્રેરણાથી સંસ્થાપિત આ પાઠશાળાના સ્થાપનાદિન આસો શુદિ છઠે એનો ભવ્ય શતાબ્દીમહોત્સવ ઉજવાય અને એ પ્રસંગે વિગતસભર શતાબ્દીગ્રન્થ તૈયાર થાય તેવી ભાવના પાઠશાળાના ટ્રસ્ટીગણની હતી. પરંતુ તેઓને આ નિર્ણય કરવામાં ખૂબ વિલંબ થયો. પર્યુષણાના બે દિવસ પૂર્વે તેઓએ પૂજ્યશ્રીને આ નિર્ણયની જાણ કરી અને પર્યુષણા બાદ તુર્ત જરૂરી વિગતો લઇને એ પૂજ્યશ્રી પાસે આવ્યા. તેઓની વિનંતિ હતી કે ''ત્રીશ દિવસમાં આ ગ્રન્થનું સર્વાંગીણ કાર્ય થવું અતિ મુશ્કેલ છે. આપ જ એ કરાવી આપો.'' પૂજ્યશ્રી શૈશવમાં એ પાઠશાળામાં ધાર્મિક શિક્ષણ પામ્યા હતા. તેથી એમણે પાઠશાળા પ્રત્યે કૃતજ્ઞભાવથી પ્રેરાઇને સંમતિ આપી. પૂજ્યશ્રીની આજ્ઞા થતા મારે એ ગ્રન્થનું સંપૂર્ણ









## દર્ભાવતીતીર્થે પૂજ્યશ્રીનું દ્વિતીય ઐતિહાસિક ચાતુર્માસ :
















તેર-તેર પૂ. સંયમી ભગવંતોના પાંચસો આયંબિલ-તેમાં જ ૪૫ ઉપવાસાદિ તપસ્યાઓ અને
પૂજ્યશ્રીકૃત સુમંગલામહાટીકા ભાવાનુવાદગ્રન્થપ્રકાશનનો અદ્‌ભુત નજારો








લેખનકાર્ય તથા સંપાદનકાર્ય સંભાળવાનું બન્યું. (૧) પાઠશાળાનો કડીબદ્ધ ઈતિહાસ (૨) પાઠશાળામાંથી તે વર્ષ સુધીમાં દીક્ષિત એકસો અઢાર મુમુક્ષુઓની વિગતો (૩) શ્રુતજ્ઞાન અંગેના વિવિધ વિદ્વાનોના લેખો (૪) ડભોઈતીર્થનો પ્રાચીન-અર્વાચીન ઈતિહાસ તથા (૫) શતાબ્દી ઉજવણી અને તેના દાતાઓ : આ પાંચ વિભાગમાં દલદાર ગ્રન્થનું કાર્ય જાણે કે યુદ્ધનાં ધોરણે ચાલ્યું અને આસો શુદિ પાંચમે ગ્રન્થની પ્રતો ડભોઇ પહોંચી પણ ગઇ!! ગ્રન્થપ્રકાશન તથા શતાબ્દીમહોત્સવની દાનરાશિઓમાં સૌથી વધુ દાન પણ પૂજ્યશ્રીની પ્રેરણાથી જ મળ્યું. આ ગ્રન્થઘટના જ્ઞાનદાત્રી સંસ્થા પ્રત્યેની પૂજ્યશ્રીની કૃતજ્ઞતા દર્શાવી જાય છે. એક રસપ્રદ ઉલ્લેખ કરીએ તો, આ ગ્રન્થમાં એક સ્થળે મેં એ ભાવની ટકોર કરી હતી કે પરિવર્તનના પ્રવાહમાં બધું બદલાઇ રહ્યું છે ત્યારે એકસોથી વધુ વર્ષ પુરાણા પાઠશાળાભવનને પણ પુનરુદ્ધાર દ્વારા બદલવું જરૂરી છે. ત્યારે એવી કલ્પના મને કે કોઇને ન હતી કે ચાર વર્ષ બાદ પૂજ્યશ્રીના હસ્તક જ આ મહાન કાર્ય થશે.

પાંચમી અને મહત્ત્વની ઘટના હતી ઉપધાનતપની ભવ્ય આરાધના. કાંદિવલી સંઘમાં બાર વર્ષ બાદ યોજાયેલ આ ઉપધાનતપમાં લગભગ બસો વીશ આરાધકો સામેલ થયા. જેમાં ચૌદ ઉપધાનતપસ્વીઓ તો માત્ર દશથી તેર વર્ષની વયના હતા. પ્રવચનો-વાચનાઓ-ક્રિયાઓ વગેરે દ્વારા આરાધનામય માહોલ સાથે આગળ વધતા એ ઉપધાનતપના અંતે ૪૧ છોડના ભવ્ય ઉદ્યાપનપૂર્વક માળારોપણમહોત્સવનું આયોજન થયું ત્યારે એની સાથે અન્ય બે મહાન પ્રસંગો સંમીલિત થતા તારક ત્રિવેણીસંગમનું સર્જન થયું. તેમાં એક પ્રસંગ હતો અંજનશલાકા-વિધાનનો. એ વર્ષે પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં આયોજિત ત્રણ જિનાલયોની પ્રતિષ્ઠા માટેના સર્વ નૂતન જિનબિંબોનું અંજનવિધાન આ અંજનશલાકામહોત્સવમાં કરવાનું નિર્ધારિત કરાયું અને તેમાં સંઘના મુનિસુવ્રતજિનાલયના ધાતુપ્રતિમાઓ પણ ઉમેરાયા. આ તમામ જિનબિંબોમાં અંધેરી-કાંતિનગર જૈન સંઘ માટેના શ્યામવર્ણીય શ્રી ઉવસગ્ગહરપાર્શ્વપ્રભુ પ્રથમ નજરે જ સૌનાં આકર્ષણનું કેન્દ્ર બની જતા હતા. એ આબેહૂબ નગપુરા-ઉવસગ્ગહરપાર્શ્વતીર્થના મૂલનાયક પ્રભુજી જેવું શિલ્પ ધરાવતા હતા. વિધિ-વિધાનો અને ભવ્ય પંચકલ્યાણકઉજવણી દ્વારા અંજનશલાકાપ્રસંગ સંઘ માટે યાદગાર બની ગયો. કલ્યાણક ઉજવણીનું Title Song 'કાંદિવલી નગરે... અંજનશલાકા.. સૂર્યોદયસૂરિની નિશ્રામાં...' તો લોકજીભે બરાબર રમતું હતું.

ત્રિવેણીસંગમનો બીજો મહત્ત્વનો પ્રસંગ હતો પંદરવર્ષીય તરુણ મુમુક્ષુ ચિંતનકુમાર તથા વીશવર્ષીય યુવા મુમુક્ષુ કુ. પીન્કીનો દીક્ષામહોત્સવ. બન્ને મુમુક્ષુ પૂજ્યશ્રી તથા એમના સાંસારિક ભગિની સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના પરિવારમાં દીક્ષિત થનાર હતા. એ પૈકી ચિંતનકુમારનાં જીવનઘડતરનો એક પ્રસંગ જોઇએ. દીક્ષા પૂર્વે ચિંતનને સમેતશિખરજી-કલ્યાણકભૂમિઓની યાત્રાએ જવાનું બન્યું ત્યારે ત્યાં ટ્રેઇનના આયોજકો ભોજનના પદાર્થોમાં ટમેટાંનો ઉપયોગ કરતા હતા. અમારા સમુદાયની આચારમર્યાદામાં ટમેટાંનો ત્યાગ થતો હોવાથી ચિંતને સળંગ પંદરેક દિવસ એટલે કે પૂરા યાત્રાપ્રવાસમાં દાળ-શાકનો ત્યાગ કર્યો. એના વિના બપોર-સાંજનાં ભોજન કર્યા!! પૂજ્યશ્રીના સંયમલક્ષી ઘડતરનું આ પરિણામ હતું. આ મુમુક્ષુઓનો ભવ્યાતિભવ્ય વર્ષીદાનયાત્રાવરઘોડો માળ-વરઘોડા સાથે યોજાયો ત્યારે કાંદિવલીના રાજમાર્ગો પર બાવીશ હજારથી વધુ જનમેદની ઉમટી હતી. બેન્ડો-વાહનો-શિબિકાઓનો કોઇ પાર ન હતો. કાંદિવલીના ઈતિહાસમાં એ રથયાત્રા અજોડ-ઐતિહાસિક હતી. મહા શુદિ એકમની રાત્રે મુમુક્ષુઓનો ભવ્ય વિદાયબહુમાનસમારોહ-મધ્યરાત્રિએ તમામ નૂતનબિંબોનું અધિવાસના-અંજનવિધાન અને મહા શુદિ બીજે સવારે અડુકિયા હાઇસ્કૂલના પટાંગણમાં 'ધર્મ પ્રતાપનગર' મંડપમાં હજારોની મેદની વચ્ચે શાનદાર દીક્ષા-માળારોપણમહોત્સવ યોજાયો. સાડા છ કલાકના Marathon કાર્યક્રમમાં માળારોપણ-દીક્ષાવિધિના અંતે મુમુક્ષુઓનાં નામ ક્રમશઃ બાલમુનિ શ્રી રશ્મિરત્નવિજયજી અને સા. શ્રી પ્રિયમિત્રાશ્રીજી રૂપે ઘોષિત કરાયા.

કાંદિવલી-મુનિસુવ્રતજિનાલયસંઘમાં આ રીતે યશસ્વી ચાતુર્માસ અને પ્રભાવક ધર્મકાર્યોની પરંપરા રચ્યા બાદ, પૂજ્યશ્રી સપરિવાર કાંદિવલી-પૂર્વના રામનગર જૈન સંઘમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજિનાલયના પ્રતિષ્ઠામહોત્સવમાં પધાર્યા. આ સંઘમાં મહા શુદિ-૧૦ થી મહા શુદિ-૧૩ સુધી મહાપૂજનો-ભવ્ય રથયાત્રા-સાધર્મિકવાત્સલ્યો વગેરે સાથેનો યાદગાર પ્રતિષ્ઠામહોત્સવ પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં ધામધૂમથી ઉજવાયો. એ દરમિયાન દહિંસર-શાંતિનાથજિનાલયપ્રતિષ્ઠારજતમહોત્સવ પણ પૂજ્યશ્રીની નિશ્રામાં ઉજવાયો. મહા શુદિ દ્વિ. બારશે શ્રી ચિંતામણિપાર્શ્વપ્રભુ-શ્રી આદીશ્વરપ્રભુ-શ્રી મહાવીરસ્વામી વગેરે પાષાણના જિનબિંબોની તથા પાર્શ્વયક્ષ-પદ્માવતીયક્ષિણી-મણિભદ્રવીર-ઘંટાકર્ણવીર આદિ અધિષ્ઠાયક બિંબોની હર્ષોલ્લાસપૂર્વક પ્રતિષ્ઠા તેમજ 'ધર્મ' વિહાર- ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન થયું. નવસંસ્થાપિત આ સંઘમાં વર્ગ ખૂબ મધ્યમ અને ધાર્મિક આલંબન આ સર્વપ્રથમ હતું. આને લક્ષ્યમાં લઇ પૂજ્યશ્રીએ 'સંબોધસિત્તરી' ગ્રન્થની આ સરસ ગાથા પર પ્રવચનો આપ્યાં કેઃ-

उवसमइ दुरियवग्गं, हरइ दुहं कुणइ सयल सुक्खाइं।
चिंताइयंपि फलं, साहइ पूआ जिणिंदाणं।।

ભાવાર્થ કે પ્રભુની પૂજા દુરિતોનું-પાપોનું શમન કરે, દુઃખોનું હરણ કરે અને સર્વ સુખોનું સર્જન કરે. પ્રભુપૂજા તો ચિંતામણિરત્નથી પણ અધિક ફલદાયક છે. પૂજ્યશ્રીએ પ્રભુભક્તિ ઉપર એવો સરસ ભાર આપ્યો કે ઘણો તદ્દન નવો વર્ગ પૂજા અને દર્શનની ભક્તિમાં બાધાપૂર્વક જોડાયો... ત્યાંથી પૂજ્યશ્રી મલાડ-દેવચંદનગરસંઘમાં પધાર્યા. અહીં બાવન-જિનાલયતીર્થનિર્માતા શ્રેષ્ઠિવર્ય દેવચંદ જેઠાલાલ સંઘવીના શ્રેયાર્થે એમના પરિવારે ત્રિદિવસીય ભવ્ય અરિહંતમહાપૂજન સહિત જિનાલયસાલગિરિનો

પંચાહ્નિક મહોત્સવ ઉજવ્યો. પ્રથમદિને પૂજ્યશ્રીનું ભવ્ય સામૈયું - પ્રવચનો-સામૂહિક સાંધ્યભક્તિ વગેરે આયોજનો, અરિહંતમહાપૂજનના પ્રથમદિને અરિહંતપ્રભુના સવાસો ભક્તિશ્લોકો સાથે પચીશ કુસુમાંજલિ વગેરે બાદ બીજા દિવસે સાંજે મહાપૂજા-જિનાલયશણગાર બાદ અને તૃતીયદિને પ્રભુની સુવર્ણાભરણપૂજા પ્રસંગે પૂજ્યશ્રીએ દેવો દ્વારા અને સમ્રાટ શ્રેણિક દ્વારા પ્રભુની સુવર્ણભક્તિની ઘટનાઓ હૃદયસ્પર્શી રીતે પ્રસ્તુત કરતાં ભાવિકોએ સુવર્ણનો જાણે વરસાદ વરસાવી દીધો હતો...

ચૈત્ર માસની શાશ્વતી ઓળીની આરાધના કાંદિવલીસંઘમાં કરાવ્યા બાદ પૂજ્યશ્રી અંધેરી-કાંતિનગરસંઘમાં પધાર્યા. આ સંઘના શિખરબદ્ધ શ્રી મુનિસુવ્રતજિનાલયના ઉપરના શિખર ભાગે ભવ્ય મારબલસજાવટ અને આકર્ષક કાચચિત્રકામયુક્ત ગર્ભગૃહનું નિર્માણ સંઘે કરાવ્યું હતું. તેનો સંપૂર્ણ લાભ અરવિંદભાઈ બક્ષી પરિવારે લઈ તેમાં નયનાકર્ષક શ્રી ઉવસગ્ગહરપાર્શ્વપ્રભુ-વાસુપૂજ્યસ્વામી-સીમંધરસ્વામી તથા ચાંદીના જિનચોવીશીની પ્રતિષ્ઠા એ પરિવારે કરી હતી. આ માટે એ પરિવારે પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં ચૈત્ર વદિ-૯, તા. ૧-૫-૯૭ થી વૈશાખ શુદિ-૭, તા. ૧૩-૫-૯૭ દરમિયાન પરમાત્મભક્તિના સર્વોચ્ચ અનુષ્ઠાનરૂપ ત્રિદિવસીય અરિહંતમહાપૂજન-સિદ્ધચક્રમહાપૂજન-ભક્તામરમહાપૂજન-અષ્ટોત્તરશાંતિસ્નાત્ર-વિધાન-અન્ય નવ્ય અનુષ્ઠાનો-સાધર્મિકવાત્સલ્ય-વિરાટ રથયાત્રાદિ સાથે ત્રયોદશાહ્નિક પ્રતિષ્ઠામહોત્સવ યોજ્યો. દરેક પ્રસંગો સમસ્ત સંઘના ઉલ્લાસપૂર્વક થવા સાથે વૈશાખ શુદિ છઠે ૬ કલાક ૪૪ મિનિટે પ્રતિષ્ઠાવિધિ થયો. તે પછી માંગલિક પ્રવચનસભામાં પૂજ્યશ્રીએ સંઘને કૃતજ્ઞતાગુણની મહત્તા દર્શાવીને જાહેર પ્રેરણા કરી કે ''આ સંઘમાં શિખરબદ્ધ જિનાલયમાં પાયાથી ધ્વજા સુધી સર્વ ઉપકારો પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીના છે. ઉપાશ્રય પણ એ ગુરુદેવની પ્રેરણાનું જ પરિણામ છે. તો સંઘનું કૃતજ્ઞતાદર્શક કર્તવ્ય એ છે કે પૂ. યુગદિવાકરશ્રીનું ગુરુમંદિર આ સંકુલમાં ત્વરિત થાય. સંકુલમાં આવું એક સ્થાન છે જ. ઉપરાંત ત્યાં આરાધનામાં સહાયક થતા અધિષ્ઠાયક દેવતાઓનું નાનું મંદિર પણ થાય તેમ છે.'' પૂજ્યશ્રીનો પુણ્યપ્રભાવ એવો હતો કે સંઘે ત્યાં જ પ્રેરણા શિરસાવંદ્ય કરી સ્વીકારી લીધી. પૂજ્યશ્રીએ એ પછી સભાનો ઉલ્લાસ લક્ષ્યમાં રાખી કાયમી આયંબિલખાતાની સ્થાપનાની પ્રેરણા કરી. સંઘે એ કાર્ય પણ અનુકૂળ અવસરે કરવાનું સ્વીકારી લીધું...

હવે પૂજ્યશ્રી સમક્ષ કાર્ય ઉપસ્થિત થયું આંબેસરીમાં ભવ્ય શિખરબદ્ધ શ્રી સીમંધરસ્વામી જિનાલયપ્રતિષ્ઠાનું. આ ગામના સંકુલમાં શિખરબદ્ધ જિનાલયનો લાભ લેવાનું કાંદિવલી - મુનિસુવ્રતસ્વામી જિનાલય સંઘે અગાઉથી જ નિર્ધારિત કરી દીધું હતું. આથી પૂજ્યશ્રી એ કાર્ય સરસ સંપૂર્ણ કરવા સંઘની વિનંતિથી એના માર્ગદર્શક બન્યા. પૂજ્યશ્રીની નિશ્રામાં કાંદિવલીમાં જ વિ.સં. ૨૦૫૧ની શાશ્વતી ચૈત્રી ઓળી આરાધનામાં તેની અંજન-પ્રતિષ્ઠાસંબંધી ઉછામણીઓ ભવ્ય સ્વરૂપે થઈ હતી. હવે ત્યાંનું જિનાલય સંબંધી કાર્ય પરિપૂર્ણ થઈ ચૂક્યું હોવાથી પૂજ્યશ્રી મુંબઈથી **National Highway** પર વિહાર કરતા કરતા ક્રમશઃ આંબેસરી પધાર્યા. ત્યાં કુંભસ્થાપના-નવગ્રહાદિ પાટલાપૂજનો-અઢાર અભિષેકવિધાનાદિ અનુષ્ઠાનો બાદ વૈશાખ વદિ-૧૦, તા. ૩૧-૫-૯૭ ના દિને ૯ ક. ૫૫ મિનિટે શ્રી સીમંધરપ્રભુ-શ્રી આદીશ્વરપ્રભુ-શ્રી મહાવીરસ્વામી-શ્રી મુનિસુવ્રતસ્વામી-શ્રી નેમિનાથપ્રભુ-શ્રી મણિભદ્રવીર-શ્રી પદ્માવતીદેવી વગેરે આરસ પ્રતિમાઓની ભવ્ય પ્રતિષ્ઠા કાંદિવલીસંઘના ઉછળતા ઉમંગ સાથે થઈ. આ પ્રતિષ્ઠામહોત્સવ બાદ પૂજ્યશ્રીએ તુર્ત વિહાર રથાકાર જિનાલયના અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ નિમિત્તે ભાયંદર તરફનો આરંભ્યો...

**Open Heart Surgery** કરાયાને હજુ માત્ર તેર-ચૌદ માસ થયા હતા. પૂજ્યશ્રીની વય પણ પાંસઠ વર્ષની હતી. આમ છતાં **Operation** પછીના સમયખંડમાં સાત-સાત પ્રતિષ્ઠામહોત્સવો, બે વિરાટ અંજનશલાકાઓ, દીક્ષાઓ, પ્રવચનો,અન્ય શાસનકાર્યો આદિમાં પૂજ્યશ્રી જે જુસ્સાથી જોડાઈ ગયા હતા તે તેઓશ્રીની અપ્રમત્ત જીવનશૈલીનું દ્યોતક છે. પૂજ્યશ્રીનાં આ દઢ મનોબળ અંગે આપણે અવશ્ય પેલી પંક્તિનું સ્મરણ કરી શકીએ કેઃ-

**કદમ અસ્થિર છે જેનું, એને રસ્તો નથી જડતો;**
**અડગ મનના મુસાફિરને, હિમાલય પણ નથી નડતો...**



## પ્રકરણ : ૩૨

# ત્રિવેણીસંગમ સમી ત્રણ દષ્ટિ...

'મત્થએણ વંદામિ, સાહેબજી !' રથાકારજિનાલય - ભાયંદરની અંજનશલાકાપ્રતિષ્ઠામહોત્સવસમિતિના અગ્રણી કાર્યકરો પૂજ્યશ્રીના વસતિસ્થાનમાં પ્રવેશતા બોલ્યા. ત્યારે પૂજ્યશ્રી આંબેસરીથી ભાયંદર સુધીનો વિહાર સુખરૂપ કરી ભવ્ય સ્વાગત સાથે રથાકારજિનાલયપરિસરના કોમ્પલેક્ષમાં પધારી ગયા હતા. ત્યાં લગભગ સાઠ સાધુ-સાધ્વીભગવંતો પૂજ્યશ્રીની નિશ્રામાં હતા અને અંજન શલાકા-પ્રતિષ્ઠા-વડીદીક્ષા મહોત્સવની તૈયારીઓ અંતિમ ચરણમાં હતી.

'ધર્મલાભ.' પૂજ્યશ્રીએ સસ્મિત વદને જમણો હસ્ત ઊંચો કરી આશીર્વાદ આપતા કહ્યું.

''સાહેબજી ! આ શ્રીમાન આર.ટી. શાહ છે. રથાકાર જિનાલય અને આ સમગ્ર કોમ્પ્લેક્ષના મુખ્ય કર્તા-હર્તા એ છે. એ મદ્રાસ રહે છે. ત્યાં એમનું મોટું વ્યાવસાયિક કાર્ય છે અને હવે એમના પરિવારજનોએ આ કોમ્પ્લેક્ષ દ્વારા ભાયંદરમાં વ્યવસાયની ક્ષિતિજો વિસ્તારી છે. શેઠની ભાવના હતી. એથી આ પ્રથમ કાર્યમાં મંગલરૂપે આ જિનમંદિર એમના પરિવારજનોએ સ્વદ્રવ્યથી કરાવ્યું છે. તેઓ ત્રિસ્તુતિક પરંપરાના આરાધક શ્રાવક છે.'' આગંતુક શ્રાવકોએ સાથેના એક શ્રેષ્ઠિવર્યનો પરિચય પૂજ્યશ્રીને કરાવતા કહ્યું. આર.ટી. શાહે પૂજ્યશ્રીને હાથ જોડી પુનઃ વંદન કર્યા. તેઓ રથમંદિરનાં શિલાન્યાસથી આજ પર્યંતના દીર્ઘકાલ દરમિયાન ક્યારે ય

પૂજ્યશ્રી સમક્ષ આવ્યા ન હતા. એમનો આ પ્રથમ જ પરિચય હતો. વળી એ તથા સ્થાનીય કાર્યકરો સહુ રાજસ્થાની હતા. આમ છતાં પૂજ્યશ્રીનો સરલ-નિખાલસ સ્વભાવ અને સ્મિતસભર વ્યવહાર એ સૌને સ્પર્શી જતો હતો. કોઇ વાતે આગ્રહ નહિ, માત્ર સૂચના જ. છતાં પૂજ્યશ્રીનો પુણ્યપ્રભાવ એવો હતો કે એમની ભાવના હોય એ કાર્ય થાય. આ આર.ટી. શાહની બાબતમાં જ પ્રથમ અનુભવ એવો થયો.

બન્યું હતું એવું કે આ અંજનશલાકામહોત્સવમાં દરેક કલ્યાણકોમાં સંઘસાધર્મિક-વાત્સલ્યની ગણતરી આયોજકોની ન હતી. કેમ કે ભાયંદરની વિરાટ જૈન વસતિ જોતા પ્રત્યેક સંઘસાધર્મિકવાત્સલ્યમાં પંદરેક હજારની સંખ્યા સહજ થાય એમ હતી. આથી તેઓ પ્રતિષ્ઠાદિનનું જ સંઘસાધર્મિકવાત્સલ્ય કરવાના હતા. આર.ટી. શાહ પૂજ્યશ્રી સાથે વાર્તાલાપ કરતા હતા ત્યાં વાતવાતમાં પૂજ્યશ્રીએ સહજતાથી સૂચન કર્યું કે ''જિનાલયની પ્રતિષ્ઠા હોય અને પ્રભુના કલ્યાણકો જેવી ઉત્તમ ઉજવણી હોય ત્યારે નિત્ય સાધર્મિકવાત્સલ્ય જ શોભે.'' તુર્ત આર.ટી. શાહે કહી દીધુંઃ ''આપની ભાવના છે તો એ પ્રમાણે કરાવી દઇશું.'' પ્રથમ કલ્યાણકથી જ ત્યાં સંઘસાધર્મિકવાત્સલ્ય શરુ થયા. પ્રતિષ્ઠા સુધીમાં ત્યાં એક લાખ ભાવિકોનાં સંઘજમણનો કુલ લાભ મળ્યો !!

આ આર.ટી. શાહ પછી પૂજ્યશ્રીથી એવા પ્રભાવિત-આકર્ષિત થઇ ગયા કે જ્યારે જ્યારે મુંબઇ આવે ત્યારે પૂજ્યશ્રીને વંદનાર્થે આવે. એટલું જ નહિ, પૂજ્યશ્રીની નિશ્રામાં એ સાંજે પ્રતિક્રમણ પણ અવશ્ય કરે. પૂજ્યશ્રી ચતુઃસ્તુતિક અને એ ત્રિસ્તુતિક પરંપરાના. આમ છતાં પ્રતિક્રમણ સાથે કરે. ફક્ત કેટલીક વિધિ એ મનમાં અલગ કરે. વર્ષો સુધી આ ક્રમ ચાલ્યો. એ ઘણી વાર ઉલ્લાસથી બોલેઃ ''આમ બધા ગુરુમહારાજ આપણા. પણ ઉપકારીરૂપે મારા ગુરુદેવ બેઃ ચાર થોયમાં પૂ. સૂર્યોદયસૂરિમહારાજ અને ત્રણ થોયમાં પૂ. જયાનંદવિજયજીમહારાજ.'' અન્ય માન્યતા છતાં તેઓ આ હદે પૂજ્યશ્રીથી પ્રભાવિત થયા. એમણે પૂજ્યશ્રીના સિદ્ધગિરિરાજના સામૂહિક ચાતુર્માસમાં મોટો લાભ લીધો અને આગળ જતાં ભાયંદરમાં શ્રી જીરાવલાપાર્શ્વનાથના શિખરબદ્ધ જિનાલયની પ્રતિષ્ઠા પણ એમણે પૂજ્યશ્રીની નિશ્રામાં કરાવી. આ બધામાં માત્ર ને માત્ર પૂજ્યશ્રીનો પુણ્યપ્રભાવ અને સરલ-સહજ વ્યવહાર જ કાર્યરત હતો. સામાન્યપણે રાજસ્થાની વર્ગ મન્ત્ર-તન્ત્ર-જ્યોતિષથી આકર્ષિત થાય. પરંતુ, પૂજ્યશ્રી આ સર્વથી પૂર્ણતઃ અલિપ્ત હતા. પૂજ્યશ્રી માટે અમારા એક મુનિવર શ્રી પ્રશમરત્નવિજયજીએ યથાર્થ જ સ્તુતિ પૂજ્યશ્રીના કાલધર્મ સમયે રચી છે કે :-

નહિ મન્ત્રથી કે તન્ત્રથી, પણ ફક્ત આત્મવિશુદ્ધિથી,
નિજ પુણ્યના પરિપાકથી, ગુરુવરતણી આશિષથી;
શાસનતણી સેવા કરી, જે સદ્ગતિ આરોહતા,
તે સૂરિસૂર્યોદયચરણમાં, ભાવથી કરું વન્દના.

રથાકારજિનાલયના અંજન-પ્રતિષ્ઠામહોત્સવમાં જેમ આર.ટી. શાહ સંબંધિત આ પ્રસંગ પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવનો દ્યોતક છે, તેમ એ સમગ્ર મહોત્સવમાં ઊમટેલ લોકમેદની-ભાવિકોનો ઉમંગ વગેરે પણ પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવના દ્યોતક હતા. કેમ કે બાવનજિનાલય ભલે વસતિની દૃષ્ટિએ કેન્દ્રસ્થાને હતું. પરંતુ વ્યંકટેશપાર્ક ત્યારે સૌથી છેલ્લું-વસતિની દૃષ્ટિએ સાવ શૂન્ય સ્થાન હતું. છતાં ત્યાં દિવસની કલ્યાણકઉજવણી હો કે રાત્રિની ભાવનાઓ હોયઃ મંડપ ભાવિકોથી છલકાતો જ હોય. રાત્રે સાડા બાર સુધી સંગીતકાર અશોક ગેમાવતની ભાવનાઓ ચાલતી. આવા ઉમંગભર્યા માહોલમાં જેઠ શુદિ તેરશે શાનદાર રથયાત્રા-દીક્ષા કલ્યાણક વરઘોડો, રાત્રે અધિવાસના-અંજનવિધાન અને જેઠ શુદિ ચૌદશે ભાવિકોની જબરજસ્ત ભીડ વચ્ચે મૂલનાયક શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાદિ જિનબિંબોની પ્રતિષ્ઠાવિધિ પૂજ્યશ્રીના અભિમન્ત્રિત વાસક્ષેપપૂર્વક થઇ. તે જ દિવસે પૂજ્યશ્રીના વરદ હસ્તે બાલમુનિ શ્રી રશ્મિરત્નવિજયજી તથા સા. શ્રી પ્રિયમિત્રાશ્રીજીની વડીદીક્ષા થઇ. આ વડીદીક્ષાસમારોહમાં શ્રી આર.ટી.શાહ અને એમના સ્વજનો તરફથી સંઘની આરાધના અને પાઠશાળા માટે એક સ્થાન અર્પણ કરવાની ઘોષણા થઇ. એનું નામ 'ધર્મ' આરાધનાભવન સ્થાપિત કરાયું. પૂજ્યશ્રીના વરદ હસ્તે સર્જાતી આ શાસનપ્રભાવનાઓની છાપ વડીલ પૂજ્યોનાં હૈયે કેવી સરસ ઝિલાતી હતી એની એક ઝલક પૂજ્યપાદ સાહિત્યકલારત્ન આ.ભ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મહારાજના આ અવસરે આવેલ એક પત્રમાં આપણે નિહાળીએઃ

તા. ૧૨-૬-૯૭
વાલકેશ્વર

આચાર્ય યશોદેવસૂરિ તરફથી...

શાસનપ્રભાવક આચાર્ય શ્રી સૂર્યોદયસૂરિજી મ., મુનિ શ્રી રાજરત્નવિજયજી, મુનિ શ્રી રશ્મિરત્નવિજયજી યોગ્ય.

અત્ર દેવગુરુ પસાયે શાંતિ... તમે સૌ સુખશાતામાં હશો.

વિ. તમારી ચિઠ્ઠી મલી. વાંચી સમાચાર જાણ્યા. આંબેસરીનો પ્રસંગ ખૂબ જ સુંદર રીતે ઉજવાયો તે જાણીને આનંદ... રથજિનાલયની અંજનશલાકા માટે આવી ગયા તે જાણ્યું. તમારો પ્રસંગ ખૂબ જ સુંદર રીતે ઉજવાય અને પાર પડે એ શુભ કામના સહ વાસક્ષેપ આ સાથે મોકલેલ છે.

અહીંની ધરતી ઉપર તમારું લેણું નીકળ્યું છે અને તમારા હાથે સારાં-સારાં કામો થઇ રહ્યા છે. આવા કામોમાં તમો નિષ્ણાત થઇ ગયા છો.

અત્ર યોગ્ય કામકાજ જણાવશો.

લિ. યશોદેવસૂરિ
દ. મુનિ જયભદ્રવિજય

ત્યાંથી પૂજ્યશ્રી બોરીવલી-કાર્ટરરોડસંઘ, દહિંસર-નવાગામસંઘ વગેરેના જિનાલયોના સાલગિરિમહોત્સવો કરાવતા કરાવતા વિ.સં. ૨૦૫૩નાં ચાતુર્માસ અર્થે ઘાટકોપર-સાંઘાણી સંઘમાં પધાર્યા. આષાઢ શુદિ-૧૧, તા. ૧૬-૭-૯૭નો એ દિવસ હતો. સાંઘાણી સંઘ પર પૂજ્યશ્રીના પરમ ઉપકારો હોવાથી સંઘમાં મજાનો માહોલ હતો. સાજન-માજન, ધજા-પતાકા, ગહુંલીઓ-બેડાંધારી કુમારિકાઓ, સંઘોનાં અને અગ્રણીઓનાં વક્તવ્યોઃ આ બધું તો ત્યાં હતું જ. પરંતુ સૌથી વિશેષ જમાવટ થઇ ચાતુર્માસપ્રવેશ પ્રસંગે ઉપસ્થિત સંગીતકાર શ્રી જયંત 'રાહી' દ્વારા. 'રાહી' એ સુગમ સંગીતના લયમાં પૂજ્યશ્રી વિશેનું એક સ્વરચિત ભક્તિગીત એવું ગાયું કે સમગ્ર સભા 'એવું આવ્યું ચાતુર્માસ' આ ધ્રુવપંક્તિ ઝીલતી ગઇ અને એક અજબ માહોલ બનતો ગયો. એ ગીતમાં પૂજ્યશ્રીની તત્કાલીન લોકમાનસમાં ઝિલાયેલ છબી સરસ વ્યક્ત થાય છે. એ ગીત આ હતુંઃ

એવું આવ્યું ચાતુર્માસ, મહેંકે હૈયે ધર્મ સુવાસ...
સૂર્યોદયસૂરીશ્વર આજ પધાર્યા, ધરતી આજે હરખે,
પુનીત પુરુષના પાવન પગલે, ધર્મની જ્યોતિ પ્રગટે;
જેથી પાપો થાયે નાશ... એવું૦

જેમની વાણીમાંથી વરસે, અમૃતની રસધારા,
પ્રવચનગંગા એવી વહેતી, જાણે શીતલધારા;
મીટાવે સંસારના ત્રાસ... એવું૦

ધર્મસૂરીશ્વરનાં અંતરથી, તમ પર વરસે વ્હાલ,
ગુરુસ્મરણ ને સંયમસાધના, કરી રહ્યા ત્રિકાલ;
જેનાં હૈયે ધર્મસુવાસ... એવું૦

સૌનો ઉદય ઝંખે એવા, સૂર્યોદયસૂરિરાયા,
એમના આશીર્વાદે સૌને, મળતી સુખની છાયા;
અંધારે થાય ઉજાસ... એવું૦

પુનીત પાવન હે ગુરુવરજી! આશિષ અમને આપો,
સૂકા રણ જેવા હૈયામાં, લીલી હરિયાળી સ્થાપો;
એવી રાખીએ અમે આશ... એવું૦

અંજનશલાકા પ્રાણપ્રતિષ્ઠા, મહોત્સવો અપરંપાર,
શાસનપ્રભાવના એવી કરતા, કહેતાં ન આવે પાર;
'રાહી'ને રાખો તમારી પાસ... એવું૦

જેવો ઝમકદાર ચાતુર્માસપ્રવેશ થયો એવી જ ઝમકદાર ચાતુર્માસ આરાધનાઓ આરંભાઇ. શ્રી તત્ત્વાર્થમહાભાષ્ય પર પૂજ્યશ્રીનાં નિત્ય પ્રવચનો - 'જૈન મહાભારતનાં પાત્રો' પર મારી રવિવારીય પ્રવચનશ્રેણિ-શિબિરો - મહિલાશિબિરો-શનિવારીય ભક્તિસંવેદનાપ્રવચનો ઉપરાંત આ વર્ષે પ્રતિ શનિવારે રાત્રે 'શ્રી ધર્મસૂરીશ્વરજી તત્ત્વજ્ઞાનવર્ગ' નામે અભ્યાસવર્ગ પણ શરુ કરાયો. એમાં મારે સૂત્રાર્થરહસ્યો પર પ્રવચનો કરવાનું બનતું. તપક્ષેત્રે આ ચાતુર્માસમાં ૪૪ દિવસીય ૧૦૮ પાર્શ્વનાથતપનું સામુદાયિક અનુષ્ઠાન થતાં ૧૬૨ ભાગ્યવાનોએ એ તપ કર્યો અને દરેકનું સુવર્ણમુદ્રાથી બહુમાન કરાયું. આ ઉપરાંત સામૂહિક છટ્ઠ-સમૂહ અટ્ઠમ વગેરે તપસ્યા અલગ. વ્યક્તિગત તપસ્યાઓમાં સા. શ્રી વિશ્વરત્નાશ્રીજી દ્વારા શ્રેણિતપની તેમજ સંઘમાં પણ અનેક મોટી તપસ્યાઓ માસક્ષમણાદિરૂપે થઇ. જ્ઞાનક્ષેત્રે વિચારીએ તો છેલ્લા સાત વર્ષથી (વિ.સં. ૨૦૪૭થી) પ્રતિવર્ષ પૂજ્યશ્રીની નિશ્રામાં, મારા દ્વારા લિખિત પુસ્તકોનો ઉદ્‌ઘાટનસમારોહ અને તે પ્રસંગે કેટલીક વાર પાઠશાળાના પંડિતોનો બહુમાન સમારોહ યોજાતો. પરંતુ આ ચાતુર્માસમાં તેવા એક નહિ, પાંચ પાંચ પુસ્તકોનો અલગ અલગ તબક્કે ઉદ્‌ઘાટનસમારોહ યોજાયોઃ (૧) શૂલ વચ્ચે ફૂલ (૨) જીવન બને ઉપવન (૩) આંખ ફરે અંતર ઠરે (૮) પાઠશાળા પ્રવેશિકા અને (૫) '**સૂર્યોદય**'નાં તેજ નિરાળાં. એ પૈકી 'પાઠશાળા પ્રવેશિકા'ની આ ચાતુર્માસસંબંધી બાબત વિશેષ ઉલ્લેખનીય છેઃ

વાત એ આમ હતી કે મુંબઇની ત્રણસોથી અધિક જૈન પાઠશાળાઓ સાથે સંલગ્ન મુંબઇ જૈન ધાર્મિક શિક્ષણ સંઘ તેમજ ભારતમાં વિવિધ સ્થળે ધાર્મિક પરીક્ષાઓ યોજતી શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી તથા જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ નામની સંસ્થાના પદાધિકારીઓ ચાતુર્માસાંતે પૂજ્યશ્રી પાસે આવ્યા. એમની વિનંતિ એ હતી કે ''પૂ. યુગદિવાકર ગુરુદેવે અમારી ત્રણે ય સંસ્થાના અલગ અલગ અભ્યાસક્રમોનું એકીકરણ કરવાનો ઉપકાર કર્યો છે. એ પૈકીના એકથી ત્રણ ધોરણના અભ્યાસક્રમનું પુસ્તક અમે વિ.સં. ૨૦૪૫માં પ્રગટ કર્યું છે. તેની દ્વિતીયાવૃત્તિ પણ થઇ છે. પરંતુ અમને લાગે છે કે એ પુસ્તક નવેસરથી બાળશૈલીમાં લખાય તો સરસ.'' પૂજ્યશ્રી પાઠશાળા પ્રવૃત્તિના પ્રબળ પુરસ્કર્તા હતા. એમણે એ વિનંતિ સ્વીકારી અને મને આ કાર્ય સંભાળી લેવાની આજ્ઞા કરી. માત્ર એક માસમાં મુદ્રણ સાથે 'પાઠશાળા પ્રવેશિકા'નાં નૂતન નામથી એ પુસ્તક તૈયાર થઇ ગયું. ત્રણે ય સંસ્થાના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં અને સાંઘાણી સંઘના ભાવિકોની ભરચક સભામાં તેનું ઉદ્‌ઘાટન થયું.

ઉદ્‌ઘાટક ભાગ્યવાને દસ હજાર પ્રતના એ પુસ્તકના ખર્ચ કરતા દ્વિગુણ રાશિ શિક્ષણસંઘને ભેટરૂપે અર્પણ કરી. આ પુસ્તક અંગે તેની પાંચમી આવૃત્તિમાં ત્રણે ય સંસ્થાએ 'પ્રકાશકીય નિવેદન'માં આ શબ્દો લખ્યા છે કેઃ- ''અમારા મનમાં ભાવના જાગી કે હવે પછીની નવી આવૃત્તિમાં કેટલાક મૂળગામી ફેરફારો થાય, કથાઓ બાળશૈલીમાં નવેસરથી લખાય, શ્રી તીર્થંકરદેવોની સપ્રમાણ વિશેષ માહિતી અપાય,

પ્રશ્નોત્તરીમાં ય સુધારા-વધારા થાય તો સોનામાં સુગંધ ભળે. આ તમામ બાબતોને લક્ષ્યમાં રાખીને અમારી વિનંતિથી પ.પૂ. શાસનપ્રભાવક આચાર્ય ભગવંત શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન પૂ. સિદ્ધહસ્તસર્જક મુનિરાજ (હાલ આચાર્ય ભગવંત) શ્રી રાજરત્નવિજયજી મહારાજે એ પુસ્તકનું નવેસરથી આલેખન કરી આપતા તે તૃતીય આવૃત્તિરૂપે વિ.સં. ૨૦૫૪માં ૧૦,૦૦૦ નકલોમાં પ્રકાશિત થયું. તે નકલો ટૂંક સમયમાં પૂર્ણ થતા ચતુર્થ આવૃત્તિની પણ દશ હજાર પ્રત અમે પ્રગટ કરી. અત્યંત ઉપયોગી આ પુસ્તકની તે પછી પણ તમામ પ્રતો પૂર્ણ થઇ જતા હવે આ પાંચમી આવૃત્તિરૂપે પુનઃ દશ હજાર પ્રતો અમે પ્રકાશિત કરી રહ્યા છીએ.''

આજે તો એ પુસ્તકની એ પછી પણ ઘણી મોટી સંખ્યાની આવૃત્તિઓ થઇ ચૂકી છે. જો પૂજ્યશ્રીએ ધાર્મિક પાઠશાળાઓ પ્રત્યેની મમતાથી એ જવાબદારી ન સ્વીકારી હોત તો મારે એ લેખનનો પ્રસંગ ન જ બન્યો હોત એ નિઃશંક વાત છે.

પૂ. યુગદિવાકર ગુરુદેવના ૯૪ મા જન્મદિનની ઉજવણી નિમિત્તે એ વર્ષે નવીન આયોજનોમાં થર્મોકોલનાં મંદિરનિર્માણોનું આયોજન કરાતા ભાવિકોએ એના સહિત વીશ વીશ આયોજનોમાં પૂર્ણ ઉલ્લાસથી લાભ લીધો, તો પર્યુષણમહાપર્વમાં પૂજ્યશ્રીની નિશ્રામાં સાંઘાણીમાં શાનદાર આરાધનાઓ ઉપરાંત એમના શ્રમણોની નિશ્રામાં જગડૂશાનગરસંઘ-અમૃતનગરસંઘ-શ્રેણિકનગરસંઘમાં જન્મવાંચન-સ્વપ્નદર્શન આદિ થયા. જન્મવાંચનદિને સાંઘાણીસંઘમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી ઉપધાનતપારાધનાની ઘોષણા થતાં સાંઘાણીસંઘના જ ગુરુભક્ત શ્રી મનુભાઇ બુટાલાલ શાહે તેના મુખ્ય લાભાર્થી બનવાનો લાભ લીધો. પર્યુષણા બાદ દ્વાદશાહ્નિક પ્રભુભક્તિમહોત્સવ વગેરે વિવિધ પ્રસંગો યોજાતા રહ્યા.

ચાતુર્માસપૂર્ણાહુતિ બાદ પૂજ્યશ્રીનો પ્રથમ વિહાર બોરીવલી-કાર્ટરરોડસંઘ તરફ થયો. બે વર્ષ પૂર્વે ત્યાંના સંભવનાથજિનાલયના રજતમહોત્સવ પ્રસંગે પૂજ્યશ્રીએ હૃદયનાં ઊંડાણભર્યા શબ્દોમાં જે શિખરબદ્ધ જિનાલયનિર્માણની પ્રેરણા કરી હતી તે ત્યાંના અગ્રણીઓનાં હૈયે બરાબર વસી ગઇ હતી. એથી ચાતુર્માસમાં જ એ સંઘ પૂજ્યશ્રીને ખનન-શિલાન્યાસાદિ પ્રસંગે પધારવા વિનંતિ કરી ચૂક્યો હતો. પૂજ્યશ્રી વિશાલ શ્રમણ-શ્રમણી સમુદાય સાથે કાર્ટરરોડ સંઘમાં પધારતાં જોરદાર સામૈયું થયું. જિનાલયપ્રાંગણે એક સાથે એક જ સ્થળે વિવિધ કલાત્મક સવાસો-સવાસો ગહુંલીઓ કરાઇ હતી. એ જ શ્રી સંઘના પ્રબળ-પ્રચંડ ઉલ્લાસની ગવાહ હતી. કાર્તિક વદિ નોમે ખનન-શિલાન્યાસની ઉછામણીઓ થતાં જાણે પ્રતિષ્ઠાની ઉછામણીઓ હોય તેવા માતબર રકમના આદેશો અપાયા. કાર્તિક વદિ-૧૧, તા. ૨૫-૧૧-૧૯૯૭ના દિને મન્ત્રોચ્ચારોપૂર્વક ભૂમિપૂજન-ખનનવિધાન અને માગશર શુદિ-૭, તા. ૬-૧૨-૯૭ના દિવસે શિલાન્યાસસમારોહ તમામ વિધિવિધાનપૂર્વક યોજાયો. બન્ને પ્રસંગોમાં ઉપસ્થિત હજારો ભાવિકોની ભીડ એ દર્શાવતી હતી કે સંઘમાં શિખરબદ્ધ જિનાલય પ્રત્યે કેવો રસ-ઉલ્લાસ પ્રવર્તતો હતો. પૂજ્યશ્રીએ એ ઉલ્લાસને નવી દિશા બક્ષતા શિલાન્યાસ પછીનાં પ્રવચનમાં એક સરસ બાબત કહી કે ''રજતમહોત્સવની ઉજવણીસમયે અમે સંઘમાં ઓછામાં ઓછા એક આયંબિલ (સાંકળી આયંબિલ)ની પ્રેરણા કરી હતી. એ તમે સૌએ ઝીલી, તો આજે માત્ર દોઢ વર્ષમાં શિખરબદ્ધ જિનાલયનું સ્વપ્ન નક્કર આકાર પામી શિલાન્યાસનાં મંગલાચરણ સુધી આવ્યું. હવે જો તમે સહુ પાંચ તિથિ આયંબિલ-મીઠાઇત્યાગ-કેરીત્યાગ-ચંપલપરિધાનત્યાગ-રાત્રિભોજનત્યાગ-કંદમૂળત્યાગ જેવા કોઇ પણ નવા નિયમો કમ સે કમ જિનાલયપ્રતિષ્ઠા સુધી સ્વીકારો તો આ મહાકાર્યને તમારા સૌના વ્રત-નિયમોનું બળ મળે. પરિણામે કાર્ય ઝડપથી સિદ્ધ થતું જાય.'' સંઘે ઊછળતા ઉલ્લાસે આ વાત સ્વીકારી અને હજારો ભાવિકોએ જાતજાતના નિયમોની ધારણા કરી ત્યાં જ પચ્ચક્ખાણ સ્વીકાર્યા. પ્રાયઃ કોઇ વ્યક્તિ એવી ન હતી કે જેણે સભામાં વ્રત સ્વીકારવા હાથ ન જોડ્યા હોય.

ત્યાંથી પૂજ્યશ્રી પુનઃ સાંઘાણીએસ્ટેટસંઘમાં મૌનએકાદશીપર્વારાધનાર્થે પધાર્યા. તેના બીજા દિવસે માગશર શુદિ-૧૨, તા. ૧૧-૧૨-૯૭ના દિવસે ચેમ્બુરતીર્થે ત્રિમજલી ભવ્ય જૈનભવનનો ખનન-શિલાન્યાસવિધિ પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાયો. ચેમ્બુરતીર્થનાં જિનાલય-ઉપાશ્રયસંકુલની પાછળ નિકટના ભાગે આવેલ આ એ ભૂમિખંડ હતો કે જે પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીની દીર્ઘદૃષ્ટિથી વર્ષો પૂર્વે લેવાયો હતો. એ ભૂમિ પર ત્રણેક વાર ઉપધાનતપની આરાધના પણ થઇ હતી. આવી પુણ્યભૂમિ પર પૂજ્યશ્રીની નિશ્રામાં ખનનવિધિ સવારે ૬.૪૫ના થયો અને તે જ દિવસે બપોરે ૧૨.૧૫ ક. શિલાન્યાસવિધિ થઇ. તે પછી સાંઘાણીએસ્ટેટસંઘમાં પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં માગશર વદિ-૬, તા. ૨૦-૧૨-૯૭ થી શ્રી ઉપધાનતપ આરાધનાનો મંગલ પ્રારંભ થતાં તેમાં ૧૭૧ ઉપધાનતપસ્વીઓ સામેલ થયા. એ પૈકી છ આરાધકો આઠથી અગિયાર વર્ષના નાના નાના બાળક-બાળિકાઓ હતા. ઉપધાનતપની સાથોસાથ બાલમુનિ શ્રી રશ્મિરત્નવિજયજી આદિ સાત સાધુ-સાધ્વીજીને શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર-આચારાંગસૂત્રની યોગઆરાધના થઇ.

આ ઉપધાનતપ દરમિયાન એક મહત્ત્વનું કાર્ય પૂ. યુગદિવાકરશ્રી સંબંધિત થયું. વર્ષો પૂર્વે પૂજ્યશ્રીની પ્રેરણાથી જે નાનું ગુરુમંદિર બન્યું હતું તેના સ્થાને ભવ્ય વિશાલ કમલાકાર ગુરુમંદિર નવું તૈયાર કરાયું અને એની વિશાલ આરસદિવાલ પર ૧૧X૮ ફુટનો એક વિશાલ શિલાલેખ કરાયો કે જેમાં પૂ. યુગદિવાકરશ્રીનાં જીવનસંબંધી તમામ મુખ્ય મુખ્ય બાબતો આવરી લેવાઇ હોય. પૂજ્યશ્રીની આજ્ઞાથી મારે સર્વપ્રથમવાર સાંઘાણીસંઘમાં આ રીતનું શિલાલેખમય જીવનચરિત્ર આલેખવાનો પ્રસંગ આવ્યો. એ પછી સર્વ મળી કુલ બાર સંઘોમાં આ રીતના શિલાલેખમય જીવનચરિત્ર પૂજ્યશ્રીની

પ્રેરણાથી અંકિત થયા. આ ભવ્ય ઉપધાનતપનાં અંતિમ ચરણમાં (૧) એકાદ્શાહ્નિક ભવ્ય માળારોપણમહોત્સવ (૨) સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના પરિવારમાં દીક્ષિત થનાર યુવા મુમુક્ષુઓ કુ. હીના તથા કુ. નીતાનો દીક્ષામહોત્સવ તથા (૩) પૂજ્યશ્રી તથા સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના સુદીર્ઘ-સુનિર્મલ સંયમપર્યાયના પચાસ વર્ષ નિમિત્તે બાવન કલાત્મક છોડના ઉદ્યાપન સાથે ભવ્યાતિભવ્ય સંયમસુવાસસુવર્ણમહોત્સવ આયોજિત થયો.

મારા સહિત અનેક ગુરુભક્ત સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાવર્ગની એ ઉત્કટ ભાવના હતી કે પૂજ્યશ્રીના સંયમપર્યાયના પચાસ વર્ષની ભવ્ય ઉજવણી થાય. જો કે, તે પૂર્વે પૂજ્યશ્રીની એક પણ દીક્ષાતિથિની કે એવી કોઇ અન્ય તિથિની ઉજવણી થઇ ન હતી. કેમ કે પૂજ્યશ્રી તે માટે સંમતિ આપતા ન હતા. તેઓ કાયમ એમ માનતા કે પૂ. યુગદિવાકર ગુરુદેવની તિથિ ઉજવાય એ જ બસ છે. સંયમજીવનનાં પચાસ વર્ષ ખૂબ મોટું આલંબન હોવાથી મેં અને સંઘે આ ઉજવણી માટે ખૂબ વિનંતિ કરી ત્યારે પૂજ્યશ્રીનો પ્રથમ અને પ્રબળ પ્રતિભાવ એ હતો કે 'એક વાર ઉજવણી શરૂ થવા દઇશ તો પછી દર વર્ષે તે નિમિત્તે ઉજવણી જારી રહેશે. માટે મારી આ અંગે જરા ય ભાવના નથી.' છેવટે મેં વચન આપ્યું કે 'આ માત્ર વિશિષ્ટ પ્રસંગને અનુસરતી વિનંતિ છે. હવે પછી આપની જીવનયાત્રાનો અમૃતમહોત્સવ આવે ત્યાં સુધી વચ્ચે ક્યાંય ઉજવણી નહિ કરીએ.' એ પછી જ પૂજ્યશ્રીએ સંયમસુવાસમહોત્સવની ઉજવણીની સંમતિ આપી.

પંચવિધ સ્તરે થયેલ એ ઉજવણીમાં પ્રથમ પ્રકારરૂપે એકાદશાહ્નિક મહોત્સવપ્રારંભે ત્રિદિવસીય ભવ્યાતિભવ્ય અરિહંતમહાપૂજન-શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજિનાલયની ભવ્યાતિભવ્ય મહાપૂજા-વિખ્યાત રંગોળીકલાકાર રમણિકભાઇ શાહ દ્વારા પૂજ્યશ્રીનાં જીવનપ્રસંગોનું રંગોળીપ્રદર્શન-પચાસ (બાવન) કલાત્મક છોડઉદ્યાપન-પ્રભુ મહાવીરદેવના ૧ થી ૨૬ પૂર્વભવોનું જીવંત નાટ્યપ્રદર્શન વગેરે કાર્યક્રમો યોજાયા, તો બીજા પ્રકારે ડભોઇ-તીર્થવતની તમામ જૈન પરિવારોને દર્ભાવતીતીર્થાધિનાયક શ્રી લોઢણપાર્શ્વનાથદાદાની ઘડિયાળયુક્ત વિશાલ લેમીનેટેડ પ્રતિકૃતિઓ અર્પણ કરાઇ; ત્રીજા પ્રકારરૂપે ડભોઇ તીર્થની પાંજરાપોળને ₹. પાંચ લાખનું દાન અપાયું, તો ચોથા પ્રકારરૂપે સાંઘાણી સંઘમાં આયંબિલતપ તેમજ વિવિધ વ્રતો-નિયમોની સ્પર્ધાનું આયોજન થયું. પાંચમા પ્રકારરૂપે 'ગુજરાત સમાચાર' અખબારમાં પૂજ્યશ્રીનો જીવન-પરિચય લેખ લખવા ઉપરાંત પૂજ્યશ્રીનાં જીવનકવનને વર્ણવતું 'સૂર્યોદયનાં તેજ નિરાળાં' નામે Four Colour નાનકડું પુસ્તક મારા દ્વારા લખાયું. આપણે એ પુસ્તકની ઝલક તો નહિ, કિંતુ પ્રારંભે પ્રકાશિત કરાયેલ સંસ્કૃત તેમજ ગુજરાતી કાવ્યમય સ્તુતિપંચક પૈકી સંસ્કૃત સ્તુતિપંચક અહીં ટાંકીએ. આ હતું એ સ્તુતિપંચકઃ

## सूर्योदयं गुरुवरं प्रणमाम्यहं तम्

(वसन्ततिलकावृत्तमयं पञ्चकम्)

रचयिता :- पूज्य-मुनिराजश्रीराजरत्नविजयजी महाराज:

भागीरथीं च यमुनां च सरस्वतीं च,<br>
बिभ्रत् प्रयाग इव राजति सूरिराज:।<br>
पाण्डित्य-पुण्य-विशदप्रतिभा भरन् य:,<br>
सूर्योदयं गुरुवरं प्रणमाम्यहं तम् ।।१।।<br>
लोकत्रयीं स्पृशति स्वर्गनदी यथैव,<br>
यस्याशय: स्पृशति, चारुतया तथैव।<br>
शब्दानुशासन-सुतर्क-सुकाव्यग्रन्थान्,<br>
सूर्योदयं गुरुवरं प्रणमाम्यहं तम्।।२।।<br>
सूर्यो यथा निजकरेण तमांसि हन्ति,<br>
तद्वन्निहन्ति घनमोहतमोभरं य:।<br>
जैनागम-प्रवचनावलि-भाषणेन,<br>
सूर्योदयं गुरुवरं प्रणमाम्यहं तम् ।।३।।<br>
तेजस्तनोति भुवि तैलबलेन दीपो,<br>
धर्म-प्रभाव-कृतिमातनुते य एवम्।<br>
श्री धर्मसूरि-गुरुराज-कृपाबलेन,<br>
सूर्योदयं गुरुवरं प्रणमाम्यहं तम् ।।४।।<br>
सूर्योदये दिवि जन: कुरुते सुधर्मम्,<br>
सूर्योदये भुवि जन: कुरुते सुधर्मम् ।<br>
दीक्षोपधान-जिनमन्दिर-निर्मितीवैं,<br>
सूर्योदयं गुरुवरं प्रणमाम्यहं तम् ।।५।।

આ પુસ્તકના ઉદ્‌ઘાટનદિને પૂજ્યશ્રીનો ગુણગૌરવસમારોહ યોજાયો હતો. એમાં મારે પ્રવચનનો અવસર આવતા મેં તો પૂજ્યશ્રીની વિનયશીલતા-વિદ્વત્તા-વ્યાખ્યાનશક્તિ-પુણ્યપ્રભાવકતા-પ્રતિભા-પરિણતિ-પરોપકારિતા વગેરે ગુણો પ્રસંગાનુરૂપ વર્ણવ્યા. પરંતુ પૂજ્યશ્રીને પ્રવચનનો અવસર આવતા એમણે એવી પ્રસ્તુતિ કરી કે જે એમનાં વ્યક્તિત્વને વધુ ગૌરવાન્વિત કરે. એમણે આ અદ્‌ભુત વાત કરી કે ''એક નાનકડું બીજ જ્યારે માળીની સતત માવજત-દેખરેખ પામે છે ત્યારે એ ઘેઘૂર-ઘટાદાર વૃક્ષ બની શકે છે, એક ખાણપાષાણ કુશલ શિલ્પીનું ઘડતર પામે છે ત્યારે એમાંથી સરસ-આકર્ષક શિલ્પનું સર્જન થાય છે; બરાબર એ જ રીતે એક શિષ્યને નિષ્ણાત સદ્‌ગુરુનો સંયોગ મળે છે ત્યારે જ એનામાં વિશિષ્ટ શક્તિઓ-સદ્‌ગુણો વિકસી શકે છે. બીજ હો-પાષાણ હો કે શિષ્ય હોઃ આ સહુનો વિકાસ એમના પોતાના પર

એટલો નિર્ભર નથી, જેટલો એમની માવજત-ઘડતર કરનાર પર નિર્ભર છે. અમારાં જીવનનું ય આવું જ છે. આજે જે યત્કિંચિત્ નાની વિશેષતા જીવનમાં કદાચ પ્રગટી હશે તો એ માત્ર પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનાં ઘડતરને જ આભારી છે. અમે તો ઘડ્યા વિનાના પથ્થર જેવા હતા અને દશ-અગિયાર વર્ષની વયે એમની નિશ્રા સ્વીકારી હતી. તે પછી સંસ્કરણ-શ્રુતાભ્યાસ-આરાધના-સંયમરુચિ વગેરે બધી બાબતો એમણે જ કાળજીથી વિકસાવી હતી. એથી આજે અમારે એમને યાદ કરીને માત્ર ઋણસ્મરણ જ કરવું છે.'' કેવી સરસ કૃતજ્ઞતા વિલસે છે આ વક્તવ્યના શબ્દે શબ્દમાં!!

ત્રિવેણીસંગમ સમા એ સંયમસુવાસ-ઉપધાનમાળ-દીક્ષાના એકાદશાહ્નિક મહોત્સવમાં મહા શુદિ-૧૧ના મંગલ દિને હજારો ભાવિકોની મેદની વચ્ચે પંતનગરના વિરાટ મેદાનમાં મુમુક્ષુઓની દીક્ષા તથા માળપરિધાનસમારોહ પાંચ કલાક પર્યંત શાનદારરૂપે યોજાયો. મુમુક્ષુઓને દીક્ષાવિધિના અંતે ક્રમશઃ સા. શ્રી વિશ્વશ્રુતાશ્રીજી અને સા. શ્રી વિરાજધર્માશ્રીજી રૂપે ઘોષિત કરાયા...

વિ.સં. ૨૦૫૪નાં એ વર્ષના શેષકાલમાં અનેક શાસનપ્રભાવક સાલગિરિમહોત્સવો અને ઘાટકોપર-પૂર્વના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ(૬૦ ફુટ રોડ) જૈન સંઘમાં પૂજ્યશ્રીની યશસ્વી ચૈત્રી ઓળીની ભવ્ય આરાધનાદિ ઉપરાંત બે શાસનકાર્યો મહત્ત્વનાં થયાં. એમાનું એક કાર્ય હતું સાન્તાક્રુઝ-પૂર્વ વાકોલા જૈન સંઘમાં પ્રતિષ્ઠામહોત્સવનું. આ સંઘમાં વિ.સં. ૨૦૨૩માં પૂ. સિદ્ધાંતનિષ્ઠ આ.ભ.શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. યુગદિવાકર ગુરુદેવની કૃપાવર્ષા થતા તે વર્ષની પોષ શુદિ પૂર્ણિમાએ ધાતુના શ્રી સંભવનાથજીની ચલસ્થાપના સાથે ગૃહજિનાલયનો પ્રારંભ થયો હતો. તે પછી ત્રીશ-ત્રીશ વર્ષોનાં વહાણાં વીત્યાં, પરંતુ સંઘમાં ધર્મદૃષ્ટિએ કોઇ પ્રગતિ થઇ ન હતી. એ સંઘના અગ્રણીઓનાં અંતરમાં જિનાલયનિર્માણનાં મનોરથ પાંગર્યા અને એ સહુ ગત વર્ષના સાંઘાણીસંઘનાં ચાતુર્માસ દરમિયાન પૂજ્યશ્રી સમક્ષ વિનંતિ માટે ઉપસ્થિત થયા હતા. પૂજ્યશ્રીએ નૂતન જિનાલય અંગે સુરેખ માર્ગદર્શન-પ્રેરણા આપી શ્રી સંભવનાથપ્રભુ-શ્રી આદિનાથપ્રભુ-શ્રી શંખેશ્વરપાર્શ્વપ્રભુ-મૂલનાયક પરિકર-શાસનદેવદેવી આદિની પ્રતિષ્ઠાનાં ચક્રો ગતિમાન કરાવ્યા. ટૂંક સમયમાં નયનરમ્ય જિનાલય-છ ખંડો સંમીલિત કરીને ભવ્ય ભક્તિ હૉલ વગેરેનાં નિર્માણ કરાયા. ઘાટકોપરની શાશ્વતી ઓળી દરમિયાન ચૈત્ર શુદિ નોમે પૂજ્યશ્રી ઉછામણીસમારોહ નિમિત્તે માત્ર એક દિવસ એ નાનકડા સંઘમાં પધાર્યા ત્યારે માતબર ઉછામણીઓ ઉપરાંત ₹. સાત લાખનું કાયમી ફંડ થયું. પ્રતિષ્ઠામહોત્સવ સંબંધી તમામ આદેશો પણ ત્યારે જ અપાઇ ગયા.

તે પછી વૈશાખ શુદિ તેરશથી વદિ ત્રીજ દરમિયાન શાનદાર પ્રતિષ્ઠામહોત્સવ યોજાયો. આ મહોત્સવસંબંધી ફક્ત બે જ બાબતનો ઉલ્લેખ કરીએ તો, વૈશાખ શુદિ તેરશે સંઘે નૂતન જિનબિંબોના તથા ગુરુદેવોના પ્રવેશનો જે શાનદાર રથયાત્રા-વરઘોડો યોજ્યો એ જાજરમાન વિરાટ સંઘોની રથયાત્રાને ય ઝાંખી ઠરાવે એવો હતો. વસ્તુપાલ-તેજપાલ-વિમલશાહ-મયણાસુંદરી વિગેરે અઢળક પાત્રો તથા અનેકાનેક સાજસજ્જાસભર વાહનો આદિથી એ પ્રવેશયાત્રા દેદીપ્યમાન હતી. તો બીજી બાબત એ હતી કે ધજારોહણથી લઇ નાનામાં નાની ઉછામણીઓ માતબર થઇ હતી. વૈશાખ વદિ બીજ, તા. ૧૩-૫-૯૮ના શુભ મુહૂર્તે તમામ પ્રભુજીઓ આદિની પ્રતિષ્ઠા ઉલ્લાસભર્યા માહોલમાં થઇ. આ પ્રસંગે તાજા જ મુંબઇ આવેલ પૂ. યુગદિવાકરશ્રીના સમુદાયના શ્રમણો પધાર્યા હતા.

અન્ય મહત્ત્વનાં કાર્યરૂપે નાલાસોપારા-પૂર્વના જૈન પરિવારોની વિનંતિથી પૂજ્યશ્રીએ ત્યાંના સેન્ટ્રલપાર્ક વિસ્તારમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. ત. સંઘની સ્થાપના કરાવી જિનાલય-ઉપાશ્રયનાં નિર્માણચક્રો ગતિમાન કરાવ્યા. ત્યાંના જિનાલયનું શિલાસ્થાપન પૂર્વોક્ત વૈશાખ વદિ બીજનાં શુભ મુહૂર્તે જ કરાયું. આ ઉપરાંત પોમાવા (રાજસ્થાન)ના જિનાલયની પ્રતિષ્ઠાઉછામણી-દહિંસરમાં ધર્મવિહાર જૈન ઉપાશ્રયનું નામકરણ આદિ કાર્યો પણ આ શેષકાળમાં થયાં. તેના અંતે આષાઢ શુદિ-૧૦, તા. ૪-૭-૯૭ શનિવારે શાનદાર સ્વાગત સાથે ચાતુર્માસારાધનાર્થે ચેમ્બુરતીર્થે પધાર્યા. આ તીર્થે પૂજ્યશ્રીનું ચાતુર્માસ પૂ. યુગદિવાકરશ્રીની નિશ્રામાં વિ.સં. ૨૦૩૬માં થયું તે પછી આ અઢાર વર્ષે પ્રથમવાર થઇ રહ્યું હતું. સંઘમાં એનાં કારણે ઉલ્લાસ ખૂબ પ્રવર્તતો હતો. પ્રતિવર્ષના પૂજ્યશ્રીનાં ચાતુર્માસની જેમ અહીં પણ પૂજ્યશ્રીની 'શાંતસુધારસ' ગ્રન્થાધારિત પ્રવચનધારા-રવિવારીય જાહેર પ્રવચનો-શિબિરો-સમૂહ શત્રુંજયતપ-પર્યુષણાપર્વમાં ૫૧ ઉપવાસ તેમજ એક જ પરિવારમાં છ છ મોટી તપસ્યાદિ ઘટનાઓ વગેરે શાસનપ્રભાવનાઓ તો થઇ. કિંતુ મારે આ ચાતુર્માસની નોંધ ત્રણ જુદા દૃષ્ટિબિંદુથી લેવી છે.

પ્રથમ હતી પૂજ્યશ્રીની શ્રદ્ધાદૃષ્ટિ. ચેમ્બુરતીર્થના મૂલનાયક શ્રી આદીશ્વરપ્રભુ મૂર્તિસંસ્થાન-ભાવોલ્લાસવૃદ્ધિ-આહ્લાદકતા વગેરેની અપેક્ષાએ અન્ય પ્રભુજી કરતા કાંઇક અલગ તરી આવતા હતા. એથી પૂજ્યશ્રીને આ ભગવંત પર વિશેષ ભક્તિ હતી. ચેમ્બુરતીર્થનાં આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીની એ ભક્તિ મેં ઘણી બધી વાર જિનાલયનાં ચૈત્યવન્દનોમાં-સ્તવનોમાં-જાપમાં-જિનાલયમાં વ્યક્તિગતરૂપે પૂજ્યશ્રી દ્વારા ગણાતા ભક્તામરસ્તોત્રમાં નીતરતી નિહાળી હતી. એ વર્ષે પૂજ્યશ્રીનાં મુખે મેં તન્મયભાવપૂર્વક (૧) ઋષભજિણંદા (૨) પદ્મપ્રભ જિન! તુજ મુજ આંતરું રે... (૩) દુઃખ દોહગ દૂરે ટળ્યા રે... (૪) સેવો ભવિયા વિમલજિનેસર... આ સ્તવનો વારંવાર સાંભળ્યાં છે. સામાન્યતઃ પૂજ્યશ્રીની પદ્ધતિ તિથિના અંક મુજબના ભગવાનનાં સ્તવન ગાવાની હતી. પરંતુ એ ચાતુર્માસમાં આ ચાર સ્તવનો ખૂબ શ્રવણ કર્યા હતા. બીજી શ્રદ્ધા હતી પૂ. યુગદિવાકરશ્રી પ્રત્યેની. ગુરુદેવના અંતિમ સંસ્કાર બાદ એમની અંતિમ ભૂમિમાં પૂજ્યશ્રીનું આ પ્રથમ જ ચાતુર્માસ હતું. ગુરુદેવની ચિરવિદાયનું એ સત્તરમું વર્ષ હતું.







પદયાત્રામહાસંઘ : સંઘપતિપરિવારોનો બાદશાહી બહુમાન સમારોહ

# દર્ભાવતીતીર્થે
# શાસનપ્રભાવનાઓનો ઝગમગાટ :




પદયાત્રામહાસંઘ : પ્રયાણ સમયની વિરલ ક્ષણો







## દર્ભાવતીતીર્થે શાસનપ્રભાવનાઓનો ઝગમગાટ :




**પૂજ્યશ્રીના દ્વિતીય ઐતિહાસિક ચાતુર્માસ દરમિયાન આયોજિત ઉપધાનતપ–પાંજરાપોળપુનરુદ્ધાર–નવપદ હાઈસ્કૂલ આદિ ઉદ્ઘાટન–દર્ભાવતીથી સર્વપ્રથમ શત્રુંજયમહાતીર્થ પદયાત્રામહાસંઘ આદિની ઝલકો**





છતાં પૂજ્યશ્રી માટે તેઓ હજુ ય જાણે ચાક્ષુષપ્રત્યક્ષ હતા. નિત્ય તેઓ એમના સમાધિમંદિરમાં જાપ કરીને જ ઉપાશ્રયમાં પધારે. એક પણ દિવસ એમાં ફર્ક આવ્યો ન હતો. આ હતી એમની દેવ-ગુરુ પ્રત્યેની શ્રદ્ધાદષ્ટિ... બીજી હતી વિવેકદષ્ટિ. એ ચાતુર્માસમાં મારા હસ્તક નવાં ચાર પુસ્તકો ક્રમશઃ પ્રકાશિત થયા. એમાં એક હતી સંસ્કૃત 'कथाकल्पवल्लि:' પ્રત. અલબત્ત, એ માત્ર કથાની કૃતિ હતી અને અભ્યાસકાળે-મારી દીક્ષાના પાંચમા-છટ્ઠા વર્ષે સંસ્કૃતભાષાભ્યાસવૃદ્ધિ માટે જ લખાઇ હોવાથી એમાં કોઇ ઝાઝી વિશેષતા ન હતી. છતાં પૂજ્યશ્રીના પરિવારમાં આ પ્રથમ સંસ્કૃત કૃતિ હતી. એથી પૂજ્યશ્રીએ મને સૂચન કર્યુંઃ ''આ પ્રથમ સંસ્કૃત કૃતિ છે. માટે તારે એ પૂ. યુગદિવાકરશ્રીને સમર્પિત કરવી. આપણી બધી સફલતા એમને આભારી છે. માટે એ યોગ્ય રહેશે.'' મને આમાં પૂજ્યશ્રીની વિવેકદષ્ટિનો આવિષ્કાર લાગ્યો. ખૂબ પ્રભાવિત થયો હું એમનાં આ વલણથી. પણ પછી મેં મારી વિવેકદષ્ટિનો ઉપયોગ કર્યો કે 'એમના માટે દરેક બાબતે પૂ. યુગદિવાકરશ્રી પ્રથમ હોય એ એમનો વિવેક છે. પરંતુ, કમ સે કમ આ સંસ્કૃત કૃતિ માટે તો મારે મન પૂજ્યશ્રી જ પ્રથમ હોવા જોઇએ. કેમ કે મારો તમામ સંસ્કૃત અભ્યાસ કરાવનાર જ પૂજ્યશ્રી હતા.' મેં સવિનય પૂજ્યશ્રીને જણાવ્યું કે ''આમાં આપ આગ્રહ ન રાખશો. મારી વિવેકદષ્ટિ મુજબ મને વર્તવા દો.'' પૂજ્યશ્રી મૌન રહ્યા. મેં એ કૃતિના ત્રીજા પેજ પર એ કૃતિ પૂજ્યશ્રીને સમર્પિત કરતા એમના મારા પરનાં રત્નત્રયીપ્રદાનના ઉપકારો ગૂંથી લઇ આ શ્લોક લખ્યો કે :-

येनाऽहं जिनभक्तिमार्गकथनात् सद्दर्शने स्थापित:,
येनाऽध्यापनवाचनादिभिरलं जाड्यं मदीयं हतम्।
येनाऽहं भवपाप–ताप–हरणे संस्थापित: संयमे,
श्री सूर्योदयसूरिराट् स जयतात् तस्मै कृतिश्चाऽर्प्यते।।

ત્રીજી હતી આચારદષ્ટિ. અન્ય સંઘોની જેમ ચેમ્બુરતીર્થમાં પણ તે વર્ષ સુધી સ્વપ્નદર્શન-જન્મવાંચન આદિ કાર્યો બપોરે થતાં હતાં. આમાં ઘણી વાર ઉછામણીઓમાં સમયવિલંબ-ભાવિકોની મોડેથી થતી ભીડ વગેરેનાં કારણે ક્વચિત્ પર્વદિવસમાં રાત્રિભોજન જેવા દોષો સર્જાતા હતા. આથી મુંબઇમાં સવારથી સ્વપ્નદર્શન શરુ કરવાનો આવકાર્ય પ્રવાહ ધીમા પગલે શરુ થયો હતો. પૂજ્યશ્રીએ એ વર્ષે ચેમ્બુરતીર્થના ટ્રસ્ટીગણને-સંઘને આ વાત બરાબર સમજાવીને રાત્રિભોજનત્યાગના આચારપાલન માટે સવારથી સ્વપ્નદર્શનાદિ કાર્યક્રમ શરુ કરવા સંમત કર્યા. ત્યારથી ચેમ્બુરતીર્થે પ્રતિવર્ષ સવારથી આ કાર્યક્રમ શરુ કરવાનો સુધારો થયો. એનાં કારણે અનેક પુણ્યાત્માઓ પર્વદિવસે રાત્રિભોજનના દોષથી બચી ગયા. પૂજ્યશ્રીની આચારદષ્ટિની આ સરસ કમાલ હતી...

આ ચાતુર્માસના અંતભાગમાં પૂજ્યશ્રીના સદુપદેશથી કાર્તિક શુદિ બારશે ઉપધાનતપઆરાધનાનો મંગલ પ્રારંભ થયો. પરમગુરુભક્ત માતુશ્રી અજબબેન ગણેશલાલજી ગુલાબચંદજી દાવરાપરિવારના મુખ્ય સહયોગથી યોજાયેલ આ ઉપધાનતપમાં સ્થાનની મર્યાદાનુસાર ૧૨૦ જેટલા પુણ્યાત્માને પ્રવેશ અપાયો. જેમાં ૯ થી ૧૪ વર્ષની વયના સાત તો બાલતપસ્વીઓ હતા. ઉપધાનતપના પ્રારંભિક દિવસોમાં જ પૂજ્યશ્રીને એક રાત્રે છાતીમાં જોરદાર દુઃખાવો થતા અગમચેતીરૂપે પૂજ્યશ્રીએ રોજ બબ્બે વાર બે મજલા ચડવા-ઉતરવાનું બંધ કર્યું. માત્ર એક વાર સવારે દેવ- ગુરુદર્શન-ચૈત્યવંદન માટે પધારે ત્યારે બે મજલાની એક વાર ચડ-ઉતર થતી. પ્રવચનો-ક્રિયાઓ-વાચનાદિની સર્વ જવાબદારી પૂજ્યશ્રીએ મને સુપરત કરી. આ ઉપધાનતપ દરમિયાન (૧) બૃહદ્ મુંબઇની ત્રણસોથી અધિક જૈન પાઠશાળાના ધાર્મિક શિક્ષકોનો ભવ્ય સન્માનસમારોહ (૨) સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના પરિવારમાં દીક્ષિત થનાર યુવા મુમુક્ષુ કુ. નેન્સી ગાંધીના દીક્ષામુહૂર્તવધામણાં (૩) સાંઘાણીએસ્ટેટસંઘમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી નિર્મિત પૂ. યુગદિવાકરશ્રીનાં ગુરુમંદિરની પ્રતિષ્ઠામુહૂર્તજય (૪) બોરીવલી-કાર્ટર રોડ સંઘમાં નવનિર્મિત ભવ્ય શિખરબદ્ધ શ્રી સંભવનાથજિનાલયના અંજનશલાકા-પ્રતિષ્ઠામુહૂર્તવધામણાદિ કાર્યો થયા અને અંતે ૪૨ છોડના ભવ્ય ઉદ્યાપન સાથે નવદિવસીય ઉપધાનતપમાળારોપણમહોત્સવ માગશર વદિ ૧૦, તા. ૧૩-૧૨-૯૮ થી પોષ શુદિ-૩, તા. ૨૧-૧૨-૯૮ દરમિયાન યાદગાર સ્વરૂપે યોજાયો. પોષ શુદિ-૨ના માળારોપણદિને મુંબઇસ્થિત સમસ્ત સમુદાયની ઉપસ્થિતિ રહી. તે પૈકી બોરીવલી-કાર્ટરરોડસંઘના અંજનશલાકા-પ્રતિષ્ઠામુહૂર્ત-વધામણાંસમારોહમાં તે સંઘે પાંચ-પાંચ સ્પેશ્યલ બસ સાથે ચેમ્બુરતીર્થે પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં જે પ્રચંડ ભાવોલ્લાસથી વૈવિધ્યસભર રીતે મુહૂર્તવધામણાં કર્યાં હતાં એ પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવની દ્યોતક સરસ ઘટના હતી.

આપણે પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવને નમન કરીએ. પરંતુ એથી ય વિશેષ એમની પૂર્વોક્ત ત્રણ શ્રદ્ધાદષ્ટિ-વિવેકદષ્ટિ-આચારદષ્ટિને અંતરનાં અગણિત વંદન કરીને યાદ કરીએ પેલી શાસ્ત્રપંક્તિ કેઃ- 'दीवसमा आयरिया परमप्पाणं च दीप्पेइ'. ભાવાર્થ કે આચાર્યભગવંતો એવા દેદીપ્યમાન દીપક છે જે સ્વ-પર સૌને પ્રકાશિત કરે છે...

•••



પ્રકરણ : 33

# દિવ્ય ધામ દર્ભાવતીમાં...

વિરમગામની વિખ્યાત શહનાઇમંડળીના સૂરીલા શહનાઇસૂરો વાતાવરણમાં ગુંજી રહ્યા હતા. બબ્બે બેન્ડોમાંથી વહેતા ભક્તિગીતો ને Music થી જાણે ગગન ગાજી રહ્યું હતું. પ્રભુજીને પધરાવવા માટેના શણગારેલ વાહનોની શ્રેણિબદ્ધ જમાવટ થઇ રહી હતી. બે-પાંચ-દશ નહિ, બસો-બસો શ્રાવિકાઓ વિવિધ રીતે સજાવેલ બેડાં મસ્તકે ધરી મંગલ ગીતો ગાઇ રહી હતી. સંઘના અગ્રણીઓ અને ભાવિકો રજવાડી સાફાઓમાં સજ્જ થઇને 'ગુરુજી અમારો અંતરનાદ... અમને આપો આશીર્વાદ...' જેવા સૂત્રોચ્ચારો અને જયનાદો ગજાવતા હતા. સંઘના યુવાનો મન મૂકીને દાંડિયારાસ રમતા હતા, તો નાના-નાના બાળક-બાળિકાઓ વિવિધ પ્રાચીન-અર્વાચીન પાત્રોની વેશભૂષામાં સજ્જ થઇ હાથમાં Play Cards સાથે રાજમાર્ગો પર કૂચ કરી રહ્યા હતા. રસ્તે જતા રાહદારીઓ પણ ક્ષણભર થંભીને વિસ્મયથી નિહાળતા કે 'આજે જૈનોનાં આંગણે કોઇ મોટો મંગલ પ્રસંગ આવ્યો લાગે છે.'

વાસ્તવિકતાનું આ આછેરું શબ્દચિત્ર જેના માટે દોરાયું છે એ મનોરમ દશ્ય હતું બોરીવલી-પૂર્વના કાર્ટરરોડ જૈન સંઘનું અને એ દિવસ હતો વિ.સં. ૨૦૫૫ના પોષ શુદિ-૧૪, તા. ૧-૧-૧૯૯૯નો. ચેમ્બુરતીર્થના ઉપધાનતપમાળમહોત્સવ બાદ વિહાર કરીને પૂજ્યશ્રી બોરીવલી-જામલીગલી જૈન સંઘમાં સમુદાયના એક અગ્રણી પૂ.આ.ભ. શ્રી કનકરત્નસૂરીશ્વરજી મ.સા. આદિની નિશ્રામાં યોજાયેલ ઉપધાનતપમાં પધાર્યા હતા અને ત્યાંથી આજના દિને કાર્ટરરોડના સંભવનાથજિનાલયસંઘમાં અંજનશલાકા-

પ્રતિષ્ઠામહોત્સવ પ્રસંગે મંગલ પ્રવેશ કરી રહ્યા હતા. પૂજ્યશ્રીની પધરામણી નિમિત્તે એ સંઘમાં ઉપરોક્ત મનોરમ દૃશ્ય સર્જાયું હતું. સંઘમાં સેંકડો પરિવારો એવા હતા કે જેમણે એ સંઘમાં જોડાયાને વર્ષોનાં વહાણાં વીતી ગયા હતા અને એ દરમ્યાન અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવનો અવસર આ સર્વપ્રથમ માણવા મળવાનો હતો. એ સહુ આજે અનેરો થનગનાટ અનુભવી રહ્યા હતા. દરેકનાં મુખ પર આ અનુપમ અવસરની ચમક દેખાઇ રહી હતી. કેટલા ય વ્યાપારીઓ પરસ્પર વાર્તાલાપ કરતા હતા કે આ મહોત્સવના તમામ દિવસો આપણે દુકાન-કામકાજ બંધ રાખીને સંઘનાં વિવિધ આયોજનોમાં સ્વયંસેવક રૂપે સેવા આપીશું, તો કેટલો ય નોકરિયાત વર્ગ એવો સંકલ્પ કરી ચૂક્યો હતો કે આ અંજનશલાકાના તમામ દિવસોમાં આપણે Service માં રજા મૂકી દેવી. ઘરઆંગણે આવો પ્રસંગ જીવનમાં બીજી વાર નહિ આવે.

ભક્તિની ભરતીથી ભર્યા ભર્યા આ માહોલમાં પૂજ્યશ્રીની તથા નૂતન જિનબિંબોની સ્વાગતયાત્રા જિનાલયદ્વારે આવી ત્યારે ત્યાં ઉલ્લાસનાં વાંભ વાંભ મોજાં ઊછળતાં હતાં. પૂજ્યશ્રી તથા નૂતન બિંબો સમક્ષ જિનાલયદ્વાર આગળ બસો-બસો ગહુંલીઓની હારમાળા રચાઇ હતી. તે પછી પ્રવચનમાં પૂજ્યશ્રીએ પ્રભુભક્તિનો મહિમા ખૂબ હૃદયંગમ શૈલીમાં જૈન ઇતિહાસનાં અમર પાત્રો વસ્તુપાલ-તેજપાલ-અનુપમાદેવી અને વિમલશાહના દૃષ્ટાંતો દ્વારા સમજાવીને એ વાત ફરમાવી કે ''અનાદિ નિગોદની અવસ્થામાંથી આપણો ઉદ્ધાર કરીને આજની ઉચ્ચતર ભૂમિકા સુધી આપણને લઇ આવવાનો મહાન ઉપકાર શ્રી અરિહંતપ્રભુનાં શાસનનો જ છે. એ શાસનની આરાધનાથી સિદ્ધ થયેલ મુક્તાત્માનાં કારણે આપણને અનાદિ નિગોદથી બહાર આવવાની તક મળી, તો એ શાસનનાં કારણે જ આજની શ્રાવકની અવસ્થા મળી છે. શાસનના સ્થાપક શ્રી અરિહંતપરમાત્મા હોવાથી એ તમામ ઉપકાર એ શ્રી અરિહંતભગવંતોનો ગણી શકાય. આવા અરિહંતપ્રભુની ભક્તિનો શ્રાવકો માટે ઉત્કૃષ્ટ અવસર અંજનશલાકાનો છે. એનાં માધ્યમે તન-મન-ધનથી શ્રેષ્ઠ ભક્તિ કરીને આપણે પ્રભુની ઋણમુક્તિ તો નહિ, પરંતુ ઋણસ્મૃતિ કરવાની છે. 'ભક્તિભાર્ગવતી બીજં...૦' જેવાં વચનો કહે છે કે ભક્તિ તો મુક્તિનું અવન્ધ્ય બીજ છે.'' પૂજ્યશ્રીના આ ટંકશાળી વચનો અને પુણ્યપ્રભાવવંતી નિશ્રાનાં કારણે ઐતિહાસિક સ્વરૂપે ઉજવાયેલ એ અંજનશલાકા-પ્રતિષ્ઠા-દીક્ષામહોત્સવની કેટલીક ઝલકો આપણે પ્રસંગોની પાંખે નિહાળીએ :

પોષ વદિ-બીજ, તા. ૩-૧-૯૯ના અંજન-પ્રતિષ્ઠાઉછામણીસમારોહ પૂજ્યશ્રીની નિશ્રામાં શરુ થયો. એક જ સમારોહમાં ઉછામણીકાર્ય પૂર્ણ કરવાની ધારણા હતી. પરંતુ ઉછામણીજુવાળ એવો હતો કે ઉછામણી ઉતાવળે બોલી ન શકાઇ. અંતે એકના બદલે ત્રણ તબક્કે ઉછામણીઓ પૂર્ણ થઇ. એમાં એક ઉછામણી હતી ગૌતમસ્વામીનાં અંજનની. સભાના અગ્રભાગે રહેલ સંઘના એક અગ્રણી ઉછામણી બોલી રહ્યા હતા. પોતે નિશ્ચિત કરેલ ધારણાથી બોલી ખૂબ આગળ વધવા માંડતાં એમણે બોલી જતી કરી. સામી વ્યક્તિને લાગ્યું કે હવે આ લાભ મને મળી જશે. પરંતુ અચાનક સભાના પાછળના ભાગથી બોલી આગળ વધવા માંડી. જોરદાર ઉછામણીના અંતે એ લાભ પાછળથી બોલી બોલનારને મળ્યો. નામ જાહેર થયું ત્યારે સભાને અચરજ થયું કે સંઘના જે અગ્રણીએ બોલી જતી કરી હતી એમના જ પુત્રવધૂએ પાછળથી એ બોલીનું બીડું ઝડપી લીધું હતું અને આદેશ પોતાના પરિવારને જ અપાવ્યો !! સંસારક્ષેત્રે સસરાની મર્યાદા રાખનાર પુત્રવધૂએ ધર્મક્ષેત્રે સસરાની ઉપરવટ જવાનું સાહસ એટલે કર્યું કે એને ગૌતમસ્વામીજી ભરાવવાનો લાભ લેવો જ હતો...

બીજી ઘટના બની મૂલનાયક પ્રભુજીના પરિકરની ઉછામણીની. તે સમયે એની ઉછામણીનો આંક આવ્યો પાંચ લાખ અગિયાર હજાર. આદેશ અપાવાની ક્ષણો હતી ત્યાં એકાએક સભા તરફ આવતા ભાગ્યવાને જોરથી કહ્યું: ''પાંચ લાખ પંચાવન હજાર''. અને પછી એ સભાસ્થિત એક ભાઇને પૂછવા માંડ્યા: ''શેનો આદેશ બોલાઇ રહ્યો છે આ?'' સમગ્ર સભામાં હાસ્યનું મોજું ફરી વળ્યું. સાર એ કે પૂજ્યશ્રીની પ્રભાવક નિશ્રામાં ત્યાં માહોલ જ એવો હતો કે લાભાર્થીઓને લાભ લેવાની તમન્ના પ્રથમ હતી, લાભ શેનો છે એની દરકાર પછી હતી... એક ભાગ્યવાન રોજ મૂલનાયક સંભવનાથદાદાની પૂજા-ભક્તિ કરે. ઉછામણીની પ્રભાતે એ પૂજ્યશ્રી પાસે આવીને કહેઃ ''હમણાં જ દાદાનાં કાનમાં કહીને આવ્યો છું અને હવે તમને કહું છું કે મારા કરતા ઘણા શક્તિશાળીઓ આ સંઘમાં બેઠા છે. પણ જો મારી આજ સુધીની ભક્તિ સાચી હોય તો દાદાની પ્રતિષ્ઠાનો લાભ મને જ મળવો જોઇએ. મને લાભ મળે એવા આશીર્વાદ આપો.'' અને ઉછામણી સમયે મોટા મહારથી જેવા શ્રીમંતો બાજુમાં રહી ગયા. આ ભાઇ મૂલનાયકપ્રતિષ્ઠાનો લાભ પામી ગયા. એ પણ એવી સ્થિતિમાં કે એક વાર હાથમાંથી જતી રહેલ ઉછામણી વળી પાછી પ્રાપ્ત થઇ !!

એક અદ્‌ભુત ઘટના બની પ્રભુપ્રતિષ્ઠાદિન મહા શુદિ પંચમીએ પ્રતિષ્ઠા બાદના દીક્ષા-સમારોહમાં. ઓગણીશવર્ષીય યુવામુમુક્ષુ કુ. નેન્સી ગાંધીને દીક્ષાવિધિ પૂર્વે અંતિમ વિજયતિલક કરવાની ઉછામણી શરુ થઇ. બે-ચાર મિનિટમાં એ ચડાવો એક લાખ એકાવન હજારે પહોંચી ગયો. વીશ વર્ષ પૂર્વે બોરીવલી જેવા ક્ષેત્રની અપેક્ષાએ વિજયતિલકની આ બોલી માતબર ગણાય તેવી હતી. આદેશ અપાયો અને લાભાર્થી એક ૪૨-૪૫ વર્ષીય પ્રૌઢ બેન એમની તરુણ વયની દીકરી સાથે પૂજ્યશ્રી પાસે વાસક્ષેપ માટે આવ્યા. એ બેન સભા વચ્ચે અનરાધાર આંસુએ રડવા માંડ્યા. સૌને આશ્ચર્ય થયું કે આમ રુદન કેમ? પેલા બેને સંક્ષેપમાં એમની જે કેફિયત રજૂ કરી એ સૌને અહોભાવથી

દંગ કરી મૂકે એવી હતી. એમની કેફિયત એમના શબ્દોમાં કાંઇક આવી હતી કે ''મહારાજસાહેબ! હું અજૈન વ્યક્તિ છું. જૈન ધર્મથી કે આ દીક્ષાનાં વાતાવરણથી હું જરા ય પરિચિત નથી. પરંતુ ગઇ કાલના તમારા જૈન સમાજના વિરાટ વરઘોડામાં આ દીક્ષાર્થીને જોતાં મને એમનામાં રસ જાગ્યો. મેં દીક્ષા વિશેની બધી જાણકારી વરઘોડામાં ચાલતા મહિલાવૃન્દ પાસેથી મેળવી. એમાં જ મેં આજના આ દીક્ષાસમારોહમાં હાજર રહેવાનો નિર્ણય કર્યો અને મને આ વિજયતિલકનો લાભ મળ્યો. પણ મને એવું મહેસૂસ થાય છે કે માત્ર રૂપિયા ખર્ચવાનું બોલવાથી મારામાં આ વૈરાગી આત્માને તિલક કરવાની પાત્રતા ન આવી જાય. મારે પણ કાંઇક ત્યાગ કરવો જોઇએ. બસ, આ વિચારે મને રડવું આવે છે. મેં સાંભળ્યું છે કે આ દીક્ષાર્થી હવે, ખુલ્લા પગે ચાલવું-સફેદ વસ્ત્રો જ પહેરવાં-કોઇ શણગાર ન કરવો-વાળનો લોચ કરવો વગેરે અઢળક નિયમોનું પાલન કરશે. તો હું પણ આજે વિજયતિલક પહેલાં નિયમ માંગું છું કે મારે આજીવન સફેદ વસ્ત્રો જ પહેરવાં અને ચંપલ વગેરેનો આજીવન ત્યાગ કરવો.'' એ અજૈન બેનનો આ સંકલ્પ સાંભળતાં ચિક્કાર મેદની અહોભાવથી તર-બ-તર બની ગઇ. વાતાવરણ એકદમ ભાવુક હતું. પૂજ્યશ્રીએ એ તક ઝડપીને દીક્ષા નિમિત્તે કાંઇ ને કાંઇ નિયમ અંગીકાર કરવાની સજ્જડ પ્રેરણા કરી. લગભગ મોટા ભાગની મેદનીએ હાથ જોડ્યા અને પૂજ્યશ્રીએ પ્રતિજ્ઞા આપી. આ જ ઘટનામાં પ્રાસંગિક પૂજ્યશ્રીએ એ વાતનો પણ સ્પર્શ કર્યો કે ''કેટલોક પોતાને આધુનિક ગણાવતો વર્ગ વરઘોડા વગેરેને દેખાડો કહીને એની ટીકા કરે છે. એ વર્ગને આવી ઘટનાઓ સજ્જડ પ્રત્યુત્તરરૂપ છે. વાસ્તવમાં જ્ઞાની પુરુષોએ એને શાસનપ્રભાવનાનું અંગ કહ્યું છે અને 'પ્રભાવના' તો સમ્યક્ત્વનું પાંચમું ભૂષણ છે. પૂજ્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર સમકિતના સડસઠ બોલની સજ્ઝાયમાં જણાવે છે કે :-

**''જિનશાસન અનુમોદના સખી, જેહથી બહુ જન હુંત;**
**કીજે તેહ પ્રભાવનાજી, પાંચમું ભૂષણ ખંત...''**

પ્રસંગોના સથવારે નિહાળેલ આ ઐતિહાસિક મહોત્સવની મુખ્ય તવારીખી માહિતી જોઇએ તો, પોષ વદિ-૧૩, તા. ૧૫-૧-૯૯ થી મહા શુદિ ૬, તા. ૨૩-૧-૯૯ દરમ્યાન ઉજવાયેલ આ મહોત્સવમાં પૂ. યુગદિવાકરશ્રીનો મુંબઇસ્થિત વિશાલ શ્રમણ-શ્રમણી સમુદાય પધાર્યો હતો. મહોત્સવના પ્રારંભદિને 'बम्बई के जैन मंदिर' નામે માહિતીસભર યાત્રોપયોગી દલદાર પુસ્તકનું પ્રકાશન થયું, તો જિનાલયના નિકટવર્તી મુખ્ય રાજમાર્ગના ચોકને પૂજ્યશ્રીની પ્રેરણાનુસાર 'ભગવાન મહાવીર ચોક' નામ અપાયું. અંજનશલાકા ઉજવણી માટે રાજમાર્ગોથી લઇ જિનાલય અને મંડપો સુધી વિશાલ પ્રવેશદ્વારો અને જબરજસ્ત રોશનીસજાવટ થઇ હતી, તો દશ દશ જીવંત રચનાઓ-મેરુગિરિરાજ-સમવસરણ - રંગોળીઓનાં દર્શને લોકપ્રવાહ ઊમટતો હતો. મહા શુદિ ચોથે બોરીવલી ઇસ્ટ-વેસ્ટના રાજમાર્ગો પરથી નીકળેલ ઐતિહાસિક દીક્ષાકલ્યાણક રથયાત્રાએ રંગ જમાવ્યો, તો મહા શુદિ પંચમીના પ્રતિષ્ઠાદિને આકાશમાંથી હેલિકોપ્ટર દ્વારા થયેલ પુષ્પવર્ષાએ રંગ જમાવ્યો. નવે ય દિવસ ત્રણે ય ટંકનાં સાધર્મિકવાત્સલ્યો યોજાયાં. ભાવિક ભક્તજનોની વણઝાર તો મુંબઇના વિવિધ ઉપનગરોમાંથી રોજ રોજ ઊમટતી. જેઓએ આ મહોત્સવ પ્રત્યક્ષ માણ્યો એમનાં મુખેથી પ્રશંસાનાં પુષ્પો ખર્યાં... બોરીવલી-પૂર્વના આ શિખરબદ્ધ જિનાલયના પ્રતિષ્ઠાદિને જ હમણાં જ જેનો ઉલ્લેખ કર્યો તે મુમુક્ષુ કુ. નેન્સી ગાંધીનો ભવ્ય દીક્ષામહોત્સવ યોજાયો. સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના પરિવારમાં દીક્ષિત એ મુમુક્ષુને સા. શ્રી નિઃસંગમિત્રાશ્રીજીરૂપે ઘોષિત કરાયા.

હવે પૂજ્યશ્રી સપરિવાર પધાર્યા સાંઘાણી એસ્ટેટ જૈન સંઘમાં. અહીં પૂજ્યશ્રીની પ્રેરણાથી પૂ. યુગદિવાકર ગુરુદેવનું જે ભવ્ય કમલાકાર ગુરુમંદિર તૈયાર થયું હતું તેનો અષ્ટદિવસીય પ્રતિષ્ઠામહોત્સવ યોજાયો હતો. મુંબઇમાં પૂ. યુગદિવાકરશ્રીનાં સ્વતન્ત્ર ગુરુમંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા અને એના સ્વતન્ત્ર વિશાલ ફલકના મહોત્સવનો પ્રસંગ આ સર્વપ્રથમ હતો. એની પરંપરા તો પૂજ્યશ્રીની પ્રેરણાથી હવે શરૂ થવાની હતી. આ ગુરુમંદિરપ્રતિષ્ઠાનો એક પ્રસંગ વિશેષ ઉલ્લેખનીય છે.

વાત એમ બની હતી કે મહોત્સવની આમંત્રણપત્રિકામાં પૂ. યુગદિવાકર ગુરુદેવનાં સંક્ષિપ્ત જીવનચરિત્ર અને એમનું કાવ્યમય જીવનાલેખન-સ્તુતિઅષ્ટક આવે તો સરસ એમ સંઘના એક ભાવિકનું સૂચન હતું. આ સૂચન હેઠ છેલ્લા દિવસે આવ્યું. સંક્ષિપ્ત જીવનચરિત્ર તો તુર્ત લખી દેવાયું. પરંતુ સ્તુતિઅષ્ટક ઉતાવળે રચવું મને ઓછું શક્ય લાગ્યું. એ અરસામાં, એક સરસ સ્તુતિઅષ્ટક અન્ય એક મહાન આચાર્યશ્રી માટે રચાયેલ મારાં ધ્યાનમાં હતું. રચયિતા મારા પરિચિત શ્રમણ હતા. મનમાં થયું કે તાત્કાલિક એ સ્તુતિઅષ્ટકમાં પૂ. યુગદિવાકરશ્રીનું નામ જોડીને એ જ અષ્ટક મુદ્રિત કરાય તો એ એકદમ ચાલે તેમ છે. કેમ કે એ અષ્ટકની કેટલીય બાબતો પૂ. યુગદિવાકરશ્રીનાં જીવન સાથે જામે એમ હતી. મેં આ અંગે પૂજ્યશ્રીની સલાહ લેતાં ઊમેર્યું કે ''આપણે તત્કાલ એ માટે રચયિતા શ્રમણની સંમતિ પણ માંગી લઇશું''.

પૂજ્યશ્રીએ વિવેકસભર અને દીર્ઘદષ્ટિસભર ઉત્તર આપ્યોઃ ''સંબંધનો ઉપયોગ કરી આવી રીતે સંમતિ માંગવી યોગ્ય ન ગણાય. કદાચ એ હા પણ કહે તો ય એક જ જાતનું અષ્ટક બે અલગ ગુરુભગવંતો વિશે છપાતાં ભવિષ્યમાં દ્વિધા થાય કે આ અષ્ટક મૌલિક કોના માટે રચાયું છે. આનાં કરતાં શ્રેષ્ઠ ઉપાય એ છે કે તારે પૂ. યુગદિવાકરશ્રી અંગે નવું જ સ્તુતિઅષ્ટક રચવું. આપણે સ્વયંશક્તિથી ગુરુભક્તિ કરીએ એના જેવું રૂડું બીજું કાંઇ ન હોય. વળી એમાં પૂ. યુગદિવાકરશ્રી માટે જ લાગુ પડે તેવી ઘણી વિગતો-બાબતો પણ આવી શકે.'' મને આ વિચાર એકદમ ઉચિત લાગ્યો. રાત્રે આ વાત થઇ. સવારે વિહાર કરી અન્યત્ર જવાનું હતું અને નવ-દશ વાગ્યે તો અષ્ટક મુદ્રણમાં આપવું

પડે તેમ હતું. પરંતુ ગુરુદેવની ભાવનાને અનુસરવા નવરચનાનો વિચાર કરી સવારે વિહારમાં એનો પ્રયાસ મનોમન જારી રાખ્યો અને નવ વાગ્યા સુધીમાં 'જેનાં જીવનમાં મેરુસમ ઉત્તુંગ સુગુણો સોહતા૦'.. આ હરિગીતછંદમય પૂ. યુગદિવાકરશ્રીનું સ્તુતિ અષ્ટક રચાઇ ગયું. એ જ અષ્ટકની સ્તુતિઓ પ્રતિષ્ઠામહોત્સવમાં ગુરુમૂર્તિ-પ્રાણપ્રતિષ્ઠાવિધાન દરમ્યાન સંગીતકાર દ્વારા વારંવાર ઝિલાવાઇ હતી. એ સ્તુતિઅષ્ટકની આ સાતમી સ્તુતિ ત્યારે અને એ પછી અત્યાર સુધીમાં વિશેષ પ્રચલિત બની છે કે :-

**જેની વચનલબ્ધિ થકી જિનમંદિરો શતશઃ થયા,**<br>
**અદ્ભુત શાસનકાર્ય જેના પુણ્ય ઉપદેશે થયા;**<br>
**બની સંઘમાં સૂરજ સમા જે 'યુગદિવાકર' પદ વર્યા,**<br>
**તે ધર્મસૂરીશ્વર ચરણમાં ભાવથી કરું વન્દના...**

સ્તુતિઅષ્ટકસંબંધી આ ઘટનામાં પૂજ્યશ્રીનો વિવેક અને દીર્ઘદૃષ્ટિ સરસ પ્રતિબિંબિત થાય છે. આમાંથી મને બે-ત્રણ બોધપાઠ મજાના શીખવા મળ્યા કે (૧) કોઇ સંયોગોમાં અન્યકર્તૃક રચનાનો ઉપયોગ કરવાનું બને તો કર્તા વગેરેના નામોલ્લેખનું સૌજન્ય અવશ્ય દાખવવું જ. જેથી ભાવિમાં સમજફર્ક ન થાય. (૨) ગુરુભક્તિ જેવું કાર્ય ક્યારેય બીજાની કલમના સહારે ન કરવું. જેવી શક્તિ હોય તેવી, પણ જાતે જ એ કરવું. (૩) ગુરુદેવની ઇચ્છા હોય એ કાર્યમાં કોઇ વિચાર કર્યા વિના હા જ કહેવી. એમના આશીર્વાદથી, એ કાર્ય મુશ્કેલ હોય તો ય સરલ થઇ જ જશે.

આઠ દિવસનો એ ગુરુમંદિરપ્રતિષ્ઠામહોત્સવ પૂજ્યશ્રીની પ્રેરણાનુસાર સાંઘાણીએસ્ટેટસંઘે ખૂબ ભક્તિભાવથી-ઉલ્લાસથી ઉજવ્યો. મુંબઇસ્થિત પૂ. યુગદિવાકરશ્રીના સમસ્ત સમુદાયે આ મહોત્સવના આઠે ય દિવસો સાંઘાણીમાં પધરામણી કરી હતી. પ્રવચનોમાં પૂજ્યશ્રીએ ગુરુતત્ત્વનો મહિમા ઉજાગર કરવા ઉપરાંત પૂ. યુગદિવાકર ગુરુદેવના સાંઘાણીએસ્ટેટસંઘ પરના ઉપકારો "Highlight"કર્યા. મહા વદિ અગિયારશે શુભ મુહૂર્તે મન્ત્રોચ્ચારોપૂર્વક વિશાલ મેદનીની ઉપસ્થિતિમાં પ્રતિષ્ઠાવિધિ થયો. મોટી ઉછામણીપૂર્વક અંજન-પ્રતિષ્ઠા-ધ્વજદંડ-કળશના લાભાર્થી પરિવારોએ તે તે વિધાનો કર્યા.

ત્યાંથી પૂજ્યશ્રી શાશ્વતી ચૈત્રી ઓળીની આરાધનાર્થે કાંદિવલી-મુનિસુવ્રત જિનાલયસંઘમાં પધાર્યા. ત્યાં એક નહિ, ત્રણ ત્રણ શાસનકાર્યો પૂજ્યશ્રીની જાણે પ્રતીક્ષા કરી રહ્યા હતા. પહેલી બાબત હતી એ જિનાલયથી થોડે દૂર નવનિર્મિત આલીશાન જ્યોતિપાર્ક સોસાયટીના ટાવરોમાં એક નયનરમ્ય જિનાલયનિર્માણની. ત્યાંના અગ્રણીઓ મધુકરભાઇ-મનોજભાઇ વગેરે પૂજ્યશ્રી પાસે આવ્યા. એમણે આસપાસના ઘણા વિસ્તારોના અને તે સોસાયટીના ભાવિકોને જિનપૂજાનો લાભ મળે તે માટે જિનાલય કરાવી આપવા વિનંતિ કરી. ગત વર્ષે પૂજ્યશ્રીની પ્રેરણાથી તેઓએ જ્યોતિપાર્ક જૈન સંઘની સ્થાપના કરી હતી. એથી એમને પૂજ્યશ્રીનો પરિચય સુપેરે હતો. ઓળી માટેના પ્રવેશ બાદ અચાનક ઉપસ્થિત થયેલ આ કાર્ય માટે પૂજ્યશ્રીએ નિર્ણયો પણ ત્વરિત કર્યા. આરસના ભવ્ય શ્રી શાંતિનાથ દાદા-શ્રી આદીશ્વરપ્રભુ-શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુ-શ્રી મુનિસુવ્રતસ્વામી-શ્રી ધર્મનાથપ્રભુ વગેરે મૂર્તિઓના નિર્માણની પ્રક્રિયા આરંભાઇ, સાથે જ નૂતન સ્થાન સંપાદિત કરી ત્યાં નયનરમ્ય જિનાલયનાં મંડાણ થયાં. ચૈત્ર શુદિ તેરશની પ્રભુમહાવીરજન્મકલ્યાણક સભામાં શ્રી જિનબિંબો તથા અધિષ્ઠાયક દેવતાની અંજનવિધિની ઉછામણીઓ જોરદાર થઇ. ઉપરાંત કાંદિવલી-મુનિસુવ્રતજિનાલય સંઘનો ઉદાર સહયોગ પૂજ્યશ્રીની પ્રેરણાથી મળતાં જ્યોતિપાર્ક સંઘનું સ્વપ્ન ખૂબ ઝડપથી સાકાર થયું. તે જ વર્ષના દ્વિ. જેઠ માસમાં પૂજ્યશ્રીની નિશ્રામાં જિનાલયપ્રતિષ્ઠામહોત્સવ યોજવાની ઘોષણા શ્રી સંઘે કરી... બીજી બાબતરૂપે આવ્યો મઝગામ-ડૉક્યાર્ડ રોડ જૈન સંઘ. આ સંઘમાં સર્વપ્રથમ જિનાલયસ્થાપના વિ.સં. ૨૦૩૦માં થઇ હતી. હવે આ સંઘમાં ત્રિમજલી આલીશાન નૂતન ભવનનિર્માણ સાથે જિનાલય-ઉપાશ્રય-પ્રતિષ્ઠાનાં આયોજન અગ્રણીઓ કરી રહ્યા હતા. આ માટે ત્યાંના શ્રી અરવિંદભાઇ રાઠોડ વગેરે અગ્રણીઓ કાંદિવલીમાં પૂજ્યશ્રી સમક્ષ વિનંતિ કરવા આવતાં પૂજ્યશ્રીએ એ વિનંતિ સ્વીકારી અને ઓળી બાદ તુર્ત મજગામસંઘમાં પધારવાની સંમતિ આપી... ત્રીજી બાબત બની ઘાટકોપર-જગડૂશાનગર શ્વે.મૂ.તપ. સંઘ સંબંધી. ત્યાં વિશાલ ભૂમિખંડના એક ભાગ પર માત્ર એક જ રાત્રિમાં કામચલાઉ જિનાલય રચીને ત્યાંનો સંઘ બીજા દિવસે પૂજ્યશ્રી સમક્ષ ઉપસ્થિત થયો. સંઘની ભાવના હતી કે તત્કાલ એ નૂતન ખંડમાં મંગલમૂર્તિ પધરાવવી અને જો પછી બધું બરાબર ચાલે તો પૂજનીય અંજનશલાકાયુક્ત પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવી. પૂજ્યશ્રીએ ચેમ્બુરતીર્થ પેઢી પર પત્ર લખી આપતાં તાત્કાલિક મંગલમૂર્તિઓ ત્યાંથી અપાઇ.

શાશ્વતી ઓળીની આરાધના બાદ પૂજ્યશ્રી ઝડપી વિહારયાત્રા સાથે પ્રથમ મઝગામ-ડૉક્યાર્ડ સંઘમાં પધાર્યા. સ્થાનનું નિરીક્ષણ-સંઘની મીટિંગ અને પ્રવચનસભામાં માર્ગદર્શન દ્વારા જીર્ણોદ્ધારકાર્યનો પૂજ્યશ્રીની નિશ્રામાં પ્રારંભ થયો. સંઘનો ઉલ્લાસ એવો અદ્ભુત હતો કે ત્યાં જ, પ્રતિષ્ઠાસમયે વિશાલ ફલક પર અંજનશલાકામહોત્સવ યોજવાની ઘોષણા થઇ. ત્યાંથી પૂજ્યશ્રી ઘાટકોપર-જગડૂશાનગરસંઘમાં પધારતાં ત્યાં પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં, અંજનશલાકાયુક્ત ત્રણ આરસપ્રતિમાઓની પ્રતિષ્ઠા સાથે સંઘના એ ગૃહજિનાલયનો વિધિવત્ પ્રારંભ થયો. ત્યાંથી પૂજ્યશ્રીની પધરામણી થઇ શ્રી શંખેશ્વરપાર્શ્વજિનાલયના પ્રતિષ્ઠામહોત્સવ પ્રસંગે નાલાસોપારા-પૂર્વના સેન્ટ્રલપાર્ક સંઘમાં. આ સંઘ મધ્યમવર્ગીય જૈન પરિવારોનો હતો. પરંતુ પૂજ્યશ્રીની પ્રેરણાથી, શ્રી ગોવાલીયાટેંક જૈન સંઘના પ્રમુખ શ્રી ભોગીલાલ મોહનલાલ મહેતાએ ઉદારતાથી લાભ લેતાં જિનાલય-ઉપાશ્રય-પાઠશાળા આદિ સર્વ આયોજનો થયા. વૈશાખ વદિ ત્રીજે ભવ્ય સ્વાગતપૂર્વક પૂજ્યશ્રીનો પ્રવેશ થયો. સંઘમાં પ્રથમવાર જ આવો પ્રસંગ ઉપસ્થિત થયો હોવાથી પ્રવચનો-મહાપૂજનો આદિમાં વિશાલ

સમૂહની હાજરી હતી. વિવિધ પૂજનો-દેવદેવીવિધાન-શાંતિસ્નાત્ર વગેરે અનુષ્ઠાનો ભવ્ય હર્ષોલ્લાસથી થયા. વૈશાખ વદિ આઠમે પ્રતિષ્ઠાપ્રસંગ ઉજવાયો ત્યારે બહારના અનેક સંઘો ઉપરાંત ગોવાલીયાટેંકથી ખાસ બસ સાથે ભાવિકો આવ્યા હતા. પ્રતિષ્ઠા બાદના પ્રવચનમાં પૂજ્યશ્રીએ એક મજાની વાત કરી કે ''ક્ષેત્રની દૃષ્ટિએ નાલાસોપારાનો વિસ્તાર ભલે મધ્યમવર્ગીય કહેવાતો હોય. પરંતુ અહીં પ્રભુ પધાર્યા હોવાથી એ હવે ઉત્તમ વિસ્તાર ગણાશે. જે હૈયે પ્રભુ વસ્યા એ હૈયું શ્રેષ્ઠ ગણાતું હોય તો જે વિસ્તારમાં પ્રભુ વસે એ વિસ્તાર શ્રેષ્ઠ કેમ ન ગણાય? સંઘે પુરુષાર્થ કર્યો અને જિનાલયનાં માધ્યમે વિસ્તાર શ્રેષ્ઠ બન્યો. હવે તમે સહુ વ્યક્તિગતરૂપે નિત્ય જિનપૂજાદિ નિયમ સ્વીકારી પ્રભુને હૈયે વસાવવા દ્વારા હૈયાંને શ્રેષ્ઠ બનાવજો. પ્રભુની પૂજા-ભક્તિ અભ્યંતર ઉપરાંત બાહ્ય સ્તરે પણ અનાયાસે મહાન લાભો કરે છે. એ વિઘ્ન દૂર કરે, અભ્યુદય સિદ્ધ કરે અને પરંપરાએ અક્ષયપદ આપે છે.'' આ જ પ્રતિષ્ઠાદિને પૂ. યુગદિવાકર ગુરુદેવના પુણ્યનામથી અંકિત **'ધર્મધામ'** ઉપાશ્રયનું અને **'આ. શ્રી ધર્મસૂરીશ્વરજી જૈન પાઠશાળા'** નું ઉદ્‌ઘાટન પૂજ્યશ્રીની નિશ્રામાં થયું.

હવે પૂજ્યશ્રી કાંદિવલી-જ્યોતિપાર્ક સંઘમાં પ્રતિષ્ઠા નિમિત્તે પધારવાના હતા. તે પૂર્વે બોરીવલીમાં પૂજ્યશ્રી સહિત સમુદાયના વડીલ પૂજ્ય આચાર્યદેવોનાં મિલનમાં મારા સહિત ચાર શ્રમણોને શ્રી ભગવતીસૂત્રના મહાયોગની આરાધનાનો નિર્ણય થયો. જે દિવસે જ્યોતિપાર્ક સંઘના જિનાલયની પ્રતિષ્ઠા હતી તે જ પુણ્યદિને વહેલી પ્રભાતે ભગવતીસૂત્રમહાયોગપ્રવેશ નિર્ધારિત થયો. દ્વિ. જેઠ શુદિ-૭, રવિવાર, તા. ૨૦-૬-૯૯ના પૂજ્યશ્રી તથા મુંબઇસ્થિત પૂ. યુગદિવાકરશ્રીના સમસ્ત સમુદાયનું જ્યોતિપાર્ક સંઘમાં ભવ્ય સામૈયું થયું. તે જ દિને પ્રતિષ્ઠાની ઉછામણીઓ થતાં નાના સંઘમાં સંપત્તિનો જાણે મેઘ વરસ્યો. સંઘના અગ્રણીઓએ મંચ પરથી જાહેરમાં ખુશી વ્યક્ત કરી કે : **''છેલ્લા ત્રણ માસથી અમે પૂજ્યશ્રીનો પુણ્યપ્રભાવ પ્રબળપણે અનુભવી રહ્યા છીએ. તે વિના માત્ર ત્રણ માસમાં ભૂમિસંપાદનથી લઇને જિનાલયનિર્માણ-પ્રતિષ્ઠા વગેરે શક્ય ન બન્યું હોત. આજની કલ્પનાતીત ઉછામણીઓ પણ એ જ પુણ્યપ્રભાવનું પરિણામ છે.''** આ જિનાલયસંબંધી મોટી વિશેષતા એ હતી કે સંકુલની ઇમારતોના બિલ્ડર મુસ્લિમબંધુ હતા. છતાં એમણે પૂજ્યશ્રીની માત્ર બે મિનિટની પ્રેરણાથી જિનાલય માટેનું સ્થાન સંઘને નિઃશૂલ્ક ભેટ અર્પણ કર્યું હતું. પ્રતિષ્ઠામહોત્સવમાં એ બિલ્ડર અકબરભાઇનું સંઘે વિશિષ્ટ બહુમાન કર્યું. દ્વિ.જેઠ શુદિ-૧૧, તા. ૨૪-૬-૯૯ના શુભ દિને ૧૧ ક. ૫ મિનિટે ચિક્કાર મેદની વચ્ચે ધામધૂમથી પ્રતિષ્ઠાવિધિ થયો.

શેષકાલીન અન્યાન્ય ધર્મકાર્યો બાદ વિ.સં. ૨૦૫૫ના ચાતુર્માસ માટે પૂજ્યશ્રી બોરીવલી-કાર્ટરરોડ સંઘમાં પધાર્યા. આષાઢ શુદિ નોમનો એ દિવસ હતો. સંઘના શિખરબદ્ધ જિનાલયના પ્રેરક-પ્રણેતા પરમોપકારી પૂજ્યશ્રીનું ચાતુર્માસ હોવાથી સંઘમાં અદ્‌ભુત ઉમંગ પ્રવર્તતો હતો. એ જ દિને નૂતનીકરણ પામેલ સંઘઉપાશ્રયનું ઉદ્‌ઘાટન પણ યોજાયું હતું. બે હજારથી વધુ ભાવિકો-સવાસોથી વધુ બેડાંધારી બહેનો અને અનેક સંઘોની ઉપસ્થિતિ વચ્ચે શાનદાર સામૈયું થયું. મુંબઇસ્થિત સમુદાયના તમામ ગુરુભગવંતો પૂજ્યશ્રીના ચાતુર્માસપ્રવેશપ્રસંગે પધાર્યા હતા. સ્ટાર સંગીતકાર અનિલ ગેમાવતે સંગીત દ્વારા ભક્તિરંગત જમાવી, તો પૂજ્યશ્રીએ ચાતુર્માસ સાથે સંબંધિત ઋષિ અને કૃષિની વાત દ્વારા ચિક્કાર મેદનીને ભાવતરબોળ કરી. તે પછી સંઘપૂજનો-સાધર્મિકવાત્સલ્ય-શાંતિસ્નાત્રવિધાન થયું. આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીનાં પ્રવચનો તત્ત્વાર્થ ભાષ્ય પર થયાં, તો મારે પ્રતિ શનિવારે પ્રાચીન ભાવવાહી સ્તવનો પર વિવેચના અને પ્રતિ રવિવારે 'જૈન ઇતિહાસના પ્રેરક પાત્રો' પર પ્રવચનો આપવાનું થયું. બાળશિબિરો-મહિલાશિબિરો-સામૂહિક ૧૦૮ પાર્શ્વનાથતપ - પૂ. યુગદિવાકરશ્રીના જન્મદિનની ઉજવણીરૂપે વીશ વીશ આયોજનો - પર્યુષણામહાપર્વમાં તપ અને દાનનો અદ્‌ભુત માહોલ-પર્યુષણા બાદ અષ્ટાહ્નિક જિનેન્દ્રભક્તિમહોત્સવ વગેરે શાસનપ્રભાવનાઓ સરસ થઇ. આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીની અનુપ્રેક્ષાસંબંધી એક ઘટના ઉલ્લેખનીય બની.

બન્યું એવું કે પર્યુષણા પૂર્વે ગુર્જર 'રત્નાકરપચ્ચીશી'ની સંગીતમય વિવેચનાનો એક સામૂહિક ભક્તિકાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ પૂર્ણ થવા આવ્યો ત્યાં પૂજ્યશ્રીએ વાર્તાલાપમાં મને કહ્યું કે **''આની બીજી ગાથામાં જે 'વળી વૈદ્ય હે દુર્વાર આ સંસારનાં દુઃખોતણાં' પંક્તિ છે તેમાં ઉપમા પૂરેપૂરી બંધબેસતી થતી નથી. ત્યાં પ્રભુને વૈદ્યની ઉપમા આપી છે, પરંતુ સંસારને રોગની ઉપમા નથી આપી. ત્યાં ફક્ત 'સંસારનાં દુઃખો' શબ્દોનો ઉલ્લેખ છે. વસ્તુતઃ ત્યાં જો એ પંક્તિ 'વળી વૈદ્ય હે દુર્વાર આ સંસારરૂપી રોગના' આવી હોય તો એકદમ બંધબેસતી બને.''** મને તરત આ ગુજરાતી પદ્યાનુવાદ જેના પરથી રચાયો છે તે મૂળ સંસ્કૃત રત્નાકરપચ્ચીશીની પંક્તિ યાદ આવી. ત્યાં લખાયું છે ''दुर्वारसंसारविकारवैद्य''. આ મૂળ પંક્તિમાં 'દુઃખ' શબ્દ નથી, 'વિકાર' શબ્દ છે. એનું રોગરૂપે અર્થઘટન એકદમ સંગત હોવાથી પૂજ્યશ્રીની અનુપ્રેક્ષા-ચિંતન મને ખૂબ યોગ્ય લાગ્યું. સાથે જ પૂજ્યશ્રી પ્રત્યે અહોભાવ પ્રગટ્યો કે સતત શાસનકાર્યોની જવાબદારી વચ્ચે ય પૂજ્યશ્રી તે તે અનુષ્ઠાનોમાં-યોગોમાં કેવી તન્મયતા સાધીને ઊંડાણ સુધી જઇ શકે છે.

આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીની પુણ્યપ્રેરણાથી ઉપધાનતપમહાઆરાધના આસો વદિ એકમથી આરંભાઇ. સંઘમાં પચીશ વર્ષોના દીર્ઘ સમય બાદ યોજાયેલ આ ઉપધાનતપમાં સ્થાનની મર્યાદાનુસાર એકસો પચાસ આરાધકોને પ્રવેશ અપાયો. તેમાં એકસો છ માળતપસ્વીઓ હતા, તો સત્તર નાના-નાના બાળતપસ્વીઓ હતા. ઉપધાનતપની પૂર્ણાહુતિ પ્રસંગે પાંચ મોટા ધર્મપ્રસંગો યોજાયાઃ (૧) મારા સહિત કુલ ચાર શ્રમણોને ગણિપદપ્રદાન (૨) છ અધિષ્ઠાયક દેવ-દેવીપ્રતિષ્ઠા (૩) યુવામુમુક્ષુ કુ. દિશા પ્રમોદભાઇ શાહની દીક્ષા (૪) ૪૧ કલાત્મક છોડઉદ્યાપન અને (૫) એક સાથે પાંચ નૂતન પુસ્તકોનું વિમોચન. આ નિમિત્તે સોળ દિવસનો યાદગાર મહોત્સવ યોજાયો. કાર્તિક વદિ નોમે 'ધર્મપ્રતાપનગર'ના વિરાટ મંડપમાં મુંબઇસ્થિત સમગ્ર પૂ.

યુગદિવાકરસમુદાયનાં સાન્નિધ્યમાં મુંબઇના અને અન્ય શહેરો-ગામોના સંઘોની ચિક્કાર ઉપસ્થિતિ વચ્ચે ગણિપદપ્રદાનનો ભવ્ય સમારોહ યોજાયો. વર્ધમાનવિદ્યાપટ આદિ તમામ ઉછામણીઓ માતબર થઇ, તો સાહિત્યકારો-સંઘાગ્રણીઓના હસ્તે પાંચ પુસ્તકોનું વિમોચન વિશિષ્ટ રીતે થયું. આ પુસ્તકોનાં અનુસંધાનમાં પૂજ્યશ્રીસંબંધી એક ઘટના એવી બની કે જે પૂજ્યશ્રીની ઉત્કૃષ્ટ ગુરુભક્તિની પરિચાયક બનેઃ

બન્યું હતું એવું કે એક સાથે પાંચ નવાં પુસ્તકોનું આલેખન-વિમોચન પૂ. યુગદિવાકરશ્રીના સમુદાયમાં આ સર્વપ્રથમ હતું. પાંચે ય પુસ્તકો મારા દ્વારા લખાયા હોવાથી પૂજ્યશ્રીને વિશેષ હર્ષ હતો. પુસ્તકોનું લેખનકાર્ય પૂર્ણ થયું અને મુદ્રણકાર્ય શરૂ થવાનું હતું ત્યારે એક દિવસ પૂજ્યશ્રીએ સહજપણે ભાવ વ્યક્ત કર્યો કે ''ભગવતીજીનાં યોગોદ્વહન સાથે પાંચ પાંચ પુસ્તકો તેં લખ્યા એ બહુ સારું થયું. પરંતુ આમાં એકાદ પુસ્તક પૂ. યુગદિવાકરશ્રીના સાહિત્યસંબંધી હોવું જોઇએ. આપણી દરેક મોટી પ્રવૃત્તિમાં યુગદિવાકર ગુરુદેવશ્રી અગ્રેસર જ જોઇએ.'' મને પૂજ્યશ્રીની ગુરુભક્તિછલકતી વિચારધારા પ્રત્યે માન થયું. માત્ર એકવીશમા દિવસે પાંચ પુસ્તકોનું ઉદ્ઘાટન હોવાથી સમય અત્યલ્પ હતો. છતાં પૂજ્યશ્રીની ભાવનાને સાકાર કરવા 'સુગંધ' નામે લખાઇ ગયેલ એક પુસ્તક બાજુમાં રાખી પૂ. યુગદિવાકરશ્રીના સાહિત્ય પરથી ત્વરિત એક પુસ્તક તૈયાર કર્યું. 'તમે મન મૂકીને વરસ્યા' નામે એ પુસ્તક અન્ય ચાર પુસ્તકો સાથે જ ગણિપદાર્પણદિને પ્રકાશિત થયું. આ ઘટનાએ મને એક સરસ વિચાર આપ્યો કે ''પૂજ્યશ્રી જો યુગદિવાકરશ્રીને પુરસ્કૃત કરીને પુસ્તકપ્રકાશનની ભાવના રાખે છે, તો મારે પૂજ્યશ્રીને પુરસ્કૃત કરીને લેખન કરવું જોઇએ.'' તે જ દિવસે સંકલ્પ થયો કે 'હવે પછી પેલા તૈયાર 'સુગંધ' પુસ્તકને બાદ કરી અન્ય કોઇ નવું પુસ્તક ન લખતાં સર્વ પ્રથમ પુસ્તક પૂજ્યશ્રી સંબંધી જ લખવું.' 'આ સંકલ્પમાંથી પૂજ્યશ્રીનાં પ્રવચનોનાં લોકપ્રિય પુસ્તક 'નવપદ ધરજો ધ્યાન'નું આલેખન થયું. લગભગ પોણા ત્રણસો પેજનાં એ પુસ્તકનું પ્રકાશન એ પછીના આઠ માસ બાદ પૂજ્યશ્રીની સાંસારિક જન્મભૂમિ દર્ભાવતીતીર્થે ચાતુર્માસપ્રવેશપ્રસંગે થયું.

માગશર શુદિ ત્રીજે ઉપધાનતપસ્વીઓની માળનો તથા યુવામુમુક્ષુ કુ.દિશાની દીક્ષાનો ભવ્યાતિભવ્ય વરઘોડો યોજાયો. રથયાત્રા બાદ તુર્ત મુમુક્ષુની દીક્ષાવિધિ થઇ. સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના પરિવારમાં દીક્ષિત એ મુમુક્ષુને સા. શ્રી ચરણરમ્યાશ્રીજીરૂપે ઘોષિત કરાયા. માગશર શુદિ પંચમીએ દશ હજારથી વધુ ભાવિકોની વિરાટ મેદની વચ્ચે ઉપધાનતપમાળારોપણસમારોહ યોજાયો. આ સમારોહમાં પૂજ્યશ્રીની સાંસારિક જન્મભૂમિ દર્ભાવતીતીર્થના સંઘે આગામી ચાતુર્માસ માટે જોરદાર આગ્રહભરી વિનંતિ કરતાં દીક્ષાના બાવન-બાવન વર્ષે પૂજ્યશ્રીનું સર્વ પ્રથમ ચાતુર્માસ દર્ભાવતીતીર્થે થવાના સંયોગો સર્જાયા. સંઘની ઉત્કટ ભાવનાને લક્ષ્યમાં રાખી પૂજ્યશ્રીએ એ વિનંતિ સ્વીકારતાં ત્યાં જ ચાતુર્માસજય બોલાવાઇ. આ ચાતુર્માસની પૃષ્ઠભૂમિકા કાંઇક આવી હતી :

વિ.સં. ૨૦૫૧માં પૂજ્યશ્રી દહિંસરમાં ચાતુર્માસ વિરાજમાન હતા ત્યારે પૂજ્યશ્રીની નિશ્રામાં ડભોઇ જૈન મિત્ર મંડળ-મુંબઇનું મિલન યોજાયું હતું. કુદરતી જ તે દિવસે પૂજ્યશ્રીને વંદનાર્થે આવેલ ડભોઇ જૈન સંઘના પ્રમુખ શ્રી મફતલાલ કંસારા પણ ત્યાં ઉપસ્થિત હતા. પ્રવચનમાં પૂજ્યશ્રી તથા મારા દ્વારા દર્ભાવતીતીર્થના ભવ્ય ભૂતકાળની અનેક અપ્રગટ વાતો જણાવાઇ. પ્રવચન પૂર્ણ થયું ત્યાં સભામાંથી મુંબઇના મંડળના એક અગ્રણી નટુભાઇ વાસણાવાળાએ અણધાર્યો પ્રતિભાવ આપ્યો કે ''ભૂતકાળની ભવ્યતાની વાત આપે જણાવી એ બહુ સરસ કર્યું. પરંતુ વર્તમાનમાં ડભોઇ સંઘની સ્થિતિ ચિંતાજનક છે તેનું શું? ત્યાં વિસંવાદો ઘણા છે, કુસંપનાં કારણે જરૂરી મોટાં કાર્ય એક પણ થઇ શકતા નથી, શ્રાવકોનો વિશાલ ઉપાશ્રય જર્જરિત હોવા છતાં એનો ઉદ્ધાર થઇ શકતો નથી. ડભોઇના સ્થાનીય સંઘે મુંબઇ-વડોદરા-અમદાવાદના મિત્રમંડળો સામેલ કરી તીર્થવિકાસસમિતિ બનાવીને તીર્થોદ્ધાર કરવો જોઇએ અને આપના જેવા ગુરુભગવંતોએ આર્થિક પ્રેરણા-તીર્થોદ્ધારમાર્ગદર્શન આપવું જોઇએ.'' પૂજ્યશ્રીએ પોતાને યોગ્ય જવાબદારી સ્વીકારવાની તત્પરતા દર્શાવી, તો મફતભાઇએ ડભોઇના ટ્રસ્ટીમંડળમાં-સંઘમાં આ પ્રસ્તાવ રજૂ કરી દરેક મંડળને સામેલ કરવાનો પ્રયાસ કરવાની ભાવના દર્શાવી.

એ ક્ષણ સૌભાગી હશે-પળ પુણ્યવંતી હશે. એથી એકાએક થયેલ આ ચર્ચાએ નક્કર રૂપ ધર્યું. ડભોઇતીર્થે સંઘની સામાન્ય સભા (General Meeting)માં સ્થાનીય સંઘના ટ્રસ્ટીગણ સાથે ત્રણ શહેરના મંડળોના બાર સભ્યોનો સમાવેશ કરી 'દર્ભાવતીતીર્થવિકાસસમિતિ' ની રચના કરાઇ અને પ્રથમ મંગલાચરણરૂપે જર્જરિત ઉપાશ્રય જમીનદોસ્ત કરી તે સ્થળે આલીશાન રાજમહેલ શા ઉપાશ્રયનું નિર્માણ આરંભાયું. સંઘે નક્કી કરેલ લગભગ તમામ યોજનાઓનું દાન પૂજ્યશ્રીની પ્રેરણાથી મળ્યું. પૂર્વપ્રકરણમાં જણાવ્યા મુજબ અતિશય સરસ કાર્ય કરવા જતાં સંઘને નિર્ધારિત રકમ કરતા અઢીગણો કુલ ખર્ચ આવ્યો. એ યુગમાં સંઘે ₹. ત્રેવીશ લાખની યોજના કરી હતી, પરંતુ ખર્ચ આવ્યો છપ્પન લાખથી અધિક. સંઘ મુંઝાતો હતો ત્યારે પૂજ્યશ્રીએ આ જ બોરીવલી-કાર્ટર રોડ સંઘના ચાતુર્માસમાં મુંબઇના પ્રતિનિધિઓને હૈયાધારણ આપી હતી કે ''ચિંતા ન કરતા. બધું થઇ જશે.'' ડભોઇ સંઘના તત્કાલીન વાતાવરણમાં અશક્ય જણાતું આ જબરજસ્ત કાર્ય પૂજ્યશ્રીએ દાખવેલ ઉદાર દષ્ટિબિંદુથી સરલ થયું એથી સકલ સંઘની બુલંદ હાર્દિક ભાવના એક જ હતી કે નૂતન ભવ્ય ઉપાશ્રયમાં પ્રથમ ચાતુર્માસ પૂજ્યશ્રીનું જ થવું જોઇએ. આ પ્રબળ ભાવનાનો કોઈ ઈન્કાર શક્ય ન હોવાથી બોરીવલી-કાર્ટરરોડ સંઘના ઉપધાનમાળારોપણ સમારોહમાં પૂજ્યશ્રીએ વિનંતિ સ્વીકારી હતી. આગળ જતાં પૂજ્યશ્રીની પુણ્યપ્રેરણાથી દર્ભાવતીતીર્થનાં સર્વાંગીણ ઉદ્ધારનું જે શકવર્તી મહાન કાર્ય થયું એનું અનાયાસે બીજારોપણ ઉપરોક્ત રીતે થયું. ડભોઇતીર્થમાંથી એકસો પીસ્તાલીશ પુણ્યાત્માઓ દીક્ષિત થયા હોવા છતાં અને એમાંથી કેટલાક સૂરિપદ જેવા ઉચ્ચ સ્થાને પ્રતિષ્ઠિત હોવા છતાં દર્ભાવતીતીર્થોદ્ધારનું

યશનામી ચિરંજીવ કાર્ય પૂજ્યશ્રીનાં લલાટે લખાયું એનું મૌલિક કારણ જન્મભૂમિ પ્રત્યે પૂજ્યશ્રીનો આ ઉદાર-વત્સલ અભિગમ હતો એ નિઃશંક છે.

આ વર્ષના શેષકાળમાં મુંબઇમાં પૂજ્યશ્રી હસ્તક ચાર મહત્ત્વનાં શાસનકાર્યો હતાં. એ સંપન્ન કરાવીને પછી ગુજરાત તરફના વિહારની પૂજ્યશ્રીની ધારણા હતી. એ પૈકી પ્રથમ કાર્ય હતું મુંબઇ-અમદાવાદ નેશનલ હાઇવે પર મુંબઇથી નિકટ વિહારક્ષેત્રરૂપે સ્થપાયેલ ધર્મધામમાં શ્રી ઉવસગ્ગહરપાર્શ્વનાથ ગૃહજિનાલયની અંજન-પ્રતિષ્ઠાનું. આ વિહારક્ષેત્રનું નિર્માણ કાંદિવલીનિવાસી શ્રી રસિકલાલ ડાહ્યાલાલ મહેતા પરિવારે કર્યું હતું અને તે સમયે તેમની ભાવના એ હતી કે તે સ્થાને સ્વદ્રવ્યથી માત્ર પૂ. સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચરૂપ વિહારધામ કરવું, તીર્થધામ નહિ. પૂજ્યશ્રી સપરિવાર ત્યાં પધાર્યા. પોષ શુદિ-નોમ, તા. ૧૫-૧-૨૦૦૦ થી નવાહ્નિક અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ નાના ફલક પર શરૂ થયો. પોષ વદિ ચોથે ત્રણ પ્રભુજીનું અંજનવિધાન થયું અને પાંચમે પ્રતિષ્ઠાવિધાન થયું. ત્યારથી ત્યાં નિયમિત પૂ. સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચભક્તિ આરંભાઇ...

ત્યાંથી પૂજ્યશ્રી ક્રમશઃ વિહાર કરી મુલુંડ-પૂર્વના શ્રી નવઘર રોડ જૈન સંઘમાં પધાર્યા. ત્યાં શંખેશ્વરપાર્શ્વનાથજિનાલયનો ભૂમિપૂજન-ખનનવિધિ મહાવદિ-૨, તા. ૨૧-૨-૨૦૦૦ના અને શિલાન્યાસવિધિ મહાવદિ-૩, તા. ૨૩-૨-૨૦૦૦ના યોજાયો. ત્યાંથી પૂજ્યશ્રી ઘાટકોપર-જગડૂશાનગર સંઘમાં પધાર્યા. પૂજ્યશ્રીની પ્રેરણા ઝીલીને આ સંઘ વિરાટ ભૂગર્ભગૃહ-આલીશાન રંગમંડપ-ત્રણ ગર્ભગૃહ-ત્રિચોકી-ઉત્તુંગ શિખરથી મંડિત વિશાલ જિનાલયનિર્માણના મનોરથો સેવતો હતો. કુશલ શિલ્પીઓ દ્વારા પૂજ્યશ્રીએ એ મહાજિનાલયનું સુરેખ આયોજન કરાવ્યું. મહા વદિ-૭, તા. ૨૬-૨-૨૦૦૦ના દિને તેનું ભૂમિપૂજન-ખનનવિધાન થયું અને ફાગણ શુદિ-૨, તા. ૮-૩-૨૦૦૦ના દિને સેંકડો ભાવિકોની ઉપસ્થિતિમાં નવ શિલાસ્થાપનાનો સમારોહ યોજાયો. નોંધપાત્ર બાબત એ હતી કે જગડૂશાનગર સંઘના ભાવિકોની સ્થિતિ મધ્યમ કક્ષાની હતી. છતાં શિલાન્યાસની ઉછામણી જાણે કે મૂલનાયક પ્રભુની પ્રતિષ્ઠાની ઉછામણી હોય તેવી અદ્ભુત થઇ.

ચોથું મહત્ત્વનું કાર્ય હતું અંધેરી-કાંતિનગર જૈન સંઘમાં ગુરુમંદિર-અધિષ્ઠાયક મંદિરોના સંકુલના પ્રતિષ્ઠામહોત્સવનું. પૂજ્યશ્રી જ્યારે શિખરભાગના શ્રી ઉવસગ્ગહરપાર્શ્વનાથપ્રાસાદની પ્રતિષ્ઠા માટે પધાર્યા હતા ત્યારે તેઓએ સંઘને પરમોપકારી પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનાં ગુરુમંદિરની અને ત્રણ અધિષ્ઠાયક મંદિરોની પ્રેરણા કરી હતી. સંઘે તે ઝીલી લેતાં ગત વર્ષે પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં તેનું ખનન-શિલાસ્થાપન થયેલ. આ ઉપરાંત કાયમી આયંબિલ ખાતાની સ્થાપના અને જિનાલયના પૂર્વ તરફના વિભાગમાં વિશાલ ભક્તિમંડપનું નિર્માણ પૂજ્યશ્રીની પ્રેરણાથી થયું હતું. તે પૈકી ગુરુમંદિર-અધિષ્ઠાયક મંદિરોનું નિર્માણ પૂર્ણ થતાં મહા વદિ ૧૪ થી ફાગણ શુદિ ત્રીજનો પંચાહ્નિક પ્રભુભક્તિમહોત્સવ યોજાયો. સંઘનો ઉલ્લાસ એવો પ્રબળ હતો કે મુખ્ય જિનાલયપ્રતિષ્ઠાની જેમ જ પાંચે ય દિવસ ત્રણે ય ટંકના સંઘસાધર્મિકવાત્સલ્યો અને પાંચે ય દિવસ સવારથી રાત્રિ સુધીના વૈવિધ્યસભર કાર્યક્રમો યોજાયા. પૂજ્યશ્રીએ પ્રવચનોમાં ગુરુતત્ત્વનો મહિમા દર્શાવવા ઉપરાંત અધિષ્ઠાયક દેવ-દેવી અંગે રાખવા યોગ્ય મર્યાદાઓ બહુ જ સરસ રીતે સમજાવીને અધિષ્ઠાયકો માટેના શાસ્ત્રીય વિશેષણ 'सम्मद्दिट्ठी समाहिगराणं' પર રસપ્રદ વિવેચન કર્યું. પૂજ્યશ્રી આ વિષય પ્રત્યે કેવા જાગૃત હતા તે આ સંકુલમાં શિલાલેખાંકિત સૂચનાઓ દ્વારા સમજાય છે. ત્યાં આ રીતનો સૂચનાશિલાલેખ છે કે :-

(૧) અધિષ્ઠાયક દેવો શ્રી તીર્થંકર પ્રભુના ભક્ત હોય છે. તેથી આપણા સાધર્મિક થાય છે અને તેથી જ તેઓ આપણને ધર્મસાધનામાં સહાયક થાય છે.

(૨) તેઓની નવાંગી પૂજા કરવાની ન હોય, પણ લલાટે અંગૂઠાવડે તિલક કરવાનું હોય છે.

(૩) અધિષ્ઠાયક દેવોની પ્રક્ષાલ વગેરે પૂજા પ્રતિષ્ઠાની સાલગિરિ જેવા દિવસોએ જ થશે.

(૪) રોજ ફક્ત ધૂપ-દીપક પૂજા કરવી.

(૫) બહેનોએ ગભારાની બહાર રહી ધૂપપૂજાદિ કરવી.

પ્રતિષ્ઠાનું મંગલ વિધાન ફાગણ શુદિ ત્રીજ, તા. ૯-૩-૨૦૦૦ના ૯.૨૩ ક. ભવ્ય હર્ષોલ્લાસપૂર્વક સંપન્ન થયું. તે પછી ચિક્કાર મેદનીયુક્ત સભામાં સકલ સંઘે એક અવાજે પૂજ્યશ્રીને આગામી ચાતુર્માસ માટે એવી જોરદાર વિનંતિ કરી કે પૂજ્યશ્રીને પ્રત્યુત્તર આપવા સિવાય કોઇ વિકલ્પ ન રહ્યો. પૂજ્યશ્રીએ 'વર્તમાન જોગ' કહી વાત પૂર્ણ કરવાનો ઘણો પ્રયાસ કર્યો પરંતુ સંઘનો આગ્રહ અનવરત જારી રહ્યો. અંતે એમ સંમતિ આપવી પડી કે જ્યારે પણ મુંબઇ પુનરાગમન થશે ત્યારે પ્રથમ ચાતુર્માસ આ સંઘમાં કરવાનું લક્ષ્ય રખાશે...

તે પછી મુલુંડ-પૂર્વ નવઘર રોડ સંઘમાં ઓળીની આરાધના-તે દરમ્યાન ત્યાં 'ધર્મધામ' ઉપાશ્રયનિર્માણ આદિ કાર્યો કરાવી પૂજ્યશ્રી અંતે બોરીવલી-કાર્ટર રોડ સંઘમાં પધાર્યા. ત્યાંથી વૈશાખ શુદિ દશમના મંગલ મુહૂર્તે પૂજ્યશ્રીએ દર્ભાવતીતીર્થ તરફનો વિહાર આરંભ્યો. આ વિહારદિને ત્રણ શુભસૂચક ઘટનાઓ સર્જાઇ. એક, ભરઉનાળાના દિવસો હતા. છતાં પૂજ્યશ્રીએ વિહાર માટે પહેલું પગલું ભર્યું અને એકાએક આકાશમાંથી બે-ત્રણ સેકંડ મેઘરાજાએ અમીછાંટણાં કર્યા. બીજી બાબત એ હતી કે દર્ભાવતીતીર્થે ચાતુર્માસ પધારી રહેલ શ્રમણ-શ્રમણીવૃંદની કુલ સંખ્યા અઢાર હતી. આ ૧૮ (૧+૮=૯) અખંડ અંક નવનો સૂચક હતો. ત્રીજી બાબત એ હતી કે પ્રથમ દિને જ પૂજ્યશ્રી ભાયંદર-બાવનજિનાલયતીર્થે પધાર્યા અને ત્યાં વિહારસંબંધી પ્રથમ









# સંયમની નાવમાં તરજો સંસાર :














# સંયમની નાવમાં તરજો સંસાર :

સંસારનો ક્ષય કરી સિદ્ધિપદનું સામ્રાજ્ય  પ્રાપ્ત કરવાનો એકમાત્ર રાજમાર્ગ વિરતિધર્મની આરાધનાનો છે' આ સમ્યગ્ ઉપદેશના ઉદ્ઘોષક પૂજ્યશ્રીના વરદ હસ્તે થયેલ વિવિધ પુણ્યાત્માઓને પ્રવજ્યા પ્રદાનની તસવીરી ઝલકો













શાસનપ્રભાવનારૂપે બે દિવસના કાર્યક્રમોપૂર્વક એક સાથે ચોસઠ ધ્વજાઓનું આરોહણ કરાવાયું. આ ત્રણે ય ઘટનાઓ એમ સૂચવતી હતી કે પૂજ્યશ્રીનું જન્મભૂમિ તરફનું આ પ્રસ્થાન અનેક ઐતિહાસિક-યશસ્વી-યાદગાર શાસનકાર્યોનું કારણ બનશે.

વિહારયાત્રા દરમ્યાન પૂજ્યશ્રી દહાણુ-ઘોલવડ-બોરડી-ઉમરગામ વગેરે પૂ. યુગદિવાકરશ્રીના ઉપકારવાસિત સંઘોમાં પધાર્યા, તો નવસારી-સુરત વગેરે શહેરોમાં પણ પધાર્યા. દરેક સ્થળે પ્રવચનો તેમજ ઘણાં સ્થળે સામૈયાંદિ થયા. જેઠ વદિ દ્વિ. ૧, તા. ૧૮-૬-૨૦૦૦ રવિવારે પૂજ્યશ્રીનો વડોદરાશહેરમાં પ્રવેશ થયો અને એક જબરજસ્ત માહોલ વડોદરાના સંઘોમાં જામ્યો. સુરત-ભરૂચ વગેરે સ્થળે આવીને જે સંઘો વિનંતિ કરી ગયા હતા એ દરેક સંઘોને લાભ આપવાનો નિર્ણય કરાયો હતો. પ્રથમ પ્રવેશ શાનદાર સામૈયાં સાથે કોઠીપોળસંઘમાં થયો. ડભોઈતીર્થ અને વડોદરાના સંઘોમાંથી મેદની તો એટલી ઊમટી હતી કે ત્યાંના પ્રમુખ પનાલાલ શાહે સ્વાગત-વક્તવ્યમાં એ શબ્દો ઉચ્ચાર્યા કે **''અમારા સંઘમાં સંવત્સરીના દિવસે ય ન હોય એટલી માનવમેદની આજે જોઈને અમને આશ્ચર્ય થાય છે.''**

સળંગ સાત દિવસ કોઠીપોળસંઘમાં **'દુઃખ અભિશાપ નથી... પણ આશીર્વાદ છે'** વિષય પર પ્રવચનો બાદ પૂજ્યશ્રી સપરિવાર અલગ-અલગ નવ સંઘોમાં પધાર્યા. દરેક સ્થળે ભવ્ય સામૈયાં-પ્રવચનો-સંઘપૂજનો થતાં. ઘણા સંઘોમાં સંઘનવકારશી અને રાત્રિપ્રવચનો પણ યોજાતા. દરેક સંઘોમાં પ્રવચનના વિષયો અલગ અલગ રહેતા. જેમ કે (૧) નવપદ-મહાવીરસ્વામીજિનાલય+ઇન્દ્રપુરી સંઘમાં **'સુખી જીવનનું સાચું ગણિત'** વિષય હતો, તો (૨) સુભાષપાર્ક સંઘમાં **'જીવન શુદ્ધિનો અમોઘ ઉપાયઃ પ્રાયશ્ચિત્ત'** વિષય હતો. (૩) કારેલીબાગ સંઘમાં **'નહિ ઐસો જનમ બાર બાર'** વિષય હતો, તો (૪) સુભાનપુરા સંઘમાં **'સાર નહિ સંસારમાં'** વિષય હતો. (૫) માંજલપુર સંઘમાં **'સ્વાર્થ નહિ... પણ પરમાર્થ'** વિષય હતો, તો (૬) મકરપુરા સંઘમાં **'ભક્તિયોગથી મુક્તિયોગ'** વિષય હતો. (૭) દેરાપોળ સંઘમાં **'પ્રગતિનો પંથ'** વિષય હતો, તો (૮) જાની શેરી સંઘમાં **'કષાયોની કાતિલતા'** વિષય હતો. છેલ્લે મામાની પોળ સંઘમાં પંચાહ્નિક ભક્તિમહોત્સવ હોવાથી ત્યાં **'સિદ્ધિગતિનો Sweet Cut ભક્તિયોગ'** વિષય રહ્યો. દરેક સંઘના સામૈયાંઓ-પ્રવચનોના અહેવાલો રોજે રોજ **'ગુજરાતસમાચાર'–'સંદેશ'** વગેરે અખબારોમાં પ્રકાશિત થતા હતા. ઉપરાંત પૂજ્યશ્રીના જન્મભૂમિના સર્વપ્રથમ ચાતુર્માસની અને એની ભવ્યાતિભવ્ય પ્રવેશ તૈયારીના સમાચારો પણ અખબારોમાં પ્રગટ થતા હતા. આ જ દિવસોમાં વડોદરાના ડભોઈ મિત્ર મંડળનો એક સમારોહ પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાયો.

આ રીતે વડોદરા શહેરમાં સુંદર ધર્મપ્રભાવના વિસ્તારી પૂજ્યશ્રીએ આષાઢ શુદિ આઠમે વડોદરાથી વિહાર કર્યો. કેલનપુર-ભીલાપુર થઇ પૂજ્યશ્રી આષાઢી દશમે ડભોઇનગરની સમીપવર્તી ઇન્દ્રપુરી સોસાયટીમાં બાલુભાઇ કાપડિયા પરિવારનાં આંગણે પધાર્યા. ઐતિહાસિક ચાતુર્માસપ્રવેશનો પૂર્વદિન હોવાથી મુંબઇ-અમદાવાદ-વડોદરાથી વિવિધ સંઘો-ગુરુભક્તો-તીર્થવિકાસસમિતિના અગ્રણીઓ ડભોઇ આવી ગયા હતા. તેઓ તથા ગામની જૈન-જૈનેતર પ્રજાનો પ્રવાહ દિવસભર ચાલુ રહ્યો. ત્યાં મંડપવ્યવસ્થા હતી. એથી પ્રવચન પણ થયું. અને... બધો જ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ રાત્રે દશથી સવારના પાંચ મેઘવર્ષા થઇ. મેઘરાજાએ સમય એવો પસંદ કર્યો કે પૂર્વદિન અને પ્રવેશદિનનો એક પણ કાર્યક્રમ બગડ્યો નહિ. એ વિસ્તારમાં નિયત વર્ષાસમયથી એક માસ વરસાદ ખેંચાઇ ગયો હતો. એથી પ્રજામાં ચિંતા હતી. એમાં પૂજ્યશ્રીની પધરામણી સાથે વરસાદ આવ્યો એથી જૈનેતર પ્રજા આનંદિત થઇને જૈનોને કહેવા માંડી કે **''આ વરસાદ તમારા ગુરુમહારાજના પગલે જ આવ્યો લાગે છે.''** અલબત્ત આ માત્ર યોગાનુયોગ હતો. પરંતુ પૂજ્યશ્રીનાં પગલે સમગ્ર નગરમાં આનંદ પ્રસર્યો એ હકીકત હતી. એ વાસ્તવિકતા પેલી પંક્તિ યાદ કરાવી જતી હતી કેઃ-

**''પુણ્યવંત નર પામતાં, પગ પગ ઋદ્ધિ રસાલ...''**



## પ્રકરણ : ૩૪

# જન્મભૂમિમાં જયજયકાર...

ધર્મભાવનાથી ધમધમતી દર્ભાવતી નગરીએ આજે જાણે સોળ શણગાર સજ્યા હતા. એની ઊભી બજારોમાં અને જૈન વાગા સુધીના રાજમાર્ગો પર જે રીતે હારબદ્ધ પ્રવેશદ્વારો રચાયા હતા એ નિહાળીને સાવ અનભિજ્ઞ જન પણ મનોમન ધારણા કરી લેતો કે આજે નગરમાં કોઈ મહાન વિભૂતિનું પદાર્પણ થવાનું છે. અદ્યાવધિ દર્ભાવતીનગરીએ પૂજ્યપાદ આગમોદ્ધારક આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ. - પૂજ્યપાદ પ્રવચનપ્રભાવક આ.ભ. શ્રી મોહનસૂરીશ્વરજી મ.- પૂજ્યપાદ યુગવીર આ.ભ. શ્રી વલ્લભસૂરીશ્વરજી મ.- પૂજ્યપાદ યુગદિવાકર આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ. આદિ અનેક ધુરંધર પ્રભાવક સૂરિપુંગવોના પ્રવેશ સ્વાગતો કર્યા હતા. પરંતુ આજની એની તૈયારીઓ ન્યારી હતી - સાવ અલગ હતી.

હોય જ ને ? કારણ કે આજે એ જેમના સ્વાગત માટે તલપાપડ હતી તે સૂરિપુંગવ એનું પોતાનું જ પનોતું રત્ન હતા. વળી એ બાવન બાવન વર્ષો બાદ સંયમજીવનમાં સર્વપ્રથમવાર જન્મભૂમિમાં ચાતુર્માસાર્થે પધારી રહ્યા હતા અને એથી ય વિશેષ સંઘના દીર્ઘકાલીન સ્વપ્ન શ્રાવક ઉપાશ્રયનો આમૂલચૂલ પુનરુદ્ધાર કરાવીને વતનમાં પધારી રહ્યા હતા. એથી દર્ભાવતીનગરીનો આજનો મિજાજ બિલકુલ અદ્‌ભુત અને અલગ હતો.

પ્રથમ તો સંઘની ધારણા એ હતી કે છત્રીશ પ્રવેશદ્વારો કરવા. પરંતુ ભાવિકોની માંગણી વધતાં પૂજ્યશ્રીના સંયમપર્યાયને અનુરૂપ બાવન પ્રવેશદ્વારનો નિર્ણય કરાયો. એ પછી પણ લાગણીભીની માંગણી જારી રહેતા કુલ ચોસઠ પ્રવેશદ્વારો રચાયા. કમાલ તો એ હતી કે એમાં માત્ર જૈન સમાજ જ સામેલ હતો એમ ન હતું. બલ્કે જૈનેતર સમાજ સંસ્થાઓ પણ સામેલ હતી. ડભોઈની અગ્રણી નાગરિક સહકારી બેન્કનું પ્રવેશદ્વાર પણ હતું, તો ગુજરાત સમાચાર પરિવારનું પ્રવેશદ્વાર પણ હતું. એક સાથે ચોસઠ પ્રવેશદ્વારોથી પ્રવેશયાત્રા દર્ભાવતીના ઈતિહાસમાં સર્વપ્રથમ યોજાઈ રહી હતી.

વહેલી પ્રભાતે મંગલ પ્રવેશ કરી પૂજ્યશ્રી વડોદરી કિલ્લાથી દર્ભાવતી નગરીમાં પધાર્યા. હજુ તો ૮.૧૫ થઈ ત્યાં સકલ સંઘ સામૈયાં સ્થળે ઊમટી પડ્યો. નાના-નાના બાળકો વેશભૂષાસ્પર્ધાનાં કારણે વિવિધ વેશભૂષામાં સજ્જ હતા, તો યુવાનો દાંડિયારાસની તૈયારી સાથે સજ્જ હતા. તીર્થવિકાસસમિતિથી લઈને અનેકાનેક અગ્રણીઓ અને ભાવિકો સાફાઓમાં સજ્જ હતા, તો પૂજ્યશ્રી દ્વારા સંસ્થાપિત નવપદ હાઈસ્કૂલની એકસો આઠ બાલિકાઓ મંગલ કુંભ મસ્તકે લઈને સજ્જ હતી. ઘોડેસવાર બાળકો-શ્રમણ શ્રમણી વૃન્દ - કીડિયારાની જેમ ઊભરાતી મેદની વગેરેના કારણે વાતાવરણ એવું આહ્લાદક રચાયું હતું કે જૈનેતર વિસ્તારમાં અને બજારોમાં સહુ કામકાજ બાજુ પર મૂકી સ્વાગતયાત્રા નિહાળતા હતા. ક્યાંક પ્રવેશદ્વાર પાસે પુષ્પવર્ષા વ્યવસ્થા હતી, તો ક્યાંક પ્રવેશદ્વાર પાસે જરી-અક્ષતવર્ષા વ્યવસ્થા હતી. નગરજનોનો ઉમંગ એવો પ્રબળ હતો કે સામૈયું છ કલાક સુધી જારી રહે. પરંતુ ઉપાશ્રયઉદ્ઘાટન વગેરેનાં મૂહૂર્તને લક્ષ્યમાં રાખી પૂજ્યશ્રીએ પ્રથમથી જ સખત તાકીદ કરી હતી કે કોઈ પણ સંયોગોમાં ૧૦.૧૫ કલાકે સામૈયું પૂર્ણ કરીને ઉદ્ઘાટનસમારોહ શરુ કરી જ દેવો. યુવાનોને ફક્ત ટાવર પાસે એક જ વાર દાંડિયા રાસની છૂટ અપાઈ, તો બેનોને માત્ર ત્રણ જ સ્થળે ગહુંલીઓની રજા અપાઈ. ત્રણે ય સ્થળે એક સાથે મોટી સંખ્યામાં સામૂહિક ગહુંલીઓ કરાઈ. મુંબઈથી - વડોદરાથી સ્પેશ્યલ બસો સાથે પધારેલ ભાવિકો અને સ્થાનીય જૈન-જૈનેતર જનતાની ચિક્કાર હાજરીનાં કારણે જાણે રીતસર માનવમહેરામણ ઊમટ્યો હોય એવો ભાસ થતો હતો. ઘડિયાળના કાંટે આગળ વધતું સામૈયું બરાબર ૧૦.૧૫ ક. ઉપાશ્રયચોકમાં આવ્યું ત્યારે ચોક-મકાનના ઓટલાઓ ગેલેરીઓ વગેરે દરેક સ્થળે માત્ર ને માત્ર માનવભીડ હતી. પૂજ્યશ્રીએ સર્વપ્રથમ શ્રી લોઢણપાર્શ્વનાથ જિનાલયે દર્શન-ચૈત્યવંદન કરી જાણે ભક્તિનું ભાવમંગલ કર્યું.

તે પછી તુર્ત પૂજ્યશ્રી સપરિવાર ઉપાશ્રયચોકમાં પધાર્યા. નવસર્જન પામેલ આ ઉપાશ્રય એવો વિશાલ અને રમણીય હતો કે એના માટે સંગીતકારોએ આ પંક્તિ રચી હતી કે ''રાજમહેલથી ગૌરવશાળી, ઉપાશ્રય ઝગમગતો...'' પૂજ્યશ્રીનાં મુખેથી બુલંદ સ્વરે ઉચ્ચારાતા '' ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયન્તાં પ્રીયન્તાં '' તેમજ ''શ્રી શ્રમણસંઘસ્ય શાન્તિર્ભવતુ'' વગેરે પાઠ સકલ સંઘ એવી જ બુલંદી દ્વારા ઝીલતો હતો. બરાબર મુહૂર્તની ક્ષણ આવી ત્યારે મુખ્ય લાભાર્થી બોરીવલી-કાર્ટર રોડ સંઘવતી પ્રમુખ શ્રી દામજીભાઈ ગડાએ ઉપાશ્રયનાં મુખ્ય દ્વારનું ઉદ્ઘાટન કર્યું ત્યારે બેન્ડની સુમધુર સૂરાવલિ અને સમસ્ત સંઘના જયનાદોથી આકાશ ગાજી ઊઠ્યું. આ વિરાટ નૂતન ઉપાશ્રયના વિવિધ વિભાગોના નામકરણની પૂજ્યશ્રીએ જે પસંદગી કરી હતી તે એકદમ સમુચિત અને ઐતિહાસિક દ્રષ્ટિ ધરાવતી હતી. આપણે એની ઝલક નિહાળીએઃ

(૧) પૂજ્યપાદ ન્યા.ન્યા. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર દર્ભાવતીતીર્થે અંતિમ ચાતુર્માસ કરી કાલધર્મ પામ્યા હતા. ડભોઈ સાથે સંલગ્ન વિભૂતિઓ પૈકી સર્વાધિક પ્રસિદ્ધ વિભૂતિ આ પુણ્યપુરુષ હતા. માટે પૂજ્યશ્રીએ ઉપાશ્રયના મુખ્ય નામરૂપે એમની પસંદગી કરીને નામકરણ કરાવ્યું ''ન્યા.ન્યા.મહોપાધ્યાય શ્રી યશોવિજયજી જૈન ઉપાશ્રય.'' (૨) દર્ભાવતીના સર્વપ્રથમ સૂરિપુંગવ પાંચસો શિષ્ય-પ્રશિષ્યોના ગુરુવર્ય પૂજ્યપ્રવર શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મ. ની પુણ્યસ્મૃતિરૂપે ઉપાશ્રયના નીચેના ભવ્ય હૉલને નામ અપાવ્યું ''દર્ભાવતીશેખર પૂ. આચાર્યપ્રવર શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મ. આરાધનાગૃહ'' (૩) પૂજ્યશ્રીના સમુદાયના આદ્ય વડિલ પૂ. પ્રવચનપ્રભાવક આ.ભ. શ્રી મોહનસૂરીશ્વરજી મ. દર્ભાવતીતીર્થે કાલધર્મ પામ્યા હતા. તેમની તથા પૂ. સિદ્ધાંતનિષ્ઠ આ.ભ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ. ની પુણ્યસ્મૃતિરૂપે પૂજ્યશ્રીએ વિશાલ પ્રવચનગેલેરીનું નામકરણ કરાવ્યું , ''પ્રવચનપ્રભાવક પૂ. આ. શ્રી મોહન-પ્રતાપસૂરીશ્વરજી મ. પ્રવચન ગેલેરી.'' (૪) પૂજ્યશ્રીના જીવનશિલ્પી સર્વાધિક ભક્તિકેન્દ્ર પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીની પુણ્યસ્મૃતિરૂપે પૂજ્યશ્રીએ પૂર્વના ઉપાશ્રયના પ્રવચનહૉલનું જે નામકરણ કરાવ્યું હતું તે જ નૂતન ઉપાશ્રયમાં જારી રહેતાં આ નૂતન આલીશાન પ્રવચન હૉલનું નામકરણ કરાવ્યું ''યુગદિવાકર પૂ. આ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ. પ્રવચનગૃહ'' (૫) ઈતિહાસપ્રસિદ્ધ બાંધવબેલડી વસ્તુપાલ - તેજપાલ પૈકી તેજપાલે ડભોઈ તીર્થે અતિ વિરાટ ૧૭૦ જિનાલય નિર્મિત કર્યું હોવાથી તેમની સ્મૃતિરૂપે એક ખંડનું નામકરણ પૂજ્યશ્રીએ કરાવ્યું ''મન્ત્રીશ્વર વસ્તુપાલ - તેજપાલ સ્મારક ખંડ.'' (૬) માંડવગઢના મહામાત્ય પેથડશાહે ડભોઈ તીર્થે શ્રી ચન્દ્રપ્રભસ્વામીના ૭૨ જિનાલયનું ભવ્ય નિર્માણ કર્યું હોવાથી તેમની સ્મૃતિમાં એક ખંડનું નામકરણ કરાવ્યું ''મન્ત્રીશ્વર પેથડશાહ સ્મારક ખંડ.'' (૭) દર્ભાવતીતીર્થાધિનાયક શ્રી લોઢણપાર્શ્વ પ્રભુનાં મૂર્તિનિર્માણના ચમત્કારિક ઈતિહાસ સાથે સંલગ્ન સાગરદત્ત સાર્થવાહની સ્મૃતિરૂપે પૂજ્યશ્રીએ એક ખંડનું નામકરણ કરાવ્યું ''સાગરદત્તસાર્થવાહ સ્મારક ખંડ''.

આ ઝલક નિહાળતા સ્પષ્ટ ખ્યાલ આવશે કે પૂજ્યશ્રીએ કેવું દૂરગામી દ્રષ્ટિબિંદુ રાખીને તીર્થના મુખ્ય આરાધનાસ્થાન ઉપાશ્રયમાં ઐતિહાસિક પાત્રોને ચિરંજીવ કર્યા હતા. આ સમગ્ર ઉપક્રમમાં પૂજ્યશ્રીની બે વિચારધારા પણ નોંધપાત્ર હતી. એક એ કે

પૂજ્યશ્રી પોતાની પૂર્વજ ગુરુપરંપરા પ્રત્યે પૂર્ણ ભક્તિથી છલકાતા હતા. આમ છતાં એમણે ઉપાશ્રયના મુખ્ય નામરૂપે પૂ. પરમગુરુદેવ આ. શ્રી મોહનસૂરીશ્વરજી મ. ની નહિ, બલ્કે પૂ. સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. ની પસંદગી કરી. આમાં પૂજ્યશ્રીની વિવેકમંડિત વિચારધારા એ હતી કે 'પૂ.મહોપાધ્યાયજી મ. પ્રભુશાસનની એવી સુપ્રસિદ્ધ વિભૂતિ હતા કે જેમના ગ્રન્થોથી લાખો - લાખો પુણ્યાત્માઓને શ્રુતલાભ થયો હોય. સમુદાયપરસ્તી જતી કરી શાસનપરસ્તી દાખવવાપૂર્વક આવી વિભૂતિને એમનાં સ્થાન મુજબની મહત્તા અપાવી જોઇએ.' અરે ! સમુદાયના એક અગ્રણી ભક્તે ઉપાશ્રયનાં મુખ્ય નામરૂપે પૂ. મોહનસૂરીશ્વરજી મ. નું નામાંકન કરવાનું સૂચન પણ પૂજ્યશ્રીને કર્યું હતું. કિન્તુ પૂજ્યશ્રીએ નમસ્કરણીય વિવેક દાખવીને સમુદાયનિષ્ઠાથી ઉપર શાસનનિષ્ઠાને સ્થાન આપ્યું. !! બીજી નોંધપાત્ર બાબત એ હતી કે પૂજ્યશ્રીએ માત્ર દિવંગત વિભૂતિઓની પુણ્યસ્મૃતિ જ એ ઉપાશ્રયમાં કરાવી હતી. દર્ભાવતી તીર્થોદ્ધારનાં અઢળક કાર્યોમાં ક્યાંય પૂજ્યશ્રીનું સીધું નામાંકન ન થયું. એનું કારણ પૂજ્યશ્રીનો આ વિવેકપૂર્ણ અભિગમ હતો.

ઉપાશ્રયઉદ્ઘાટન બાદ પ્રવેશસમારોહનો પ્રારંભ થયો ત્યારે વિરાટ પ્રવચન હૉલ - પ્રવચન ગેલેરી-નીચેનો આરાધના હૉલ વગેરે ભરચક થઈ જવા ઉપરાંત સોપાનશ્રેણિ પર પણ ભાવિકોએ સ્થાન લીધું હતું. મુંબઈથી પ્રથમવાર આવેલ સંગીતકાર અનિલકુમાર ગેમાવતે સંગીત અને ભક્તિગીતોનો એવો જુસ્સાદાર માહોલ જમાવ્યો કે ડભોઈની સંગીતપ્રિય - ઉત્સવપ્રિય જનતા ઝૂમી ઊઠી. સમય જાણે થંભી ગયો હોય એવું ચરમ સીમાનું વાતાવરણ હતું. પૂજ્યશ્રીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં મજાની બે વાત કરી. એક એ કે "ઉપાશ્રય ભવ્ય થયો - આલીશાન બન્યો એટલામાત્રથી હરખાવાનું નથી, બલ્કે ડભોઈના સંઘે હવે નવી જવાબદારી સમજવાની છે. પુરાતન ઉપાશ્રયમાં એંશી - સો વર્ષમાં જેટલી આરાધનાઓ થઈ, સામાયિક-પ્રતિક્રમણ-પૌષધ-ચાતુર્માસ-પ્રવચનો આદિ થયાં એનાથી વધુ આરાધનાઓ આ ઉપાશ્રયમાં થાય તો આ હરખાવાની - ગૌરવ અનુભવવાની વાત સાર્થક ગણાય." બીજી વાત પૂજ્યશ્રીએ એ કરી કે "એક અજબ યોગાનુયોગ એ છે કે વિ.સં. ૨૦૦૦ નું વર્ષ હતું ત્યારે પૂ.આ.ભ.શ્રી મોહનસૂરીશ્વરજી મ. અહિં ચાતુર્માસ પધાર્યા હતા. આજે ઈ.સ. ૨૦૦૦ નું વર્ષ છે ત્યારે અમારે ચાતુર્માસ માટે આવવાનું બન્યું છે. એ વર્ષે 'ભગવતી સૂત્ર' આગમ પર ચાતુર્માસિક પ્રવચનો હતા, તો આ ચાતુર્માસમાં પણ એ જ 'ભગવતી સૂત્ર' આગમ પર ચાતુર્માસિક પ્રવચનો થશે. વિ.સં. ૨૦૦૦ માં અમારા સમુદાયના ડભોઈના પૂર્વાશ્રમવતની મુનિવરો ચાતુર્માસ પધાર્યા હતા. તે પછી છપ્પન વર્ષના દીર્ઘ કાળ બાદ અમારા સમુદાયમાંથી ડભોઈના પૂર્વાશ્રમવતની શ્રમણોનું આ પ્રથમ ચાતુર્માસ થઈ રહ્યું છે." તે પછી કામળ-ગુરુપૂજન અને ચાતુમાર્સિક પ્રવચનગ્રન્થની ઉછામણી થતાં સંપત્તિનો જાણે વરસાદ વરસ્યો. પૂજ્યશ્રીએ પ્રસંગાનુરૂપ ઉપાશ્રયનિભાવ સ્થાયીનિધિની પ્રેરણા કરતાં તેનું પણ માતબર ફંડ થઈ ગયું.

તે પછી પૂજ્યશ્રીનાં પ્રવચનોના ૨૬૦ પેજના ગ્રન્થ 'નવપદ ધરજો ધ્યાન' નું વિમોચન થયું. પૂજ્યશ્રીના પ્રવચનોનું આ સર્વ પ્રથમ ગ્રન્થાકાર સ્વરૂપ હતું અને તે ગ્રન્થ મારા દ્વારા તે જ વર્ષના શેષકાળમાં - વિહારયાત્રા દરમ્યાન 'અથેતિ' આલેખાયો હતો. તેમાં પૂજ્યશ્રીએ કરેલ પદાર્થપ્રરૂપણાઓ - તર્કગમ્ય પ્રસ્તુતિઓની વાતો આગળ પર નિહાળીશું. પરંતુ એક બાબતનો ઉલ્લેખ અહિં કરીએ કે કેટલાય નવોદિત પ્રવચનકાર મુનિવરોએ આ પુસ્તકનો ખાસ ઉપયોગ કર્યો છે. પ્રથમવાર ઓળીની આરાધના કરાવવા જતાં અનેકાનેક મુનિવરોએ મને પ્રત્યક્ષ-પરોક્ષ જણાવ્યું છે કે : "આમાં પ્રવચનો એવા મુદ્દાસર અને વિસ્તૃત છે કે અમારે અન્ય કાંઈ વાંચવાની મહેનત કરવી પડતી નથી. આમાંથી જ નવે ય દિવસના પૂરેપૂરાં વ્યાખ્યાનો કરી શકીએ છીએ." ગ્રન્થઉદ્ઘાટન બાદ ડભોઈમાં ઉપધાનતપ આરાધના કરાવવાની જયઘોષણા થતાં સંઘમાં આનંદ-આનંદ ફેલાઈ ગયો. સમારોહના અંતિમ ચરણમાં ઉપાશ્રયનાં ઉદ્ઘાટન પ્રસંગે આવેલ પૂ. શાસનધુરીણ આચાર્યદેવો આદિનાં પત્રોનું-સંદેશાઓનું વાંચન થયું. એવાં પત્રો વિશાલ સંખ્યામાં હતા. આપણે એમાંથી માત્ર કેટલીક સંક્ષિપ્ત ઝલક જોઈએ :

* પૂ.શાસન સમ્રાટસમુદાયના પૂ. આ. શ્રી ચન્દ્રોદયસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી અશોકચન્દ્રસૂરીશ્વરજી મ. પૂ. ગુરુદેવ ઉપરના પત્રમાં લખે છે કે "પૂ.યુગદિવાકર આ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ. ના કૃપાપાત્ર બની તમો જે શાસનપ્રભાવના કરી રહ્યા છો તેની અનુમોદના કરીએ છીએ. વિશેષ તો ડભોઈના ઉપાશ્રયના ઉદ્ઘાટન પ્રસંગે, હજારો વર્ષના ડભોઈના જાજરમાન જૈન ઈતિહાસને જગતના ચોકમાં મૂકી પૂ. આ. શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મ., પૂ. ન્યા. ન્યા. મહો. શ્રી યશોવિજયજી વાચકવર્ય, પૂ. આ. શ્રી મોહન-પ્રતાપસૂરીશ્વરજી મ. તથા તમારા ઉપકારી પૂ. આ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ. નું સ્મારક રચી તમારા વડીલો-તમારા સમુદાયનું અને ડભોઈના શ્રી સંઘનું તમે ગૌરવ વધાર્યું છે..."

* પૂ. યુગદિવાકરશ્રીના પટ્ટાલંકાર પૂ. આ. શ્રી કનકરત્નસૂરીશ્વરજી મ. સંઘ ઉપરનાં પત્રમાં લખે છે કે "તમારો ભવ્યાતિભવ્ય ઉદ્ઘાટનસમારોહ ખૂબ જ શાનદાર નીવડે, દર્ભાવતીના ઈતિહાસમાં ચિરંજીવરૂપે અંકિત થાય એ જ મંગળ ભાવના. સાથે ખૂબ વિશેષ ધન્યવાદ આ પાવન કાર્યના પુરસ્કર્તા આચાર્યશ્રીને ઘટે છે કે જેમણે સેંકડો વર્ષના આયુષ્યવાળા આ ધર્મસ્મારક માટે અતિ ઉદાર યોગદાન અપાવ્યું છે અને ડભોઈના પૂર્વપુરુષો તેમજ પોતાના દાદાગુરુદેવોનું ગૌરવપૂર્ણ ઋણ અદા કર્યું છે. એની જેટલી અનુમોદના કરીએ એટલી ઓછી છે."

* પૂ.આ. શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ., પૂ. ગુરુદેવશ્રી પરના પત્રમાં લખે છે કે ''पू.महो. यशोविजयजी म. के नामसे उपाश्रय उद्घाटन प्रसंग पर मेरी हार्दिक मंगल कामना स्वीकार करेंगे ।।''

* પૂ.આ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સંઘ પરના પત્રમાં લખે છે કે ''જૈન ઉપાશ્રયનું નવનિર્માણ થયું જાણી વિશેષ આનંદ. એમાં પણ પૂ. મહો. ની પુણ્યસ્મૃતિ સ્થાયી નામ દ્વારા કરી તે ઉત્તમ કર્યું.''

* પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ. પૂ. ગુરુદેવ પરના પત્રમાં લખે છે કે ''ડભોઈ તો પૂજ્યપાદ પુણ્યશ્લોક ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. ની પુણ્ય રજથી પવિત્ર બનેલી પુણ્યભૂમિ છે ...નૂતન ઉપાશ્રય સાથે પૂજ્યપાદ ઉપાધ્યાયજીનું નામ જોડીને ખૂબ જ કૃતજ્ઞતા દાખવી છે. અંતરની શુભેચ્છા ...!''

* પૂ. આ. શ્રી શીલચન્દ્રસૂરીશ્વરજી મ. જણાવે છે કે '' પૂ. ઉપાધ્યાયજી મ. વગેરે મહાપુરુષોના નામ નૂતન ઉપાશ્રય સાથે અંકિત કરીને તેઓ પ્રત્યે દર્શાવેલ ભક્તિ પ્રશસ્ય - ધન્યવાદાર્હ છે...''

આ ઉપરાંત પૂ.આ.ભ. શ્રી યશોદેવસૂરિજી મ., પૂ.આ.શ્રી મહાનંદસૂરિજી મ., પૂ. આ. શ્રી પૂર્ણાનંદસૂરિજી મ., પૂ.પં. શ્રી વાચસ્પતિવિજયજી ગણિ, પૂ.ગણિ શ્રી લલિતસેનવિજયજી મ. આદિ સ્વસમુદાયના તેમજ પૂ. આ.ભ. શ્રી કલાપૂર્ણસૂરિજી મ. (વાગડવાળા) પૂ. આ. શ્રી યશોવિજયસૂરિજી મ. (બાપજી મ. સમુદાય), પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્રસૂરિજી મ., પૂ.આ. શ્રી યશોવર્મસૂરિજી મ., પૂ. આ. શ્રી અશોકસાગરસૂરિજી મ., પૂ. આ. શ્રી રત્નસુંદરસૂરિજી મ., પૂ. આ. શ્રી હેમરત્નસૂરિજી મ., પૂ. આ. શ્રી જયસુંદરસૂરિજી મ. વગેરે અન્ય સમુદાયના ગુરુભગવંતોના આશીર્વાદપત્રો ઉપરાંત સ્વ-પર સમુદાયના સાધ્વીજી ભગવંતો - અગ્રણી શ્રાવકોના પણ શુભેચ્છાપત્રો આવ્યા હતા. લગભગ મહદંશ પત્રોમાં ઉપાશ્રય સાથે પૂ. મહોપાધ્યાયજીની પુણ્યસ્મૃતિ કરવા બદલ પૂજ્યશ્રી પર અભિનંદનવર્ષા કરાઈ હતી.

સાંજે ૬.૦૦ ચતુર્વિધ સંઘ સાથે પૂજ્યશ્રી યશોવાટિકાની યાત્રાર્થે પધારતાં વરઘોડાનું સ્વરૂપ થઈ ગયું અને સાતસો ભાવિકોએ યશોવાટિકાની સ્પર્શના-ભક્તિ કરી. રાત્રે સતત સાડા ત્રણ - ચાર કલાક ડભોઈની સંગીતપ્રિય જનતાએ અનિલ ગેમાવતની ભક્તિ-ભાવનાને દિલભર માણી. સવા બારે ભાવના પૂર્ણ થઈ અને પ્રવેશના દરેક કાર્યક્રમ નિર્વિઘ્ન થવા દેવાની પ્રતીક્ષામાં હોય એમ મેઘરાજા મૂશળધારે વરસી રહ્યા. પૂરા ચોવીશ કલાક મેઘરાજા મન મૂકીને વરસ્યા. પ્રવેશદિને ઉપાશ્રય - ઉદ્ઘાટનની ક્ષણે જે ચોકમાં કીડિયારાની જેમ માનવ મેદની હતી એ જ ચોકમાં એ ક્ષણોમાં બીજા દિવસે ઘૂંટણ સમાણો વર્ષાપ્રવાહ નદીની જેમ વહી રહ્યો હતો. જો આ જ વર્ષા પ્રવેશદિને થઈ હોત તો એક પણ કાર્યક્રમ થઈ શક્યો ન હોત. કેટલાય ભાવિકો બોલ્યા કે : 'ગુરુમહારાજનો પુણ્યપ્રતાપ અજબ છે. કાર્યક્રમો ય નિર્વિઘ્ને થયા અને વર્ષાની મહેર પણ થઈ.'

હવે આપણે પૂજ્યશ્રીએ જન્મભૂમિના તીર્થમાં કરેલ ઐતિહાસિક ચાતુર્માસની અલપ-ઝલપ મુખ્યત્વે ચાર રીતે નિહાળીશું : (૧) પ્રવચનો (૨) તપસ્યાઓ (૩) અનુષ્ઠાનો (૪) મુમુક્ષુઓની દીક્ષાની જયરૂપે.

પ્રવચનની વાત કરીએ તો પ્રતિદિન પ્રભાતે ૬.૩૦ થી ૭.૩૦ પૂજ્યશ્રી ''ભગવતીસૂત્ર'' પર પ્રવચનો ફરમાવતા, તો મારે તેમાં વીશ મિનિટ ''મન્નહ જિણાણં'' સજ્ઝાયનિર્દિષ્ટ શ્રાવકકર્તવ્યો પર પ્રવચન કરવાનું થતું. આ ઉપરાંત પૂજ્યશ્રી પ્રતિ શુક્રવારે પ્રશ્નોત્તરીપ્રવચન અને નિત્ય રાત્રે માત્ર ભાઈઓ સમક્ષ 'તત્ત્વજ્ઞાનવર્ગ ' રૂપે જીવવિચાર-નવતત્ત્વ અંગે વાચના ફરમાવતા. મારે પ્રતિ શનિવારે ભક્તિપ્રવચનો, પ્રતિ રવિવારે સવારે જાહેર પ્રવચનો તથા બપોરે 'પરિવર્તન યુવાશિબિર' નાં પ્રવચનો આપવાનું બનતું. દૈનિક પ્રવચનો વહેલી સવારના હોવા છતાં પ્રતિદિન ઉપરનો વિશાલ પ્રવચનહૉલ પોણા ભાગથી ઉપર ભરચક થઈ જતો અને રવિવારે તો સવાર - બપોર મળી પાંચ કલાકથી વધુ સમયે જૈન વાગામાં જાણે 'જનતા Curfew' હોય તેવી હાલત રહેતી. કેમ કે લગભગ તમામ પરિવારો-ભાવિકો ઉપાશ્રયમાં જ પ્રવચનો - શિબિરોમાં હોય. આ ઉપરાંત ડભોઈની કોલેજ - દયારામ હાઈસ્કૂલ - નવપદ હાઈસ્કૂલ વગેરે શિક્ષણ સંસ્થાઓમાં જીવનઘડતર સંબંધી પ્રવચનો થતાં સમગ્ર ડભોઈનગરમાં જાગૃતિની એક અદ્ભુત લહેર પ્રગટી. જૈન વાગામાં આ પ્રવચનો તથા અનુષ્ઠાનોની અસર એવી હતી કે ''છ દિવસો જાણે પર્યુષણા અને રવિવાર જાણે કે સંવત્સરીમહાપર્વ'' એવું ભાવિકો ઊમળકાથી કહેતા હતા.

પૂજ્યશ્રી પ્રૌઢ-ગંભીર શૈલીથી જે પ્રવચનો અને શંકા-સમાધાન ફરમાવતા હતા એની એકેક ઝલક નિહાળીએ : ભગવતીસૂત્ર ટીકાના પ્રારંભિક મંગલાચરણના શ્લોક 'सर्वज्ञमीश्वर०' ના પંદર વિશેષણો પૈકીના 'अनीहं' વિશેષણ પર માર્મિક વિવેચન કરતાં પૂજ્યશ્રીએ ફરમાવ્યું કે :- ''જૈન દર્શને રજૂ કરેલ પરમાત્માનાં સ્વરૂપની એક બહુ મહત્ત્વની વિશેષતા આ વિશેષણ દ્વારા રજૂ થાય છે કે ભગવાન તે જ સાચા છે જેમનામાં કોઈ પણ ઈચ્છા - આશા - ઝંખના ન હોય. આપણા ભગવાન સર્વજ્ઞ પછી બને છે, તે પહેલા એ ઈચ્છામુક્ત બની જાય છે. કોઈ પણ પ્રકારની ઈચ્છા રાગનું - આસક્તિનું પ્રતીક છે. આપણા ભગવાન દશમા ગુણસ્થાનના અંતે રાગનો સર્વાંશે ક્ષય-નાશ કરી દેતા હોવાથી એ ત્યાં જ સર્વથા ઈચ્છામુક્ત થઈ જાય છે. તે પછી બારમા ગુણસ્થાનના અંતે એ સર્વજ્ઞ થાય છે. જ્યારે ઈતર દર્શનો ભગવાનનું આવું સ્વરૂપ રજૂ કરી શકતા નથી. ત્યાં તો ભગવાન પણ દુર્જનોના નાશની - સજ્જનોના રક્ષણની - અધર્મના હ્રાસની જાતજાતની ઈચ્છાઓ ધરાવતા હોય છે.'' ભગવતી સૂત્ર ટીકાગત વિશેષણના આધારે

પ્રભુનું આ સ્વરૂપ રજૂ કર્યા પછી પૂજ્યશ્રીએ **Red Signal** ધરતાં શ્રોતાઓને માર્મિક વાત જણાવી કે "આજે હાલત એવી છે કે આપણા ભગવાન ઈચ્છાથી પૂરેપૂરા મુક્ત અને આપણે ઈચ્છાઓથી પૂરેપૂરા ઘેરાયેલા!! ગમે તેટલું વિપુલ પ્રમાણમાં મળે તો પણ આપણી ઈચ્છા સંતોષાયા વિનાની - અતૃપ્ત જ રહેવાની." આ પ્રવચનોનાં શ્રવણ માટે જૈનો તો ખરા જ, પરંતુ અજૈન બંધુઓ પણ આવતા. જેમાં 'આનંદવિલાસ હૉટેલ' ના માલિક પ્રફુલ્લભાઈ એકદમ નિયમિત આવતાં.

હવે નિહાળીએ એક ઝલક પૂજ્યશ્રી દ્વારા અપાતા શંકા-સમાધાનની. પ્રશ્નોત્તરી પ્રવચનમાં એક પ્રશ્ન એવો આવ્યો કે "ઉપવાસના પચ્ચક્ખાણમાં ઈન્જેક્શન દ્વારા દવા લેવાય તો એનાથી ઉપવાસ ભાંગે કે ન ભાંગે ?" પૂજ્યશ્રીએ એનો ઉત્તર મજાનો આપ્યો કે :- "ઉપવાસાદિમાં અપાતું આહારાદિત્યાગનું પચ્ચક્ખાણ મુખ દ્વારા કરાતાં આહાર સાથે મુખ્યત્વે સંબંધ ધરાવે છે. એટલે દીર્ઘ ઉપવાસમાં તેવા પ્રકારની અસમાધિની સ્થિતિ સર્જાઈ હોય ત્યારે યોગ્ય ગુરુની સંમતિ લઈને હિંસાજન્ય ન હોય તેવી દવા ઈન્જેક્શન દ્વારા આપવાથી આહારાદિનું પચ્ચક્ખાણ ભાંગતું નથી. ખાસ ખ્યાલમાં રહે કે ઈન્જેક્શનની વાત માત્ર તેવા પ્રકારની વિશિષ્ટ પરિસ્થિતિમાં જ હોવી જોઈએ. પણ એના બદલે જો સ્ફૂર્તિ રહે - શક્તિ રહે એટલા માટે ખાસ કારણ વિના હાલતા-ચાલતા ઈન્જેક્શન લેવાય તો એ વ્યાજબી નથી. એમાં ભલે શબ્દની દૃષ્ટિએ પચ્ચક્ખાણમાં ખામી ન પહોંચે, પરંતુ હાર્દની દૃષ્ટિએ ખામી પહોંચે જ."

હજુ એક ઝલક પૂજ્યશ્રીની રાત્રિ તત્ત્વજ્ઞાનવાચનાની. 'જીવવિચાર' સૂત્રની પ્રથમ ગાથાગત "ઘમિલરૂમેં" પદ પરનાં વિવેચનમાં પ્રાસંગિક રૂપે અન્ય દર્શન સાથે જૈન દર્શનની તુલના કરી પૂજ્યશ્રીએ જણાવ્યું કે "બૌદ્ધદર્શન સેંકડો - હજારો વર્ષોથી વનસ્પતિ ચેતનાવિહીન હોવાનું પ્રતિપાદન કરતું આવ્યું છે. "પ્રમાણસમુચ્ચય" ગ્રન્થમાં આચાર્ય દિઙ્નાગ લખે છે કે "અખજ્ઞાટ્ઠણળક્ષ્ટઝ્મઃ" મતલબ કે વનસ્પતિ અચેતન છે પરંતુ જૈન શાસન તો અસંદિગ્ધપણે કહે છે કે વનસ્પતિ સચેતન જ છે. આ 'જીવવિચાર' માં પણ વનસ્પતિના ભેદો-પ્રભેદોનું વર્ણન એને સચેતન ગણવાપૂર્વક જ કરાયું છે. આમ, જૈન દર્શન અને બૌદ્ધ દર્શન વચ્ચે માન્યતાભેદ થયો. પરંતુ ભારતીય વૈજ્ઞાનિક સર જગદીશચન્દ્ર બોઝે આધુનિક વિજ્ઞાનના સહારે પ્રત્યક્ષ પુરવાર કરી બતાવ્યું કે "વનસ્પતિ સજીવ-સચેતન છે જ." આ જોતાં, બૌદ્ધ દર્શનના મુકાબલે જૈન દર્શન સત્ય પુરવાર થયું. જ્યારે કોઈ વૈજ્ઞાનિક સાધનો ન હતા, ત્યારે પણ જૈન દર્શનને કહેલ આ સંપૂર્ણ સત્ય એની સર્વજ્ઞામૂલકતા પૂરવાર કરે છે.

એક તરફ આ પ્રવચનધારાઓએ રંગત જમાવી, તો બીજી તરફ તપોધારાએ ચાતુર્માસને ઝાકઝમાળ કર્યું. પ્રવેશ દિને જ શ્રી લોઢણપાર્શ્વ પ્રભુની મુખ્યતાએ ૧૦૮ પાર્શ્વનાથ તપની સામૂહિક આરાધના જાહેર થઈ હતી. આમ તો પૂર્વના વર્ષોમાં સામૂહિક તપમાં ૨૫-૩૦ જેટલા જ આરાધકો પ્રાયઃ સામેલ થતા. પરંતુ પૂજ્યશ્રીનાં ચાતુર્માસનો માહોલ અલગ હતો. તપનો જુવાળ એવો આવ્યો કે સ્કૂલમાં ભણતાં નાના બાળકો પણ હોંશે હોંશે ઉપવાસ કરી તેમાં જોડાયા, તો ૪૫ યુવાનો પણ તેમાં ભાવથી જોડાયા. તપસ્વીઓની કુલ સંખ્યા થઈ ૧૯૧. આ તપનાં કારણે ભાઈઓના સાન્ધ્ય પ્રતિક્રમણમાં ય નિત્ય ૬૦/૬૫ આરાધકો આવવા માંડ્યા. તપના બન્ને સમયના બિયાસણા સામુદાયિક થતાં. તપના અંતે તમામ તપસ્વીઓનું વિશિષ્ટ બહુમાન થયું. આ ઉપરાંત ૭૨ કલાકના અખંડ જાપ યુક્ત શ્રી લોઢણ પાર્શ્વપ્રભુના અટ્ઠમ - એક ધાન્ય આયંબિલ વગેરે વિવિધ તપસ્યાઓ પણ સામૂહિક થઈ.

તપશ્ચર્યાનો ખરો રંગ જામ્યો પર્યુષણામહાપર્વ આસપાસ. પૂજ્યશ્રીએ પ્રેરણા કરી કે આ વર્ષે પર્યુષણામાં ૧૦૮ અટ્ઠાઈ થવી જોઈએ. સંઘે એ પ્રેરણા એવી સવાચી ઝીલી લીધી કે ૨૭૫ ઘરના સંઘમાં ૨૮૦ અટ્ઠાઈ થઈ!! કેટલા ય ઘરો એવા હતા કે ઘરના તમામ સભ્યોએ અટ્ઠાઈ કરી હોય, તો અમૂક ભાગ્યવાનોએ ચોસઠ પ્રહરી પૌષધમાં અખંડ મૌનપૂર્વક અટ્ઠાઈ કરી. અરે ! કમાલ તો એ થઈ કે પોતાની જૈન સખીઓમાંથી પ્રેરણા લઈને નસીમકુમારી નામે બાર વર્ષની મુસ્લિમ બાળાએ પણ અટ્ઠાઈ તપ કર્યો!! આ ઉપરાંત દશ-દશ માસક્ષમણ થયા. જે ડભોઈ તીર્થમાં ત્યાં સુધીની સર્વપ્રથમવારની ઘટના હતી. સાધુ-સાધ્વીજી પૈકી મુનિ શ્રી રશ્મિરત્નવિજયજીએ અટ્ઠાઈ તપ, સા. શ્રી વિશ્વરમ્યાશ્રીજીએ ૪૫ ઉપવાસ, સા. શ્રી વિશ્વધર્માશ્રીજીએ ૩૬ ઉપવાસ, સા. શ્રી વિશ્વવન્દ્યાશ્રીજી તથા નિઃસંગમિત્રાશ્રીજીએ માસક્ષમણ, સા. શ્રી વિરાજધર્માશ્રીજીએ સિદ્ધિતપ તથા સા. શ્રી વિશ્વદર્શાશ્રીજીએ અખંડ ૫૦૦ આયંબિલતપની આરાધના કરી. સંઘમાં અટ્ઠાઈ અને માસક્ષમણતપ પૂર્ણતાના આરે હતા ત્યારે પૂજ્યશ્રીના ગુણાનુરાગી ગુરુભક્ત અજબબેન ગણેશલાલજી દાવરા પરિવારે તમામ માસક્ષમણ તપસ્વીઓનું સોનાની ચેઇનથી અને અટ્ઠાઇ તપસ્વીઓનું સુવર્ણ વીંટીથી બહુમાન કરવાની ઘોષણા કરી. પર્યુષણા બાદ તમામ તપસ્વીઓના બહુમાનનો ઝાકઝમાળ સમારોહ યોજાયો. અને... તપમાં શિરમોર બાબત હતી ઉપધાનતપ. આસો શુદિ ચૌદશથી આરંભાયેલ એ ઉપધાનતપમાં ૨૨૫ નાના-મોટા તપસ્વીઓએ આરાધના સંપૂર્ણ કરી. તેમાં આઠ થી તેર વર્ષની વયના ૨૭ બાળઆરાધકો હતા, તો માળપરિધાન કરનાર તપસ્વીઓ ૧૪૦ હતા. પ્રવચનો-વાચનાઓ-જ્ઞાનવર્ધક સ્પર્ધાઓથી ભરી ભરી આ ઉપધાન તપ આરાધના ચાતુર્માસની એક યશકલગી બની ગઈ.

અનુષ્ઠાનોની સિલસિલાબદ્ધ શૃંખલામાં સંગીતમય ભાષ્યજાપ સાથે ૧૦૮ પુષ્પોથી શ્રી નમસ્કાર મહામન્ત્ર આરાધનાનો સામૂહિક કાર્યક્રમ યોજાયો, તો માતા-પિતા ઈન્દ્ર-ઈન્દ્રાણી-ચૌદ સ્વપ્ન દર્શાવતી બાલકુમારિકાઓ-છપ્પન દિક્કુમારી આદિ યુક્ત ભવ્યાતિભવ્ય શ્રી પાર્શ્વપ્રભુ ચ્યવન-જન્મકલ્યાણકનો પાંચ કલાકનો ભક્તિકાર્યક્રમ યોજાયો. અનિલ ગેમાવતના સંગે યોજાયેલ આ કાર્યક્રમમાં ભાવિકોની ભીડથી ઉપાશ્રય





## દર્ભાવતીતીર્થોદ્ધારક બન્યા ગોડીપાર્શ્વનાથતીર્થોદ્ધારક :



















વડોદરા–બાબાજીપુરા સંઘના ૫૧૭ વર્ષ પ્રાચીન શિખરબદ્ધ શ્રી ગોડીજી પાર્શ્વનાથ જિનાલયનો આમૂલચૂલ જીર્ણોદ્ધાર પૂજ્યશ્રીની પ્રેરણાથી થયા બાદ યોજાયેલ એના ઐતિહાસિક અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવની આ છે ઝલકો અદ્‌ભુત પરિકર વચ્ચે ગાદીએ વિરાજેલ દાદા ગોડીજી પાર્શ્વનાથનાં દર્શન થાય છે, તો નૂતન રમણીય જિનબિંબોનાં પણ દર્શન થાય છે. આ જીર્ણોદ્ધારના પ્રણેતા પૂજ્યશ્રીને ત્યારે સંઘે યથાર્થપણે 'ગોડીપાર્શ્વનાથ તીર્થોદ્ધારક' બિરુદ અર્પણ કર્યું હતું.








અક્ષરશઃ છલકાઇ ઊઠ્યો હતો. જાણે અંજનશલાકા મહોત્સવ માણતા હોય એવું ભાવોલ્લાસભર્યું વાતાવરણ હતું... પર્યુષણા બાદ ડભોઇનો વિખ્યાત વરઘોડો-સાધ્વીજીઓનો ભવ્ય તપસમાપન સમારોહ અને નવ નવ મહાપૂજનો સહિત ભવ્ય એકાદશાહ્નિક મહોત્સવ યોજાયો. તેમાં ત્રિદિવસીય અરિહંત મહાપૂજને અનેરી ભાત ઉપસાવી. પૂજ્યશ્રીએ પચ્ચીશ કુસુમાંજલિના વિધાન પ્રસંગે શ્રી અરિહંત પરમાત્માની અનેકવિધ વિશિષ્ટતાઓ હૃદયંગમ રીતે સમજાવી. લગભગ ચાલીશ વર્ષો બાદ ડભોઇમાં આ મહાપૂજન યોજાયું હતું... પૂજ્યપાદ મહોપાધ્યાયજીની અંતિમભૂમિ યશોવાટિકા શ્રુતતીર્થ સમી પાવન ભૂમિ હતી. પૂજ્યશ્રીએ ત્યાં સરસ્વતી સાધના અનુષ્ઠાન યોજતાં એનાં મુખ્ય લાભાર્થી બનવાની ઉછામણી ધારણા કરતાં દશગણી માતબર થઇ હતી. આ અનુષ્ઠાન નિમિત્તે પૂ. મહોપાધ્યાયજી તથા સરસ્વતીદેવી અત્યાકર્ષક લેમીનેટેડ વિશાલ પ્રતિકૃતિ એક હજારની સંખ્યામાં તૈયાર કરાવાઇ અને તે ડભોઇ-વડોદરા-અમદાવાદ-મુંબઇના પ્રત્યેક ડભોઇના વતની પરિવારોને અપાઇ. સરસ્વતી સાધનાનુષ્ઠાન પૂર્વે ભવ્ય વરઘોડો યોજાયો અને તે પછી યશોવાટિકામાં અનુષ્ઠાન થતાં આરાધકોથી યશોવાટિકા ભરચક થઇ ગઇ...

કાર્તિકી પૂર્ણિમાએ પૂજ્યશ્રી આદિના ચાતુર્માસ પરિવર્તનનો લાભ સંઘપ્રમુખ મફતભાઇ કંસારા પરિવારે માતબર ઉછામણી દ્વારા લીધો હતો. સવારે ૧૨.૦૦ ક. સુધીમાં એ કાર્યક્રમ સરસ સંપન્ન થયા બાદ, બપોરે યશોવાટિકામાં શત્રુંજય ભાવયાત્રાનું વિશિષ્ટ આયોજન થયું. તે મુજબ જૈન વાગાના ચાર અલગ-અલગ વિભાગમાંથી ચાર પદયાત્રાસંઘનું પ્રસ્થાન થયું. દરેક પદયાત્રાસંઘના એકેક સંઘપતિ હતા, દરેક પદયાત્રા સંઘ પોતપોતાના બેનર સાથે એકની પછી એક ક્રમબદ્ધ પ્રસ્થાન કરતો હતો. બારસોથી વધુ ભાવિકો આ આયોજનમાં સામેલ હતા. બપોરના દોઢથી સાંજના સાડા પાંચ સુધીના આ આયોજનમાં ભાવયાત્રાના અંતે યશોવાટિકામાં જ સાધર્મિકવાત્સલ્ય યોજાયું... આ મુખ્ય મુખ્ય અનુષ્ઠાનો ઉપરાંત પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીના જન્મદિનની અનેકવિધ આયોજનો સહ ઉજવણી તેમજ જૈન તત્ત્વજ્ઞાનનું પ્રેક્ટીકલ પ્રદર્શન-ઓપન બુક એક્ઝામ-બે દિવસની વિશિષ્ટ ક્વીઝ વગેરે શ્રુતભક્તિ આયોજનો પણ અનેક થયાં...

પર્યુષણા મહાપર્વ બાદ કેટલાક ભાવિકોએ પૂજ્યશ્રીને વિનંતિ કરી કે આપનાં પગલાં સંઘના દરેક ઘરે થાય તો બહુ સરસ. પૂજ્યશ્રી એટલા સરલમનના હતા કે જો પરિવારોમાં પ્રસન્નતા વ્યાપતી હોય તો ઘરે ઘરે પધારવાનો શ્રમ લેવા પણ તુર્ત તત્પર હતા. સવારે ૬.૩૦ થી ૭.૩૦ પ્રવચન અને તે પછી ૮.૩૦ થી ૧૦.૩૦ ઘરે ઘરે પગલાં. એવું ક્રમબદ્ધ આયોજન હતું કે નાનામાં નાના સાધર્મિક બંધુનું ઘર પણ બાકાત ન રહે. આજે જ્યાંથી પગલાં બાકી રહ્યા હોય, કાલે ત્યાંથી પગલાં શરુ થાય. જે વિસ્તારમાં પૂજ્યશ્રી પધારે તે વિસ્તારમાં લોકો ટોળે વળે. એ સમયે લોકોનાં મુખ પર જે આનંદ છલકાય એ તો પ્રત્યક્ષ જોનારને જ સમજાય. એક ઉદાહરણ ટાંકીએ તો, આ ક્રમમાં પૂજ્યશ્રી જ્યારે મનાપોર ચકલા વિસ્તારમાં શ્રી પદ્મકાંતભાઇના ઘરે પધાર્યા ત્યારે એ ભાવાવેગમાં બોલી ઊઠ્યા કે ''સાહેબજી! આપ મારા કૃષ્ણ અને હું આપનો સુદામા. કૃષ્ણનાં ઘરે સુદામા જાય, પણ સુદામાનાં ઘરે કૃષ્ણ ક્યાંથી? અહોભાગ્ય મારાં...'' માત્ર આ પગલાં પ્રસંગે જ નહિ, અન્યત્ર પણ પૂજ્યશ્રીની સરલતાનાં સુભગ દર્શન થતાં. એક એવો પ્રસંગ જોઇએ તો, એ ચાતુર્માસમાં પૂજ્યશ્રીના સહાધ્યાયી જૈનેતર મિત્રો વારંવાર આવતા. બાવન-ચોપન વર્ષે એમણે પૂજ્યશ્રીનાં દર્શન કર્યા. પોતાનો મિત્ર મહાન ધર્મગુરુ છે એનાથી એમને થતો હર્ષ એમનાં મુખ પર વર્તાતો. એ સહુ લગભગ નિવૃત્ત અને મધ્યમ સ્થિતિના હતા. ક્યારેક સપ્તાહમાં બબ્બે-ત્રણ ત્રણ વાર પણ એ આવી જાય. પૂજ્યશ્રી જરા ય કંટાળ્યા વિના એમની સાથે અર્ધો-પોણો કલાક વિતાવે અને એમને યોગ્ય વાર્તાલાપ કરે-પ્રેરણા આપે. સરલતા અને નમ્રતા સિવાય આ શે બને?

હવે નિહાળીએ આ ચાતુર્માસની શિરમોર ઘટના અર્થાત્ પાંચ-પાંચ મુમુક્ષુઓની દીક્ષાની જય. વિ.સં. ૨૦૫૬ ના એ વર્ષ સુધીમાં ડભોઇમાંથી મુમુક્ષુ ભાઇ-બેનોની દીક્ષા તો કુલ ૧૨૩ થઇ હતી. પરંતુ એમાં પ્રાયઃ એક પણ ભાઇની દીક્ષા ડભોઇમાં થઇ ન હતી. બધા ય ભાઇઓની દીક્ષા ડભોઇની બહાર થઇ હતી અને તે ય એક સાથે તો એક યા બે. પરંતુ પૂજ્યશ્રીના પ્રબળ પુણ્યપ્રભાવે એ ચાતુર્માસમાં એક સાથે પાંચ-પાંચ મુમુક્ષુઓ સંયમપંથે સંચરવા સજ્જ બન્યા અને એમાનાં ચાર મુમુક્ષુ ભાઇઓ તો ડભોઇના જ હતા. દર્ભાવતીના છેલ્લા શતાધિક વર્ષોના ઇતિહાસની આ શકવર્તી ઘટના હતી. સાથે જ નોંધપાત્ર બાબત એ હતી કે પૂ. યુગદિવાકર ગુરુદેવના સમુદાયમાં ય અદ્યાવધિ એક સાથે આટલા મુમુક્ષુ ભાઇઓની દીક્ષા સર્વપ્રથમ હતી. દીક્ષાર્થીઓની કેટલીક બાબતો ખરેખર આશ્ચર્યજનક હતી.

તમામ દીક્ષાર્થીઓમાં જેની વય સૌથી નાની હતી તે બાલકુમાર અંકુર શૈલેશભાઇ શાહનો પૂજ્યશ્રીના પરિવાર સાથે આ ચાતુર્માસપ્રવેશ પૂર્વે કોઇ જ સંબંધ કે સંપર્ક ન હતો. મેં અંકુરને સર્વપ્રથમ નિહાળ્યો ચાતુર્માસપ્રવેશના બીજા દિવસે. બપોરે એ સામાયિક કરવા આવ્યો અને મારી પાસે એક જ સામાયિકમાં પાંચ ગાથા એણે કરી ત્યારે એના પર મારું ધ્યાન ખેંચાયું. મુનિ શ્રી રશ્મિરત્નવિજયજીએ પણ સંસ્કારસિંચન કરતાં એણે સ્કૂલના અભ્યાસની સાથોસાથ ૧૦૮ પાર્શ્વનાથ તપ કર્યો અને નિત્ય ઉપાશ્રયે રાત્રિ શયન-અભ્યાસ વગેરે શરુ કર્યા. અમારી ગણતરી એને ઉપધાનતપ કરાવીને પછી શાળાની રજાઓમાં વિહારતાલિમ આપવાની હતી. પરંતુ પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવે અસર કરી હોય એમ અંકુરે સ્વયં એ વાત શરુ કરી કે ''મારે ઉપધાન નહિ, આ ચાતુર્માસ પછી તુર્ત દીક્ષા લેવી જ છે.'' એના જ આગ્રહથી એના માતા-પિતાને માત્ર એક જ વાર પ્રેરણા કરી અને તેઓ દીક્ષા આપવા તત્પર થઇ ગયા. સૌથી મહત્ત્વની વાત એ હતી કે અંકુર એમનો એકનો એક દીકરો હતો. અગિયાર વર્ષનો દેવકુમાર જેવો બાળક, ક્યારે ય એકાદ કિલોમીટરનો વિહાર નહિ અને માત્ર ત્રણ માસના પરિચયમાં માતા-પિતા સહર્ષ સંમતિ

આપે એને પૂજ્યશ્રીનો પુણ્યપ્રભાવ નહિ તો શું કહેવું ? સૌથી પ્રથમ દીક્ષાની સંમતિ અંકુરના પરિવારની થઇ.

બીજી દીક્ષાની સંમતિ મળી મુનિ શ્રી રશ્મિરત્નવિજયજીના લઘુબંધુ મુમુક્ષુ હિરેનકુમાર અંગેની. એમની દીક્ષાની વાતો લગભગ નિર્ણયાત્મક સ્તરે હતી. ત્યાં અંકુરનો દીક્ષા નિર્ણય થતાં એમના પરિવારની દીક્ષાસંમતિ તુરત થઇ ગઇ. બીજા બે યુવાન મુમુક્ષુ હતા અંકિતકુમાર તથા ભાવિનકુમાર. ઇ.ઇજ્ઞળ. નું અંતિમ વર્ષ એમનું હતું. એથી ધાર્યું હોત તો ઇ.ઇજ્ઞળ. ની ઉચલયિચ લીધા બાદ પણ દીક્ષાનો વિચાર કરી શકત. પરંતુ એ બન્નેએ ત્વરિત દીક્ષાનિર્ણય કર્યો અને પરિવારની સંમતિ ય મળી ગઇ. ખૂબી એ છે કે આ બન્ને મુમુક્ષુઓ પૂર્વે રજાઓમાં અમારી પાસે સંયમતાલિમ લઇ ગયા હતા. કિંતુ ત્યારે એમના પરિવારો તરફથી સંમતિ મળતી ન હતી. આ ચાતુર્માસમાં માત્ર બે-ત્રણ દિવસમાં એ સંમતિ સહર્ષ પ્રાપ્ત થઇ ગઇ. પૂજ્યશ્રીના ઝળહળતા પુણ્યપ્રભાવનું આ પરિણામ હતું.

આસો શુદિ ચૌદશે એક તરફ ૨૨૫ આરાધકોના ઉપધાનતપનો પ્રારંભ થયો એ જ સમયે અલગ અલગ શેરીઓમાંથી વાજતે ગાજતે જબરજસ્ત ઉમંગ વચ્ચે ઉપરોક્ત દરેક મુમુક્ષુના તથા મુંબઇના યુવામુમુક્ષુ કુ. પીન્કી પ્રમોદભાઇ શાહના દીક્ષામુહૂર્ત વધામણાંના વરઘોડા નીકળ્યા. ૮.૦૦ ક. તો ઉપાશ્રયહૉલ ચિક્કાર થઇ ગયો. એકેક મુમુક્ષુના વકતવ્યો થતા ગયા તેમ તેમ ઉપાશ્રયહૉલ તાળીઓના ગડગડાટથી ગાજતો ગયો. પૂજ્યશ્રીએ તમામ મુમુક્ષુઓની દીક્ષાનું મુહૂર્ત માગશર શુદિ પંચમીનું ફરમાવ્યું. એ જ દિવસે ઉપધાનતપમાળારોપણ સમારોહ પણ થનાર હતો. પૂજ્યશ્રીએ મુહૂર્ત પ્રદાન સમયે એક અગત્યની વાત કરી કે ''ક્યારેક સામૂહિક દીક્ષાઓમાં એક મુખ્ય મુમુક્ષુનાં નામે મુહૂર્ત અપાય છે અને અન્ય સર્વનો સમાવેશ તેમાં કરાય છે. પરંતુ આ માગશર શુદિ પંચમીનું મુહૂર્ત એવું શ્રેષ્ઠ છે કે એમાં પ્રત્યેક મુમુક્ષુનું વ્યક્તિગતરૂપે મુહૂર્ત ઉપલબ્ધ છે.'' સંઘના પ્રમુખ શ્રી મફતભાઇએ એમનાં વક્તવ્યમાં મજાની વાત કરી કે ''આ ચાતુર્માસમાં પૂજ્ય સાહેબજીએ આ વિશાલ ઉપાશ્રયરૂપે અને દર્ભાવતીતીર્થોદ્ધારના અનેક મહાન કાર્યોની જવાબદારી સંભાળવારૂપે સંઘને ઘણું ઘણું આપ્યું છે. તો ડભોઇનો સંઘ પણ પાછી પાની કરે એવો નથી. સંઘે પણ આ મુમુક્ષુઓનાં રૂપમાં પૂજ્ય સાહેબજીને ઘણું ઘણું આપ્યું છે. ગુરુદેવ પધાર્યા ત્યારે એમને ય કલ્પના નહિ હોય કે આટલા શિષ્યો અહીંથી મળશે. પણ સંઘે આ અશક્ય જેવું શક્ય કર્યું છે.''

આટઆટલા મુમુક્ષુઓની દીક્ષાની જય બોલાતાં પૂજ્યશ્રીના દર્ભાવતીતીર્થના જન્મભૂમિના એ ચાતુર્માસને ચાર ચાંદ લાગી ગયા. સહુ કોઇનાં મુખમાં ત્યારે એ જ શબ્દો હતા કે ''જન્મભૂમિમાં જય જયકાર''...

• • •



## પ્રકરણ : ૩૫

# દર્ભાવતીતીર્થોદ્ધારક...

કેટલીક ઘટનાઓ એવી વિરલ સર્જાતી હોય છે જે એની સાથે સંલગ્ન સંસ્થાઓ માટે-ક્ષેત્ર માટે-પ્રજા માટે શકવર્તી સ્વરૂપ પામી જઇ ભાવિ સમયની અપેક્ષાએ ઇતિહાસરૂપ બની જાય. એવો ઇતિહાસ કે જે દાયકાઓ જ નહિ, સૈકાઓ પર્યંત સંસ્મરણીય બની રહે. એમાં ય કમાલ ઘણી વાર એવી રચાતી હોય છે કે ઇતિહાસ ભલે સૈકાઓ પર્યંત સ્મરણીય બને તેવો આલેખાય, કિંતુ એનું આલેખન બહુ જૂજ સમયમાં-કેટલાક કલાકોમાં યાવત્ કેટલીક ક્ષણોમાં ય થઇ જતું હોય છે.

પૂજ્યશ્રીના ઐતિહાસિક ચાતુર્માસ દરમ્યાન દર્ભાવતીતીર્થોદ્ધાર અંગે આવું જ બન્યું. નવાં એક નહિ, ૧૧-૧૧ મહત્ત્વપૂર્ણ સ્થાયી કાર્યોનો નિર્ણય એ ચાતુર્માસમાં એવો થયો કે જેની શુભ અસરો દર્ભાવતીતીર્થ-ત્યાંની સાંપ્રત તથા ભાવિ પેઢી તેમજ પ્રભુશાસનપર દાયકાઓ-સૈકાઓ પર્યંત ઝિલાયા કરે. આ સ્થાયી કાર્યોની શૃંખલાનાં માધ્યમે પૂજ્યશ્રીની પ્રભાવક પ્રેરણા-નિશ્રામાં જે દર્ભાવતીતીર્થોદ્ધાર થયો એનો નિર્ણય તો ખૂબ ત્વરિત-અલ્પ સમયમાં થયો હતો. ઘટના એ કાંઇક આવી બની હતીઃ

પૂજ્યશ્રીના ચાતુર્માસપ્રવેશપ્રસંગે ઉપસ્થિત દર્ભાવતીતીર્થવિકાસસમિતિના મુંબઇ નિવાસી એક અગ્રણી શ્રી નટુભાઇ વાસણાવાળાએ બીજા દિવસે સવારે પૂજ્યશ્રીને કહ્યુંઃ ‘‘સાહેબજી! આપની દૃષ્ટિએ ડભોઇતીર્થના ઉદ્ધાર માટે-વિકાસ માટે કયા

કયા કાર્યો કરવા યોગ્ય છે એની એક વિચારણા આપ કરી રાખશો. અમે ઇચ્છીએ છીએ કે આપના જેવા પ્રભાવક ગુરુભગવંત ગામમાં પધાર્યા છે તો તીર્થનો સર્વાંગીણ વિકાસ થાય. વિચારણા કરી રાખી હશે તો વહેલાં-મોડાં એ કાર્યો હાથ પર લઇ શકાશે.'' પૂજ્યશ્રીએ મારી સમક્ષ જોયું. અમે બન્નેએ સંમતિ આપી. અલબત્ત, આ વાત એટલી સહજ-સ્વાભાવિક થઇ હતી કે આમાં તુર્ત આગળ વધવાનું આવશે તેવો અમારા બેમાંથી કોઇને અંદાજ ન હતો. અમે આને ફક્ત એક સામાન્ય સૂચન સમજ્યા હતા, વિચારણા કરી રાખવા પૂરતી વાત જ સમજ્યા હતા.

કિંતુ નટુભાઇ અને એમના મુંબઇના સાથીઓ શ્રી જે.સી. શાહ-રમણિકભાઇ-જયપ્રકાશભાઇ તથા કુમારપાલભાઇ પોતાના ઇરાદામાં સ્પષ્ટ હતા. શ્રાવણમાસમાં તેઓ સમિતિની મીટીંગ માટે ડભોઇ આવ્યા ત્યારે અમારી પાસે કાર્યોની સૂચિ માંગી. અમે કરવા યોગ્ય અગિયાર કાર્યોની સૂચિ દર્શાવી. તુર્ત નટુભાઇ બોલ્યાઃ ''સાહેબજી! આજે રાત્રે સમિતિની મીટીંગમાં આ બધાં કાર્યોની યાદી રજૂ કરીશ. મીટીંગમાં આ બધી વાતો મંજૂર કરાવવાની જવાબદારી મારી. પરંતુ મારી વિનંતિ છે કે આ તમામ બાબતોની આર્થિક પ્રેરણા-માર્ગદર્શનની જવાબદારી આપ સ્વીકારો. તીર્થનું સો-બસો વર્ષનું ભાવિ સદ્ધર થાય એ મારું લક્ષ્ય છે અને આપે એ જવાબદારી સ્વીકારવી જ જોઇશે.'' હવે અમને સ્પષ્ટ સમજાયું કે નટુભાઇ આયોજનપૂર્વક આગળ વધી રહ્યા હતા અને અમારી પાસે Commitment માંગી રહ્યા હતા. હું નક્કર વાસ્તવિકતા વિચારી રહ્યો હતો કે 'આ રીતે ઉતાવળે Commitment આપી દેવાથી એ કાર્યો કરવાની જવાબદારી ઉઠાવવી જ પડશે. આટલી બધી જવાબદારી એક સાથે લેતા પૂર્વે શક્યતાની ચકાસણી માટે વિચારવું તો જોઇએ જ.' હું હજુ કાંઇ બોલું એ પૂર્વે તો પૂજ્યશ્રીએ હસતાં હસતાં ઉત્તર આપી દીધો કે ''કાંઇ વાંધો નહિ. તમે આગળ વધો. બધું સારું થશે.'' માત્ર એક ક્ષણમાં પૂજ્યશ્રીએ આપેલ આ પ્રત્યુત્તરે દર્ભાવતીતીર્થોદ્ધારનો ઇતિહાસ સર્જવાનું કાર્ય કર્યું. નટુભાઇ વગેરે એકદમ ઉત્સાહિત થઇ ગયા અને એ જ રાત્રે દર્ભાવતીતીર્થવિકાસસમિતિની મીટીંગમાં સર્વાનુમતે દર્ભાવતીતીર્થોદ્ધારનાં એ કાર્યો પૂજ્યશ્રીના વરદ હસ્તે કરાવવાનો નિર્ણય થયો.

બીજા દિવસે સવારે નટુભાઇ એ નિર્ણયની જાણ કરવા આવ્યા ત્યારે પણ મારાં મનમાં અસમંજસ હતી કે 'આટલી મોટી જવાબદારી એકાએક કેમ સ્વીકારી શકાય?' પરંતુ પૂજ્યશ્રીની હકારાત્મકતા અને નિશ્ચિંતતા જોતાં કાંઇ કહેવાનો અવકાશ ન હતો. પૂજ્યશ્રીનો આ ઉદાર-વત્સલ અભિગમ, નટુભાઇ વગેરેની નિર્ણયાત્મકતા અને સંઘપ્રમુખ મફતભાઇ કંસારાની દરેક કાર્યો સવાયો આત્મભોગ આપીને ખંતથી કરવાની ધગશ : આ ત્રિવેણીસંગમનાં કારણે જ દર્ભાવતીતીર્થોદ્ધાર શક્ય બન્યો હતો એમ નિઃશંક કહી શકાય. સૂચિત અગિયાર કાર્યો ઉપરાંત એની પૂર્વે પૂજ્યશ્રી હસ્તક (૧) બારમાસી આયંબિલખાતાની સ્થાપના (૨) આલીશાન શ્રાવક ઉપાશ્રયનો સંપૂર્ણ પુનરુદ્ધાર અને (૩) જૈન ભવનમાં સર્વાધિક મહત્તમ યોગદાન જેવા અન્ય ત્રણ મોટા કાર્યો થઇ ચૂક્યા હતા, તો ભાવિમાં (૧) શ્રી લોઢણ પાર્શ્વનાથગર્ભગૃહ તથા રંગમંડપનો ભવ્ય પુનરુદ્ધાર (૨) શ્રેણિક શેરી શાંતિનાથ જિનાલયનો આમૂલચૂલ જીર્ણોદ્ધાર અને (૩) વાડીશેરી ચોકની ધર્મશાળાનું સંપૂર્ણ ભવ્ય પુનર્નિર્માણ કરવાના નિર્ણયો પૂજ્યશ્રીના હસ્તક થતાં કુલ સત્તર-સત્તર મહાન કાર્યો પૂજ્યશ્રીના હસ્તે દર્ભાવતી તીર્થોદ્ધાર સંબંધી થયા.* એ ચાતુર્માસમાં પૂજ્યશ્રી હસ્તક નિર્ધારિત થયેલ નવાં અગિયાર કાર્યોની સૂચિ આ મુજબ હતીઃ (૧) મોદીશેરીના પ્રાચીન શાંતિનાથ જિનાલયનો આમૂલચૂલ જીર્ણોદ્ધાર (૨) દ્વિમજલી પાઠશાલાભવનનું સંપૂર્ણ પુનર્નિર્માણ (૩) શ્રી લોઢણ પાર્શ્વનાથજિનાલયે ત્રણ અધિષ્ઠાયકકુલિકાનિર્માણ (૪) યશોવાટિકામાં શ્રી આદીશ્વર જિનાલય તથા ત્રણ ગુરુમંદિરોનાં નિર્માણ (૫) યશોવાટિકામાં સાધનાસદન ઉપાશ્રય નિર્માણ (૬) સંપૂર્ણ યશોવાટિકાનો આમૂલચૂલ ઉદ્ધાર (૭) શ્રી લોઢણ પાર્શ્વનાથ-મૂલકૂપઉદ્ધાર (૨) શ્રાવિકા- ઉપાશ્રયપુનનિર્માણ (૯) જૈન ભોજનશાળાસ્થાપના (૧૦) વિરાટ પાંજરાપોળ પુનરુદ્ધાર (૧૧) એક હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરે તેવી સંઘસંચાલિત નવપદ હાઇસ્કૂલનિર્માણ.

આ નૂતન અગિયાર ધર્મકાર્યો પૈકી કેટલાક કાર્યોનો પ્રારંભ .'શુભસ્ય શીઘ્રમ્' ની જેમ તે જ ચાતુર્માસમાં થયો અને તે પૈકીનાં કેટલાક કાર્યો ત્વરિત પૂર્ણ પણ કરાયા. જેમ કે એકસો પાંચ વર્ષ પુરાણાં પાઠશાળાભવનને સંપૂર્ણ જમીનદોસ્ત કરી તે સ્થાને નૂતન ભવ્ય ત્રિમજલી પાઠશાળાભવનનાં નિર્માણ સંબંધી ખનન-શિલાન્યાસ તે ચાતુર્માસમાં થયું. પર્યુષણા મહાપર્વના અંતિમ દિન સંવત્સરીના માહોલમાં તેની ઉછામણી થતાં માતબર રકમમાં તેનો આદેશ અપાયો... બીજા અગત્યનાં કાર્યરૂપે આસો શુદિ ચતુર્થીએ પૂજ્યશ્રીની નિશ્રામાં વિશાલ જૈન ભવનનો ડ્રો સમારોહ યોજાયો. આ જૈન ભવનની કલ્પવૃક્ષ કૂપન યોજનામાં મહત્તમ માર્ગદર્શન પૂજ્યશ્રીનું હતું, તો મહત્તમ દાન પણ પૂજ્યશ્રીની પ્રેરણાથી મળ્યું હતું. આ ઉપરાંત બે વિરાટ હૉલ અને તમામ ખંડોનું દાન પણ વિવિધ દાતાઓએ પૂજ્યશ્રીની પ્રેરણાથી આપ્યું હતું. સૌથી મહત્ત્વની વાત એ હતી કે આ નૂતન જૈન ભવન ભલે આલીશાન-વિરાટ બન્યું હતું. પરંતુ એની ભવ્યતામાં નિખાર તો જ આવે કે જયારે એના વાડીશેરી તરફના પ્રવેશમાર્ગ પર વિશાલ પ્રવેશદ્વાર રચાય. એમાં અવરોધ હતો પુરાણી ચાલીની કેટલીક રૂમો. જ્યાં સુધી એ ચાલીમાં વસતા પરિવારો

* આ પૈકી શ્રેણિક શેરી શાંતિનાથજિનાલયપ્રતિષ્ઠા-વાડીશેરીચોકમાં આલીશાન ધર્મશાળાનિર્માણનાં કાર્યો પૂજ્યશ્રીના કાળધર્મ બાદ મારા હસ્તક થયાં. ત્યારે પૂજ્યશ્રીના ત્રણ ભવ્ય ગુરુમંદિરોની આ દર્ભાવતીતીર્થમાં જ પ્રતિષ્ઠા ઉપરાંત તીર્થના દ્વિમજલી કાર્યાલયનું ય આયોજન થયું.

સ્વેચ્છાએ રૂમો અર્પણ ન કરે ત્યાં સુધી પ્રવેશદ્વાર શક્ય ન હતું. ચાલી જૈન સંઘની જ હતી. પરંતુ એનું ભાડું દાયકાઓ પૂર્વે ઠરાવેલ એટલું સામાન્ય હતું કે સામાન્યપણે કોઇ પરિવાર જલ્દીથી એ રૂમ પરનો હક જતો ન કરે. આ પૂર્વે સંઘે તે તે પરિવારો સાથે મીટીંગો કરી હતી. પરંતુ પરિણામ આવ્યું ન હતું. પૂજ્યશ્રીનાં આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીએ આ પ્રશ્ન હાથ પર ધર્યો અને માત્ર એક જ વારની મુલાકાતમાં ચારે ય રૂમના પરિવારોએ સ્વેચ્છાએ એક રૂપિયાનું વળતર લીધા વિના રૂમો સંઘને સમર્પિત કરી દીધી. ડભોઇના સંઘ પર પૂજ્યશ્રીનો આ પણ એક મહત્ત્વપૂર્ણ ઉપકાર હતો.

ત્રીજી બાબત આરંભાઇ મોદીશેરીના પ્રાચીન શાંતિનાથજિનાલયપુનરુદ્ધારની. આસો શુદિ પૂર્ણિમાએ તમામ શ્રી જિનબિંબો આદિનું વિધિપૂર્વક ઉત્થાપન પૂજ્યશ્રીની નિશ્રામાં થયા બાદ ભવ્યાતિભવ્ય વરઘોડો યોજાયો ત્યારે ભાવિકોની ભીડ એવી જબરજસ્ત હતી કે આ વરઘોડો ઉત્થાપનનો છે કે પ્રતિષ્ઠાનો એ ન સમજાય. ઉપધાનતપની પ્રથમ નીવિનો દિવસ હતો અને એક વાગ્યા બાદ તમામ પ્રભુજી આદિની શ્રી લોઢણપાર્શ્વજિનાલયે ચલપ્રતિષ્ઠા હતી. છતાં તમામ ઉપધાનતપસ્વીઓ એ વરઘોડામાં સામેલ થયા હતા. અન્ય બે મહત્ત્વનાં કાર્યો ત્વરિત આરંભીને ત્વરિત પૂર્ણ કરાયા. એમાંનું પ્રથમ કાર્ય હતું શ્રી લોઢણપાર્શ્વનાથ જિનાલયની સોપાનશ્રેણિની બરાબર સન્મુખ શ્રી ઘંટાકર્ણવીરદેવ-શ્રી સરસ્વતીદેવી-શ્રી લક્ષ્મીદેવીની કુલિકાઓનું નિર્માણ. બીજું કાર્ય હતું યશોવાટિકાસંકુલમાં પૂજ્યપ્રવર દર્ભાવતીશેખર આ. શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મ.-પૂજ્યપાદ સિદ્ધાંતનિષ્ઠ આ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.-પૂજ્યપાદ યુગદિવાકર આ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.ના ત્રણ ભવ્ય ગુરુમંદિરોનાં નિર્માણ. આ ત્રણે ય ગુરુમંદિરો સંગેમરમરના અને તત્રસ્થિત પૂજ્યપાદ પ્રવચનપ્રભાવક આ. શ્રી મોહનસૂરીશ્વરજી મ.ના ગુરુમંદિર જેવા જ કરવાના હતા. આ બન્ને કાર્યો ત્વરિત સંપૂર્ણ કરી તેની પ્રતિષ્ઠા, ઉપધાનમાળ તથા સામૂહિક દીક્ષાના મહોત્સવ સાથે જ કરવાનો નિર્ણય થયો.

પૂજ્યશ્રી દ્વારા જન્મભૂમિના તીર્થ પર થઇ રહેલી આ અપ્રતિમ ઉપકાર વર્ષામાં એક અગત્યની અને ઉલ્લેખનીય બાબત હતી પૂ. મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ.ની અંતિમ ભૂમિનાં નામે ઊભા કરાયેલ વિવાદમાં પૂજ્યશ્રીએ લીધેલ મક્કમ અને નિર્ણાયક નેતૃત્વની. અનેક લંબાણભર્યા-નક્કર હકીકતભર્યા પત્રો અને Meetingના અંતે સામા પક્ષ તરફથી ફરજિયાત પીછેહઠ થતા જે પ્રકરણનો અંત આવ્યો હતો તે આ અદીર્ઘદર્શિતાથી ઊભા કરાયેલ વિવાદની સંક્ષિપ્ત માહિતી આ પ્રમાણેની છેઃ

પૂજ્યપાદ મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિવરની અંતિમસમાધિભૂમિરૂપે સર્વત્ર સુપ્રસિદ્ધ 'યશોવાટિકા'નાં સ્થાનથી થોડે દૂરના ભાગે એક ખેડૂતનું ખેતર હતું. ત્યાં વચ્ચે એક નાની જર્જરિત માત્ર દીવાલ અને તેમાં ત્રણ નાના ગોખ હતા. સાવ તૂટી-ફૂટી એ નાની દીવાલના આધારે પોતાનું ખેતર મોટી રકમમાં વેચવા ખેડૂતે વાત ચલાવી કે 'આ જગ્યાએ શ્રી યશોવિજયજીની અંતિમસમાધિ હતી.' એની વાત સાથે કોઇ નાનો ય પુરાવો ન હોવાથી ડભોઇના સ્થાનીય જૈન સંઘે એ વાતને વ્યાજબી રીતે જ કોઇ મહત્ત્વ ન આપ્યું. પરંતુ વિ.સં. ૨૦૫૪ની આસપાસના સમયમાં તપાગચ્છના એક મોટા સમુદાયના પ્રસિદ્ધ ગચ્છાધિપતિની પ્રેરણાથી તેમના શ્રાવકોના ટ્રસ્ટે એ ખેતર ખરીદી લીધું. કમનસીબી એ હતી કે એમણે ન તો હાલની યશોવાટિકાસંબંધી નજરે તરી આવે તેવા જવલંત પુરાવાઓ તરફ નજર કરવાની તસદી લીધી કે ન તો એમણે ખરીદેલ નવી જગ્યાની એકમાત્ર તૂટી-ફૂટી દીવાલનો ઇતિહાસ જાણવાની તસદી લીધી. અરે ! સતત ત્રણસોથી અધિક વર્ષો પર્યંત પૂ. મહોપાધ્યાયજીનું સ્મારક ભક્તિપૂર્વક સાચવી રહેલ ડભોઇ જૈન સંઘના ટ્રસ્ટીગણને મળવાનો-એમનો અભિપ્રાય જાણવાની દરકાર પણ એ ટ્રસ્ટે ન કરી. જગ્યા ખરીદાઇ એથી ચોંકી ગયેલ ડભોઇ સંઘે મુંબઇમાં પૂજ્યશ્રી પાસે આવીને પોતાની દહેશત વ્યક્ત કરી કે ''જો એ સ્થાનને વિકસાવી મૂળ અંતિમસમાધિના નામે રજૂ કરાય તો પૂ. મહોપાધ્યાયજીનું અંતિમસમાધિસ્થળ નાહક વિવાદગ્રસ્ત બની જશે.''

પૂજ્યશ્રીએ આ પ્રશ્નની ગંભીરતા પરખીને એના તમામ પાસાઓના અભ્યાસ સાથે મક્કમ વલણ દર્શાવવાનો નિર્ણય કર્યો. પૂજ્યશ્રીએ ત્રણ મહત્ત્વની બાબતો પોતાની તર્કનિપુણ બુદ્ધિથી આ વિચારી કે '(૧) પૂ. મહોપાધ્યાયજીના શિષ્યોએ સ્વહસ્તે જેની પ્રાણપ્રતિષ્ઠા કરી છે તે પગલાં વિ.સં. ૧૭૪૫ થી 'યશોવાટિકા'માં પ્રતિષ્ઠિત છે. પાદુકા પર ૧૭૪૫ના વર્ષનો શિલાલેખ મોજૂદ છે. આટલો પ્રબળ પુરાવો 'યશોવાટિકા'નાં ગુરુમંદિરમાં છે. તો પછી અન્ય સ્થાને અંતિમ સમાધિ હોવાની સંભાવના જ ક્યાંથી હોય? (૨) ધારો કે આ પગલાં પૂર્વે પેલા ખેતરમાં હોય અને પછી 'યશોવાટિકા' માં લવાયા હોય તો તેવો કોઇ ઇતિહાસ-તેવી કોઇ ઘટના કે કમ સે કમ કિંવદન્તી પણ ગામના જૈન વૃદ્ધ પુરુષો પાસેથી સાંભળવા મળે. મેં ખુદ આજપર્યંતના આયુષ્યકાળમાં આવી વાત અછડતી ય સાંભળી નથી, તો નક્કર ઇતિહાસ વિના નવી જગ્યાને વજૂદ કેમ અપાય? (૩) હજુ ધારી લઇએ કે કોઇ તોફાન વગેરે કારણે મૂળ પગલા ખેતરમાંથી સ્થાનાંતરિત કરાયા હોય તો એને ત્યાંથી થોડે દૂર યશોવાટિકામાં ન રાખતાં સંઘ દૂરંદેશીથી ગામમાં જ લઇ આવે. આ બધું જોતાં આછી-પાતળી ય સંભાવના ખેતરમાં અંતિમસમાધિની લાગતી નથી.' એ જ વર્ષે ડભોઇતીર્થે પધારેલ શાસનસમ્રાટ સમુદાયના પૂ.પં. શ્રી શીલચન્દ્રવિજયજી ગણિવરે નવી જગ્યા પર જાતનિરીક્ષણ અને સંશોધન કર્યાના સમાચાર પૂજ્યશ્રીને મળતાં પૂજ્યશ્રીએ એમનાં સંશોધનનું તટસ્થ તારણ પાઠવવા એમને જણાવ્યું. એમનાં તારણનો સાર એ હતો કે ''એ સ્થાન (ખેતરવાળાં સ્થાન)ની દીવાલ જોતાં એ હિંદુ કે જૈન કોઇનું અંતિમસમાધિસ્થાન નથી જ. એ કોઇ હિંદુ દેવતાનું સ્થાનક જણાય છે. વસ્તુતઃ

યશોવાટિકા જ પૂ. મહોપાધ્યાયજીની મૂળ સમાધિભૂમિ છે.'' એમણે તો જાણીતા પુરાતત્ત્વવિદ્ ર.ના. મહેતાનો પણ અભિપ્રાય લીધો હતો.

પૂજ્યશ્રીએ આ વિવાદનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવા સંઘને નવાં સ્થાનના ટ્રસ્ટના પ્રેરક ગચ્છાધિપતિને રૂબરૂ મળવાનું સૂચન કર્યું. તે મુજબ સંઘ વિ.સં. ૨૦૫૪માં સુરતમાં ચાતુર્માસસ્થિત તે આચાર્યશ્રી પાસે રૂબરૂ જઇ આવ્યો, પોતાના મુદ્દા રજૂ કર્યા અને તે આચાર્યશ્રી પાસે નવી જગ્યા પૂ. મહોપાધ્યાયજીની અંતિમભૂમિ હોવાનો કોઇ નાનો પણ લેખિત પુરાવો હોય તો આપવા જણાવ્યું. પુરાવો તો ન અપાયો, પરંતુ એમણે એટલી બાહેંધરી આપી કે ''સંઘને વિશ્વાસમાં લીધા સિવાય ત્યાં કોઇ કાર્યવાહી નહિ થાય.'' તે પછી લગભગ સવા વર્ષ બાદ એ સ્થળે અચાનક કાર્ય શરૂ થયું. જૂની ઝાડીઓ દૂર કરી મેદાન કરાયું, ચોતરફ ફરતી વિશાલ Compound Wall કરાઇ, વચ્ચેની નાની જર્જરિત દીવાલની મરામત કરી એને વિશાલ બનાવાઇ, એની આગળ મોટો ચોક કરાયો અને ત્યાં પુષ્પ-ધૂપ-દીપ શરુ કરાયા. પૂજ્યશ્રીના ચાતુર્માસ પૂર્વેના થોડા માસ પૂર્વેથી આ બધું શરુ થયું. પૂજ્યશ્રીએ વિચાર્યું કે 'પૂ. મહોપાધ્યાયજીની જન્મ-કાલધર્મસંવત્માં મતભેદ છે, તો જન્મ-કાલધર્મતિથિ જ નથી મળતી. આવી વિસંવાદી સ્થિતિમાં અંતિમ સમાધિભૂમિ અંગે જે એકવાક્યતા છે તે આ નવી હિલચાલથી ખતમ થઇ જશે. એને પડકાર્યા-અટકાવ્યા વિના કોઇ વિકલ્પ નથી.'

ચાતુર્માસપ્રવેશ પૂર્વે પૂજ્યશ્રીએ વડોદરા-કોઠીપોળ સંઘમાં એ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જે.બી. પરીખને રૂબરૂ બોલાવી સકલ જૈન સંઘને સ્પર્શતા ઇતિહાસ સાથે ચેડાં ન થાય તે માટે નવાં સ્થાનની કાર્યવાહી પૂજા-અર્ચના બંધ કરવા જણાવ્યું. એમણે 'આપની આજ્ઞા મુજબ જ થશે' જેવી મીઠી વાતો કરી. પરંતુ પૂજાદિ અટક્યા નહિ. આખરે પૂજ્યશ્રીએ આ પ્રશ્ને સંઘજાગૃતિનો શંખનાદ ફૂંક્યો. પ્રશ્નોત્તરી પ્રવચનોમાં એક દિવસ 'યશોવાટિકા Special' રાખીને એક કલાકપર્યંત જુદા જુદા ગ્રન્થોના-પુસ્તકોના-ગાયકવાડી સરકારના Gazetteના-'અનુસંધાન' સંશોધન સામયિકના મુદ્રિત-લેખિત પુરાવાઓ પૂજ્યશ્રી તેમજ મારા દ્વારા રજૂ કરાયા. આઠસોથી હજાર સ્થાનીય જૈન ભાવિકોની ઉપસ્થિતિમાં ત્યાં જ 'યશોવાટિકા આસ્થા મંડળ'ની સ્થાપના કરાઇ અને અંતિમસમાધિભૂમિની રક્ષાનો જુવાળ પ્રગટ્યો. આષાઢ વદિ-૧૧, તા. ૨૮-૭-૨૦૦૦ના સંઘે તેર-તેર મહત્ત્વના પુરાવાઓ-મુદ્દાઓ સાથે છ Fullscape Pageનો પત્ર એ ટ્રસ્ટના પ્રેરક ગચ્છાધિપતિને લખ્યો. એમાં પૂર્ણ નમ્રતાથી તમામ વિગતો જણાવીને જો આ બાબતનો નીવેડો ન આવે તો હવે સંઘ સ્વયોગ્ય પગલા ભરવાનું શરુ કરશે તે જણાવાયું. તેઓ તરફથી સંઘનાં પત્રની પહોંચનું પણ સૌજન્ય ન દાખવાયું. પરંતુ સંઘના પત્રમાં જણાવાયેલ દિવસે Meeting કરવા આવવાનું તે ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા જણાવાયું.

તા. ૧૨-૮-૨૦૦૦ના બપોરે પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રી સંઘના નૂતન ઉપાશ્રયમાં દર્ભાવતીતીર્થવિકાસસમિતિ અને તે ટ્રસ્ટના ત્રણ ટ્રસ્ટીઓની Meeting થઇ. પૂજ્યશ્રી તથા સંઘે પુનઃ એક વાર તમામ પુરાવાઓ તે ટ્રસ્ટના ટ્રસ્ટીઓને દર્શાવ્યા. પુરાવાઓ એટલા સજ્જડ હતા કે ટ્રસ્ટીઓને ય ઉતાવળ થયાનું મહેસૂસ થયું. એમણે સ્વીકાર્યું કે 'આ જગ્યા ખરીદતા પૂર્વે અમે કોઇ પુરાવા વગેરે તપાસ્યા નથી. અમારા ગુરુભગવંતના સૂચનથી અમે આ જગ્યા ખરીદી છે.' તે પછીના બે માસમાં એ ટ્રસ્ટના એક ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઇ ઝવેરી આ પ્રશ્ને પૂજ્યશ્રી તથા સંઘને મળવા આવ્યા. તેઓ આ મુદ્દો વધુ ગૂંચવાઇ જાય તેવી વાત લાવ્યા. પરંતુ પૂજ્યશ્રીએ એમની વાત ગલત હોવાનું મક્કમ પ્રતિપાદન કરી મૂળ મુદ્દો બરાબર પકડી રાખ્યો. સંઘના આઠસો સભ્યોએ સહીઓ સાથે પ્રકાશભાઇ ઉપર વિરોધ કરતો પત્ર પાઠવ્યો અને આગળ તુરત જાહેર વિરોધ કાર્યક્રમો આપવાની ચેતવણી આપી. આ મક્કમતાનું પરિણામ એ આવ્યું કે નવી જગ્યાને વિકસાવવાનું કાર્ય સર્વથા બંધ થઇ ગયું, ધૂપ-દીપ વગેરે બંધ થઇ ગયા. ક્રમશઃ એ સ્થાન પહેલા જેવું ઉજ્જડ-ઝાડીઓથી વ્યાપ્ત થઇ ગયું. પછી તો એ ટ્રસ્ટે નવી જગ્યા સંઘને વેચાતી આપવાનો પ્રસ્તાવ કર્યો. પૂજ્યશ્રીએ દૃઢતાથી એનો ઇન્કાર કરતાં સંઘે પણ એ પ્રસ્તાવ નકારી દીધો. પૂજ્યશ્રીનું દૃષ્ટિબિંદુ એમાં એ હતું કે ''સંઘ જો એ જગ્યામાં રતિભાર પણ રસ લે, તો એનું અર્થઘટન તરત એ કરાશે કે એ જગ્યામાં 'કાંઇક' મહત્ત્વ છે.''

આ સમગ્ર વિવાદમાં સંપૂર્ણ સક્રિય હોવાના નાતે હું એમ જરૂર કહી શકું કે જો પૂજ્યશ્રીએ મક્કમ અભિગમ અખત્યાર કરી સંઘને દોરવણી ન આપી હોત તો પૂ. મહોપાધ્યાયજીની અંતિમભૂમિના નામે કાયમી વિવાદ સર્જાઇ જાત. સમગ્ર શાસન માટે તો પૂજ્યશ્રીની આ ભૂમિકા ઉપકારક રહી જ. પરંતુ ડભોઇ સંઘ માટે તો એ ભૂમિકા ખાસ અપ્રતિમ-વિશિષ્ટ ઉપકારક રહી. શાસનહિતૈષી ગણાતા અચ્છા અચ્છા વ્યક્તિત્વો દ્વારા, કોઇની પણ આધાર વિનાની પોતે પકડી લીધેલ વાતને સંગત ઠરાવવા કેવા કેવા હાસ્યાસ્પદ તરંગો-તુક્કાઓ રજૂ થતા હતા તેનો એકદમ નિકટનો અનુભવ ત્યારે પૂજ્યશ્રીને અને મને બરાબર થયો હતો...

ડભોઇના જૈન સંઘને એ ચાતુર્માસમાં આવાં પ્રશ્ને પૂજ્યશ્રીના મક્કમ-સમુચિત માર્ગદર્શનનો લાભ એક તરફ મળ્યો, તો બીજી તરફ દર્ભાવતીતીર્થોદ્ધારના અનેકવિધ આયોજનોનો લાભ મળ્યો; આ ઉપરાંત ઉપધાનતપ-સામૂહિક દીક્ષાઓ આદિ શાસનપ્રભાવક આયોજનોનો લાભ અલગ. તે પૈકી બસો પચીશ જેવી માતબર સંખ્યામાં ઉપધાનતપના આરાધકોનાં ઉપધાનતપ ક્રમશઃ પૂર્ણતાના આરે આવ્યા ત્યારે ડભોઇના સંઘે પાંચ પાંચ દીક્ષાઓ-છ પ્રતિષ્ઠાઓ અને ઉપધાનતપમાળારોપણ નિમિત્તે છપ્પન કલાત્મક છોડનાં ઉદ્યાપનયુક્ત દશદિવસીય શાનદાર મહોત્સવ યોજ્યો. કાર્તિક વદિ ચૌદશથી માગશર શુદિ સાતમના દિવસોમાં ઉજવાયેલ એ મહોત્સવમાં સાત સાત





## સમુદાયવડીલનું શ્રેષ્ઠ સન્માન :
## પ્રવર્તિની પદપ્રદાન














પૂજ્યશ્રીના સાંસારિક ભગિની પૂ. સુદીર્ઘ સંયમિની યુગદિવાકર સમુદાયના શ્રમણીગણાધિનાયિકા પરમ વિદુષી પૂ.સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ. ને પૂજ્યશ્રીના વરદ હસ્તે દર્ભાવતીતીર્થે થયેલ પ્રવર્તિની પદપ્રદાનની ઝલક.
આ જ પ્રસંગે મુમુક્ષુ ધવલકુમારને પ્રવજ્યાપ્રદાન પણ કરાયું હતું.







મહાપૂજનો-અઢાર અભિષેક-શાંતિસ્નાત્ર-દેવ/દેવી વિધાનાદિ અનુષ્ઠાનો યોજાયા, તો પ્રતિદિન એકેક દીક્ષાર્થી પુણ્યાત્માનાં ઘરેથી સામૂહિક આરતીનો ભવ્ય કાર્યક્રમ યોજાયો. આ મહાઆરતીએ એવું ઘેલું લગાડ્યું કે મુમુક્ષુનાં ઘરેથી જિનાલયનો માર્ગ માંડ પાંચ મિનિટનો હોય છતાં ઢોલીના નાદે યુવાનો ઝૂમતા ઝૂમતા એક કલાકે જિનાલયે પહોંચે. ત્યાં પણ એક-સવા કલાક ભક્તિગીતોની રમઝટ જામે. પછી આરતી થાય. દીક્ષાની પૂર્વસન્ધ્યાએ તો હાથીની સવારી સાથે મહાઆરતી યોજાઇ.

માગશર શુદિ પ્ર. એકમ રવિવારે સવારે અખંડ પાંચસો આયંબિલના તપસ્વિની સા. શ્રી વિશ્વદર્શાશ્રીજીના પાંચસો આયંબિલનાં સમાપનનો ભવ્ય સમારોહ એમનાં સાંસારિક પરિવારનાં આંગણે યોજાતાં ચન્દ્રપ્રભશેરીમાં વિશાલ મેદની સમક્ષ પૂજ્યશ્રીનું આયંબિલતપ વિશે મનનીય પ્રવચન-ગુરુપૂજન-સંઘપૂજનાદિથયા. તે પછી ૯.૩૦ ક. ઉપાશ્રયમાં ઉપધાનતપ-માળારોપણની ઉછામણીઓ થતાં ડભોઇસંઘની અપેક્ષાએ ઘણી જ માતબર ઉછામણીઓ થઇ. આ સભામાં જ પૂજ્યશ્રીના સાંસારિક વડીલબંધુ શ્રી હીરાલાલ ચીમનલાલ શાહ પરિવારે પૂજ્યશ્રીની નિશ્રામાં વલ્લભીપુરથી શ્રી શત્રુંજયમહાતીર્થનો છ'રીપાલક પદયાત્રાસંઘ યોજવાની વિનંતિ કરતાં તેની જય બોલાવાઇ. પૂજ્યશ્રીએ આ પદયાત્રા સંઘ માટે પોષ વદિ છઠનું મુહૂર્ત ફરમાવ્યું. આ જ પ્રસંગે વડોદરાનિવાસી શ્રી કાંતિલાલ અંબાલાલ શાહ પરિવારે પૂજ્યશ્રીની નિશ્રામાં અણસ્તુતીર્થે વિરાટ સંખ્યામાં સામૂહિક અટ્ઠમતપ કરાવવાની વિનંતિ કરતા તેની પણ જય બોલાઇ. પૂજ્યશ્રીની નિશ્રામાં ઉપરાઉપરી યોજાઇ રહેલ ધર્માનુષ્ઠાનોની આવી હારમાળાથી સહુ પ્રભાવિત થઇ ગયા.

મહોત્સવ દરમ્યાનના રાત્રિકાર્યક્રમોમાં સૌથી ઉલ્લેખનીય હતા 'ના, નર્કે ન જવાય' અને 'ક્ષણમાં રાગ ક્ષણમાં વિરાગ' નામે નાટકો. બન્ને કાર્યક્રમો જબરજસ્ત લોકાદર પામ્યા. એમાં 'ક્ષણમાં રાગ ક્ષણમાં વિરાગ' નાટક મારા દ્વારા લખાયેલ 'માયાના મૃગજળ' (તરંગવતીકથા) પુસ્તકના આધારે નાટ્યકાર હકુમત દેસાઇએ તૈયાર કર્યું હતું. રાત્રે બે વાગ્યા સુધી હકડેઠઠ મેદનીએ માણેલ આ કાર્યક્રમમાં જ દીક્ષાર્થીઓનું સન્માન વીશ-વીશ સંસ્થાઓ દ્વારા થયું. માગશર શુદિ ચોથે દીક્ષાર્થીઓ તથા ઉપધાનતપસ્વીઓનો સંયુક્ત રથયાત્રાવરઘોડો યોજાયો. સવારના ૯.૦૦ થી બપોરના ૩.૦૦ સુધી અવિરત રહેલ આ વર્ષીદાનયાત્રાનો-માળનો વરઘોડો ડભોઇના ઇતિહાસમાં રેકર્ડરૂપ બની ગયો. વર્ષોથી જેમને પોતાનાં ઘરો ખોલ્યા ન હતા એવા ભાવિકોએ મુંબઇ-અમદાવાદ વગેરે સ્થળોએથી આવીને આ પ્રસંગે ઘર ખોલ્યા હતા, તો પરદેશ વસતા ડભોઇવાસીઓ પણ સમૂહ દીક્ષા-ઉપધાનમાળનો ઐતિહાસિક અવસર માણવા આવી પહોંચ્યા હતા. નાના નાના બાળ દીક્ષાર્થીઓને નિહાળીને સહુ અહોભાવ-અનુમોદનાના પૂરમાં સ્નાન કરતા હતા. સમગ્ર નગરમાં જાણે ચારે બાજુ માણસ- માણસ જ નજરે ચડતા હતા.

મહોત્સવના મુખ્ય દિન માગશર શુદિ પંચમીએ વહેલી સવારે ૭.૦૦ ક. તો ઉપાશ્રય ચોક માનવમહેરામણથી લહેરાઇ ઊઠ્યો હતો. હિમાલયમાંથી ગંગા નીસરે એમ પૂજ્યશ્રી ઉપાશ્રયમાંથી બહાર નીસર્યા. ગગનભેદી જયનાદોથી વાતાવરણ ગાજી ઊઠ્યું. તમામ દીક્ષાર્થીઓ વર્ષીદાન આપતા આપતા પૂજ્યશ્રી સાથે જોડાયા. ઉપધાનતપસ્વીઓ અને સકલસંઘસહિત વરઘોડો તમાકુવાગાના 'ધર્મ-પ્રતાપનગર'માં ઊતર્યો. ત્યાં તુર્ત ક્રિયાવિધિનો પ્રારંભ થયો. આ દીક્ષાસમારોહમાં મુંબઇના વિવિધ ઉપનગરોના ગુરુભક્ત સંઘો ઉપરાંત અમદાવાદ-વડોદરા-કરજણ-પાલેજ વગેરે સંઘોના ભાવિકો પણ ઉપસ્થિત હતા. ૮.૩૦ સુધીમાં તો મંડપનો ખૂણેખૂણો ભાવિકોથી છલકાઇ ઊઠ્યો. દીક્ષાની પ્રારંભિક વિધિ બાદ પૂજ્યશ્રીના વરદ હસ્તે દરેક મુમુક્ષુને રજોહરણ અર્પણ કરાયા ત્યારે નાચતા મુમુક્ષુઓના અભિવાદન માટે વિરાટ સભાએ ઊભા થઇ જઇને તાળીઓ-જયનાદોથી વાતાવરણ ભાવવિભોર બનાવી દીધું હતું. મુમુક્ષુઓ દ્વારા સુવર્ણાલંકારત્યાગ-મુનિવેશમાં મુમુક્ષુઓનું આગમન વગેરે દરેક પ્રસંગોમાં સભાએ ઊર્મિસભર વધામણાં કર્યા. દીક્ષાવિધિના અંતે પૂજ્યશ્રી દ્વારા નવદીક્ષિતોનાં નામ ક્રમશઃ મુનિ શ્રી આગમરત્નવિજયજી-ધર્મરત્નવિજયજી-હિતરત્નવિજયજી-બાલમુનિ શ્રી અક્ષયરત્નવિજયજી અને સા. શ્રી પરમરમ્યાશ્રીજી ઘોષિત કરાયા. મુંબઇથી ઉપસ્થિત વિવિધ સંઘો પૈકી અંધેરી-કાંતિનગર સંઘે, એમના સંઘમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી ગત વર્ષે યોજાયેલ પ્રતિષ્ઠામહોત્સવપ્રસંગનું વચન યાદ કરાવીને વિ.સં. ૨૦૫૭ના ચાતુર્માસ માટે જોરદાર વિનંતિ કરતા પૂજ્યશ્રીએ ગત વર્ષના વચનાનુસાર ચાતુર્માસસંમતિ આપી અને ત્યાં જ ચાતુર્માસજય બોલાવાઇ. અન્ય વિવિધ સંઘો માટે સાધ્વીજીચાતુર્માસજય-તમામ ઉપધાન તપસ્વીઓને માળપરિધાન-પુસ્તકવિમોચન વગેરે સર્વે કાર્યો સમયબદ્ધ પૂર્ણ થયા.

આ શાનદાર દીક્ષા-માળપરિધાનસમારોહમાં એક અત્યંત મહત્ત્વપૂર્ણ ઘટના સર્જાઇ કે જેમાં ડભોઇ સંઘ તથા દર્ભાવતીતીર્થવિકાસસમિતિનો પૂજ્યશ્રી પ્રત્યેનો કૃતજ્ઞભાવ છલકાતો દેખાયો. સંઘપ્રમુખ મફતભાઇ શાહ તથા તીર્થવિકાસસમિતિના અગ્રણીઓ સભા વચ્ચે ઉપસ્થિત થયા. શ્રી મફતભાઇએ સંઘ તથા સમિતિ વતી જણાવ્યું કે ''પ.પૂ. ગુરુદેવશ્રીએ છેલ્લા વર્ષોમાં ડભોઇતીર્થ પર જે અવિરત ઉપકારવર્ષા કરી સંઘનાં મહત્ત્વનાં કાર્યો કર્યા છે, વર્તમાનમાં અગિયાર-અગિયાર ભવ્ય આયોજનો દ્વારા સંઘની-તીર્થની કાયાપલટ કરવાનો પુરુષાર્થ કરી રહ્યા છે અને 'યશોવાટિકા' વગેરે પ્રશ્ને જે રીતે તીર્થહિતની ખેવના રાખી છે તે તમામ બાબતો લક્ષ્યમાં રાખી અમારો સમસ્ત સંઘ આજે પૂજ્યશ્રીને 'દર્ભાવતીતીર્થોદ્ધારક' બિરુદ અર્પણ કરે છે.'' એ પછી સંઘના-સમિતિના અગ્રણીઓએ પૂજ્યશ્રીને કામળ વહોરાવી. સમગ્ર સભાએ 'દર્ભાવતીતીર્થોદ્ધારક પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.ની જય' ના નારા સાથે આ ઘટનાનું અભિવાદન કર્યું.

ઘણા ઘણા વિચારક ભાગ્યવાનોને લાગ્યું કે પૂજ્યશ્રી દ્વારા થયેલ અપ્રતિમ ઉપકારોના પ્રતિભાવરૂપે સંઘ દ્વારા આ એકદમ સુયોગ્ય અને કૃતજ્ઞતાપૂર્ણ કદમ ભરાયું છે. મારું મન્તવ્ય હતું કે જન્મભૂમિના આ તીર્થ પ્રત્યેની ભક્તિથી-ઋણસ્વીકારબુદ્ધિથી પૂજ્યશ્રીએ જે વત્સલભાવે ઉપકારવર્ષા કરી હતી એનું આ અચાનક સર્જાયેલ રૂડું પરિણામ હતું.

માળારોપણવિધાન જારી હતું તે દરમ્યાન જ પૂજ્યશ્રીએ તમામ નૂતન દીક્ષિતોને યશોવાટિકાની યાત્રાએ પાઠવ્યા હતા. માળારોપણવિધિ બાદ સકલ સંઘ સાથે નૂતન દીક્ષિતોને શ્રી લોઢણપાર્શ્વનાથ જિનાલયે દર્શન-ચૈત્યવંદન કરાવાયા. માગશર શુદિ છઠે સામૂહિક ચૈત્યવંદન બાદ દરેક. નૂતન દીક્ષિતોનાં સાંસારિક ગૃહાંગણે પૂજ્યશ્રીનાં પગલાં અને સંક્ષિપ્ત પ્રવચનો થયાં. સતત ત્રણ કલાક આ કાર્યક્રમ ચાલ્યો. દરેક સ્થળે ભીડ તો સમાય નહિ એવી ઊમટી હતી. તે પછી મધ્યાહ્નનાં મુહૂર્તે યશોવાટિકામાં ત્રણ નૂતન ગુરુમંદિરોમાં ગુરુપાદુકાપ્રતિષ્ઠા, પૂ. મહોપાધ્યાયજીની પ્રતિકૃતિ ઉપર સરસ્વતીમાતાની નયનરમ્ય મૂર્તિપ્રતિષ્ઠા અને શ્રી લોઢણપાર્શ્વનાથજિનાલયે ત્રણ અધિષ્ઠાયકકુલિકાઓની પ્રતિષ્ઠા ભવ્ય હર્ષોલ્લાસપૂર્વક થઇ. આ પ્રતિષ્ઠા પ્રસંગે એ વર્ષના શેષકાળમાં પૂજ્યશ્રીની નિશ્રામાં થનાર અમદાવાદમાં પ્રતિષ્ઠા, મહુધામાં પ્રતિષ્ઠા તથા ઉદ્‌ઘાટન, ડભોઇતીર્થે શાશ્વતી ઓળી-પાઠશાળાભવનઉદ્‌ઘાટન-શાંતિનાથજિનાલયખનન-શિલાન્યાસ તેમજ શ્રાવિકા ઉપાશ્રયના ખનન-શિલાન્યાસની જય બોલાઇ.

આ ઐતિહાસિક-યાદગાર દીક્ષા-પ્રતિષ્ઠા-ઉપધાનમાળ મહોત્સવ બાદ અંતિમ મહત્ત્વની આરાધના કરાઇ મૌનએકાદશીપર્વની. પૂ. મહોપાધ્યાય શ્રીયશોવિજયજી ગણિવરની કાલધર્મતિથિનો ઉલ્લેખ તો ઉપલબ્ધ નથી. પરંતુ વિ.સં. ૧૭૪૫માં પૂજ્ય મહોપાધ્યાયજીના શિષ્યોના હસ્તે થયેલી એમની પાદુકાપ્રાણપ્રતિષ્ઠાની તિથિ મૌનએકાદશીની છે. તેથી દાયકાઓ પૂર્વેથી મૌનએકાદશીને પૂ. મહોપાધ્યાયજીના સ્મૃતિદિનરૂપે પંચાંગો આદિમાં ઉલ્લેખવાની પરંપરા શરૂ થઇ હતી. પૂજ્યશ્રીએ એ લક્ષ્યમાં રાખીને યશોવાટિકામાં જ મૌનએકાદશીનું પ્રવચન યોજ્યું. પહેલાં પૂ. મહોપાધ્યાયજીની ગુરુમૂર્તિ સમક્ષ વંદન-જાપ, પછી મૌનએકાદશીમાહાત્મ્ય અને અંતે પૂ. મહોપાધ્યાયજી વિશે પૂજ્યશ્રીનું મનનીય પ્રવચન થયું. આ જ દિવસે પ્રભાતે નવદીક્ષિત સંયમીઓના વડીદીક્ષાસંબંધી યોગનો પ્રારંભ થયો. બપોરે દેવવંદન અને સાંજે પ્રતિક્રમણ થયું. પૂજ્યશ્રીની ડભોઇતીર્થની સ્થિરતાનો આ અંતિમ દિવસ હતો.

આષાઢી અગિયારશે પૂજ્યશ્રીની પધરામણી થઇ અને મૌનઅગિયારશ સુધી સ્થિરતા રહી. બરાબર પાંચ માસના આ સમયખંડમાં જે કલ્પનાતીત સંઘકાર્યો થયાં-આરાધનાઓ થઇ-સકલ સંઘમાં એકાત્મતાનું વાતાવરણ સર્જાયું અને સૌથી વિશેષ તો અણધારી દીક્ષાઓ થઇ એ સૌના માટે સુખદ આશ્ચર્ય હતું. ગુજરાતસમાચાર-સંદેશ વગેરે અખબારોએ ચાતુર્માસની દરેકે દરેક ઘટનાઓનું અને પૂજ્યશ્રીનાં પ્રવચનોનું વ્યાપક ઇજ્ઞાધ્યફ્લિય કર્યું હતું. સતત પાંચ માસનો એ પર્યુષણા જેવો માહોલ પૂજ્યશ્રીના ઝળહળતા પુણ્યપ્રભાવનું પરિણામ હતું.

માગશર શુદિ બારશે વહેલી પ્રભાતે સકલ સંઘ ચાતુર્માસવળામણાં માટે ઊમટ્યો. પૂજ્યશ્રીએ માંગલિક બાદ વિદાય પ્રવચનરૂપે પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રી કાયમ જે શ્લોક દ્વારા વિદાયહિતશિક્ષા આપતા હતા એ જ શ્લોક દ્વારા હિતશિક્ષા આપી કે ‘‘બે હાથ મળ્યા છે એનાથી ત્યાગ અને સત્કર્મ કરજો, મસ્તક મળ્યું છે એનાથી દેવ-ગુરુને વંદન કરજો, વાણી મળી છે એનાથી સત્ય-પ્રિય વચનો ઉચ્ચારજો, કાન મળ્યા છે એનાથી ધર્મશ્રવણ કરજો. હૃદય મળ્યું છે એમાં નિર્મલ વિચારો ધરજો અને શક્તિ મળી છે એનાથી સત્પુરુષાર્થ કરજો. કારણ કે વ્યક્તિને શોભા બક્ષે એવાં સાચા આભૂષણો આ જ છે.’’ તે પછી પૂજ્યશ્રી આદિ સમસ્ત શ્રમણ-શ્રમણીસમુદાયે વિહારનું કદમ માંડ્યું. ત્યારે ઉપસ્થિત માનવમેદનીમાંથી ઘોષણા ઊઠી કેઃ-

‘દર્ભાવતીતીર્થોદ્ધારક પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.નો જય હો... વિજય હો...’





# પ્રકરણ : ૩૬

## વંદનીય વિચારધારા...

અનુભવી જનો ઈક્ષુયષ્ટિ-શેરડીના સાંઠા માટે એમ કહે છે કે આરંભના તબક્કે એનો આસ્વાદ માણો ત્યારે એમાં રસ ખૂબ પ્રચુર હોય. પરંતુ જેમ જેમ આગળ આગળ એનો આસ્વાદ માણતા જઈએ તેમ તેમ એનો રસ ઓછો અનુભવાય. કેમ કે એ 'હીયમાનરસ' છે. પરંતુ કેટલીક ઘટનાઓ-કેટલીક રચનાઓ એવી હોય છે કે જેના માટે કહી શકાય 'સ્વાદુ: સ્વાદુ: પુર: પુર' અર્થાત્ જેમ જેમ આગળ વધો તેમ તેમ રસ પણ વધતો જાય. કેમ કે એ 'વર્ધમાનરસ' હોય છે.

પૂજ્યશ્રીનું જન્મભૂમિમાં થયેલ ચાતુર્માસ આ બીજો પ્રકાર-'વર્ધમાનરસ' ધરાવતું હતું. એથી પૂજ્યશ્રીનો વિહાર થાય અને ડભોઈના ભાવિકો તરત પરત વળી જાય એમ બને તેવું ન હતું. અગ્રણીઓને આ અંદાજ હતો જ. એથી પ્રથમ દિવસની સ્થિરતા ગામબહાર Society માં રહે તેવું આયોજન કરાયું હતું. શ્રી બાલુભાઈ કાપડીયા પરિવારનાં આંગણે સ્થિરતા હતી. આઠસો ભાવિકો ત્યાં સુધી વળાવવા આવ્યા. ત્યાં પૂજ્યશ્રીનું પ્રવચન યોજાયું. તે પછી કાપડીયા પરિવાર દ્વારા સાધર્મિકોની નવકારશીભક્તિ કરાઈ. પૂરો દિવસ તથા રાત્રે પણ ડભોઈના ભાવિકોનું આગમન એ Society માં જારી રહ્યું. વિશેષરૂપે નવદીક્ષિત મુનિવરોનાં યુવાન મિત્રો કે જેમણે દીક્ષાની સ્મૃતિમાં ચોવિહાર-તિવિહાર-પાંચ તિથિ લીલોતરીત્યાગ-રાત્રિભોજનત્યાગ-કંદમૂળત્યાગ જેવા નિયમો સ્વીકાર્યા

હતા તેઓ રાત્રે પણ ધર્મચર્ચા માટે આવ્યા, તો બીજા દિવસે લગભગ પંદર કિલોમીટર ચાલીને ભીલાપુર પણ આવ્યા. 'વર્ધમાનરસ' ભર્યા ચાતુર્માસનું આ પરિણામ હતું.

ભીલાપુરમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી વિહારધામરૂપે જે 'ધર્મવિહાર' ઉપાશ્રયનું નિર્માણ થયું હતું તેનો નામકરણસમારોહ માગશર શુદ ચૌદશે પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાયો. ડભોઇથી વિશાલ સંખ્યામાં ભાવિકો તેમજ સંઘનો ટ્રસ્ટીગણ આવ્યો હતો, તો મુંબઇથી મુખ્ય દાતા શ્રી કાંતિલાલ સુખલાલ શાહ આવ્યા હતા. પ્રો. નટુભાઇ શાહના સરસ સંચાલનયુક્ત સમારોહમાં પૂજ્યશ્રીએ પ્રવચન દરમ્યાન એક સરસ પદાર્થ અલગ-અલગ જણાવ્યો કે ''સંસારત્યાગી સાધુ-સાધ્વીજીની ભક્તિ-વૈયાવચ્ચ અલગ અનેક પ્રકારે થાય. એમાં વંદિત્તાસૂત્રની ટીકા 'पहसंत गिलाणेसु'૦ ગાથા દ્વારા એમ જણાવે છે કે 'વિહારમાં શ્રાંત થઇને પધારેલ પથશ્રાંત સંયમીઓને વસતિ આપવી એ સૌથી ઉત્કૃષ્ટ વૈયાવચ્ચપ્રકાર છે.' ત્યાંથી પૂજ્યશ્રી વડોદરા પધારતાં ત્યાંના વિવિધ સંઘોને એકેક દિવસ સ્થિરતા-પ્રવચનલાભ મળ્યો.

તે પછી અણસ્તુતીર્થે પૂજ્યશ્રીની પધરામણી સામૂહિક પોષદશમીપર્વારાધનાર્થે થતાં દાતાપરિવાર તરફથી ભવ્ય સ્વાગત કરાયું. પૂજ્યશ્રીની ગજબનાક સ્મૃતિશક્તિની ઝલક પુનઃ એકવાર આ અણસ્તુતીર્થે મને મળી. પૂજ્યશ્રી કહે : ''દાયકાઓ પૂર્વે પૂ. યુગદિવાકર ગુરુદેવ સાથે અમે અણસ્તુ આવતા. ત્યારે આજનું આ સ્થાન ન હતું. ગામમાં જિનાલય હતું. એ જિનાલયના મૂલનાયક હાલના આ તીર્થના રંગમંડપમાં એક ગવાક્ષમાં છે. જે શ્રાવિકાબહેન ત્યારે અમારી ગોચરી આદિ ભક્તિ કરતા હતા એમણે જ આ આજની ભૂમિ દાનમાં આપી હતી...'' માગશર વદિ નોમથી સામૂહિક અટ્ઠમતપનો પ્રારંભ થયો. દાતાપરિવારે આ પૂર્વે બે વાર પોષદશમીઅટ્ઠમ કરાવ્યા હતા. એમાં ૬૫ થી ૭૦ જેટલી સંખ્યા થઇ હતી. પરંતુ પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવે આ અટ્ઠમતપમાં પાંચસોથી અધિક તપસ્વીઓ જોડાયા. એમાં એકસો વીશ તપસ્વીઓ ડભોઇના જ હતા. વહેલી સવારે ભક્તિઉષા, ૯ થી ૧૧ સમૂહ સ્નાત્રમહોત્સવ, બપોરે ૩ થી ૫ પૂજ્યશ્રીનું પ્રવચન, સાંજે ભક્તિસંધ્યા અને સવાર-સાંજનાં પ્રતિક્રમણઃ ત્રણે ય દિવસ આ ક્રમ હોવાથી આરાધકોને નવરાશનો સમય જ ન મળે. પાર્શ્વપ્રભુના દશ ભવવર્ણનનાં પ્રવચનોમાં પ્રભુના આત્માએ પ્રાયઃ દરેક ભવમાં પ્રાણાંત કષ્ટ છતાં જાળવેલ સમાધિ અને અંતિમ દેવભવમાં પ્રભુના આત્માએ કરેલ કલ્યાણકભક્તિ પર પૂજ્યશ્રીએ વિશેષ પ્રકાશ પાથર્યો. આ ઉપરાંત અટ્ઠમતપમહિમાના પ્રસંગો પણ ફરમાવ્યા.

આ પાંચસો સામૂહિક અટ્ઠમતપ બાદ પૂજ્યશ્રીની વિહારયાત્રા શત્રુંજયમહાતીર્થ તરફ હતી. કિંતુ પૂજ્યશ્રીએ થોડો વિહારમાર્ગ લંબાવીને એમાં ખંભાતતીર્થ લીધું. બહોતેર જેટલા જિનાલયોની અને તેમાં અનેક આહ્લાદક પ્રાચીન પ્રભુજીઓ ધરાવતા આ તીર્થના તમામ જિનાલયોની યાત્રાર્થે પૂજ્યશ્રી પધાર્યા. એટલું જ નહિ, જ્યાં જ્યાં ઊંડાણભર્યાં ભૂગર્ભગૃહો હતાં ત્યાં ત્યાં જરા ય પ્રમાદ સેવ્યા વિના પૂજ્યશ્રી દર્શનાર્થે પધાર્યા. જિનદર્શનને સમ્યગ્દર્શનની શુદ્ધિ-વૃદ્ધિનું પ્રબળ સાધન સમજતા પૂજ્યશ્રી ત્રણ દિવસ સવાર-સાંજ દર્શનાર્થે દૂર દૂર સુધી પધારવા છતાં જરા ય થાકતા-કંટાળતા નહિં. આ દર્શનયાત્રા દરમ્યાન એમણે એક ભક્તિશ્લોક ઉચ્ચાર્યો કેઃ-

यत्रैव यत्रैव मनो मदीयं, तत्रैव तत्रैव तव स्वरूपम्।
यत्रैव यत्रैव शिरो मदीयं, तत्रैव तत्रैव पदद्वयं ते।।

જિનાલયથી બહાર આવતાં તેઓ પ્રસન્નતાથી બોલ્યા કે ''ક્યારેક ભક્તકવિઓ કેવી અદ્ભુત કલ્પનાઓ કરે છે એ આ શ્લોકમાં દેખાય છે.'' મને પણ આ શ્લોક એકદમ સ્પર્શી ગયો હતો. એમાં આ મસ્ત કલ્પના હતી કે ''પ્રભુ! મારાં મનનો કોઇ ભરોસો નહિ, એ તો ગમે ત્યાં ભટકે. એટલે જ્યાં તું, ત્યાં મારું મન ન પણ હોય. પ્રભુ એટલી કૃપા કર કે જ્યાં જ્યાં મારું મન, ત્યાં ત્યાં તારું સ્વરૂપ સામે હોય અને જ્યાં જ્યાં મારું મસ્તક, ત્યાં ત્યાં તારાં ચરણો સામે હોય.'' આમાં જવાબદારી ભક્તના પક્ષે નહિ, ભગવાનના પક્ષે અપાઇ હતી. પછી તો એ શ્લોક અમે અમારી સાંજની કાયમી પ્રાર્થનામાં સામેલ કરી દીધો.

દીર્ઘ વિહારો કરતાં પૂજ્યશ્રી સપરિવાર ક્રમશઃ વલ્લભીપુર પધાર્યા. શત્રુંજયમહાતીર્થ-પદયાત્રાસંઘનો પૂર્વદિન હતો પોષ વદિ પાંચમ. એ દિવસે પૂ. યુગદિવાકર ગુરુદેવના આચાર્યપદારોહણનાં પચાસ વર્ષ પૂર્ણ થતા હતા. આ નિમિત્તે પૂજ્યશ્રીની નિશ્રામાં વાચના તથા શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણાદિ પાંચસો આચાર્યો સમક્ષ શ્રમણો દ્વારા શ્રુતભક્તિના વિવિધ સંકલ્પો કરાયા. એ જ દિવસે વિજયમુહૂર્તે પૂજ્યશ્રીના સાંસારિક વડીલબંધુ શ્રી હીરાભાઇ સંઘવીએ અમદાવાદથી અને ડભોઇથી સ્પેશ્યલ બસોમાં યાત્રિકો સાથે વલ્લભીપુર તરફ પ્રસ્થાન કર્યું. કલિકુંડતીર્થે ચોવિહાર-પ્રતિક્રમણ બાદ સહુ વલ્લભીપુર આવ્યા. શ્રી હીરાભાઇએ આ સંઘ માટે અઢાર વર્ષોથી અભિગ્રહ સ્વીકાર્યો હતો. એની પૂર્તિ થતાં સર્વાધિક આનંદ એમને હતો.

પોષ વદિ છઠે પદયાત્રાસંઘનું મંગલ પ્રસ્થાન થયું. ચારસો યાત્રિકો અને પચાસ શ્રમણ-શ્રમણી ભગવંતો ઉપરાંત કાર્યકર્તાઓ પણ વિશાલ સંખ્યામાં હતા. ગજરાજ-રજતરથ-વિરમગામશહનાઇમંડલી-બેન્ડ વગેરે યુક્ત આ પદયાત્રાસંઘમાં તમામ વ્યવસ્થાઓ ખૂબ ઉત્તમ હતી. દરેક મુકામે જાણે એક નગર વસ્યું હોય એવો દેખાવ રચાતો. પ્રતિદિન પ્રભાતે સમૂહ પ્રતિક્રમણ-સામૂહિક ચૈત્યવંદન-પૂજ્યશ્રીનાં માંગલિકશ્રવણ બાદ વાજતે-ગાજતે બેન્ડ સાથે વિહારપ્રારંભ થતો. વિહારના અંતે

સામૈયું-સામૂહિક સ્નાત્રભક્તિ અને તે પછી તમામ યાત્રિકોની એકાસણાભક્તિ થતી. બપોરે ૩ થી ૫ પૂજ્યશ્રી આદિનું પ્રવચન થતું. પ્રતિદિન ભૂમિકામાં આ શ્લોક લેવાતો કે :

तीर्थानामुत्तमं तीर्थं, नगानामुत्तमो नगः।
क्षेत्राणामुत्तमं क्षेत्रं, सिद्धाद्रिरयमीरितः।।

ભાવાર્થ કે આ સિદ્ધગિરિરાજ તમામ તીર્થોમાં શ્રેષ્ઠ તીર્થ છે, તમામ ગિરિમાં શ્રેષ્ઠ ગિરિરાજ છે અને ચૌદ રાજલોકક્ષેત્રનું શ્રેષ્ઠ ક્ષેત્ર છે. તે પછી ખૂબ હૃદયસ્પર્શી રીતે સિદ્ધક્ષેત્રના મહિમાપરક પદાર્થો-સત્ય ઘટનાઓ પ્રસ્તુત થતી. સંઘમાં આરંભથી અંત સુધી છ ભાઈઓએ અહોરાત્ર પૌષધ કર્યા, તો અષ્ટમીએ પચાસથી વધુ ભાવિકોએ આયંબિલ કર્યું. ગિરિરાજની સોના-રૂપાંના પુષ્પોથી વધામણાં-પાલિતાણાનગરે બાદશાહી સ્વાગત સાથે પ્રવેશ-જયતળેટીયાત્રા-પાલિતાણાપ્રવેશની રાત્રે સંઘપતિબહુમાનસમારોહ-અશક્ત યાત્રિકો માટે સંઘવી દ્વારા ડોળીવ્યવસ્થા અને અંતે પોષ વદિ દ્વિ.દશમના ભવ્ય તીર્થમાળપરિધાન સાથે પદયાત્રાસંઘનું સમાપન થયું. ડભોઈતીર્થના ભાવિકે શત્રુંજયમહાતીર્થનો પદયાત્રાસંઘ યોજ્યાની ઘટના આ સર્વપ્રથમ હતી. સંઘવીના ઔદાર્યની પણ ખૂબ પ્રશંસા થઈ.

હવે પાલિતાણાથી માત્ર સાત દિવસમાં પૂજ્યશ્રીને રાજકોટ પહોંચવાનું હતું. ઠંડીના દિવસો હતા. નવદીક્ષિત શ્રમણો સવાર- સાંજ થઈ રોજના ત્રીશ-ત્રીશ કિ.મી.નો વિહાર કરતા હતા. એમાં આવ્યો મહા શુદિ-બીજ, તા. ૨૬-૧-૨૦૦૧નો દિવસ. રાજકોટ એક દિવસ દૂર હતું. વિહાર કરીને સરધારગામે અમે તાજા જ પ્રવેશ્યા હતા. નાના ઉપાશ્રયમાં હજુ તો વ્યવસ્થા ચાલતી હતી ત્યાં એકસો દશ **Second** નો ભયાનક ભૂકંપ સર્જાયો. અમે બે શ્રમણો ત્યારે જિનાલયમાં પ્રભુદર્શન કરતા હતા. તત્ક્ષણ સહુ સાવચેતીના પગલા રૂપે બહાર ખુલ્લા ભાગમાં આવી ગયા. સદ્ભાગ્યે મકાનો પડવા જેવી દુર્ઘટના ત્યાં ન બની. પરંતુ એ પછી એકાદ કલાકમાં સમાચારો આવ્યા કે કચ્છમાં આ ભૂકંપે કારમી તબાહી સર્જી છે ત્યારે હૃદય દ્રવી ગયું. 'માનવીનો સૈકો ને કુદરતની **Second**' આ વરવા સત્યનો સાક્ષાત્કાર થયો.

એ સાંજે વિહાર કરીને ત્રમ્બાગામે અમે જઈ રહ્યા હતા. ગામમાં પ્રવેશતા પૂર્વે મેશ્વો નદીનો વિશાળ રેતભર્યો પટ આવ્યો. **Bridge** ઉપરથી પૂજ્યશ્રીએ આંગળી ચીંધીને દર્શાવ્યું કે ''આ મારું દીક્ષા સ્થળ. આજથી બરાબર બાવન વર્ષ અને અગિયાર માસ પૂર્વે લગભગ આ સમયે પૂ.યુગદિવાકર ગુરુદેવે મને અહીં દીક્ષા આપી હતી. તે દિવસે ફાગણ શુદ બીજ હતી, આજે મહા શુદિ બીજ છે. દીક્ષા બાદ આજે પ્રથમવાર જ અહીં આવવાનું થયું છે.'' અમે સહુ એવા રોમાંચિત થઈ ગયા કે '**Overbridge**' ખૂબ ઊંચો હોવા છતાં આડમાર્ગે થઈ મેશ્વો નદીના પટમાં એ દીક્ષાસ્થળ સુધી પહોંચ્યા. દીક્ષાભૂમિને નમન કરી પાંચ મિનિટ 'तस्मै श्री गुरवे नमः' નો જાપ કર્યો. પછી દરેક શ્રમણે ત્યાંની રેતી થોડી થોડી સાથે લઈ આગળ પ્રસ્થાન કર્યું!! એ દિવસે ભૂકંપ પછીની અત્યંત કાતિલ ઠંડી હતી. ઉપાશ્રયે પહોંચ્યા પછી શ્રમણો અમારી સંથારાદિ વ્યવસ્થા કરતા હતા ત્યારે મેં ભાવુકતાથી પૂજ્યશ્રીને પૂછ્યું : ''આપની દીક્ષા થઈ તે દિવસે પ્રભાતે આપને ય ખબર ન હતી કે આજે દીક્ષા છે. ગુરુદેવે કહ્યું અને આપે તુર્ત સ્વીકાર્યું. આવી શ્રદ્ધા ક્યાંથી પ્રગટી હતી? અને એનું ફળ આપને શું મળ્યું?'' એક ક્ષણ મારી સામું નિહાળીને પૂજ્યશ્રી બોલ્યા : ''આવી શ્રદ્ધાનું કોઈ ચોક્કસ કારણ ન કહી શકાય. પરંતુ પૂ. યુગદિવાકરશ્રી પ્રત્યેનો કોઈ જન્માંતરીય ઋણાનુબંધ ચોક્કસ હોવો જોઈએ. એટલે જ કાયમ એમની વાત 'તહત્તિ' જ કરવાનું ગમ્યું છે. ફળમાં તો દશવૈકાલિક સૂત્રની ગાથા મુજબ જ બન્યું છે કે :-

''विवत्ती अविणीयस्स, संपत्ती विणीयस्स अ''

જીવનની બધી સફળતા આ વિનીતભાવથી જ મળી છે. પછી સહેજ અટકીને બીજો શ્લોક બોલ્યા કેઃ-

*वितरति गुरुः प्राज्ञे विद्यां यथैव तथा जडे,
न तु खलु तयोर्जाने शक्तिं करोत्यपहन्ति वा।
भवति च पुनर्भूयान् भेदः फलं प्रति तद्यथा,
प्रभवति शुचिर्बिम्बोद्ग्राहे मणिर्न मृदां घनः।।

આમાં શિષ્યની પ્રાજ્ઞતા અને જડતાને આગળ ધરીને રજૂઆત કરાઈ છે. જ્યારે આપણા આગમમાં વિનીતતા અને અવિનીતતા આગળ ધરીને રજૂઆત કરાઈ છે. આપણા આગમની રજૂઆત શ્રેષ્ઠ છે. કારણકે પ્રાજ્ઞતાથી વિદ્યા મળે ખરી, પણ એને સુયોગ્યપણે પરિણમાવવાનું કાર્ય તો વિનીતતાથી જ થાય''. બહુ જ મહત્ત્વનું માર્ગદર્શન મળી ગયું એ દિવસે પૂજ્યશ્રીના આ શબ્દોથી.

મહા શુદિ ત્રીજે રાજકોટના કાલાવાડ સંઘમાં પૂજ્યશ્રીનું પદાર્પણ થયું. ત્યાં પૂ. યુગદિવાકરશ્રીનો મહદંશ શ્રમણસમુદાય ત્યાંના નૂતન જિનાલયના અંજનશલાકા-

*શ્લોક ભાવાર્થ : ગુરુ પ્રાજ્ઞ શિષ્યને જે રીતે વિદ્યાદાન કરે છે એ જ રીતે જડ શિષ્યને પણ કરે છે, પ્રાજ્ઞ શિષ્યમાં શક્તિ આરોપતા નથી કે જડ શિષ્યમાંથી શક્તિ હરી લેતા નથી. આમ છતાં ફલની અપેક્ષાએ બે ય માં મોટો ભેદ રહે છે. સ્પષ્ટ વાત છે કે પ્રતિબિંબ ઝીલવામાં સ્વચ્છ-ચમકદાર મણિ જ સમર્થ થાય, માટીનું ઢેકું સમર્થ ન થાય.

પ્રતિષ્ઠામહોત્સવ નિમિત્તે એકત્ર થયો હતો. મહોત્સવપ્રારંભે જ-મહા શુદિ ચોથે ડભોઇના સર્વ નવદીક્ષિત સંયમીઓની ભાવોલ્લાસપૂર્વક વડીદીક્ષા થઇ. રાજકોટના અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ બાદ બીજા જ દિવસે પૂજ્યશ્રી મહાવીરપુરમ્-ડોળીયા-સુરેન્દ્રનગર-પૂ. યુગદિવાકરશ્રીની જન્મભૂમિ વઢવાણશહેર-એંકેવાડિયા-શિયાણી-લીંબડી-બગોદરા-કલિકુંડતીર્થ થઇ અમદાવાદ પધાર્યા. પૂજ્યશ્રીની પ્રેરણાથી અમદાવાદના ગગનવિહાર જૈન સંઘમાં જે કલિકુંડપાર્શ્વનાથજિનાલયની પ્રતિષ્ઠા થઇ હતી તેમાં શ્રી પુંડરીકસ્વામી આદિની પ્રતિષ્ઠા પૂજ્યશ્રીની નિશ્રામાં થઇ. આ પ્રતિષ્ઠા-મહોત્સવમાં જ રવિવારે જાહેર પ્રવચનસભામાં લીંબડીના ભૂકંપગ્રસ્ત જૈન પરિવારોની સ્થિતિનો કરુણ ચિતાર પૂજ્યશ્રીએ રજૂ કરતા તુર્ત ભૂકંપરાહતફંડ કરાયું અને બીજા જ દિવસે લીંબડીના અગ્રણીઓને રૂબરૂ તેનો ચેક અર્પણ કરાયો. અમદાવાદના અનેક સંઘોના નૂતન જિનાલયોની યાત્રા કરતા પૂજ્યશ્રી કૃષ્ણનગર સંઘમાં પધાર્યા ત્યારે ત્યાં યુગદિવાકરસમુદાયના સા. શ્રી જિનદર્શાશ્રીજીના પાંચસો આયંબિલતપનો સમાપન મહોત્સવ પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાયો.

ત્યાંથી ક્રમશઃ પૂજ્યશ્રી મહુધા પધારતાં ત્યાં ફાગણ વદિ-બીજ, તા. ૧૧-૩-૨૦૦૧ રવિવારે ત્રણે ય જિનાલયોના મૂલનાયક પ્રભુજીઓના પરિકરોની પ્રતિષ્ઠા તેમજ પૂજ્યશ્રીની પ્રેરણાથી નિર્મિત સ્વાધ્યાયમંદિર-યાત્રિકગૃહનો ઉદ્‌ઘાટનસમારોહ યોજાયો. આ સમારોહમાં જ પૂજ્યશ્રીની સહજ પ્રેરણા થતા યાત્રિકભવનનો ₹. ત્રણ લાખનો તોટો સંપૂર્ણ થઇ જતાં નાનકડા ગામમાં આનંદ-આનંદ થઇ ગયો. ત્યાંથી પૂજ્યશ્રી ક્રમશઃ ગોધરા-પરોલી-પાવાગઢ થઇ પાવી-જેતપુરસંઘમાં પધાર્યા. આ વિહારક્રમમાં સંપૂર્ણતઃ આદિવાસી વિસ્તાર હોય તેવાં સ્થાનમાં ય એકેક દિવસ સ્થિરતા કરવાનું બન્યું. પાવી-જેતપુરસંઘે જિનાલયપ્રતિષ્ઠાકારક ઉપકારી પૂજ્યશ્રીનું સામૈયું-પ્રવચન-સાધર્મિકવાત્સલ્ય યોજ્યું. પૂજ્યશ્રીનાં પગલે સત્તર પરિવારના સંઘમાં થોડી જ ક્ષણોમાં એક લાખનો સાધારણખાતાનો તોટો પૂર્ણ થઇ ગયો. ત્યાંથી બોડેલીતીર્થ-સાલપુરાની યાત્રા કરી ચૈત્ર શુદિ ત્રીજે ભવ્ય સ્વાગત સાથે પૂજ્યશ્રી ડભોઇતીર્થે પધાર્યા ત્યારે નગરજનોને પોતાના નવદીક્ષિત સંયમીઓને નિહાળવાની ઉત્કંઠા તો હતી જ. કિંતુ એથી ય વિશેષ એક આશ્ચર્ય હતું કે દીક્ષા પૂર્વે કદી ય એક કિ.મી.નો વિહાર ન કરનાર નાનકડા બાલમુનિએ ત્રણ-સાડા ત્રણ માસમાં બારસો કિ.મી.નો અત્યુગ્ર વિહાર કઇ ગુરુકૃપાથી કર્યો હશે!! સંઘપ્રમુખ મફતભાઇ અને નૂતનદીક્ષિત મુનિવરોના પરિવારોને પૂજ્યશ્રીના અને પોતાના પનોતા પુત્રરત્નોના સામૈયાંની તીવ્ર અભિલાષા હતી. એથી સંઘે એમને ઉદારતાપૂર્વક તે લાભ આપ્યો.

પૂજ્યશ્રી પધાર્યા અને ચાતુર્માસની ધર્મભાવનાની વસંત પુનઃ મહોરી ઉઠી. સામૂહિક ચૈત્રી ઓળીના આરાધકોની સંખ્યા દ્વિગુણ થઇ ગઇ. આરાધકોની ભક્તિનો અને ઓળીનો લાભ પૂજ્યશ્રીના ભક્તપરિવારે લીધો. નવદીક્ષિત મુનિવરો અને નાનકડા બાલમુનિએ પણ શાશ્વતી ઓળીની આરાધના કરી. યોગાનુયોગ તે વર્ષે પ્રભુમહાવીરદેવનું ૨૬૦૦મું જન્મકલ્યાણક વર્ષ હતું. પૂજ્યશ્રીની પ્રેરણાથી એ વિશિષ્ટ પર્વરૂપે ચૈત્ર શુદિ તેરશે ગજરાજ-ચૌદ સુપનની રજતમય ગાડી વગેરે સર્વે સામગ્રીયુક્ત ભવ્યાતિભવ્ય જન્મકલ્યાણક રથયાત્રાવરઘોડો-સંઘસાધર્મિકવાત્સલ્ય યોજાયા. તો, આ જ નિમિત્તે પૂનમે રવિવારે 'મહાવીર વન્દનાવલિ'નો સર્વપ્રથમ સંવેદનાકાર્યક્રમ-પાઠશાળાના બાળકોનું 'આત્મા કરે પુકાર' નાટક આદિ યોજાયા. તે જ પ્રસંગે (૧) નૂતન પાઠશાળાભવનવાસ્તુકળશ (૨) શ્રાવિકાઉપાશ્રયખનન (૩) પાંજરાપોળ-પુનરુદ્ધાર ખનન (૪) નવપદસ્કૂલભવનખનનની ઉછામણીઓ થઇ. આ તમામ કાર્યો તથા પ્રાચીન શાંતિનાથજિનાલય પુનરુદ્ધારનો ભૂમિપૂજન ખનનવિધિ ચૈત્ર વદિ સાતમને રવિવારે પૂજ્યશ્રીની નિશ્રામાં હર્ષોલ્લાસપૂર્વક થયો. પૂજ્યશ્રીની પધરામણી પછી એક રવિવાર એવો જતો ન હતો કે જેમાં કોઇ વિશેષ આરાધના-સંઘકાર્યો વગેરે ન થયા હોય.

તે પછીના રવિવારે ચૈત્ર વદિ ચૌદશ હતી. પૂજ્યશ્રીએ પ્રવચનમાં અગાઉથી પ્રેરણા કરી કે રવિવાર અને ચૌદશ, બન્ને અનુકૂળ આલંબનો છે. તો સંઘમાં એ દિવસે મોટી સંખ્યામાં પૌષધ થાય. ડભોઇ જેવા ધાર્મિક ગામે આ પ્રેરણા ઝીલી લીધી. નાના બાળકો અને યુવાનોથી લઇને વયસ્કો-આરાધના નહિ કરનારા ય એમાં જોડાયા. પરિણામ એ આવ્યું કે કોઇ પર્યુષણા-મૌન એકાદશી જેવું મોટું પર્વ ન હોવા છતાં પૌષધ થયા ૧૦૮!! સહુ વિસ્મયચકિત થઇ ગયા આ એકદિવસીય પર્યુષણામાહોલથી. એ દિવસે સવારે તથા બપોરે પ્રવચન થયાં. પૂજ્યશ્રીએ પૌષધના મહિમા વિશે માર્મિક સમજ આપીને એનું ફળ દર્શાવતા ફરમાવ્યું કેઃ-

पोसेइ सुहभावं, असुहाणं खवेइ नत्थि संदेहो।
छिंदइ नरयतिरियगइं, पोसहविहिअप्पमत्तो अ।।

ભાવાર્થ કે અપ્રમત્તભાવે-સાવધાનપણે પૌષધ કરનાર પુણ્યાત્મા શુભ ભાવોનું પોષણ કરે છે, અશુભ ભાવોને ક્ષય કરે છે અને નરક-તિર્યંચરૂપ દુર્ગતિનું છેદન કરે છે. આ ત્રણેય મુદ્દાઓ અને અન્ય વિવિધ પૌષધસંબંધી પદાર્થો પર મનનીય છણાવટ સાથે પૂજ્યશ્રીએ ચન્દ્રાવતંસક રાજાની અપ્રમત્તતાનું હૃદયસ્પર્શી શાસ્ત્રીય દૃષ્ટાંત પણ આપ્યું...

વૈશાખ શુદિ ૬, તા. ૨૯-૪-૨૦૦૧ રવિવારે પૂજ્યશ્રીની નિશ્રામાં (૧) નૂતન જૈનભવન (૨) નૂતન પાઠશાળાભવન અને (૩) ચાતુર્માસની તમામ શાસનપ્રભાવનાઓ-

પ્રવચનાંશો આવરી લેતા 'સંભારણાં' નામે સ્મારકપુસ્તકનો ઉદ્‌ઘાટનસમારોહ યોજાયો. પૂજ્યશ્રી ચાતુર્માસ પધારવાના હતા. તેથી સંઘપ્રમુખ શ્રી મફતભાઇએ વ્યક્તિગત રસ લઇને કાર્ય કરાવતાં માત્ર પાંચ માસમાં આલીશાન જૈન ભવનનું સંપૂર્ણ નિર્માણ થયું હતું. એ માટે તે કાળે સંઘને નિર્ધારિત રકમ કરતા લગભગ વીશ લાખ ₹.નો ખર્ચ અધિક થયો હતો. સંઘવત્સલ પૂજ્યશ્રીએ એ વધારાની આર્થિક જવાબદારીની પ્રેરણા સ્વીકારી લેતાં સંઘનું કાર્ય આસાન થઇ ગયું હતું. ઉદ્‌ઘાટનપ્રસંગે પૂજ્યશ્રીની આ ઉદારતા યાદ કરીને સંઘે કૃતજ્ઞભાવ દાખવ્યો. ત્યાંથી સકલ સંઘ સાથે પૂજ્યશ્રી નૂતન ભવ્ય ત્રિમજલી પાઠશાળાભવનના ઉદ્‌ઘાટન માટે પધાર્યા. આ પાઠશાળાભવન મુખ્ય ઉપાશ્રયની સાવ નિકટમાં અને ઉપાશ્રય કરતાં પણ મોકાનાં સ્થાને હતું. ગામના પ્રાચીન મહાપુરુષો પ્રત્યે ભક્તિ ધરાવતાં પૂજ્યશ્રીએ આ નૂતન ભવનને નામ આપ્યું 'દર્ભાવતીરત્ન આ. શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મ. પાઠશાળાભવન.' આમ મુખ્ય ચોકમાં જ પાઠશાળાભવન અને ઉપાશ્રયભવન પર ગામના ગૌરવરૂપ, અરે ! એથી ય વિશેષ શાસનના ગૌરવરૂપ, સૂરિશેખર તેમજ મહોપાધ્યાયજીભગવંતરૂપ બન્ને મહાપુરુષોની ચિરંજીવ સ્મૃતિ પૂજ્યશ્રીની ભક્તિસંપન્ન અને ઇતિહાસસંપન્ન દૃષ્ટિથી થઇ.

આવી જ દૃષ્ટિનાં દર્શન સૌને પ્રાચીન શાંતિનાથજિનાલયોદ્ધાર પ્રસંગે થયા. ત્યાંના મૂલનાયક શ્રી શાંતિનાથપ્રભુ સમ્રાટ્ સંપ્રતિકાલીન હતા ખરા, પરંતુ ખૂબ નાના હતા. આસપાસના બે મકાનો તથા સંઘની જગ્યા એમાં ઉમેરીને જિનાલય જે રીતે વિશાલ બનવાનું હતું તે સાંભળી કેટલાક વર્ગે નવા મોટા મૂલનાયક પ્રભુજી લાવવાનું સૂચન કર્યું. પૂજ્યશ્રીએ તુર્ત એનો ઇન્કાર કરતા કહ્યું : ''ભગવાન નાના છે યા મોટા, એ મહત્ત્વનું નથી. એમની પ્રાચીનતા મહત્ત્વની છે. આ જિનાલયના મૂલનાયક તો એ જ પ્રભુજી રહેશે.'' ભક્તિ અને ઇતિહાસથી સંપન્ન દૃષ્ટિ સિવાય આવો ઉત્તર શે સંભવે?. વૈશાખ શુદિ છઠના એ દિવસે ઉપાશ્રયના વિરાટ પ્રવચનહોલમાં ભરચક ઉપસ્થિતિ વચ્ચે પ્રવચન-દાતાબહુમાન તથા 'સંભારણાં' પુસ્તકનું વિમોચન થયું. ડભોઇ-વડોદરા-સુરત-મુંબઇમાં વસતા દરેક ડભોઇવાસી પરિવારોને એ પુસ્તક અર્પણ કરવાનું જાહેર થયું.

વૈશાખ શુદિ નોમે પૂજ્યશ્રીની નિશ્રામાં દર્ભાવતીતીર્થાધિનાયક શ્રી લોઢણપાર્શ્વનાથ પ્રભુનાં મૂળ સ્થાને ઇતિહાસસ્મૃતિનું મહાન કાર્ય થયું. શ્રી લોઢણપાર્શ્વનાથપ્રભુ, અધિષ્ઠાયકના સંકેત અનુસાર, જે કૂવામાંથી કાચા સૂતરના તાંતણે બહાર લાવવામાં આવ્યા હતા એ કૂવો હાલના મહાલક્ષ્મીમંદિર પાસે બજારમાં હતો. કૂવો કેટલેક અંશે કચરાનાં સ્થાન જેવો ય થઇ ગયો હતો. એ કૂવો જે બે અજૈન બંધુઓની માલિકીનો હતો તેમને પૂજ્યશ્રીએ બોલાવીને પ્રભુનો ઇતિહાસ જણાવતા તેઓ પ્રેમથી કૂવાનું સ્થાન અર્પણ કરવા તૈયાર થઇ ગયા. એ કૂવાનાં સ્થાનને સુશોભિત કરી એની જ ઉપર કલાત્મક રીતે ઇતિહાસશિલાલેખ સ્થાપિત કરાયો આ વૈશાખ શુદિ નોમે ....વૈશાખ શુદિ-બારશ, તા. ૪-૫-૨૦૦૧ના બે વિશાલ રંગમંડપ અને ભમતીમાં દર્શનીય ચોવીશ-કુલિકાયુક્ત ભવ્ય શાંતિનાથજિનાલયનો શિલાન્યાસવિધિ યોજાયો. જાણે પ્રતિષ્ઠાપ્રસંગ હોય એમ ખૂબ શાનદાર એ શિલાન્યાસસમારોહ થયો.

બીજા તબક્કાની આ ચાલીશ દિવસની સ્થિરતા દરમ્યાન દર્ભાવતીતીર્થોદ્ધારનાં કેટલાંક કાર્યો સંપન્ન કરાવીને અને કેટલાંક કાર્યોનો પ્રારંભ કરાવીને પૂજ્યશ્રીએ હવે ગ્રીષ્મના ભીષ્મ દિવસોમાં લગભગ સાડા ચારસો કિ.મી.નો દીર્ઘ વિહાર મુંબઇ તરફ આદર્યો. નિત્યના વિહારો અને નૂતન શ્રમણ-શ્રમણી ભગવંતોનું અધ્યયન-વાચનાદિ દ્વારા યોગ-ક્ષેમ કરતાં પૂજ્યશ્રી લગભગ ચાલીશ દિવસે મુંબઇ પધાર્યા. મુંબઇમાં સત્તર દિવસોમાં સત્તર સંઘોમાં એકેક દિવસ સ્થિરતા-પ્રવચનો આદિ ફરમાવ્યા. વસઇ-ભાયંદર-દહિંસર-કાંદિવલી વગેરે ઉપકારવાસિત સંઘોએ મુનિપરિવારની વૃદ્ધિ કરીને પધારેલ પૂજ્યશ્રીનાં સામૈયાઓ કર્યા. પૂજ્યશ્રી આટલા વ્યસ્ત કાર્યક્રમો વચ્ચે ય વાલકેશ્વરમાં સ્થિરવાસ વિરાજમાન પૂ. ગચ્છાધિપતિ આ.ભ.શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા.ને વંદનાર્થે પધાર્યા. પૂજ્યશ્રીએ આ ભક્તિ-ઔચિત્ય કાયમ દાખવ્યું હતું કે પ્રતિવર્ષ લગભગ બે વાર તો ગચ્છાધિપતિના વન્દનાર્થે પૂજ્યશ્રી પધારે જ. આ જ પરંપરા તેમની પછીના ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી કનકરત્નસૂરીશ્વરજી મ.સા.ની ચેમ્બુરતીર્થની સ્થિરતાનાં વર્ષોમાં પૂજ્યશ્રીએ જાળવી હતી. ડભોઇના જ નવદીક્ષિત બાળ-યુવામુનિઓને જોતાં પૂ.આ.ભ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ. નાદુરસ્ત સ્વાસ્થ્યમાં ય આનંદ વ્યક્ત કરતાં બોલ્યાઃ''તમે ડભોઇને ફળ્યા અને ડભોઇ તમને ફળ્યું. પરિવારમાં વૃદ્ધિ થઇ, એથી હવે તમે પહેલા કરતાં ય વધુ કાર્યો એક સાથે સંભાળી શકશો.'' એ પછીના વાર્તાલાપમાં યશોવાટિકાનાં સ્થાનની રક્ષા માટે પૂજ્યશ્રીએ કરેલ પ્રતીકારની ય ગચ્છાધિપતિશ્રીએ પ્રશંસા કરી.

આષાઢ શુદિ દશમે અંધેરી-કાંતિનગર જૈન સંઘમાં પૂજ્યશ્રીનો વિ.સં. ૨૦૫૭નો ચાતુર્માસપ્રવેશ ભવ્ય સ્વરૂપે થયો. કાંતિનગર સંઘને જાણે કે Lottery લાગી હોય તેવો અનેરો ઉલ્લાસ-ઉમંગ હતો. કેમ કે પ્રભુપ્રતિષ્ઠા-અધિષ્ઠાયકમંદિરપ્રતિષ્ઠા-આયંબિલખાતાની સ્થાપના જેવા વિવિધ ઉપકારો પૂજ્યશ્રી દ્વારા સંઘ પર થયા હતા. પ્રમાણમાં નાના તે સંઘ માટે આવા મહાન પ્રભાવક આચાર્યભગવંતના ચાતુર્માસનો લાભ જવલ્લે જ બને તેવો પ્રસંગ હતો. અનેક સંઘોમાંથી ચિક્કાર ભાવિકોની ઉપસ્થિતિ-સવાર/બપોરનાં સાધર્મિકવાત્સલ્યો-સ્ટાર સંગીતકાર અનિલ ગેમાવત દ્વારા ભક્તિ

રમઝટ-પૂજ્યશ્રી આદિનાં માર્મિક પ્રવચનો વગેરેથી ચાતુર્માસનો ઝમકદાર પ્રારંભ થયો. જિનાલયની બાજુના નૂતન મંડપમાં દૈનિક 'શાંત સુધારસ' ગ્રન્થ પર પ્રવચનોમાં સંઘમાં સર્વપ્રથમ વિશાલ સંખ્યામાં ભાવિકો સામેલ થયા. છેલ્લા છ વર્ષોથી રવિવારીય પ્રવચનો-શનિવારીય અનુષ્ઠાનોનાં વકતવ્યોની જવાબદારી પૂજ્યશ્રીએ મને સુપરત કરી હતી, ડભોઈના ચાતુર્માસમાં દૈનિક પ્રવચનોના એક વિભાગની શરૂઆત કરાવી; તો આ કાંતિનગર સંઘનાં ચાતુર્માસથી નિત્યના દૈનિક પ્રવચનોની જવાબદારી કાયમી આપી. જો કે, તેઓ અંતિમ ચાતુર્માસ અને આયુષ્યના અંતિમ કાળ સુધી પ્રવચનોમાં પધારતા અને છેલ્લી પંદર મિનિટ તે પ્રવચનવિષયના અર્ક સમું-સાર સમું પ્રવચન ફરમાવતા. પૂજ્યશ્રીની આ પ્રવૃત્તિમાં શિષ્યોને સમયસર તે તે ક્ષેત્રે તૈયાર કરવાની દીર્ઘદૃષ્ટિ ઝળહળતી હતી.

પ્રતિવર્ષની જેમ શિબિરો-સામૂહિક અનુષ્ઠાનો-સર્વપ્રથમવાર વિશાલ સંખ્યામાં સમૂહ ૧૦૮ પાર્શ્વનાથતપ વગેરે થયા, તો નવદીક્ષિત મુનિશ્રી હિતરત્ન વિજયજીએ દીક્ષાના આ પ્રથમ વર્ષે ચાતુર્માસમાં માસક્ષમણતપ કર્યો. એ જ રીતે સા. શ્રી વિશ્વશ્રુતાશ્રીજીએ ૪૫ ઉપવાસ અને અન્ય સાધ્વીજીઓએ સિદ્ધિતપ-અષ્ટાપદતપ વગેરે સાધના કરતાં સંઘમાં તપનો માહોલ છવાઇ ગયો. એમાં પર્યુષણામહાપર્વના પ્રથમ દિને સંઘના સત્તાવીશ વર્ષોના ઈતિહાસમાં સર્વપ્રથમવાર ઉપધાનતપમહાઆરાધના યોજવાની જાહેરાત થતાં સંઘના જ ભાવિકોએ મુખ્ય દાતા ઉપરાંત તમામ લાભો લીધા. પર્યુષણામહાપર્વમાં સંઘના ઇતિહાસમાં સર્વાધિક ઉપજ-સર્વાધિક પૌષધ વગેરે આરાધનાઓ થઇ, તો કુલ મળીને ત્રણ સંઘોમાં પૂજ્યશ્રીના શ્રમણો દ્વારા આઠે ય દિવસની પર્યુષણામહાપર્વારાધના કરાવાઇ. પર્યુષણામહાપર્વ બાદ સાધુ-સાધ્વીભગવંતોની તેમજ સંઘની વિશાલસંખ્યક તપશ્ચર્યાઓ નિમિત્તે એકાદશાહ્નિક પ્રભુભક્તિમહોત્સવ યોજાયો. પર્યુષણા બાદ થોડા દિવસોમાં શ્રમણ-શ્રમણીગણમાં મહાનિશીથસૂત્ર-પયન્નાસૂત્ર-ઉત્તરાધ્યયન-આચારાંગ વગેરે આગમસૂત્રોની યોગ આરાધના થઇ. પૂજ્યશ્રીની આ એક વિશેષતા હતી કે નિરંતર ચાલતી શાસનપ્રવૃત્તિઓ વચ્ચે ય તેઓ શિષ્યવર્ગની સર્વાંગીણ હિતચિંતા-ખેવના સતત રાખતા. એથી જ નૂતન શ્રમણોના વિષયવિભાગ સહિત પાઠો, દરેકને નવપદજી-વર્ધમાનતપ ઓળી પ્રારંભ અને ક્રમાનુસાર આ યોગોદ્વહનની પણ કાળજી રાખી. શાશ્વતી ઓળીની આરાધના દરમ્યાન વિજયાદશમીના શુભ દિને (૧) વસઇરોડ જૈન સંઘના શિખરબદ્ધ જિનાલયની અંજનશલાકા - પ્રતિષ્ઠા (૨) વિક્રોલી - પાર્કસાઇટ સંઘમાં શિખરબદ્ધ સંભવનાથ-જિનાલયની પ્રતિષ્ઠા તથા (૩) કાંતિનગર સંઘના ઉપધાનતપમાળ-મહોત્સવની સાથે મુમુક્ષુઓની દીક્ષાની જય બોલાઇ.

શેષ ચાતુર્માસ પણ પ્રવચનો આરાધનાઓ સાથે ઉલ્લાસભર્યું પૂર્ણ થયું. આ ચાતુર્માસમાં કેટલા ય એવા ભાવિકો નીકળ્યા કે જેઓ પૂર્વે કોઇ નિયમિત આરાધના ન કરતાં હોવા છતાં નિયમિત આરાધનામાં જોડાયા. જેમ કે સંઘના અગ્રણી મન્ત્રી શ્રી રજનીભાઇ. એમણે પૂજ્યશ્રીની પ્રેરણા થતાં નિયમિત પ્રભુપૂજા એ ચાતુર્માસથી શરુ કરી. આવું જ પ્રવચનો-તપ વગેરે અંગે અન્ય ભાવિકોનાં જીવનમાં બન્યું. ચાતુર્માસ બાદ પૂજ્યશ્રી વસઇરોડ જૈન સંઘમાં તથા વિક્રોલી-પાર્કસાઇટસંઘમાં પધાર્યા. ક્રમશઃ કાર્તિક વદિ નોમ તથા માગશર શુદિ આઠમે અંજનશલાકા-પ્રતિષ્ઠાસંબંધી ઉછામણીઓ પૂજ્યશ્રીની નિશ્રામાં થતાં બન્ને સ્થળે ખૂબ માતબર ઉછામણી થઇ. તે પછી માગશર શુદિ ચૌદશે કાંતિનગર સંઘમાં સર્વપ્રથમવાર ઉપધાનતપનો પ્રારંભ થતાં ૧૭૧ ભાગ્યવાનો તેમાં સામેલ થયા. સંઘમાં પોતાનાં સ્થાનો મર્યાદિત હોવા છતાં જબરજસ્ત ઉલ્લાસનાં કારણે સંઘે સર્વ તપસ્વીઓ માટે અનુમોદનીય વ્યવસ્થા કરી. વાચનાઓ-ક્રિયાઓ-પ્રવચનોથી ધમધમતા એ ઉપધાનતપમાં પ્રતિ રવિવારે માત્ર એક જ વિષય 'રાવણ બનવું પણ સહેલું નથી' પર પ્રવચનો થતાં વિશાલ મેદની લાભ લેતી હતી. મારે પ્રથમવાર સળંગ સાત રવિવાર 'રાવણ'ના પાત્ર માટે ત્યાં પ્રવચનો કરવાનું બન્યું. દરેક જાહેર પ્રવચન અંતે પૂજ્યશ્રી તેની મર્મગ્રાહી સમીક્ષા કરતા. આ ઉપધાનતપ પૂર્વે પૂજ્યશ્રીએ પૂ. યુગદિવાકરગુરુદેવશ્રીનાં ગુરુમંદિરોમાં ગુરુમૂર્તિપ્રતિષ્ઠાને એક 'મિશન' ની જેમ હાથ ધરવાનો નિર્ણય કર્યો. પૂજ્યશ્રીની જ સર્વાધિક પ્રેરણાઓ હોવા છતાં આ બધા સામુદાયિક કાર્યો સહુની અનુકૂળતાઓ-વિચારો જોઇને કરાતાં હોવાથી વિલંબિત થતા જતા હતા. હવે પૂજ્યશ્રીએ એને ત્વરાથી પૂર્ણ કરવાનો નિર્ણય કરતાં ફક્ત દોઢ વર્ષમાં મુંબઇના છ માતબર સંઘોમાં ગુરુમૂર્તિઓની પ્રતિષ્ઠા થઇ. એમાં પ્રથમ પ્રતિષ્ઠા થઇ કાંતિનગર સંઘમાં આ જ ઉપધાનતપના માળમહોત્સવમાં.

પોષ વદિ ૧૩ થી મહા શુદિ ૬ દરમ્યાન બે મુમુક્ષુઓની દીક્ષાઓ-૩૬ છોડ ઉદ્યાપન-અનેક મહાપૂજનો-રથયાત્રાનો ભવ્ય વરઘોડો-શાનદાર બહુમાનસમારોહ સહિત દીક્ષા-માળમહોત્સવ યોજાયો. પ્રથમ માળના લાભાર્થીનો ઉત્સાહ અને ગુરુભક્તિ એવી જોરદાર હતી કે એમણે પૂજ્યશ્રીની જાણબહાર તેઓની તસવીર Emboss કરાવી ચાંદીના સિક્કા કરાવ્યા. જ્યારે એ સિક્કાની પ્રભાવના થઇ ત્યારે જ પૂજ્યશ્રીને એની ખબર પડી. મહા શુદિ ચોથે મુમુક્ષુ જ્યોતિબેન શાહ તથા યુવામુમુક્ષુ કુ. અર્ચના શાહની દીક્ષા પૂજ્યશ્રીના પવિત્ર હસ્તે હજારોની મેદની સમક્ષ 'ધર્મ-પ્રતાપનગર' ના મંડપમાં થઇ. તેઓને સા. શ્રી વિશ્વવિજ્ઞાશ્રીજી તથા સા. શ્રી વિશ્વવર્યાશ્રીજીના નામે ઘોષિત કરીને સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના પરિવારમાં દીક્ષિત કરાયા. તે જ દિવસે તમામ

## ભાયખલા તીર્થ પર ભવ્ય ઉપકાર :











સંપૂર્ણ અપરિચિત ભાયખલાતીર્થે પૂજ્યશ્રી ચાતુર્માસ માટે પધાર્યા અને ભવ્ય શ્રી શત્રુંજયતળેટીનું નિર્માણ થયું. નવ-નવ કુલિકા અને પ્રત્યેકમાં સ્ફટિકરત્નની ચરણપાદુકાની પ્રતિષ્ઠાનો મહોત્સવ પણ એવો જ જાનદાર ઉજવાયો. તસવીરો ભલે ઝાંખી છે, પણ એમાં અવસરની ઝાંખી છે.









## ભાયખલાતીર્થ પર ભવ્ય ઉપકાર :



ઉપધાનતપસ્વીઓનો માળપરિધાનસમારોહ પણ સાથે થયો. તમામ ઉપધાનતપસ્વીઓનું બહુમાન સંઘે સુવર્ણમુદ્રાથી કર્યું. મહા શુદિ છઠે પૂજ્ય યુગદિવાકર ગુરુદેવની આબેહૂબ આશીર્વાદમુદ્રાની શિલાપટ્ટમય ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા પૂજ્યશ્રીના વરદ હસ્તે થઇ. આ ઉભય પ્રસંગોમાં મુંબઇ સ્થિત યુગદિવાકર સમુદાયના શ્રમણ-શ્રમણીવૃંદની ઉપસ્થિતિ હતી. ગુરુમૂર્તિપ્રતિષ્ઠાપ્રસંગે આવેલ ચેમ્બુરતીર્થના ટ્રસ્ટીઓ આ ગુરુમૂર્તિથી એવા પ્રભાવિત થઇ ગયા કે એમણે ચેમ્બુરના મૂળ અંતિમસમાધિસ્થાનનાં ગુરુમંદિરમાં આવી જ મૂર્તિ કરાવવાની પૂજ્યશ્રીને વિનંતિ કરી, પૂજ્યશ્રીએ એનો સ્વીકાર કર્યો.

આ ઉપધાન-દીક્ષા-પ્રતિષ્ઠાદિ શાસનકાર્યો બાદ પૂજ્યશ્રી પધાર્યા વિક્રોલી પાર્કસાઇટ જૈન સંઘના શિખરબદ્ધ જિનાલયપ્રતિષ્ઠામહોત્સવમાં. આ સંઘમાં સર્વપ્રથમ ગૃહજિનાલયની સ્થાપના વિ.સં. ૨૦૨૭માં સાંઘાણીએસ્ટેટસંઘના અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ દરમ્યાન પૂ. યુગદિવાકર ગુરુદેવની નિશ્રામાં થઇ હતી. પૂજ્યશ્રી પૂ. યુગદિવાકરશ્રીનો વારસો સંભાળવામાં તત્પર. એથી જ્યારે આ સંઘે શિખરબદ્ધ જિનાલયનિર્માણની વિનંતિ કરી ત્યારે પૂજ્યશ્રીએ વિના વિલંબે સંમતિ આપી. નોંધપાત્ર બાબત એ હતી કે ત્યાં તપાગચ્છનાં ઘરો માત્ર ચાર-પાંચ હતા. બાકી વિશાલ સંખ્યાના પરિવારો અંચલગચ્છ-પાયચંદગચ્છ વગેરેના હતા. છતાં પૂજ્યશ્રીની સંમતિ ગુરુનિષ્ઠા ઉપરાંત શાસનનિષ્ઠાની દ્યોતક હતી. વિ.સં. ૨૦૫૫ના વૈશાખ વદિ ત્રીજે ખનનવિધાન તથા જેઠ વદિ દ્વિ. ચોથે શિલાન્યાસના પ્રસંગો પૂજ્યશ્રીની નિશ્રામાં થયા બાદ જોતજોતામાં આ શિખરબદ્ધ જિનાલયનું નિર્માણ પરિપૂર્ણ થતાં મહા શુદિ દશમથી ચૌદશનો ભવ્ય પ્રતિષ્ઠામહોત્સવ પૂજ્યશ્રીની પુણ્યપ્રતાપવંતી નિશ્રામાં યોજાયો હતો. સંઘના પરિવારોમાં સમજણનું સ્તર અલ્પ હતું અને ગચ્છવાદની પકડ ઘણી પ્રબળ હતી. જરાક મુદ્દો બની જાય તો તરત સંઘર્ષ થઇ જાય તેવું નાજુક વાતાવરણ ત્યાં હતું. કિંતુ પૂજ્યશ્રી ક્યાંય ગચ્છવાદ ન પ્રવેશે કે કોઇ મુદ્દો ખડો ન થઇ જાય તેવા ઔદાર્યથી-કુનેહથી પ્રવર્ત્યા. પરિણામ એ આવ્યું કે પાંચે ય દિવસ ઊછળતો ઉમંગ રહ્યો અને ઉછામણી પણ સરસ થઇ. મહા શુદિ તેરશે ૧૧ ક. ૧૦ મિનિટના મંગલ મુહૂર્તે પૂજ્યશ્રીના વાસક્ષેપપૂર્વક મૂલનાયક શ્રી સંભવનાથ-આદિનાથ-મહાવીરસ્વામી-શંખેશ્વરપાર્શ્વનાથ-વિઘ્નહરપાર્શ્વનાથ-સીમંધરપ્રભુ આદિ જિનબિંબોની તથા અધિષ્ઠાયક બિંબોની પ્રતિષ્ઠા થઇ. આ પ્રતિષ્ઠામાં પૂજ્યશ્રીનો સંઘવાત્સલ્યસભર-ઉદાર-અભિગમ ડગલે ને પગલે વ્યક્ત થતો હતો.

હવે પૂજ્યશ્રી પધાર્યા વસઇરોડસંઘમાં અંજનશલાકા-પ્રતિષ્ઠામહામહોત્સવપ્રસંગે. સમગ્ર વસઇરોડસંઘમાં આ સર્વપ્રથમ શિખરબદ્ધ જિનાલય હતું. તો અંજનશલાકાની ઉજવણી પણ આ સર્વપ્રથમ હતી. એથી સંઘનો ઉમંગ પ્રત્યેક પ્રસંગોમાં નજરે તરી આવે એવો હતો. વસઇના મુખ્ય અંબાડી રોડ પર પૂરા રાજમાર્ગને આવરી લેતા વિરાટ કલાત્મક પ્રવેશદ્વારો રચાયા હતા, તો શ્રાવસ્તીનગરીનો મંડપ પણ બાદશાહી બનાવાયો હતો. તમામ વિધિ-વિધાનો, પંચકલ્યાણકની અદ્ભુત ઉજવણીઓ-તમામ દિવસોમાં ત્રણે ય સમયના સંઘસાધર્મિકવાત્સલ્યો વગેરે સાથે આ અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ પૂજ્યશ્રીની પ્રભાવક નિશ્રામાં મહા વદિ ૫, તા. ૩-૩-૨૦૦૨ થી મહા વદિ દ્વિ.૧૩ તા. ૧૨-૩-૨૦૦૨ દરમ્યાન વસઇ માટે ઐતિહાસિક સ્વરૂપે ઉજવાયો. મહા વદિ બારશે ભવ્યાતિભવ્ય દીક્ષાકલ્યાણકરથયાત્રા-દીક્ષાકલ્યાણક અને રાત્રે ૩.૨૮ ક. અધિવાસના તેમજ ૫.૫૫ ક. અંજનવિધાન પૂજ્યશ્રીના વરદ હસ્તે થયું. પ્ર. તેરશે ૭.૫૭ ક. ૫૧ ઇંચના મૂલનાયક શ્રી સંભવનાથપ્રભુ-આદિનાથ-મુનિસુવ્રતસ્વામી વગેરે બિંબોની પ્રતિષ્ઠાવિધિ યોજાઇ. આ જ મહોત્સવમાં નવદીક્ષિત પૂર્વોક્ત બન્ને સાધ્વીજીની વડીદીક્ષા મહા વદિ નોમે થઇ, તો કચ્છનિવાસી યુવામુમુક્ષુ કુ. જયશ્રી શાહની દીક્ષા મહા વદિ બારશે હજારોની મેદની સમક્ષ થઇ. તેઓને સા. શ્રી વિરાગહિતાશ્રીજીરૂપે ઘોષિત કરીને સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના પરિવારમાં દીક્ષિત કરાયા. મુમુક્ષુની દીક્ષા પૂર્વેની ઘટના વિશેષ ઉલ્લેખનીય છે કે જેમાં પૂજ્યશ્રીનો વિવેકપૂર્ણ સંતુલિત અભિગમ પ્રતિબિંબિત થાય છેઃ

બન્યું હતું એવું કે આ યુવામુમુક્ષુ પૂજ્યશ્રીના સાંસારિક ભગિની સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના પરિવારના શ્રમણીભગવંતની પ્રેરણા-ઉપદેશથી દીક્ષા માટે તૈયાર થયા હતા. પરંતુ પરિવારજનોનો સખત આગ્રહ હતો કે 'કાં તો દીક્ષા એમના જ પરંપરાગત સમુદાયમાં આપવી અથવા ન જ આપવી.' આ તરફ મુમુક્ષુનો યોગ્ય નિર્ણય હતો કે 'મને જેમનાથી દીક્ષાના ભાવ પ્રગટ્યા છે એ ઉપકારી ગુરુદેવ પાસે જ હું દીક્ષા લઇશ.' પરિવારમાં આ અંગે મતભેદ હતો. પૂજ્યશ્રીની સાધ્વીજી ભગવંતને તાકીદ હતી કે કોઇ ઉતાવળ કે પરિવારવિક્ષેપમાં નિમિત્ત ન બનતાં ધીરજ ધરવી. મુમુક્ષુને કોઇ ચડવણી જેવી વાતો ન કરવી. એવામાં એકાએક, વિ.સં. ૨૦૫૭ના વૈશાખ માસમાં પૂજ્યશ્રી ડભોઇતીર્થે હતા ત્યારે એક બપોરે મુમુક્ષુ ડભોઇ આવી ગયા. એ ઘરે જણાવ્યા વિના જ દીક્ષા માટે ભાગીને આવ્યા હતા. તુર્ત જ દીક્ષા લેવામાં વિઘ્ન ન આવે માટે રજોહરણાદિ ઉપકરણો લઇને અને તે પૂર્વે કોર્ટમાં કાયદેસર Affidavit કરીને એ આવ્યા હતા. બે-ત્રણ માસ પૂર્વે, એમનો જ્યાં નિવાસ હતો એ મુંબઇના ઉપનગરીય સંઘમાં બે યુવામુમુક્ષુ બેનોએ અન્ય સમુદાયમાં આ જ રીતે ભાગીને દીક્ષા સ્વીકારી હતી. એથી એમનામાં આવી હિંમત અને તૈયારી કરવાની સુઝ આવી હતી. બપોરે ત્રણ વાગ્યે ડભોઇ આવ્યા બાદ પૂજ્યશ્રીને દીક્ષાપ્રદાનની વિનંતિ કરવા આવ્યા. પૂજ્યશ્રીએ તત્ક્ષણ

ઇન્કાર કરી કહ્યું કે ''મારે આ રીતે દીક્ષા આપવાની નથી. હમણાં જ ઘરે ફોન કરીને સમાચાર આપી દો કે : 'હું ડભોઇ આવી છું. પણ ગુરુદેવ દીક્ષા આપવાના નથી.' એથી તેઓ ખોટી ચિંતાઓથી વિરમે.'' એમ જ કરાયું. વળતા દિવસે મુમુક્ષુના ભાઇ આવીને એમને ઘરે લઇ ગયા. પરંતુ આ પ્રસંગથી પરિવારના અંતરમાં પૂજ્યશ્રીની સુંદર છબી એવી સજ્જડ ઊપસી કે જે પરિવાર સતત અઢી વર્ષથી અહીં દીક્ષાનો ઇન્કાર કરતો હતો એ જ પરિવારે ઘટનાના પાંચ-છ માસમાં સહર્ષ સંયમસંમતિ આપી. એથી જ પરિવારજનોની હાજરીમાં જાહેરમાં મહોત્સવપૂર્વકની આ દીક્ષા શક્ય બની.

પરિવારજનોની સંમતિ વિના ખાનગીમાં દીક્ષા આપવા અંગે પૂજ્યશ્રીનો અભિગમ સામાન્યતઃ આવો હતો કે (૧) માતા-પિતાની જેમાં સંમતિ ન હોય તેવી દીક્ષાઓ આપવામાં સરેરાશથી પણ વધુ વિલંબ કરવો. એનાથી મુમુક્ષુના વૈરાગ્યને પરિપકવ થવાની તક મળે અને એ વિલંબનાં વર્ષોમાં જો માતા-પિતા સમજીને સંમતિ આપે તો એમને આર્તધ્યાનની સંભાવના ન આવે. જે ઉપરોક્ત પ્રસંગમાં બન્યું. (૨) વર્ષોનાં ધૈર્ય બાદ પણ માતા-પિતાદિ કોઇ જ વ્યાજબી કારણ વિના દીક્ષા અટકાવ્યા કરે તો છેવટે વર્ષોનાં વહાણાં બાદ દીક્ષા આપવી. પૂજ્યશ્રીએ સ્વનિશ્રાવર્તીમાં ખાનગી દીક્ષા ફક્ત બે જ આપી છે જેમાં પાંચ અને છ વર્ષ જેટલો દીર્ઘસમય પૂજ્યશ્રીએ પ્રતીક્ષા કરી હતી. (૩) દીક્ષાર્થી સંતાન પુત્ર હોય ત્યારે ઉપરોક્ત ઉપરાંત ઓર માપદંડ પૂજ્યશ્રી એ રાખતા કે એકનો એક પુત્ર હોય તો માતા યા પિતા બેમાંથી એકની સંમતિપૂર્વક જ દીક્ષા આપવી, અન્યથા નહિ. પૂર્વોક્ત ડભોઇના પ્રસંગની ચર્ચામાં પૂજ્યશ્રીએ મને સમજાવ્યું કે- ''પંચસૂત્રગ્રન્થનું પ્રવજ્યાગ્રહણવિધિસૂત્ર વગેરે ખાનગી દીક્ષાનો વિધિ જે તબક્કે દર્શાવે છે એ જોતાં એનું પારમાર્થિક રહસ્ય એ જ સમજાય છે કે બનતી શક્યતાએ દીક્ષા માતા-પિતાની સંમતિપૂર્વક આપવી. અસંમતિની દીક્ષાથી માતા-પિતાને જે અકુશલાનુબંધી શોક થવાની સંભાવના છે એ ટાળવા તરફ શાસ્ત્રકાર ભગવંતનું વિશેષ લક્ષ્ય છે. આ વાત ''एस धम्मो सयाणं भगवं इत्थ णायं परिहरमाणे अकुशलानुबंधि अम्मापीइसोगंति... एवं अपरोवतावं...'' વગેરે શબ્દોથી સ્પષ્ટ સમજાય છે. વસ્તુતઃ તેઓ માતા-પિતાની ભક્તિને દીક્ષાનું પ્રારંભમંગલ ગણે છે. એ 'प्रारम्भमङ्गलं ह्यस्याः०' જેવા શ્લોક જણાવે છે . એથી દીક્ષા અંગે એમને તરછોડવાની-તિરસ્કૃત કરવાની વાત જરા ય ઉચિત નથી.'' આ ચર્ચામાં મને પૂજ્યશ્રીની વંદનીય વિચારધારાનાં તો દર્શન થયાં જ. ઉપરાંત વર્ષોપુરાણું વણઊકલ્યું રહસ્ય પણ ઉકેલાઇ ગયું કે 'પૂજ્યશ્રી જેવા અત્યંત મક્કમ અને સતત સાથે વિચરતા મુમુક્ષુને દીક્ષા આપવામાં પૂ. યુગદિવાકરશ્રીએ સાડા ત્રણ વર્ષ જેવો દીર્ઘ સમય પ્રતીક્ષા કેમ કરી હતી ?.'

વસઇ રોડ જૈન સંઘના એ ઐતિહાસિક અંજનશલાકા-પ્રતિષ્ઠા-દીક્ષા-વડીદીક્ષા મહોત્સવમાં સંઘે પૂજ્યશ્રીને આગ્રહભીની વિનંતિ કરી કે ''અમારો સંઘ ભલે મુંબઇના માતબર સંઘોમાં સ્થાન ન પામે. પરંતુ અમારી એક અદમ્ય અંતરઅભિલાષા છે કે આપના એક ચાતુર્માસનો લાભ અમારા સંઘને મળે.'' પૂજ્યશ્રીએ શ્રમણધર્મ મુજબ 'વર્તમાન જોગ' કહીને ભાવિમાં આ બાબત ખાસ લક્ષ્યમાં રાખવા જણાવ્યું.

વિક્રોલી-પાર્કસાઇટસંઘના પ્રતિષ્ઠામહોત્સવમાં ત્રણે ય ગચ્છોના અનુયાયીઓને ઉલ્લાસભેર વિવાદરહિતપણે જોડવાનું પૂજ્યશ્રીનું કૌશલ્ય હો, કે પૂર્વોક્ત પ્રસંગમાં પ્રગટતી ખાનગી દીક્ષાસંબંધી પૂજ્યશ્રીની વિચારધારા હોઃ એમાં વિલસતો વિચારવૈભવ-વિવેકવૈભવ-ઔદાર્યવૈભવ સાચે જ વંદનીય છે. એ આપણાં જેવાને જીવન જીવવાની સાચી સમ્યક્ શૈલીનો બોધ કરાવી જાય એમ છે.એથી જ ટાંકીશું પેલી સાર્થક પંક્તિઓ કેઃ-

गुरु! आपसे ही समझ का दीया जला है ।
आपसे ही घनघोर अंधेरा मीटा है ।।

• • •



પ્રકરણ : ૩૭

# દર્ભાવતીના કોહીનૂર...

એકાગ્રતા-તન્મયતા એક એવો સદ્‌ગુણ છે કે જે વ્યક્તિની શક્તિને અન્યત્ર ફંટાવા દીધા વિના તે બાબતમાં પૂર્ણ ક્ષમતાએ પ્રવાહિત કરે. આનું સીધું પરિણામ એ આવે કે તે તે બાબત પ્રમાણમાં ત્વરિત પૂર્ણ થાય અને સરસ પૂર્ણ થાય. જો એકાગ્રતા ન હોય તો તે જ બાબત યા તો પૂર્ણ ન થાય અને યા તો અવ્યવસ્થિતપણે-પ્રમાણમાં દીર્ઘકાળે પૂર્ણ થાય. એથી જ એકાગ્રતાને ચિંતકોથી લઇને શાસ્ત્રકારોએ પણ વિશેષ મહત્ત્વ આપ્યું છે.

પણ...સબૂર! આ એકાગ્રતા બધાને કાંઇ સહજ હાથવગી થતી નથી. કેટલા ય લોકો એવા હોય છે જે સાવ એકાંતમાં હોય તો ય એમને એકાગ્રતા આત્મસાત્ થતી નથી. મનમાં એક સાથે અનેક બાબતોના ઘોડાપૂર એવા ઊમટતા હોય કે તેઓ વિક્ષિપ્ત ભાવનો શિકાર બની જાય. પરિણામે તે તે બાબતને ત્વરિત-સરસ ન્યાય ન આપી શકે, જ્યારે કેટલીક વ્યક્તિઓને એકાગ્રતા એવી હાથવગી હોય કે એ જાહેરમાં હોય-જવાબદારીગ્રસ્ત હોય તો ય એમની એકાગ્રતા અકબંધ હોય. એથી એ તે તે બાબતને ત્વરિત-સરસ ન્યાય આપી શકે. પૂજ્યશ્રી આ કક્ષા ધરાવતા હતા. એટલે જ ભરપૂર જવાબદારી વચ્ચે ય એમની એકાગ્રતામાં ખલેલ ન પહોંચતી. મને એક આવો અનુભવ થયો વિ.સં. ૨૦૫૮ના ફાગણ શુદિ-૬, તા. ૨૦-૩-૨૦૦૨ના.

વસઇરોડ સંઘના અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ બાદ પૂજ્યશ્રી એ દિવસે મજગામ-ડૉકયાર્ડ જૈન સંઘમાં પધાર્યા હતા. આ સંઘે પૂજ્યશ્રીની નિશ્રામાં જ સુમતિનાથ જિનાલયના શાનદાર-અંજનશલાકા પ્રતિષ્ઠામહોત્સવનું આયોજન ચૈત્ર માસમાં નિર્ધાર્યું

હતું અને ઉપરોક્ત ફાગણ શુદિ છઠે એના ચડાવા હતા. ભાવિકોની ભરપૂર ઉપસ્થિતિ, સતત સંગીતનો-ઉછામણીનો કોલાહલ અને ઉછામણીના ક્રમ-નિયમોની જવાબદારીઃ આ બધાથી પૂજ્યશ્રી ગ્રસ્ત હતા. ત્યાં મંચ પાસે આવેલ એક ભાઇએ પૂજ્યશ્રીને Cover આપતા કહ્યું કે ''આની પર નજર કરી લો. કાંઇ ભૂલ હોય તો સુધારી આપો.'' Cover પ્રાયઃ કોઇ મુનિભગવંત દ્વારા આવ્યું હતું. અંદરનો કાગળ પૂજ્યશ્રીએ ખોલ્યો તો અંદર એક સંસ્કૃત શ્લોક અને પાંચ-સાત સુવાક્યો હતા. સુવાક્યો સાદા-ઉપદેશક હોઇ એમાં કાંઇ સુધારો જરૂરી ન હતો. પરંતુ શ્લોક આવો હતો કેઃ-

अवर्णवादो महापापकारी, अवर्णवादो नरकावतारी।
अवर्णवादो हरते गुणालिं, अवर्णवादस्त्यज भाग्यशालिन्।।

એક જ ક્ષણ... અને પૂજ્યશ્રીએ પેન હાથમાં લઇ તુર્ત આમાં બે સુધારા કર્યાઃ એક, 'महापापकारी'નાં સ્થાને 'बहुपापकारी' કર્યું અને બે,ચોથી પંક્તિમાં 'अवर्णवादस्त्यज' નાં સ્થાને 'अवर्णवादं त्यज' કર્યું. હું બાજુમાં જ હતો. હજુ એ શ્લોક વાંચું ત્યાં તો પૂજ્યશ્રીએ ક્ષણમાં સુધારીને એ કાગળ આપી પણ દીધો. મેં મનોમન ચોથી પંક્તિનો સુધારો તો સમજી લીધો, પણ બીજી પંકિતનો સુધારો સમજતાં બે-ત્રણ મિનિટ લાગી કે ત્યાં છંદોભંગ થતો હોવાથી પૂજ્યશ્રીએ આ સુધાર્યું હશે. મને પૂજ્યશ્રીનાં વ્યાકરણ અને સાહિત્યવિષયક જ્ઞાન ઉપરાંત વિશેષ બહુમાન એમની એકાગ્રતા ઉપર પ્રગટ્યું. કેમ કે તે વિના આટલા કોલાહલ અને જવાબદારી વચ્ચે આટલી ત્વરિત ક્ષતિસુધારણા સંભવી ન શકે.

પૂર્વે જણાવ્યું તેમ આ સંઘમાં સર્વપ્રથમ ગૃહજિનાલયનું નિર્માણ પૂ. યુગદિવાકરશ્રીની પ્રેરણાથી થયું હતું અને પછી ત્રિમજલી સ્વતન્ત્ર સ્થાન-નિર્માણનો ખનન-શિલાન્યાસવિધિ પૂજ્યશ્રીની નિશ્રામાં થયો હતો. હવે તે સ્થાન સંપૂર્ણ તૈયાર થઇ જતાં પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં આ જ દિવસે ઉછામણીસમારોહ યોજાયો હતો. આ ક્ષેત્ર મુંબઇના એક ખૂણાનાં સ્થાને આવતું હોવાથી શ્રમણ-શ્રમણીવર્ગનું ગમનાગમન અત્યલ્પ પ્રમાણમાં હતું. એથી જાગૃતિ પણ ખૂબ ઓછી હતી. આમ છતાં એ દિવસે ઉછામણી થઇ ₹. ત્રણ ક્રોડથી અધિક. સંઘનો આનંદ અસીમ બની ગયો. કેમ કે નિર્માણના ખર્ચથી ય ઉપજ વિશેષ થઇ હતી. આ જ દિવસે પ્રભાતે પૂજ્યશ્રીની નિશ્રામાં ત્યાના એક મુખ્ય ચોકનું 'ભગવાન સુમતિનાથ ચોક' નામકરણ મુંબઇના મેયર મહાદેવ દેવળે-સ્થાનિક વિધાયક બાળાનાંદગાવકર અને સંઘના અગ્રણીઓના હસ્તે થયું. તે પછી ચેમ્બુરતીર્થે પૂ. યુગદિવાકરશ્રીની પુણ્યતિથિ ઉજવણી-સાલગિરિમહોત્સવાદિ સંપન્ન કરાવી પૂજ્યશ્રી આદિ સપરિવાર મજગામ-ડૉકયાર્ડ સંઘમાં પધારતાં ચૈત્ર શુદિ છઠે પૂજ્યશ્રીનું શાનદાર સામૈયું થયું. શું  સામૈયું કે શું રથયાત્રાઃ રાજસ્થાની સંઘની તૈયારીઓ જબરજસ્ત હતી. કાચની મોટી મોટી રચનાઓ અને અનેકવિધ મંડળીઓ-જાદુગરો વગેરે નિહાળવા મુખ્ય રાજમાર્ગો પર મેદની ટોળે વળતી. પ્રતિદિન સવાર-બપોર-સાંજની નવકારશીના લાભાર્થીને ત્યાં વાજતે-ગાજતે પૂજ્યશ્રીનાં પગલાં થાય ત્યારે ગુલાબી સાફાઓમાં સજ્જ શ્રેષ્ઠીઓ-સ્વજનો એમનાં ઘરે ઊમટતા. એ માહોલ કોઇ અલગ તરી આવતો. રોજ સવારે શાહી કરબાથી ભક્તિ થતી. પરંતુ પૂજ્યશ્રીએ તાકીદ કરાવી હતી કે ફાગણ ચોમાસી વીતી ગઇ હોવાથી એમાં ડ્રાયફ્રુટ-મેવાનો ઉપયોગ નહિ કરી શકાય. સંઘે એ વાત વધાવીને માત્ર બદામ જેવા ખપી શકતા દ્રવ્યોનો જ ઉપયોગ કર્યો. બાકી તો એમના રીવાજમાં આ પ્રતિબંધ બંધબેસતો ન હતો. જાનદાર કલ્યાણક ઉજવણી-ચૈત્રવદિ ત્રીજે નૂતન સા. શ્રી વિરાગહિતાશ્રીજીને વડીદીક્ષાપ્રદાન-ગુલાલબાંદોલી વગેરે બાદ ચૈત્ર વદિ ચોથે અધિવાસના-અંજનવિધાન અને ચૈત્ર વદિ ૫, તા. ૧-૫-૨૦૦૨ બુધવારે પ્રબળ હર્ષોલ્લાસ વચ્ચે પ્રતિષ્ઠાવિધાન થયું. એ સમયે આકાશમાંથી હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા થઇ. સંઘના ઇતિહાસમાં આ અંજનશલાકા-પ્રતિષ્ઠા-વડીદીક્ષામહોત્સવ એક યાદગાર સુવર્ણ પ્રકરણરૂપ બની ગયો...

સતત સર્જાતી શાસનપ્રભાવનાની શૃંખલામાં હવે પૂજ્યશ્રી સમક્ષ ઉપસ્થિત થયો ભાયંદર-બાવનજિનાલયતીર્થનો ઐતિહાસિક પ્રતિષ્ઠા-સમૂહ વર્ષીતપ-પારણામહોત્સવ. ભાયંદર એ ક્ષેત્ર હતું જ્યાં પૂજ્યશ્રીના ઉપકારોની જાણે કે અખંડ અમીવર્ષા થતી હતી. ભાવિમાં વિશાલ આરાધનાભવન શક્ય બને તે માટે ત્યાંના ૧૧ અધિષ્ઠાયક દેવ-દેવીના સંકુલનું સ્થાનાંતર કરી બાવનજિનાલયની પાછળ તે સંકુલનાં નિર્માણની પૂજ્યશ્રીની દીર્ઘદષ્ટિસભર સૂચના હતી. સંઘે એ સૂચન વધાવીને ક્રમબદ્ધ અગિયાર-અગિયાર કુલિકાઓનું નિર્માણ માત્ર બે-અઢી માસમાં સંપન્ન કર્યું. વસઇના અંજન-પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન જ આ સંકુલના ખનન-શિલાન્યાસ માટે મારે જવાનું બન્યું હતું. આ ૧૧ દેવ-દેવીની પુનઃપ્રતિષ્ઠા તેમજ ભૂગર્ભગૃહમાં પૂજ્યપાદ સિદ્ધાંતનિષ્ઠ આ.ભ.શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.સા. તથા બાવનજિનાલયતીર્થના સ્વપ્નદષ્ટા પૂજ્યપાદ યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ની ગુરુપ્રતિષ્ઠાનો પણ નિર્ણય કરાયો હતો. એમાં વળી સંઘમાં તે વર્ષે થયેલ ૪૫૦ જેટલા સામૂહિક વર્ષીતપનાં અનુસંધાનમાં ચોવીશીપરિકર સહિત ૯૦ ઇંચના શ્રી આદીશ્વરપ્રભુની કાયોત્સર્ગમુદ્રાલીન વિશાલ પ્રતિમાની પ્રતિષ્ઠા તથા ભૂગર્ભગૃહમૂલનાયકાદિના પરિકરની પ્રતિષ્ઠા પણ પૂજ્યશ્રીનાં માર્ગદર્શનાનુસાર નિશ્ચિત થતા સુવર્ણમાં સુગંધ ભળી. એક તરફ આ પ્રતિષ્ઠાઓનો પ્રસંગ હતો, તો બીજી તરફ ૪૫૦ વર્ષીતપનો માહોલ હતો. તે કાળે પ્રાયઃ ભારતભરમાં કોઇ એક જ સંઘમાં આટલી મોટી સંખ્યામાં સમૂહ વર્ષીતપ થયા હોય તેવી આ સર્વપ્રથમ ઘટના હતી. એમાં એક ભાગ્યવાને અટ્ઠાઇનાં પારણે અટ્ઠાઇથી વર્ષીતપ કર્યો. તો કેટલાકે નિશ્ચિત વિગઇઓ ત્યાગીને અને દ્રવ્યસંકોચતપ કરીને વર્ષીતપારાધનાને ચાર ચાંદ લગાવ્યા હતા. આ તમામ તપસ્વીઓના તપસમાપન તથા પ્રતિષ્ઠાઓ નિમિત્તે પૂજ્યશ્રીની પ્રભાવક નિશ્રામાં તેરદિવસીય ભવ્યાતિભવ્ય મહોત્સવ યોજ્યો.

ચૈત્ર વદિ ચૌદશે પૂજ્યશ્રી આદિ વિશાલ શ્રમણ-શ્રમણીવૃંદ તથા આ પ્રસંગે ઉપસ્થિત પૂ.આ.શ્રી જગચ્ચન્દ્રસૂરિજી મ., વર્ષીતપના આદ્ય ઉપદેશક મુનિશ્રી જિનસુંદરવિજયજી આદિનું ભવ્ય સામૈયું થયું. ચૈત્ર વદિ ૩૦, તા. ૧૨-૫-૨૦૦૨ના રવિવારે ઉછામણીસમારોહ યોજાતાં તેમાં વિવિધ પ્રતિષ્ઠાઓના તથા દશ વિભાગના દશ શ્રેયાંસકુમારના આદેશો અપાયા. ઉછામણી પ્રારંભે પૂજ્યશ્રીએ પ્રવચનમાં પ્રેરણા કરી હતી કે ''જો શક્તિ હોય તો, તે તે લાભ લેતા પૂર્વે જ ઉછામણીરકમ ભરી દેવી. કેમ કે કઇ ક્ષણે ભવ બદલાશે કે સંયોગો બદલાશે એનો ભરોસો નથી.'' આ વચન ઝીલી લઇ

શ્રી આદીશ્વર પ્રભુની પ્રતિષ્ઠાની સૌથી ઊંચી ઉછામણી બોલનાર શશીકાંતભાઇ સીરોયાએ, લાભ લીધાની ગણતરીની મિનિટોમાં સંપૂર્ણ રકમ ભરી દેતાં સંઘમાં અહોભાવનું અને પૂજ્યશ્રીના આદેયનામકર્મની પ્રશંસાનું વાતાવરણ જામ્યું. રાત્રે હકડેઠઠ મેદની સમક્ષ યાદગાર બહુમાન-સમારોહ યોજાયો ત્યારે આ ઐતિહાસિક તપસ્યાને વધાવવા શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી શ્રેણિકભાઇ કસ્તૂરભાઇ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વૈશાખ શુદિ ત્રીજના જે અનુપમ વાતાવરણ રચાયું હતું એના માટે પેલી પંક્તિ જ ટાંકવી ઉચિત લાગે કે 'તે દશ્ય ત્યારે જેમણે માણ્યું હશે તે ધન્ય છે.' સવારે વિરાટ વરઘોડા સાથે અમે સહુ દોઢસો ફીટ રોડ વિસ્તારના વિરાટ મેદાનોમાં રચાયેલ 'હસ્તિનાપુરી' અને 'ધર્મ-પ્રતાપનગર'ના વિરાટ મંડપો તરફ પહોંચ્યા ત્યારે ત્યાં જે રીતે માનવમહેરામણ અસ્ખલિતપણે આગળ વધતો હતો એ જોતાં મને સ્વયં એવો અહેસાસ થયો કે જાણે કોઇ ઊછળતો મહાસાગર આગળ ધપી રહ્યો હોય. લગભગ એક લાખ જેટલા ભાવિકો ત્યાં ઊમટ્યા હતા. છતાં કોઇ અવ્યવસ્થા વિના સંપૂર્ણ શિસ્તબદ્ધ એ પારણાં સમારોહ થયો... વૈશાખ શુદિ પંચમીએ ૯ ક.૧૪ મિનિટના મંગલ મુહૂર્તે એક સાથે સત્તર સત્તર પ્રતિષ્ઠાઓ થઇ ત્યારે સમગ્ર બાવનજિનાલય પરિસર ઉપસ્થિત ચિક્કાર ભાવિકોના જયનાદથી ગાજી ઊઠ્યું. પ્રતિષ્ઠા બાદ તીર્થના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સુરેશભાઇ સંઘવી તથા સંઘપ્રમુખ શ્રી શશીકાંતભાઇ સીરોયાએ વિશાલ મેદની સમક્ષ વિનંતિ કરી કે ''અમારે હવે એક સાથે અઢીથી ત્રણ હજાર ભાવિકોનો સમાવેશ થાય તેવા આરાધનાભવનનું નિર્માણ કરવું છે. આ માટે આપે એક ચાતુર્માસનો લાભ અમને આપવો જ જોઇશે.'' પૂજ્યશ્રીએ 'વર્તમાનજોગ' કહીને ભાવિમાં આ બાબત લક્ષ્યમાં રાખવાનું આશ્વાસન આપ્યું. મહોત્સવના બારમા દિવસે તીર્થની પંદરમી સાલગિરિની ભવ્ય ઉજવણી સંપન્ન કરાવ્યા બાદ પૂજ્યશ્રી વૈશાખ શુદિ બારશે કાંદિવલી-પશ્ચિમના મુનિસુવ્રતજિનાલય સંઘમાં પધાર્યા.

આ સંઘમાં જંગલમાં મંગલ સર્જીને પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીએ જે તીર્થસ્વરૂપ ચતુર્વિંશતિ જિનાલય-વિશાલ ઉપાશ્રયાદિનાં નિર્માણ કરાવ્યા હતા તે અનુપમ ઉપકારોને અનુરૂપ એક સ્વતંત્ર ગુરુમંદિરનું નિર્માણ સંઘે પૂજ્યશ્રીની પ્રેરણાથી કર્યું હતું. તેમાં પૂ. યુગદિવાકરશ્રીની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠાનો નિર્ણય પૂજ્યશ્રીના માર્ગદર્શનાનુસાર કરીને સંઘે આ વર્ષે જ તેની પ્રતિષ્ઠાઉછામણી પણ પૂજ્યશ્રીની નિશ્રામાં કરી લીધી હતી. હવે એ ગુરુમંદિરની પ્રતિષ્ઠાનો પુણ્ય અવસર હતો. સંઘે ભવ્ય સામૈયાં સાથે પૂજ્યશ્રીની પધરામણી કરાવી, પંચદિવસીય પ્રતિષ્ઠામહોત્સવ યોજ્યો, પૂ. યુગદિવાકરશ્રીનાં જીવન-કવન પર પ્રકાશ પાથરતાં ગુણસંકીર્તન પ્રવચનો થયાં, પૂ. યુગદિવાકરશ્રીનાં સ્તુતિઅષ્ટક પર સંવેદના કાર્યક્રમ, ગુરુપાદુકામહાપૂજનાદિ થયા અને વૈશાખ શુદિ તેરશે ૯ ક. ૧૪ મિ.ના મુહૂર્તે પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં એ સંઘમાં ગુરુમંદિરપ્રતિષ્ઠા થઇ. આ વર્ષનાં શેષકાળમાં બે વિરાટ અંજનશલાકાઓ-છ પ્રતિષ્ઠાઓ-ત્રણ દીક્ષાઓ-ઉપધાનતપ અને ૪૫૦ વર્ષીતપ સમાપનમહોત્સવની શાસનપ્રભાવનાશૃંખલા આ રીતે સર્જાઇ...

શેષકાળમાં અન્યાન્ય શાસનકાર્યોના અંતે વિ.સં. ૨૦૫૮ ના ચાતુર્માસ માટે પૂજ્યશ્રી સપરિવાર ઘાટકોપર-નવરોજીલેનસંઘમાં સ્વાગત સહિત પધાર્યા. પ્રતિવર્ષની જેમ આ ચાતુર્માસમાં યુવાશિબિરો-બાળશિબિરો-'શાંતસુધારસ' ગ્રન્થ પર પ્રવચનો-તપશ્ચર્યાઓ આદિ થયા. એમાં ઉલ્લેખનીય બાબત એ હતી કે પૂજ્યશ્રીના ચાર નવદીક્ષિત પ્રશિષ્યો વર્ષીતપઆરાધના કરી રહ્યા હતા. એમાં ફક્ત બાર વર્ષીય બાલમુનિ શ્રી અક્ષયરત્નવિજયજી પણ હતા. સમસ્ત સંઘ આ તપસ્વી-સંયમી-સ્વાધ્યાયી નાના મુનિવરો પર અહોભાવથી ઓળઘોળ થઇ જતો. આ ચાતુર્માસની બે મહત્ત્વપૂર્ણ ઘટના ખાસ ટાંકવા જેવી છે. એમાં એક ઘટના હતી પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવની. સંઘમાં નૂતન ઉપાશ્રયનું નિર્માણ થઇ રહ્યું હતું. એના આદેશોની યોજનાઓ હજુ વિચારાઇ રહી હતી. એવામાં પૂ. યુગદિવાકરશ્રીના ૯૯ મા જન્મદિનની ઉજવણી આવી. ચિક્કાર પ્રવચનસભામાં પૂજ્યશ્રીએ પૂ. યુગદિવાકરશ્રીના ઘાટકોપર સંઘ પરના ઉપકારો-એમણે ઠેર ઠેર કરાવેલ જિનાલયો તથા ઉપાશ્રયોની રજૂઆત હૃદયસ્પર્શી રીતે કરી. એમાં અચાનક જ શ્રી દેવેન્દ્રભાઇ મહેતા નામે ભાગ્યવાને જાહેરાત કરી કે ''જો સમગ્ર ઉપાશ્રયનો લાભ મને અપાય તો આ ૯૯મા જન્મદિન નિમિત્તે હું ₹. ૯૯,૯૯,૯૯૯ આપવા તૈયાર છું.'' એકાએક આવેલ આ Offer થી સમગ્ર સભામાં આશ્ચર્યનું મોજું ફરી વળ્યું. જો કે, Committeeના કેટલાક સભ્યોએ અમૂક પ્રકારનું વલણ લેતાં એ વાત આગળ ન વધી શકી. પરંતુ એ ઘટનાના દાયકા બાદ એ જ પરિવારે ધર્મધામતીર્થે આલીશાન 'ધર્મવિહાર' ઉપાશ્રયનો સંપૂર્ણ લાભ લઇ એ સ્વપ્ન સાકાર કર્યું. ઉપરાંત આ જ પરિવારે એ ચાતુર્માસ બાદ જગડૂશાનગરસંઘમાં પૂજ્યશ્રીની નિશ્રામાં થયેલ અંજનશલાકા-પ્રતિષ્ઠામાં મહત્ત્વના લાભો લીધા. જે આપણે આગળ નિહાળીશું. સંઘના એ ઉપાશ્રયના આદેશો અલગ અલગ આપવાનો નિર્ણય થયા બાદ સંવત્સરીમહાપર્વદિને મુખ્ય નામકરણનો આદેશ પૂજ્યશ્રીની નિશ્રામાં ₹. ૫૪ લાખમાં અપાયો અને સવા લાખના નામો લેવાતાં પૂજ્યશ્રીની નિશ્રામાં કુલ સવા ક્રોડ ₹. નું ફંડ થઇ ગયું.

આ ચાતુર્માસની બીજી મહત્ત્વપૂર્ણ ઘટના હતી પૂજ્યશ્રીની ગુરુભક્તિસંબંધી. એક દિવસ પૂજ્યશ્રીએ મને કેટલીક જૂની સામગ્રીઓ આપતાં કહ્યું: ''જે જે સ્થાને પૂ. ગુરુદેવસંબંધી મારી સામગ્રીઓ રાખી હતી તે તમામ એકત્ર કરીને આ તને આપી. આના પરથી મહેનત કરીને તારે યુગદિવાકરશ્રીનું વિસ્તૃત જીવનચરિત્ર તૈયાર કરવાનું છે. સમજજે કે આ છૂટાછવાયા તાણા-વાણા છે. તારે એમાંથી સુગ્રથિત વણાટવાળું રમણીય વસ્ત્ર તૈયાર કરવાનું છે. એમાં કડીબદ્ધતા રહે તે માટે રોજ બે કલાક તારી સાથે બેસીને દરેક ઘટનાની સાલવાર નોંધ અલગથી કરાવીશ. એ પછી પણ કડી ખૂટશે તો તે તે સંઘો-વ્યક્તિઓનો સંપર્ક કરીને ય ઇતિહાસ કડીબદ્ધ બનાવી આપીશ. પણ ગુરુદેવની જન્મશતાબ્દી નિમિત્તે જીવનચરિત્ર તો તૈયાર કરવું જ છે. બધું પૂ. યુગદિવાકરશ્રીની કૃપા જ કરી આપશે. આપણે માત્ર સજ્જડ પુરુષાર્થ કરવાનો છે.'' આમ તો મને ય પૂ. યુગદિવાકરશ્રીના જીવનચરિત્રાલેખન માટે ઉત્કટ રસ હતો. તેથી જ મેં વિ.સં. ૨૦૫૩ થી આ ગ્રન્થ ન લખાય ત્યાં સુધી કેરીનો મૂળથી ત્યાગ કર્યો હતો. હું અટકતો હતો જરૂરી

વિગતોના અભાવથી. હવે એ સાંપડી રહી હતી એથી તુર્ત જ આ કાર્યનાં મંગલાચરણનો નિર્ણય કર્યો. શ્રાવણ શુદિ ૧૧ના મંગલ મુહૂર્તે ગ્રન્થલેખનપ્રારંભે પૂજ્યશ્રી મારી સમક્ષ વિરાજ્યા અને ગ્રન્થલેખન શરુ થયું. પૂજ્યશ્રીની ઉત્કટ ભાવના ફળી હોય એમ પ્રથમ છ માસમાં જ પચાસ પ્રકરણો લખાઇ ગયા. આ રીતે, બૃહત્ કદ અને ૬૭૨ પેજ ધરાવતાં એ 'યુગદિવાકર' મહાગ્રન્થરૂપ વટવૃક્ષનાં બીજારોપણ અને ત્વરિત વિકાસમાં વિ.સં. ૨૦૫૮નું આ ચાતુર્માસ યાદગાર બની ગયું...

આ ચાતુર્માસ બાદ ઘાટકોપર-પંતનગર વિસ્તારમાં શિખરબદ્ધ જિનાલયનું ભૂમિપૂજન-ખનનવિધાન પૂજ્યશ્રી તથા પૂ.આ.શ્રી અશોકચન્દ્રસૂરીશ્વરજી મ.-પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં થયું. ત્યાંથી પૂજ્યશ્રી જગડૂશાનગર શ્વે. મૂ.ત. જૈન સંઘના શિખરબદ્ધ ત્રિમજલી મહાજિનાલયના અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ નિમિત્તે તે સંઘની વિનંતિથી ત્યાં પધાર્યા. પૂજ્યશ્રીની પ્રેરણાથી નવનિર્મિત આ મહાજિનાલયના અંજન-પ્રતિષ્ઠામહોત્સવને તત્કાલીન કેટલીક હૃદયસ્પર્શી ઘટનાઓ દ્વારા માણીએઃ

પોષદશમીના પુણ્યદિવસે તમામ પ્રભુજીઓ આદિનો શાનદાર પ્રવેશમહોત્સવ યોજાયો. નૂતન બિંબોને અલગ અલગ સજાવટભર્યા વાહનોમાં પધરાવાયા હતા. ૬૩ ઇંચના (પરિકર સહિત ૧૨૬ ઇંચના) મૂલનાયક શ્રી ઉવસગ્ગહરપાર્શ્વપ્રભુની અદ્ભુત શિલ્પમય-સંસ્થાનમય પ્રતિમા નિહાળીને પ્રવેશશોભાયાત્રામાં પધારેલ મુનિશ્રી ભક્તિવર્ધનવિજયજી મને કહેઃ ''પૂર્વાશ્રમમાં હું આ જ સંઘનો સભ્ય હતો. અમે થોડાં વર્ષો પૂર્વે સજોડે દીક્ષા સ્વીકારી છે. આવા વિરાટ નયનરમ્ય પ્રભુજી જોતાં એવા ભાવો ઊછળે છે કે મારી ગૃહસ્થાવસ્થાનાં વર્ષોમાં અહીં આ ભગવાન પધાર્યા હોત તો મને કેટલો બધો ભક્તિનો લાભ મળત? જો એવું થયું હોત તો આ મૂલનાયકજીના અંજનનો અને પ્રતિષ્ઠાનો લાભ હું જ લેત!!'' એક સંસારત્યાગી શ્રમણ ભાવુકતાની પરાકાષ્ઠાએ આવા મનોરથો કરે એ જ દર્શાવે છે કે પ્રભુજી કેવા અદ્ભુત હશે અને તે સમયનો માહોલ કેવો ભાવુક હશે...

૪૧-૩૧ અને ૨૭ ઇંચના ઘણા ય પ્રતિમાજીઓ જિનાલયના રંગમંડપ સુધી સરલતાથી પધરાવી દેવાયા. કિંતુ મૂલનાયક પ્રભુને ગર્ભગૃહમાં પ્રવેશ કરાવવામાં ખૂબ જહેમત પડી. કારીગરો કાષ્ઠપટ્ટો પર સુવડાવીને પ્રતિમા આસ્તે આસ્તે આગળ લઇ જતા હતા. પણ મૂર્તિ કેમે કરીને સ્વસ્થાને ખડી કરી ન શકાઇ. સમગ્ર સંઘ આ દૃશ્ય જોઇ રહ્યો હતો. એવામાં પૂજ્યશ્રી મન્ત્રોચ્ચાર કરાવવા ઊભા થયા. પ્રણિધાનપૂર્વક પ્રથમ મન્ત્રોચ્ચારમાં હજુ તો તેઓ 'ઉવસગ્ગહર...' શબ્દ બોલ્યા ત્યાં જ પ્રભુજી સ્વસ્થાને ખડા થઇ ગયા. જયજયકાર સાથે ભાવિકો બોલવા માંડ્યા કે પૂજ્યશ્રીના મન્ત્રોચ્ચારથી આ કાર્ય થઇ ગયું... પ્રભુજીના અંજનાદિની ઉછામણી થઇ પોષ શુદિ ત્રીજે. એ પૂર્વે પાંચ દિવસથી સૂચનાબોર્ડ પર સંઘે સંઘનવકારશીઓના નકરા લખ્યા હોવા છતાં એક પણ આદેશ અપાયો ન હતો. પરંતુ, પૂજ્યશ્રીની પુણ્યવંતી નિશ્રામાં ઉછામણીના એક જ દિવસે ૩૩ ટંકની નવકારશીઓના આદેશો ઉપરાંત ₹. એક ક્રોડથી અધિક ઉછામણીઓ થઇ. જે પછીથી બે ક્રોડની ઉપજને આંબી ગઇ.

પૂર્વે ચાતુર્માસમાં જેમનો ઉલ્લેખ કર્યો હતો તે દેવેન્દ્રભાઇ મણિલાલ મહેતાએ મૂલનાયક પ્રભુજીની અંજન-પ્રતિષ્ઠા અને પ્રભુના માતા-પિતાદિ વગેરે વિવિધ લાભો લીધા હતા. એમની ભક્તિ એવી ઉલ્લાસસભર રહી કે એમણે પંચકલ્યાણકઉજવણીના પ્રારંભિક ચાર દિવસ વિધિના ધાતુપ્રતિમાની ક્રમશઃ સોનાના-મોતીના-હીરાના-પન્નાના હારથી ભક્તિ કરી અને નિર્વાણ કલ્યાણકદિને પ્રભુના નવે ય અંગે કુલ તેર સુવર્ણકમળોથી પૂજા કરી ઉત્કૃષ્ટ ભક્તિભાવ દર્શાવ્યો. એમણે વારંવાર પૂજ્યશ્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી કે આપે અમને આ શ્રેષ્ઠ લાભની પ્રેરણા કરી... જિનાલયની નિકટમાં વસતા એક પરિવારના ભાઇઓએ કાયમી રૂપે વ્યસનોનો ત્યાગ આ પ્રતિષ્ઠા પ્રસંગે પૂજ્યશ્રી પાસે પ્રતિજ્ઞાપૂર્વક કર્યો.

પોષ વદિ ૧૩ ગુરુવારથી આરંભાયેલ આ મહિમાવંતા અંજન-પ્રતિષ્ઠા-દીક્ષામહોત્સવમાં મહા શુદિ પાંચમે ભવ્યાતિભવ્ય દીક્ષાકલ્યાણકરથયાત્રા-મુમુક્ષુ જયશ્રીબેનનો વર્ષીદાનયાત્રાવરઘોડો અને તે પછી તુર્ત મુમુક્ષુનો દીક્ષાવિધિ થયો. દીક્ષાવિધિના અંતે તેમને સા. શ્રી વિરાગરત્નાશ્રીજીરૂપે ઘોષિત કરી સા. શ્રી પૂર્ણકલાશ્રીજીના પરિવારમાં સંમીલિત કરાયા. તે જ દિવસે રાત્રે શુભ નવમાંશે અધિવાસના-અંજનવિધાન અને મહા શુદિ છઠે વિરાટ માનવમેદની વચ્ચે જિનાલયના ત્રણે ય મજલે વિવિધ જિનબિંબોનું-ગણધરબિંબોનું પૂ. યુગદિવાકરશ્રીની ગુરુમૂર્તિનું અને અધિષ્ઠાયક દેવતાઓનું પ્રતિષ્ઠાવિધાન થયું. આ દિવસે સમસ્ત ઘાટકોપરના પૂર્વ-પશ્ચિમ વિસ્તારોના જૈનોનું સંઘસાધર્મિકવાત્સલ્ય તથા જગડૂશાનગરના તમામ અજૈન પરિવારો માટે પ્રીતિભોજન પણ યોજાયું. યુગદિવાકરસુમદાયના એંશી સાધુ-સાધ્વીજીની નિશ્રામાં યોજાયેલ આ અંજન-પ્રતિષ્ઠા મહોત્સવના પ્રતિઘોષ સમગ્ર મુંબઇમાં ઝિલાયા...

ત્યાંથી પૂજ્યશ્રી મુલુંડ-પૂર્વના શ્વે.મૂ.ત. જૈન સંઘમાં પધાર્યા. ત્યાં પૂર્વે પૂજ્યશ્રીની પ્રેરણાથી ₹. ૩૫ લાખના ખર્ચે ઉપાશ્રયનું નિર્માણ થયું હતું. હવે પ્રસંગ હતો શ્રી શંખેશ્વરપાર્શ્વનાથજિનાલયપ્રતિષ્ઠાનો. એનાં નિર્માણનો સંપૂર્ણ લાભ લીધો ગુરુભક્ત શ્રી દેવચંદ ભારમલ સુમરીયા પરિવારે. મહા શુદિ-૧૧ પૂ. યુગદિવાકરશ્રીના દીક્ષાદિનથી પંચદિવસીય પ્રતિષ્ઠામહોત્સવ આરંભાયો. મહા શુદિ બારશે આઠ આઠ શણગારેલ વાહનોમાં તમામ નૂતન બિંબો પધરાવી તેમની તથા પૂજ્યશ્રીની ભવ્ય પ્રવેશયાત્રા યોજાઇ. જે મુલુંડ -પૂર્વના ઇતિહાસમાં સર્વપ્રથમ હતી. પાંચે ય દિવસ વિવિધ મહાપૂજનો-પ્રતિદિન ત્રણે ય સમયના સાધર્મિકવાત્સલ્યો-રાત્રિ ભાવનાઓ વગેરે સાથે મહોત્સવ પૂર્ણ ઉલ્લાસભેર ઉજવાયો અને મહા વદિ-૧, તા. ૧૬ -૨-૨૦૦૩ના શુભ લગ્ને મૂલનાયક શ્રી શંખેશ્વરપાર્શ્વપ્રભુ-શ્રી સુમતિનાથ-મહાવીરસ્વામી નાગેશ્વરપાર્શ્વપ્રભુ-ચિંતામણિપાર્શ્વપ્રભુ તેમજ અધિષ્ઠાયક દેવ-દેવીઓની પ્રતિષ્ઠા સમસ્ત સંઘની ઉપસ્થિતિમાં પૂજ્યશ્રીના વાસક્ષેપપૂર્વક થઇ...

હવે પૂજ્યશ્રી પધાર્યા ચેમ્બુરતીર્થના પૂ. યુગદિવાકરશ્રીના મૂલ અંતિમ સમાધિસ્થાનનાં મુખ્ય ગુરુમંદિરની પ્રતિષ્ઠાર્થે. પૂજ્યશ્રીનાં જીવનનું એ અપ્રતિમ

## સુવર્ણ વર્ષ...
## સુવર્ણ ચાતુર્માસ :

સુવર્ણ વર્ષ...
સુવર્ણ ચાતુર્માસ :



પૂ. યુગદિવાકરશ્રીના માનસ સંતાન સમા ચેમ્બુરતીર્થના પ્રતિષ્ઠાસુવર્ણવર્ષનું ઐતિહાસિક ચાતુર્માસ પૂજ્યશ્રીની પ્રેરણાથી જે યાદગાર સ્વરૂપે યોજાયું તેની ઝલકો આ તસવીરોમાં ઝિલાય છે. યુવાશિબિરોમાં સર્વ પ્રથમવાર ચિક્કાર મેદની ઊમટી, તો પૂજ્યશ્રીની સૂરિપદારોહણપદ ઉજવણીનો પ્રારંભ આ ચાતુર્માસથી થયો. ત્યાં સ્થિરવાસ પૂ. આ.ભ.શ્રી કનકરત્નસૂરીશ્વરજી મ. પણ મુખ્ય મુખ્ય પ્રસંગે પધારતા હતા.





સુવર્ણ વર્ષ...







સુવર્ણ ચાતુર્માસ :







સુવર્ણ
વર્ષ...







સુવર્ણ
ચાતુર્માસ :



ગુરુભક્તિકેન્દ્ર-આસ્થા કેન્દ્ર હતું. જન્મશતાબ્દી પૂર્વે આ ગુરુમંદિરની પ્રતિષ્ઠા કરી લેવી એ પણ પૂજ્યશ્રીનું લક્ષ્ય હતું. તીર્થના અગ્રણીઓને આશીર્વાદ મુદ્રાની જે ગુરુમૂર્તિ બેહદ પસંદ હતી એ જ ગુરુમૂર્તિ સમાધિમંદિર માટે પૂજ્યશ્રીએ તૈયાર કરાવી હતી. આ ઉપરાંત આ જિનાલયની બહારના ભાગે જ્યાં પૂ.આ.ભ.શ્રી મોહનસૂરીશ્વરજી મ.સા.ની ગુરુમૂર્તિ પ્રતિષ્ઠિત હતી તેની બન્ને બાજુ ક્રમશઃ પૂ.આ.ભ.શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.સા. તેમજ પૂ.આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ની દેહપ્રમાણ ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા પણ પૂજ્યશ્રીની પ્રેરણાનુસાર આ જ મહોત્સવમાં નિશ્ચિત થઇ. આ નિમિત્તેનો અષ્ટદિવસીય ગુરુભક્તિમહોત્સવ મહા શુદિ-૧૪ થી મહા વદિ-૬ દરમ્યાન યોજાયો. મુંબઇના અખબારોમાં આ મુખ્ય ગુરુમંદિર-પ્રતિષ્ઠા નિમિત્તે વિશાલ જાહેરખબરો આવી, ઠેર ઠેર પ્રતિષ્ઠાના હોર્ડિંગ્સ મુકાયા; પૂજનો-રથયાત્રાદિ યોજાયા. એમાં પૂજ્ય યુગદિવાકરશ્રીનાં જીવન-કવનનો વિશદ પરિચય મળ્યો ભાવિકોને પૂજ્યશ્રીનાં પ્રવચનો દ્વારા. આ મહોત્સવમાં ત્રણ દિવસ પૂજ્યશ્રીએ 'સુયગડાંગ' સૂત્રના આઠમા અધ્યયનની આ ગાથા ફરમાવી કેઃ-

उज्जम–धिति–धीरत्तं, सोंडीरत्तं खमा य गंभीरं।
उवओग–जोग–तव–संज, –माइयं होइ अज्झप्पो।।

આ ગાથામાં અધ્યાત્મમંડિત વિભૂતિનાં દશ લક્ષણો દર્શાવાયા છે. આ દશે ય લક્ષણોનાં વિવરણ સાથે પૂજ્યશ્રીએ પૂ. યુગદિવાકરશ્રીના દશ જીવનપ્રસંગો એવા પ્રસ્તુત કર્યા કે સહુ પ્રભાવિત થઇ ગયા. મહા વદિ-૬ તા. ૨૨-૨-૨૦૦૩ શનિવારે શુભ મુહૂર્તે મુંબઇસ્થિત સમસ્ત યુગદિવાકરસમુદાયની નિશ્રામાં ગુરુમૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ ઊછળતા ઉમંગે સંપન્ન થયો. આ પ્રતિષ્ઠા પછીની પ્રવચનસભામાં પૂ. ગચ્છાધિપતિની અનુજ્ઞાપૂર્વક મારા સહિત કુલ પાંચ ગણિવરોને આગામી વૈશાખમાસમાં પંન્યાસપદારૂઢ કરવાનો નિર્ણય પૂ.આ.શ્રી કનકરત્નસૂરિજી મ. તથા પૂજ્યશ્રીએ ઘોષિત કર્યો...

હવે પૂજ્યશ્રી સપરિવારની વિહારયાત્રા આરંભાઇ દર્ભાવતીતીર્થ તરફ, કેમ કે ત્યાંના તીર્થોદ્ધારનાં વિવિધ કાર્યો સંપૂર્ણ થઇ ચૂક્યાં હતાં અને એમાં મુખ્ય કાર્ય હતું પ્રાચીન શાંતિનાથજિનાલયના આમૂલચૂલ પુનરુદ્ધાર બાદ નવનિર્મિત મહાજિનાલયની અંજનશલાકા-પ્રતિષ્ઠાનું. પૂજ્યશ્રીનું ચાતુર્માસ મુંબઇ નિર્ણીત થઇ ચૂક્યું હતું અને સહવર્તી પ્રશિષ્યોનો-સાધ્વીભગવંતોનો વર્ષીતપ અંતિમ તબક્કામાં હતો. છતાં પૂજ્યશ્રીએ દર્ભાવતીતીર્થની કાર્યપૂર્તિ માટે ગ્રીષ્મઋતુમાં જવા-આવવાનો નવસો કિ.મી.નો વિહાર કરવાનું મુનાસિબ માન્યું. માત્ર ત્રીશ દિવસમાં ૪૫૦ કિ.મી.નો વિહાર કરી પૂજ્યશ્રી વડોદરા પધાર્યા. ત્યાં છ દિવસમાં છ સંઘોમાં પૂજ્યશ્રીનું સામૈયું-પ્રવચન આદિ થયાં. ત્યાંથી પૂજ્યશ્રી ચૈત્ર શુદિ છઠે ડભોઇતીર્થે પધારતાં સંઘે અનેકાનેક પ્રવેશદ્વારો-કમાનો-યુવાનોના દાંડિયારાસ-જરીવર્ષા-ઠેર ઠેર ગહુંલીઓ-અક્ષતવધામણાદિ દ્વારા પૂજ્યશ્રીનું શાનદાર સામૈયું કર્યું.

આ વર્ષે દર્ભાવતીતીર્થે પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં એક નહિ, છ-છ પ્રભાવક ધર્મકાર્યો યોજાઇ રહ્યાં હતાં. એ પૈકી પ્રથમ અને પ્રધાન કાર્ય હતું શાંતિનાથ મહાજિનાલયની અંજનશલાકા-પ્રતિષ્ઠા. ઉત્તુંગ શિખર-બબ્બે ભવ્ય રંગમંડપ-ભમતીમાં ભક્તામરમંદિરની બાવીશ કુલિકારચના વગેરે યુક્ત આ મહાજિનાલયની કલાકોરણી આબુ-દેલવાડાના શિલ્પની સ્મૃતિ કરાવે એવી હતી. બીજું કાર્ય હતું યશોવાટિકામાં ચોવીશીપરિકરયુક્ત ૧૦૮ ઇંચના કાયોત્સર્ગમુદ્રાલીન આદિનાથદાદાના સ્વતન્ત્ર જિનાલયની પ્રતિષ્ઠા તેમજ ત્યાંના ત્રણ ગુરુમંદિરોમાં Emboss ગુરુમૂર્તિઓની પ્રતિષ્ઠા. ત્રીજું કાર્ય હતું પૂજ્યશ્રીના વરદ હસ્તે પંન્યાસપદાલંકરણ. ચોથું મહાન ધર્મકાર્ય હતું ડભોઇનિવાસી ચાર ચાર નવયુવાન મુમુક્ષુ કુમારિકાઓનો પ્રવ્રજ્યામહોત્સવ. પાંચમું કાર્ય હતું પૂજ્યશ્રીના પ્રશિષ્યો સહિત કુલ સોળ સોળ પૂ. સાધુ-સાધ્વીજીના વર્ષીતપનો સમાપનપ્રસંગ. આમાંના સૌથી નાના બાલમુનિ શ્રી અક્ષયરત્નવિજયજી તે સમયે પ્રાયઃ સમગ્ર ભારતમાં સૌથી બાળવયે વર્ષીતપ આરાધનાર શ્રમણ હતા. એમણે તથા અન્ય શ્રમણ-શ્રમણીવર્ગે વર્ષીતપમાં બે વાર લોચ-૪૫૦ કિ.મી.નો ઉગ્ર વિહાર-સતત અભ્યાસાદિ દ્વારા સંયમજીવનને દેદીપ્યમાન કર્યું હતું, તો સા. શ્રી વિશ્વશ્રુતાશ્રીજીએ ઉપવાસ-છટ્ઠ પર ઉગ્ર વિહારો વચ્ચે ય એકાસણું જ કરવાનો અભિગ્રહ રાખ્યો હતો. છટ્ઠું કાર્ય હતું જૈન ભોજનશાળા-ધર્મદ્વાર આદિનાં ઉદ્ઘાટનો.

તીર્થપદાર્પણના પ્રથમ દિવસથી જ એક તરફ નવપદજી ભગવંતની આરાધનાનાં પ્રવચનો અને બીજી તરફ પ્રભુજીની અંજન-પ્રતિષ્ઠાની અણમોલ તકનો લાભ લેવાની પ્રેરણાઓ ધોધમારરૂપે થવા માંડી. ફલતઃ ચૈત્ર શુદિ-૧૧, તા. ૧૩ એપ્રિલે ઉછામણીસમારોહ યોજાતાં ડભોઇ માટે કલ્પનાતીત ઉછામણીઓ થઇ. સામાન્યતઃ ડભોઇની કક્ષાનુસાર આ ઉછામણીની ધારણા પંદર-સત્તર લાખની હતી. એના બદલે નેવું લાખની ઉછામણી ત્યારે જ થઇ ગઇ જે આગળ જતાં ઓર વધી. આમાં અટ્ઠાણું ટકા લાભ સ્થાનિક ભાગ્યવાનોનો હતો. આનાથી સંઘમાં-કાર્યકરોમાં પ્રબળ જોમ-જુસ્સો જામી ગયો. મહોત્સવની Four-Colour પત્રિકાઓ મુંબઇમાં મુદ્રિત કરાવાઇ, તો નાંદોદી કિલ્લાથી મનાપોર ચકલા સુધીના સમગ્ર જૈન વિસ્તારમાં રોશની-સજાવટ અને દેવવિમાન સમી હસ્તિનાપુરીની રચના કરાવાઇ. બાર દિવસનો મહોત્સવ અને કુલ સાડત્રીશ સંઘ નવકારશીનાં આયોજનોના મહદંશ લાભ તો મુંબઇના ગુરુભક્તો દ્વારા પૂર્વે જ લેવાઇ ચૂક્યા હતા. ગ્રીષ્મકાલીન રજાના દિવસો હતા. એથી બહારગામ વસતાં ડભોઇવાસીઓ આ ઐતિહાસિક મહોત્સવ માણવા પોતાનાં ઘર ખોલીને વસવા આવી ગયા હતા.

ચૈત્ર વદિ ૧૩, તા. ૨૯-૪-૨૦૦૩થી મહામહોત્સવ શરુ થયો. શું મહાપૂજનો કે શું સ્ટેજકાર્યક્રમો, શું રાત્રિભાવનાઓ કે શું દીક્ષાર્થીઓની વસ્ત્ર રંગવા વગેરે વિધિઓ : મેદની તો સર્વત્ર હકડેઠઠ જ હોય. અરે ! વહેલી પ્રભાતે નૂતન જિનાલયે શાસ્ત્રીય કલ્યાણકવિધાનોમાં બબ્બે રંગમંડપ અને જિનાલયચોક પણ ભાવિકોને સમાવી શકતા ન હતા. કલ્યાણકોની સ્ટેજઉજવણી અને રાત્રિભાવનામાં હસ્તિનાપુરનો વિરાટ મંડપ ભાવિકોથી છલકાઇ જતો. વૈશાખ શુદિ બીજ અને પાંચમે કલ્યાણકઉજવણીના તેમજ

મુમુક્ષુઓની વર્ષીદાનયાત્રાના બે વિરાટ વરઘોડા ગજરાજથી લઇને ચાંદીની સુપનગાડી સુધીની તમામ સાજસજ્જા સાથે યોજાયા. બન્ને રથયાત્રાઓ વૈશાખી ગરમી છતાં ચાર-ચાર કલાક પર્યંત જારી હતી. માત્ર ટાવરચોકમાં જ યુવાનો કલાક સુધી દાંડિયારાસ રમ્યા. આ પ્રચંડ ઉલ્લાસ વચ્ચે અક્ષય તૃતીયાના પુણ્યદિને હસ્તિનાપુરમંડપના એક અલાયદા વિભાગમાં તમામ સોળ તપસ્વી પૂ. સાધુ-સાધ્વીભગવંતોના વર્ષીતપસમાપનનો સમારોહ ભવ્યરૂપે યોજાયો. એ વિભાગમાં વચ્ચે પ્રભુ આદિનાથને વર્ષીતપપારણું કરાવતા શ્રેયાંસકુમારનું રમણીય દશ્ય હતું અને ચોતરફ દરેક તપસ્વી ગુરુભગવંતોને સુશોભિત સ્થાન પર ચંદરવા નીચે વિરાજિત કરાયા હતા. મોટી વિશેષતા એ હતી કે જેમ દર્ભાવતીતીર્થમાં એક સાથે સોળ વર્ષીતપારાધક ગુરુભગવંતોનું તપસમાપન પ્રથમવાર હતું એમ તે કાળે સમસ્ત યુગદિવાકરસમુદાયમાં એક સાથે સોળ ગુરુભગવંતોનો વર્ષીતપ પણ આ સર્વપ્રથમ હતો. આ પ્રસંગે વિવિધ ગામ-નગરોમાંથી સેંકડો ગુરુભક્તો ખાસ ઊમટ્યા હતા. આ વર્ષીતપસમાપનમાં અન્ય ગૃહસ્થ તપસ્વીઓ પણ હતા. આ સમારોહ બાદ તુર્ત વિરાટ મંડપમાં યુવામુમુક્ષુ કુ. નયના શાહ તથા કુ. દેવલ શાહનો દીક્ષામહોત્સવ યોજાયો. હજારો દર્શકોએ સળંગ ચાર કલાક એ દીક્ષાપ્રસંગ માણ્યો. સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના પરિવારમાં દીક્ષિત થનાર એ મુમુક્ષુઓને પૂજ્યશ્રીના વરદ હસ્તે રજોહરણ પ્રદાન થયું અને દીક્ષાવિધિના અંતે તેઓને ક્રમશઃ સા. શ્રી નિસર્ગમિત્રાશ્રીજી તથા સા. શ્રી દર્શનમિત્રાશ્રીજીરૂપે ઘોષિત કરાયા. આ જ રીતનો ચાર કલાકનો ભવ્ય દીક્ષાસમારોહ વૈશાખ શુદિ છઠે યોજાયો. તેમાં સા. શ્રી લક્ષિતજ્ઞાશ્રીજીના પરિવારમાં દીક્ષિત થનાર યુવામુમુક્ષુ કુ. કોમલ શાહ તથા કુ. દીપલ શાહને પૂજ્યશ્રી દ્વારા પ્રવજ્યાપ્રદાન થયું. તેઓના નામ ક્રમશઃ સા. શ્રી કલ્પકલાશ્રીજી તથા સા. શ્રી દેવાંગરસાશ્રીજી ઘોષિત કરાયા.

વૈશાખ શુદિ સાતમે યોજાયો પંન્યાસપદપ્રદાનસમારોહ. મારા પર સતત અમીદૃષ્ટિ હોવાનાં કારણે પૂજ્યશ્રી એ દિવસે વિશેષ પ્રસન્ન હતા. મારું પણ એ સૌભાગ્ય હતું કે જન્મભૂમિમાં અનંતોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તે મને પદપ્રદાન થઇ રહ્યું હતું. વિધિના અંતે પટપ્રદાન સમયે પૂજ્યશ્રીનાં નેત્રો આનંદાશ્રુથી છલકાતા હતા. તો પૂજ્યશ્રીનો ઉલ્લાસ, માતા-પિતાદિ સાંસારિક પરિવારની ઉપસ્થિતિ, સમસ્ત સંઘનાં વધામણાંદિથી મારા આંખ-અંતર પણ ઉભરાતાં હતાં. એમાં વળી સંગીતકાર નીલેશ રાણાવતે સંઘની પૂરી કમીટિને સ્ટેજ પર ખડી કરતાં એમણે વિનંતિ કરી કે ''નૂતન પંન્યાસજીની આચાર્યપદવી પણ ડભોઇ સંઘમાં કરવાની જય હમણાં જ બોલાવો.'' પૂજ્યશ્રીએ 'વર્તમાન જોગ' કહી વાતને વિરામ આપ્યો. મેં પ્રવચનમાં સંવેદના રજૂ કરી કે ''છવીશ વર્ષ પૂર્વે આ જ મેદાન પર પૂ. યુગદિવાકર ગુરુદેવે મને શાસનચરણે ધરવાની પ્રેરણા મારા સાંસારિક પરિવારને કરી હતી, ત્રણ વર્ષ પૂર્વે આ જ સ્થળે વિશેષ શિષ્યસંપદાની ઉપલબ્ધિ થઇ અને આજે પુનઃ એ જ સ્થળે પદાલંકરણ થાય છે. એને હું પાત્રતા કરતાં પૂ. ગુરુદેવની કૃપાનું જ પરિણામ સમજું છું. આ કૃપા જ જીવનમાં હર પળે પાત્રતાનું-પરિણતિનું નિર્માણ કર્યાં કરે એ આજે ગુરુદેવનાં ચરણોમાં પ્રાર્થના છે.'' પૂજ્યશ્રીના પ્રભાવે પટપ્રદાન-માળાસમર્પણ આદિ દરેક ઉછામણીઓ ઉત્તમ થઇ. પદપ્રદાનસમારોહ બાદ જૈન ભોજનશાળાઉદ્‌ઘાટન અને જૈનભવનનું 'ધર્મ' દ્વારઉદ્‌ઘાટન તે તે દાતા પરિવારોના હસ્તે થયું.

વૈશાખ શુદિ આઠમની રાત્રિએ શુભ નવમાંશે અધિવાસના-અંજનવિધાન અને વૈશાખ શુદિ નોમ, તા. ૧૦-૫-૨૦૦૩, શનિવારે શુભ મુહૂર્તે સર્વપ્રથમ પ્રતિષ્ઠા 'ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયન્તાં પ્રીયન્તાં' આદિ મન્ત્રોચ્ચારો સાથે શ્રી શાંતિનાથમહાજનાલયે થઇ. તે ક્ષણોએ ડભોઇમાં સર્વપ્રથમવાર આકાશમાંથી વિમાન દ્વારા પુષ્પવર્ષા થઇ. પ્રતિષ્ઠાનો એક કલાક સમગ્ર જિનાલયપરિસર-મોટી શેરી અને બહારનો રાજમાર્ગ ભાવિકોથી છવાયેલા રહ્યા. તે પછી 'યશોવાટિકા'માં ૧૦૮ ઇંચના શ્રી આદિનાથદાદાની અને ત્રણ ગુરુમૂર્તિઓની પ્રતિષ્ઠા થઇ... આ મહોત્સવમાં કલ્યાણકપ્રારંભદિને રાત્રે ૮.૩૦ થી ૧૨.૦૦ માં નૂતન જિનાલયે એક એવી ઘટના બની કે જેણે લોકમાનસમાં ચમત્કારનું રૂપ ધર્યું. એ સમયખંડમાં સેંકડો લોકોનાં ટોળેટોળાં શાંતિનાથજિનાલયે ઊમટ્યા અને ચમત્કાર નજરે જોયાનો દાવો કરતા રાત્રે ઉપાશ્રયે આવ્યા. પૂજ્યશ્રીએ ખૂબ વિવેકી વલણ અખત્યાર કરીને ચમત્કારને હવા ન આપતા એને 'અધિષ્ઠાયકનાં સાન્નિધ્યની પ્રતીતિ' જ કહી. તેઓ રાત્રે એ ઘટના નિહાળવા પણ ન ગયા. મેં એ જિનાલયના અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવની સંસ્કૃત ભાષામય છત્રીશ શ્લોકની પ્રશસ્તિ* રચી એમાં પણ ફક્ત ઉપરોક્ત શબ્દપ્રયોગ જ કરાયો. કદાચ આ સ્થાને પૂજ્યશ્રી સિવાયની કોઇ અપરિણત વ્યક્તિ હોત તો ચમત્કારરૂપે સ્થાપિત થઇ ગયેલ એ ઘટનાને ચગાવ્યા વિના ન રહેત.

ડભોઇતીર્થથી વિહાર કરી પૂજ્યશ્રી વડોદરા-બાબાજીપરા સંઘમાં સ્વાગત સાથે પધાર્યા. ત્યાં પૂજ્યશ્રીની પ્રેરણાથી નવનિર્મિત શ્રાવિકા આરાધનાભવનના ઉદ્‌ઘાટનસમારોહ નિમિત્તે પંચાહ્નિક મહોત્સવ વૈશાખ વદિ ૬ થી ૧૦ દરમ્યાન યોજાયો. તેમાં ઉપાશ્રયનો ઉદ્‌ઘાટન સમારોહ વદિ છઠે યોજાયો અને ૧૦ના રવિવારે, દર્ભાવતીતીર્થે દીક્ષિત ચાર નૂતન સાધ્વીજીનો વડીદીક્ષાસમારોહ યોજાયો. હવે ત્યાંથી પૂજ્યશ્રીની વિહારયાત્રા મુંબઇ તરફ આરંભાઇ.

દર્ભાવતીતીર્થના ઐતિહાસિક અંજનશલાકા-પ્રતિષ્ઠા-પદપ્રદાન-દીક્ષા-વર્ષીતપસમાપન- ઉદ્‌ઘાટનાદિ મહામહોત્સવમાં ડભોઇની જનતાએ ડગલે ને પગલે પૂજ્યશ્રીનો જે પુણ્યપ્રભાવ નિહાળ્યો અને પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં જે જે સાતત્યસભર શાસનપ્રભાવનાઓની શૃંખલા સર્જાતી જાણી એનાથી તેઓ પૂજ્યશ્રીને 'દર્ભાવતીના કોહીનૂર' રૂપે પિછાણવા માંડ્યા. પૂજ્યશ્રીની પુણ્યાઇ દિન-બ-દિન જે રીતે ઝળહળાટ વેરતી હતી એ જોતાં એમના માટેના આ શબ્દો સર્વથા સંગત હતા. આ મહોત્સવમાં જ, એક ભાવિકે આપેલ શુભેચ્છા Card માં મરોડદાર અક્ષરે લખાયેલ પંક્તિઓ મને વાંચવા મળી હતી કે :-

सबसे न्यारे... सबसे प्यारे... शासन के सितारे... सूर्योदयसूरिजी हमारे...

• • •

* એ સંસ્કૃત પ્રશસ્તિ આ મહાગ્રન્થના પરિશિષ્ટ વિભાગમાં મુદ્રિત કરાઈ છે.



# પ્રકરણ : ૩૮

## જન્મશતાબ્દી ગુરુદેવની... પરમ ભક્તિ પૂજ્યશ્રીની...

‘‘રાજા! આ ચાતુર્માસમાં પૂજ્ય ઉપકારી ગુરુદેવ યુગદિવાકરશ્રીના ૧૦૦મા જન્મવર્ષનો પ્રારંભ થાય છે. આપણે આ નિમિત્તે મહોસવો, સામાન્ય જનતાને પૂ. ગુરુદેવની અપ્રતિમ શાસનસેવામય કારકીર્દિનો ખ્યાલ આવે તેવા લેખો-રંગોળીપ્રદર્શનીઓ, સામૂહિક વ્રત-નિયમ આરાધનાઓ, પૂજ્ય ગુરુદેવને સૌથી પ્રિય જિનાલય-ઉપાશ્રયનિર્માણ વગેરે તો કરીશું જ. પરંતુ એથી ય વિશેષ મને વ્યક્તિગતરૂપે ગુરુભક્તિ-શ્રુતભક્તિનો લાભ થાય એવું કરવું છે.’’ વિ.સં. ૨૦૫૯ના દર્ભાવતીતીર્થથી મુંબઇ તરફના વિહારમાં અમે જ્યારે ભાયંદર-બાવનજિનાલયતીર્થે એક દિવસની સ્થિરતા કરી ત્યારે પૂજ્યશ્રીએ મને ઉપરોક્ત શબ્દોમાં પોતાના મનોરથો દર્શાવ્યા.

‘‘એટલે ? આપણે પૂ. યુગદિવાકરશ્રીનાં વિરાટ જીવનગ્રન્થનું સર્જન કરી રહ્યા છીએ એ માટે આપ કહી રહ્યા છો કે બીજું કાંઇ ?’’ મને સ્પષ્ટ વાત ન સમજાતાં મેં પૂછ્યું.

‘‘ના. મારી ભાવના છે કે હવે મારે આ જન્મશતાબ્દી નિમિત્તે પૂજ્યશ્રીનાં હસ્તે લખાયેલ તમામ ગ્રન્થવિવેચનો-પુસ્તકો-પ્રવચનગ્રન્થાદિનું પુનઃસંપાદન કરવું છે. ઉપરાંત પૂજ્યશ્રી દ્વારા અલગ અલગ સામયિકાદિ માટે લખાયેલ છૂટાછવાયા પ્રગટ-

અપ્રગટ લેખોનું સંકલન કરી એનાં પણ પુસ્તકો પ્રગટ કરવા છે. મારી તો દઢ ભાવના છે કે વંદિત્તાસૂત્રટીકા પરનો ગુરુદેવનો વિવેચનગ્રન્થ પુનઃ પ્રકાશિત કરવો અને ગુરુદેવે રચેલ સંસ્કૃતભાષામય છ હજાર શ્લોકપ્રમાણ નવતત્ત્વ-સુમંગલાટીકાનો ભાવાનુવાદ પણ કરવો. એ માટે આપણે 'યુગદિવાકર જન્મશતાબ્દી ગ્રન્થમાળા' શરૂ કરીએ. આ નિમિત્તે મને પૂ. ગુરુદેવનાં તમામ સાહિત્યનાં ઝીણવટપૂર્વકના સ્વાધ્યાયનો મહાન લાભ થશે.'' પૂજ્યશ્રીએ સ્પષ્ટતા કરીને પોતાનો હર્ષોલ્લાસ વ્યક્ત કર્યો.

મને સુખદ આશ્ચર્ય થયું પૂજ્યશ્રીના આ મનોરથોથી. કેમ કે આ કાર્ય દીર્ઘકાલીન મહેનત માંગી લે એવું હતું. વળી પૂજ્યશ્રીના વરદ હસ્તે નવાં નવાં શાસનકાર્યોની શૃંખલા તો જારી જ હતી. ઉપરાંત પૂજ્યશ્રીની વય ત્યારે આયુષ્યના આઠમા દાયકામાં પ્રવેશી ચૂકી હતી. એમાં ય વંદિત્તુસૂત્રટીકાવિવેચન પુનઃ પ્રગટ કરવામાં એની સામે ભૂતકાળમાં ખડા કરાયેલ વ્યર્થ વિવાદનો સાધાર મજબૂત પ્રતીકાર કરવો પડે એમ હતો, તો છ હજાર શ્લોકપ્રમાણ સુમંગલાટીકાનો ગુર્જર ભાવાનુવાદ ખૂબ સમય અને ખૂબ ધૈર્ય માંગી લેતું કાર્ય હતું. **ના, આમાંનું એક પણ કાર્ય પંડિતને સોંપવાની વાત ન હતી. બલ્કે ગુરુભક્તિ–શ્રુતભક્તિરૂપે સ્વપુરુષાર્થથી કરવાની વાત હતી. વળી આ માત્ર પ્રૂફસંશોધન કરીને સંપાદન કરી લેવાની વાત પણ ન હતી.** ભરપૂર શાસ્ત્રબોધ સાથે એમાં દુર્ગમ સ્થળે ટિપ્પણો, જ્યાં જ્યાં સરતચૂક થઇ હોય ત્યાં સુધારા વગેરે સર્વ બાબતોને આ સંપાદનોમાં આવરી લેવાની હતી. તો ય પૂજ્યશ્રીએ દઢ મનોબળથી ભરપૂર વ્યસ્તતાઓ વચ્ચે આ તમામ મનોરથો સાકાર કર્યા અને 'યુગદિવાકર જન્મશતાબ્દી ગ્રન્થમાળા' અન્વયે ૨૯ પુષ્પો પ્રગટ કર્યા. આપણે એની કેટલીક ઝલકો આગળ ઉપર 'પૂજ્યશ્રીનાં પુસ્તકો અને પત્રો' નામે સ્વતન્ત્ર પ્રકરણમાં નિહાળીશું. પરંતુ એ યશસ્વી સંપાદન-અનુવાદયાત્રાનો વિચારદેહ ભાયંદરમાં તે દિવસે ઘડાયો. પૂજ્યશ્રીની ભાવના સાકાર કરવા હું પણ તે સંબંધી મારા યોગ્ય કાર્યમાં જોડાઇ ગયો.

બીજા જ દિવસથી આ ગુરુભક્તિ-શ્રુતભક્તિનું કાર્ય યુદ્ધનાં ધોરણે હાથ પર લેવાયું. એક તરફ મુંબઇના વિવિધ સંઘોમાં પૂજ્યશ્રીની પધરામણી-પ્રવચનો અને તે પછી આષાઢ શુદિ દશમે પૂજ્યશ્રીનો શાનદાર ચાતુર્માસપ્રવેશ શ્રી ઠાકુરદ્વાર શાંતિનાથ જિનાલય સંઘમાં થયો, તો બીજી તરફ આ ગ્રન્થકાર્યોમાં પૂજ્યશ્રી તન્મયતાથી ઝડપભેર આગળ વધતા ગયા. સંપૂર્ણ નવા રૂપ-રંગ, પ્રાયઃ અશુદ્ધિનો અભાવ, ગહન સ્થાને સ્પષ્ટીકરણો, જ્યાં બાકી હતા ત્યાં વિભાગવાર શીર્ષકો, વિદ્વત્તાપૂર્ણ સંપાદકીય નિવેદનો વગેરેથી અલંકૃત એ ગ્રન્થમાળાના પ્રથમ ત્રણ પુષ્પોરૂપે (૧) 'શ્રી ભગવતીસૂત્રનાં પ્રવચનો' મહાગ્રન્થ (૨) 'શ્રમણ ભગવાન મહાવીર' ગ્રન્થ અને (૩) 'સમ્યગ્દર્શન' પુસ્તકનું પ્રકાશન એ ચાતુર્માસમાં શ્રાવણ વદિ પાંચમ તા. ૧૭-૮-૨૦૦૩ના ભવ્ય ઉદ્ઘાટનસમારોહપૂર્વક થયું. તો આસો વદિ પ્ર. નોમ, તા. ૧૯-૧૦-૨૦૦૩ના દિને (૪) 'લઘુક્ષેત્રસમાસ' નામે દલદાર અભ્યસનીય વિવેચનમહાગ્રન્થ (૫) 'પ્રશ્નોત્તર મોહનમાળા' ગ્રન્થ અને (૬) પૂ. યુગદિવાકરશ્રીનાં વચનામૃતોથી અલંકૃત 'પાનું ફરે... સોનું ઝરે' નામના આકર્ષક કાયમી કેલેન્ડરનું પ્રકાશન થયું. આ પૈકી 'લઘુ ક્ષેત્ર સમાસ' મહાગ્રન્થ ગાથાર્થ-શબ્દાર્થ-અન્વયાર્થ-વિવેચન-વિવિધ યન્ત્રો- ચિત્રો વગેરેથી ભરપૂર હતો, તો 'પ્રશ્નોત્તર મોહનમાળા' અનેક તાત્ત્વિક વિષયોના ગહન પ્રશ્નોના પૂજ્યપાદ પરમગીતાર્થ આ.ભ.શ્રી મોહનસૂરીશ્વરજી મહારાજે ફરમાવેલ ઉત્તરોનો સંગ્રહગ્રન્થ હતો. આની સાથે જ પૂજ્યશ્રીએ મને સૂચન કરીને પ્રસિદ્ધ જૈન સામયિકો 'કલ્યાણ' તથા 'શાંતિસૌરભ'માં મારા દ્વારા ગુરુદેવના વચનાંશોના વિવેચનસ્વરૂપ લેખમાળાઓ શરૂ કરાવી. ઉપરાંત 'ગુજરાત સમાચાર'ની તમામ આવૃત્તિમાં પ્રગટ થતાં મારા હસ્તકના 'અમૃતની અંજલિ' વિભાગમાં શક્ય એટલા વધુ લેખ ગુરુદેવસંબંધી લેવાનું સૂચિત કર્યું. આ બધી બાબતોનો અમલ થતા જૈન સંઘોમાં-ભાવિકોમાં ગુરુદેવની જન્મશતાબ્દીનો માહોલ જામ્યો.

પૂર્વોક્ત ગ્રન્થો પૈકી 'ભગવતીસૂત્રનાં પ્રવચનો' ગ્રન્થની તે જ ચાતુર્માસમાં ગુજરાત -મહારાષ્ટ્રવ્યાપી 'ઓપન બુક એક્ઝામ'નું પણ આયોજન થયું. ૨૧ સેન્ટર પરથી પ્રશ્નપત્ર-ગ્રન્થ વગેરે ઉપલબ્ધ કરાયા. તત્ત્વજ્ઞાનભર્યો એ પ્રવચનગ્રન્થ હોવા છતાં એની **'Exam'** નો એવો માહોલ બન્યો કે એક જ માસમાં બે હજાર પ્રતો સંપૂર્ણ વેચાઇ ગઇ અને પર્યુષણા બાદ તુર્ત નવી આવૃત્તિ પ્રકાશિત કરવાનો અવસર આવ્યો. અઢારસો ભાવિકોએ એ મહાગ્રન્થની **'Exam'** આપી. એનો પ્રચાર અને પ્રભાવ કેવો અસરકારક હતો એની માત્ર એક ઝલક જોઇએઃ વડોદરાના એક વિદ્વાન બ્રાહ્મણ રામચન્દ્ર સીતારામ ડોંગરેએ એમના જૈન મિત્ર પાસે આ ગ્રન્થ-એની પરીક્ષાની વાતો જાણી ગ્રન્થ ખરીદ્યો, એનું ખંતપૂર્વક વાચન-મનન કર્યું; પરીક્ષા આપી. પછી પૂજ્યશ્રી પર પોતાના મનોભાવ આલેખતો પત્ર પાઠવીને જણાવ્યું કે ''આમાં જે સચોટ શાસ્ત્રીય-આધુનિક દલીલો દ્વારા કંદમૂળ અનંતકાય હોવાનું જણાવ્યું છે એનાથી હું માનતો થઇ ગયો છું કે કંદમૂળ આરોગવા ન જોઇએ. અમે એનો ત્યાગ કર્યો છે!!'' એક અજૈન વિદ્વાન આવી અસરો અનુભવે એને કેવી મહાન ઉપલબ્ધિ કહી શકાય. આ જ વિદ્વાને 'ભગવતીસૂત્રનાં પ્રવચનો' મહાગ્રન્થમાં પ્રકાશિત થયેલ મારા એક વિસ્તૃત લેખની શીર્ષક પંક્તિ પરથી એક સંસ્કૃત શ્લોક પણ એ પત્રમાં રચી મોકલાવ્યો. સાવ અણજાણ એ વિદ્વાને મારી શીર્ષક પંક્તિને ચતુર્થ પંક્તિરૂપે સ્થાન આપી પાઠવેલ એ સંપૂર્ણ શ્લોક આ હતો કેઃ-

''व्यारव्यातं दश-पञ्चभिः प्रवचनैः, प्रास्ताविकं येन सत्,
सुस्पष्टं सरलं नु श्री भगवती-सूत्रस्य ज्ञानाञ्जनम्।
बालानां प्रतिबोधनेऽतिनिपुणं, पोतं भवाब्धेश्च तम्,
वन्देऽहं गुणसागरं गुरुवरं, श्री धर्मसूरीश्वरम्।।''

આ ચાતુર્માસમાં પ્રતિવર્ષની જેમ પ્રવચનો-શિબિર-સમૂહતપ-સમૂહ અનુષ્ઠાનાદિ ધર્મપ્રવૃત્તિઓ થઇ જ. ઉપરાંત પૂ. યુગદિવાકરશ્રીની જન્મશતાબ્દી નિમિત્તે પૂજ્યશ્રીની પ્રેરણાથી (૧) જન્મશતાબ્દી પ્રારંભ પૂર્વે 'ગુજરાત સમાચાર' અખબારની તમામ આવૃત્તિમાં **Network** વિભાગમાં ગુરુદેવનો વિસ્તૃત જીવનપરિચયલેખપ્રકાશન

(૨)'કોન્ફરન્સ સંદેશ'ના યુગદિવાકર વિશેષાંકનું પ્રકાશન (૩) ગુરુદેવની અનેકવિધ માહિતીથી અલંકૃત કેલેન્ડરપંચાંગ તથા બુકપંચાંગપ્રકાશન અને (૪) બાર દિવસીય ભવ્ય પંચાચારપરિમલ મહોત્સવ યોજાયો. તેમાં દર્શનાદિ પાંચે ય આચારોના વિવિધ ભવ્ય આયોજનો એવા થયાં કે જેણે સમગ્ર મુંબઇનું ધ્યાન આકર્ષિત કર્યું. આ જ મહોત્સવમાં મુંબઇના ચારસો જૈન શિક્ષકોનો બહુમાનસમારોહ-ગુરુદેવના જીવનપ્રસંગોની અદ્ભુત રંગોળીપ્રદર્શની-અલગ અલગ ૪૨ નિયમોનું 'વ્રત-તપ-જપ સંકલ્પ ભેટણું' વગેરે આરાધનામય આયોજનો પણ થયા. આવાં આવાં આયોજનો વર્ષભર પૂજ્યશ્રીની નિશ્રામાં થયાં.

આ સર્વમાં યશકલગીરૂપ આયોજન થયું ઠાકુરદ્વાર સંઘમાં ચતુર્વિંશતિ કુલિકામય શિખરબદ્ધ શાંતિનાથ મહાજિનાલયનિર્માણનું. પૂ. યુગદિવાકરશ્રીનાં જીવનની સૌથી મોટી શાસનપ્રવૃત્તિઓ જિનાલયો તથા ઉપાશ્રયોનાં નિર્માણની હતી. અનાયાસે જ આ જન્મશતાબ્દીમાં તે પૈકી મહાજિનાલય નિર્માણ ઠાકુરદ્વાર સંઘમાં થયું, તો વિરાટ 'ધર્મ' આરાધના ભવનનું નિર્માણ ભાયંદર-બાવન જિનાલયતીર્થમાં થયું. બન્નેનો પ્રારંભ ક્રમશઃ આ ચાતુર્માસ તેમજ ચાતુર્માસ બાદ તુર્ત થયો. ઠાકુરદ્વાર સંઘના પૂર્વગૃહજિનાલયનો ઉત્થાપનવિધિ ચાતુર્માસપ્રવેશ પૂર્વે આષાઢી આઠમે પૂજ્યશ્રીની નિશ્રામાં થયો અને આષાઢ શુદિ દશમની શાનદાર ચાતુર્માસપ્રવેશસભામાં પ્રસ્તાવિત જિનાલયના ભૂમિપૂજન-ખનનના માતબર આદેશો અપાયા. આષાઢ વદિ ૬, તા. ૧૯-૭-૨૦૦૩ ના પ્રભાતે ૫.૪૦ ક. શ્રી અમૃતલાલ પૂનમચંદ સંઘવી પરિવારના હસ્તે પૂજ્યશ્રીના વાસક્ષેપપૂર્વક જિનાલય માટેનો ખનનવિધિ થયો, તો આસો વદિ પ્ર. ૯, તા. ૧૯-૧૦-૨૦૦૩ના સવારે ૬.૫ ક. નવ નવ શિલાસ્થાપનાનો ભવ્યાતિભવ્ય સમારોહ થયો. દરેક શિલાન્યાસની ઉછામણી માતબર થઇ હતી, તો તે જ દિવસોમાં ચોવીશ પૈકીની બાર કુલિકાના સંપૂર્ણ લાભો અપાઇ ગયા. પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવે જાણે જન્મશતાબ્દીનિમિત્તક પ્રત્યેક કાર્યો સવાયાં થઇ રહ્યા હતાં.

આ ચાતુર્માસમાં પૂજ્યશ્રી દ્વારા એક મહત્ત્વપૂર્ણ ગુરુભક્તિમંડિત કાર્ય થયું પૂ. યુગદિવાકરશ્રીની સાચી જન્મતિથિ અંગે દાયકાઓથી પ્રવર્તતા સંશયનું સચોટ-અકાટ્ય પુરાવાઓ દ્વારા કાયમી નિવારણનું. આનો સંક્ષિપ્ત ઇતિહાસ કાંઇક આવો છે : શ્રી શત્રુંજયમહાતીર્થપદયાત્રાસંઘ યોજાયો તે પૂર્વેની મુંબઇની છેલ્લા વર્ષોની સ્થિરતા દરમ્યાન સ્વયં યુગદિવાકરશ્રીને, કેટલાંક જ્યોતિષીનાં કથનથી, એવો સંશય થયો હતો કે 'મારી જન્મતિથિ શ્રાવણ વદિ ૧૧ નહિ, પણ શુદિ-૧૧ છે.' એથી વિ.સં. ૨૦૩૫માં તેઓની જન્મભૂમિ વઢવાણ શહેરમાં ગુરુદેવનો ઐતિહાસિક પ્રવેશમહોત્સવ થયો તે પ્રસંગે પ્રકાશિત નાનકડી જીવનચરિત્રપુસ્તિકામાં તેઓશ્રીએ ખાસ 'શ્રાવણ વદ (શુદ?) ૧૧' આવો સંશયાત્મક ઉલ્લેખ કરાવ્યો હતો. આશય એમાં તેઓશ્રીનો એ હતો કે ભાવિમાં તે અંગે સત્યસંશોધનનો અવકાશ રહે. આપણે વિ.સં. ૨૦૫૯ ના જે વર્ષની વાત કરીએ છીએ ત્યાં સુધી આવો સંશયાત્મક નિર્દેશ કરવાની પદ્ધતિ સમુદાયમાં હતી. તેનો શ્રેષ્ઠ પુરાવો એ છે કે ૨૦૫૯ના શ્રાવણમાસમાં પૂ.આ.શ્રી મહાનંદસૂરિજી મ.-પૂ.આ.શ્રી પદ્માનંદસૂરિજી મ.-પૂ.પં.શ્રી ચન્દ્રસેન વિ.મ. આદિ હસ્તક પ્રગટ થયેલ પંચાંગોમાં 'શ્રાવણ વદ (શુદ?) ૧૧' આવો સંશયાત્મક ઉલ્લેખ જ થયો છે. આપણા પૂજ્યશ્રી હસ્તક આ વિ.સં. ૨૦૫૯માં પૂ. યુગદિવાકરશ્રીની જન્મશતાબ્દી નિમિત્તે તેઓના સાહિત્યથી લઇને જીવનચરિત્રનાં પ્રકાશન સંબંધી જે મહાન જ્ઞાનયજ્ઞ આરંભાયો તેમાં જૂના થોકબંધ સાહિત્યની-પત્રાદિની ગવેષણા દરમ્યાન સર્વપ્રથમવાર અધિકૃત દસ્તાવેજી પુરાવારૂપે ગુરુદેવના શાળાકીય અભ્યાસસ્થળ સી.એન. વિદ્યાવિહાર-અમદાવાદથી આવેલ એક પત્ર પૂજ્યશ્રીને મળ્યો. આ પત્રમાં, વિ.સં. ૨૦૩૫ના ચાતુર્માસમાં ગુરુદેવે એ સંસ્થાને કરાવેલ સત્યજન્મતિથિપૃચ્છાનાં અનુસંધાનમાં સંસ્થાએ જણાવ્યું હતું કે 'સી.એન.ના Register મુજબ આપની જન્મતિથિ વિ.સં. ૧૯૬૦ શ્રાવણ શુદિ-૧૧ રવિવાર તા. ૨૧-૮-૧૯૦૪ છે.' * વિ.સં. ૨૦૩૫ની પૂર્વોક્ત પુસ્તિકા અને તે પછીના વર્ષે ચેમ્બુરમાં પૂ. યુગદિવાકરશ્રી સાથેની વાતચીતથી પૂજ્યશ્રીને સામાન્ય અંદાજ તો હતો જ કે ગુરુદેવની સાચી જન્મતિથિ શ્રા. શુદિ-૧૧ છે. પરંતુ સી.એન. વિદ્યાવિહારનો સ્પષ્ટ લિખિત પત્ર મળતાં એ જ સાચી જન્મતિથિ હોવાની અસંદિગ્ધ પ્રબળ પ્રતીતિ પૂજ્યશ્રીને થઇ ગઇ.

આ પત્ર ધ્યાનમાં આવ્યો એ જ અરસામાં 'ગુજરાત સમાચાર'ના Network વિભાગમાં પ્રગટ થયેલ પૂ. યુગદિવાકરશ્રીનો વિસ્તૃત જીવનલેખ વાંચી વાગડસમુદાયના પં. શ્રી મુક્તિ-મુનિચન્દ્ર વિજયજી ગણિનો મારા પર સંસ્કૃત પત્ર આવ્યો. જન્મતિથિચર્ચાની કોઇ પાર્શ્વભૂમિકાની જાણકારી એમને ન હતી. માત્ર એ લેખમાં વાંચેલ યુગદિવાકરશ્રીના સાંસારિક નામ 'ભાઇચંદકુમાર'નાં કારણે એમણે અમને એ ભાવની વાત લખી કે ''કોઇપણ પ્રમાદાદિથી દિવંગત પૂજ્યશ્રીની જન્મતિથિ શુદિના બદલે વદિ ગ્રહણ થઇ ગઇ લાગે છે. બાકી રાશિ જોતાં તેમનો જન્મ શુદિમાં જ હોય, વદિમાં નહિ. તમે સંશોધન કરો.'' આ પત્ર વાંચતા પૂજ્યશ્રી વિસ્મિત થઇ ગયા કે ભાવિમાં કોઇ સામાન્ય જ્યોતિષજ્ઞ પણ આ દીવા જેવા સ્પષ્ટ સત્યને પકડી વદિ ૧૧ ને ગલત જન્મતિથિ ઠરાવી શકશે. આ સ્થિતિમાં સાચી જન્મતિથિનો સ્પષ્ટ દસ્તાવેજી

* અહીં કોઇ એવો પ્રશ્ન કરી શકે કે પત્ર દ્વારા સાચી જન્મતિથિની જાણ થઇ પછી પૂ. યુગદિવાકરશ્રીએ વદિના સ્થાને શુદિ-૧૧ કેમ ન કરાવી ? આનો ઉત્તર પૂ. ગુરુદેવ પાસેથી એ મળ્યો હતો કે ''વઢવાણ પછીના ચેમ્બુરના ચાતુર્માસપ્રારંભે વાર્તાલાપમાં પૂજ્યશ્રીએ એક વાર એમ કહ્યું હતું કે જન્મતિથિ શ્રા. શુદિ-૧૧ હોવાની મને ખાતરી થઇ ગઇ છે. પાલિતાણાસ્થિત શ્રમણો મુંબઇ આવી જાય પછી સાથે મળી શુદિ-૧૧ શરુ કરીશું.'' પરંતુ પૂજ્યશ્રી એ પછી અલ્પ સમયમાં કાલધર્મ પામતા એ શક્ય ન બન્યું. વસ્તુતઃ પૂજ્યશ્રીને વઢવાણચાતુર્માસના અંતે ખાતરી થઇ તે બાદ બે જ જન્મતિથિ સુધી તેઓ હયાત હતા. લકવાની અવસ્થામાં આટલા અલ્પ સમયમાં તેઓ નવો નિર્ણય ત્વરિત અમલમાં ન લઇ શકે તે સુસંભવિત છે. પરંતુ તેનો અર્થ એવો હરગિજ ન થઇ શકે કે તેઓ જાણી-બુઝીને ખોટી જન્મતિથિ ઉજવાય એમ ઇચ્છતા હતા. જો તેમ હોત તો તેઓશ્રીએ સી.એન. વિદ્યાવિહારમાં સાચી જન્મતથિની માહિતી મેળવવાનો પુરુષાર્થ ન સેવ્યો હોત. એ પરિશ્રમ તેઓશ્રીએ લીધો અને વઢવાણ પ્રવેશસમયની પુસ્તિકામાં 'શ્રાવણ વદિ (શુદિ?)' આ નિર્દેશ કરાવ્યો તે જ પુરવાર કરે છે કે સાચી જન્મતિથિ અંગે પૂજ્યશ્રીને સર્વાધિક રસ હતો....

પુરાવો જો ઉપલબ્ધ જ છે તો એને પ્રગટ કરીને અસંદિગ્ધ જન્મતિથિની જાણ સમાજને કરવી ભાવિ ઇતિહાસની સત્યતાની દષ્ટિએ પૂજ્યશ્રીને સમુચિત લાગ્યું. પૂજ્યશ્રીને એ પણ ખ્યાલ હતો કે સ્વ. પંડિત સુખલાલજીનાં જીવનમાં ય દાયકાઓ બાદ શાળાના **Register**ના આધારે સાચી જન્મતિથિનો નિર્ણય કરાયો હતો અને પૂર્વની ગલત જન્મતિથિ રદ કરાઇ હતી. એથી આમ કરવામાં કોઇ ઔચિત્યભંગ ન હતો.

આમ છતાં ચોક્કસાઇગુણનિધાન અને ઔચિત્યગુણનિધાન પૂજ્યશ્રીએ બે મહત્ત્વનાં કદમ આ સંદર્ભે ભર્યાઃ (૧) શ્રાવણ શુદિ-૧૧ની સાચી જન્મતિથિ અંગે શક્ય તેટલા વધુ પુરાવા એકત્ર કરવાનો અભિગમ તેઓએ દાખવ્યો. એના પરિણામરૂપે સી.એન. વિદ્યાવિહારના અમૃતમહોત્સવપ્રસંગની એક નાની પરિચયપુસ્તિકા પૂજ્યશ્રીને પ્રાપ્ત થઇ. ઇ.સ. ૧૯૭૬માં પ્રકાશિત એ પુસ્તિકામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પૈકી સર્વપ્રથમ પરિચય પૂ. યુગદિવાકરશ્રીનો હતો અને ત્યાં એમની જન્મતારીખ ૨૧-૮-૧૯૦૪ મુદ્રિત હતી. પૂ. યુગદિવાકરશ્રીની જન્મતારીખ આ પૂર્વે ક્યાંય પ્રગટ થઇ ન હતી. આ તારીખ અને વઢવાણચાતુર્માસનાં મળેલ પત્રમાંની જન્મતારીખ એક જ હતી. એથી પૂજ્યશ્રીએ જન્મતિથિનિર્ણય કરવામાં આ તારીખને અગત્યનું પરિબળ ગણી સો વર્ષ પૂર્વેનું મોટું પંચાંગ મંગાવ્યું. તેમાં તા. ૨૧-૮-૧૯૦૪ ના શ્રાવણ શુદિ-૧૧ જ નીકળી, વદિ નહિ. હજુ પણ પૂજ્યશ્રીએ 'જન્મભૂમિ' પંચાંગકાર્યાલયના વયોવૃદ્ધ જ્યોતિષનિષ્ણાત પંડિતજી જમનાદાસ જીવરાજાણીને બોલાવી એમનું મંતવ્ય પૂછ્યું. એમણે સ્પષ્ટ જણાવ્યું કે શુદિ-૧૧ જ ગુરુદેવની જન્મતિથિ છે. એમણે તો ગુરુદેવના જન્મસમય પરથી જન્મકુંડલી-નવમાંશ-કુંડલી તૈયાર કરી એનું ફળ દર્શાવતો લેખ પણ 'યુગદિવાકર' મહાગ્રન્થના પરિશિષ્ટરૂપે લખ્યો. પૂજ્યશ્રીની આ તમામ ચોક્કસાઇથી એ બાબત અત્યંત સુનિશ્ચિત થઇ ગઇ કે પૂ. યુગદિવાકરશ્રીની જન્મતિથિ શ્રા. શુદિ-૧૧ જ છે... (૨) બીજું કદમ ભર્યું પૂજ્યશ્રીએ પોતાનાં આ સંશોધનની માહિતી વડીલોને આપવાનું. પૂજ્યશ્રીના તે વર્ષનાં ચાતુર્માસસ્થળની નિકટ વાલકેશ્વરમાં પૂ.આ.ભ.શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા. હતા, તો પ્રાર્થનાસમાજમાં પૂ.આ.શ્રી કનકરત્નસૂરીશ્વરજી મ.સા. હતા. બન્ને સ્થળે પૂજ્યશ્રી પર્યુષણા બાદ રૂબરૂ વન્દનાર્થે પધાર્યા અને આ સંશોધન રજૂ કર્યું. બન્ને વડીલોએ શ્રા. શુદિ-૧૧ જ સાચી જન્મતિથિ હોવાની વાતને સરસ સમર્થન આપ્યું.

આનું સીધું પરિણામ એ આવ્યું કે એ પછીના પચીશેક દિવસોમાં પૂ.આ.શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.એ એમના નૂતનવર્ષકાર્ડમાં પૂ. યુગદિવાકરશ્રીની જન્મશતાબ્દીના ઉલ્લેખસમયે તેમની જન્મતિથિ શ્રા. શુદિ-૧૧ ની મુદ્રિત કરાવી, તો પૂ.આ.શ્રી કનકરત્નસૂરીશ્વરજી મ.એ એમની સંપાદિત કલ્પસૂત્ર-સુબોધિકાપ્રતમાં સર્વત્ર ગુરુદેવની જન્મતિથિ શ્રા. શુદિ-૧૧ની મુદ્રિત કરાવી. ઉપરોક્ત વડીલોની સંમતિ બાદ પણ ઔચિત્યગુણનિધાન પૂજ્યશ્રીએ હજુ એક કદમ ભરીને તે વર્ષે અલગ અલગ ક્ષેત્રોમાં ચાતુર્માસસ્થિત સમુદાયના તમામે તમામ સાધુ-સાધ્વીજીનાં વૃંદોને તમામ પુરાવાઓ પાઠવવા સાથે લખ્યું કે આમાં કોઇને કાંઇ પૃચ્છા હોય-મતભેદ હોય તો ત્વરિત જણાવશો. કુરિયરથી પાઠવાયેલ આ પત્રના એક માસ સુધીમાં કોઇનો પણ વિચારભેદ ન આવતાં પૂજ્યશ્રીએ આસો શુદિમાં કેલેન્ડરપંચાગ અને બુકપંચાંગમાં આ બાબતે સંક્ષિપ્ત-સચોટ નિવેદન આપવાપૂર્વક સંશોધિત સાચી જન્મતિથિ શ્રા. શુદિ-૧૧ હોવાની ઘોષણા કરી. **આ સમગ્ર ઘટનાક્રમમાં પૂજ્યશ્રીએ ક્યાં ય જરા પણ અચોક્કસાઇ દાખવી ન હતી કે ક્યાં ય અંશે પણ અનૌચિત્ય દાખવ્યું ન હતું. પૂજ્યશ્રીનાં અંતરમાં માત્ર ને માત્ર એક જ ગુરુભક્તિમંડિત મનોરથ હતો કે ગુરુદેવની સાચી જન્મતિથિ સુસ્થાપિત થાય-પ્રસ્થાપિત થાય.** જન્મશતાબ્દીનાં વર્ષે આનું પરિણામ એ આવ્યું કે આષાઢી બીજે ચેમ્બુરતીર્થે ચેમ્બુરતીર્થટ્રસ્ટીગણની ઉપસ્થિતિમાં પૂ.આ. શ્રી કનકરત્નસૂ.મ., પૂજ્યશ્રી, પૂ.આ. શ્રી પૂર્ણાનંદસૂરિજી મ. તથા પૂ. ગણિશ્રી જયશેખર વિ.મ.ની સ્વહસ્તાક્ષરની સહી સાથે એક પત્ર તૈયાર કરાયો કે જેમાં શ્રા. શુદિ-૧૧ ને જ માન્યતા અપાઇ હતી.આ ઉપરાંત ગુરુદેવની ૧૦૧મી જન્મતિથિ ઉજવણી નિમિત્તે મુંબઇના ૬૬ સંઘોની સંયુક્ત અખબારી જાહેરાત પ્રકાશિત થઇ કે જેમાં શ્રા. શુદિ-૧૧ને જ માન્યતા અપાઇ હતી.

વર્ષો બાદ આજની-આ ગ્રન્થલેખનસમયની સ્થિતિનું આકલન કરીએ તો, અનેક તટસ્થ સત્યગ્રાહી વ્યક્તિઓ શ્રા-શુદિ-૧૧ને સત્યતાના આધારે અંતઃકરણથી સ્વીકારે છે. એની ઝલકો જોઇએ તો (૧) પવઇના અંચલગચ્છ સંઘે ત્યાંના ઉપાશ્રયમાં ઉપકારી ગુરુદેવરૂપે પૂ. યુગદિવાકરશ્રીની વિરાટ તસવીર સ્વંયસ્ફૂર્ત સ્થાપી છે. વર્ષો બાદ અમે ત્યાં ગયા ત્યારે એનાં દર્શને ખ્યાલ આવ્યો કે ત્યાં જન્મતિથિ શ્રા. શુદિ-૧૧ જ લખાઇ છે. (૨) આ. શ્રી મહાબોધિસૂરિજી દ્વારા ગત વર્ષે અર્થાત્ ૨૦૭૩ની સાલમાં તપાગચ્છીય સર્વ સમુદાયોના એકેક દિવંગત નાયકોનાં જીવનને આવરી લેતું પુસ્તક લખાયું છે. જેનું નામ છે 'नमामि गच्छनायकम्.' તેમાં એક જીવનપરિચય પૂ. યુગદિવાકરશ્રીનો છે. ત્યાં એમણે ગુરુદેવની જન્મતિથિ શ્રા. શુદિ-૧૧ જ લખી છે. નોંધપાત્ર બાબત એ છે કે પુસ્તકની પ્રસ્તાવનામાં તેઓએ એ ભાવનો ઉલ્લેખ કર્યો છે કે **'જે જે પૂજ્યોની જન્મતિથિ આદિમાં ભિન્ન મત હોય ત્યાં અમે એની સત્યતા ચકાસીને સાચી તિથિનો ઉલ્લેખ કર્યો છે.'** પૂજ્યશ્રીના સમ્યક્ પુરુષાર્થનું આ નેત્રદીપક સફલ પરિણામ હતું. (૩) સમુદાયના જે કેટલાક સંયમી વૃંદો પૂર્વે જૂની-ગલત જન્મતિથિ ઉજવતા હતા તે હવે સાચી જન્મતિથિ ઉજવે છે. (૪) એવા હજારો બુકપંચાંગ છે કે જે અમારા સમુદાયના કોઇ સંયમી વૃંદ સાથે સંલગ્ન ન હોવા છતાં સ્વયંસ્ફૂર્ત રીતે ગુરુદેવની જન્મતિથિ શ્રા. શુદિ-૧૧ જ પ્રકાશિત કરે છે... પૂજ્યશ્રીના શિષ્ય -પ્રશિષ્યવૃંદની અર્થાત્ અમારી વાત કરીએ તો (૧) સમસ્ત તપાગચ્છીય સંઘ જેના આધારે લાખો બુકપંચાંગ તૈયાર કરે છે તે 'જન્મભૂમિ' પંચાંગમાં વર્ષોથી સચ્ચાઇના આધારે આલેખાય છે તે મુજબ શ્રા શુદિ-૧૧ જ અમે લખીએ છીએ. (૨) પ્રતિવર્ષ 'ગુજરાત સમાચાર'ની તમામ આવૃત્તિમાં અમે પૂજ્યશ્રીનો જીવનલેખ શ્રા. શુદિ-૧૧ના ઉપલક્ષમાં જ આલેખીએ છીએ. (૩) અમારા

હસ્તકના બુકપંચાંગોમાં શ્રા. શુદિ-૧૧ને જ ગુરુદેવની જન્મતિથિરૂપે પ્રસ્તુત કરાય છે. (૪) અમારા શ્રમણવૃંદો પ્રત્યેક ચાતુર્માસમાં શ્રા. શુદિ-૧૧ નિમિત્તે જ ગુરુદેવનો મહોત્સવ ઊજવે છે અને (૫) અમારા શ્રમણો પ્રત્યેક માસની શુદિ-૧૧ના જ ગુરુદેવની અષ્ટકસ્તુતિવન્દના કરે છે. **પૂજ્યશ્રીનાં આ સંશોધનમાં સચ્ચાઇને અનુસરતી નિર્મલ ગુરુભક્તિ જ પ્રધાન હતી.**

જન્મશતાબ્દીનાં અનેકવિધ આયોજનો અને શ્રુતભક્તિયજ્ઞથી ઝાકઝમાળ એ ચાતુર્માસના અંતે પૂજ્યશ્રીની પ્રેરણાથી પૂ. યુગદિવાકરશ્રીની જન્મશતાબ્દી નિમિત્તે રત્નત્રયીમહોત્સવ મુંબઇના મુખ્ય ધર્મકેન્દ્ર ગોડીજી-વિજયદેવસૂરિ જૈન સંઘમાં કા. વદિ ત્રીજથી સાતમ દરમ્યાન ભવ્યસ્વરૂપે યોજાયો. પંચદિવસીય આ મહોત્સવનાં મુખ્ય આકર્ષણોરૂપે ગુરુદેવની આબેહૂબ રંગોળી પ્રદર્શની-મુંબઇના ચારસો ધાર્મિક શિક્ષકોનું વિશિષ્ટ બહુમાન-જીવનદર્શનપ્રવચનો અને વિરાટ ગુણાનુવાદસભા યોજાઇ. ગુરુદેવના ઉપકારોની પુણ્યસ્મૃત્યર્થે પૂજ્યશ્રીની પ્રેરણાથી ગોડીજી ઉપાશ્રયના ભૂમિતલહૉલને 'પૂ. યુગદિવાકર આ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ. જન્મશતાબ્દી સ્મારક હૉલ' નામ આપવાની ઘોષણા થઇ. તે માટે રૂ. ૧૧ લાખના દાનની પ્રેરણા કરવાનું પૂજ્યશ્રીએ સ્વીકાર્યું... ત્યાંથી બાબુ અમીચંદના આદીશ્વરજિનાલયના વિરાટ પ્રતિષ્ઠાશતાબ્દી-મહોત્સવના પ્રથમ પ્રવેશ-સામૈયામાં પધારી પૂજ્યશ્રી તુર્ત ભાયંદર-બાવનજિનાલયતીર્થ તરફ પધાર્યા. આજે જ્યાં એક સાથે પચીસસો ભાવિકો આરાધના કરી શકે છે એ વિરાટ 'ધર્મ' આરાધનાભવનનું ખનનવિધાન પૂજ્યશ્રીની નિશ્રામાં કાર્તિક વદિ દશમે જન્મશતાબ્દી પુણ્યસ્મારકરૂપે થયું. ગુરુદેવના જન્મશતાબ્દીવર્ષની આ બીજી વિરાટ સ્થાયી ઉપલબ્ધિ હતી...

ત્યાંથી પૂજ્યશ્રી સપરિવાર ઉગ્ર વિહારપૂર્વક માત્ર ૨૯ દિવસમાં અમદાવાદના નિકટવર્તી કલિકુંડતીર્થ-ધોળકામાં સામૂહિક અટ્ઠમતપ અર્થે પધાર્યા. વિહારમાર્ગમાં નડિયાદનગરે સા. શ્રી ચન્દ્રયશાશ્રીજીનો કાલધર્મનિમિત્તક મહોત્સવ પણ પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાયો. સવાર-સાંજના ત્વરિત દીર્ઘ વિહારો બાદ પણ પૂજ્યશ્રી એવા ઊર્જાવંત રહેતા કે સમૂહ અટ્ઠમતપઆયોજક પરમગુરુભક્ત શાંતાબેન વાડીલાલ ડાહ્યાલાલ શાહ પરિવારને સુખદ આશ્ચર્ય થતું. અટ્ઠમતપનો માહોલ એવો અદ્ભુત બન્યો કે અટ્ઠમ પંદરસો જેવી માતબર સંખ્યામાં થયા. આયોજક પરિવારના ૨૦ સભ્યોમાંથી ૧૫ સભ્યોએ અટ્ઠમ કર્યા!! સવારથી રાત્રિ સુધી સતત અનુષ્ઠાનો-પ્રવચનોની હારમાળાનાં કારણે તપસ્વીઓ સતત આરાધનામગ્ન રહ્યા. આ સામૂહિક અટ્ઠમતપમાં બે બાબતો હૃદયસ્પર્શી બની. એક, બહુમાનસમારોહમાં પૂજ્યશ્રીએ માત્ર બે વાક્યની પ્રેરણા કરતાં ગુરુભક્ત તે પરિવારે પ્રેરણા ઝીલીને શ્રી શત્રુંજયમહાતીર્થનો ૬ 'રી' પાલકસંઘ યોજવાનો સંકલ્પ કર્યો અને બે, બહુમાનસમારોહમાં લાભાર્થી પરિવારે એમના માતુશ્રી શાંતાબેન પ્રત્યે એવો આદર વ્યક્ત કર્યો કે એનાથી નવીનભાઇ નામે મૌનઅટ્ઠમતપસ્વીનાં હૈયે તીવ્ર અસરો થઇ. એમણે એમના માતુશ્રી સાથે વર્ષોથી અણબનાવ હતો. પારણાદિને મૌન પૂર્ણ થતાં સર્વપ્રથમ એમણે મુંબઇ પોતાની માતાને ફોન કરી હૃદયપૂર્વક 'મિચ્છા મિ દુક્કડં' કર્યા. પછી જ પારણું કર્યું: જાણે કે આ તપ એમના માટે પરિવર્તનની પ્રયોગશાળા બની ગઇ.

હવે પૂજ્યશ્રીનું પદાર્પણ થયું રાજનગર-અમદાવાદમાં. ત્યાં યુગદિવાકરસમુદાયના સા. શ્રી કલ્પલતાશ્રીજીની તથા એમના શિષ્યાવૃંદની પાંચસો આયંબિલ-૨૨૯ છટ્ઠ-વર્ધમાનતપ ૮૬મી ઓળી આદિ છ-છ મોટી તપસ્યાનાં સમાપનનો ભક્તિમહોત્સવ પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાયો. પોષ શુદિ એકમે ભવ્ય સામૈયાં સાથે પૂજ્યશ્રી ધર્મવિહારસંઘમાં પધાર્યા. પ્રારંભના પાંચ દિવસોમાં પ્રવચનોએ એવો રંગ જમાવ્યો કે પ્રારંભ પૂર્વેથી જ ઉપાશ્રય અને બહારના પરિસર ચિક્કાર ભરાઇ જાય. પ્રતિદિન સવારે સામૈયાં સાથે આસપાસના બિલ્ડીંગોમાં પધરામણી-પ્રવચન અને ૯.૦૦ થી ૧૦.૩૦ ધર્મવિહાર ઉપાશ્રયમાં પ્રવચનઃ જાણે પર્યુષણા હોય તેવો માહોલ રચાતો. પછીના દિવસોમાં ઓપેરા-પંકજ-ભગવાનનગર ટેકરો વગેરે સંઘોમાં પ્રવચનો યોજાયાં. પોષ શુદિ ૬ થી ૧૦ નિત્ય વિવિધ મહાપૂજનો-સંઘસાધર્મિકવાત્સલ્યો-કાર્યક્રમો સાથે ભવ્ય મહોત્સવ યોજાયો. પોષ શુદિ ૧૦ના તપ-સમાપનસમારોહ બાદ, અગિયારશે પૂજ્યશ્રી ગગનવિહારસંઘ તથા ખાનપુરસંઘમાં પધાર્યા. ત્યાં ગગનવિહારસંઘના પ્રમુખ શ્રી બચુભાઇ શાહને પૂજ્યશ્રીની નિશ્રામાં અમદાવાદ-ખાનપુરથી શ્રી કલિકુંડતીર્થનો પદયાત્રા સંઘ યોજવાની ભાવના થતાં એનું અચાનક આયોજન થયું. પૂજ્યશ્રીએ મહા શુદિ એકમનું પ્રયાણમુહૂર્તફરમાવ્યું. ૧૫ જ દિવસ છતાં સંઘવીપરિવારે પત્રિકાથી લઇને વ્યવસ્થા સુધીનાં તમામ કાર્યો સુવ્યવસ્થિત અને સમયબદ્ધ કર્યા. વચ્ચેના દિવસોમાં પૂજ્યશ્રીએ અમદાવાદના નિકટવર્તી પ્રાચીન-અર્વાચીન શેરીસા-ઓગણજ-મેરુધામ-કોબા-તપોવન-બોરીજ વગેરે તીર્થોની યાત્રા કરી. મહા શુદિ એકમથી પદયાત્રાસંઘ આરંભાતા તેમાં ચારસો યાત્રિકો સામેલ થયા. પ્રવચનો અને સંધ્યાભક્તિ યાત્રિકોને મન પ્રબળ આકર્ષણ બની ગયા. ગગનવિહારસંઘમાં સામૈયું હો કે કલિકુંડતીર્થનો પ્રવેશોત્સવ હોઃ સંઘવી પરિવારના યુવામિત્રોએ યાદગાર જમાવટ કરી. આ રીતે સવા માસમાં કલિકુંડતીર્થથી કલિકુંડતીર્થ સુધીની શાસનપ્રભાવના વિસ્તારી પૂજ્યશ્રીએ હવે વડોદરા તરફ વિહાર કર્યો.

આ વિહારમાર્ગમાં પૂજ્યશ્રીને વટામણ જેવા નવનિર્મિત તીર્થોની તેમજ સોજીત્રા-વાલવોડ ચન્દ્રમણિ જેવા પ્રાચીન તીર્થોની યાત્રાનો લાભ થયો. એમાં ઉલ્લેખનીય ઘટના બની સોજીત્રાની. અમારા વિહારમાં એ તીર્થની સ્થિરતા હતી નહિ. પૂર્વદિને સાંજે જ કાલની સ્થિરતા સોજીત્રાની નક્કી થતાં 'अनभ्रा वृष्टिः' જેવો સુયોગ રચાયો. ગામમાં જૈન વસતિ જેવું ખાસ હતું નહિ પરંતુ જિનાલયમાં સમ્રાટસંપ્રતિના નિર્મિત સોળ સોળ પ્રાચીન પ્રભુજીનાં આહ્લાદક દર્શન થતાં પૂજ્યશ્રી સહિત અમે સહુ ગદ્ગદિત થઇ ગયા

કે આજે આ અંદરના ગામમાં આગમન સફળ થઇ ગયું. પૂજ્યશ્રીનાં નેત્રો હર્ષાશ્રુથી ઉભરાઇ ગયા અને હજુ તો સ્તુતિ-ચૈત્યવંદનાદિ બાકી હોવા છતાં માત્ર પ્રથમ દર્શને અભિભૂત થઇને આંતર આનંદની જાણે અભિવ્યક્તિ કરતા હોય એમ તેઓ પૂજ્ય મહોપાધ્યાયજી ભગવંતના સ્તવનની આ પંક્તિ અહોભાવથી ગાઇ ઉઠ્યા કેઃ

**આજ જિનરાજ ! મુજ કાજ સીધ્યા સવે,**
**તું કૃપાકુંભ જો મુજ તૂઠો;**
**કલ્પતરુ કામઘટ કામધેનુ મીલ્યો,**
**આંગણે અમીયનો મેહ વૂઠો...**

એ વર્ષની વિહારયાત્રામાં સ્પર્શના તો પ્રાચીન-અર્વાચીન અનેકાનેક તીર્થોની થઇ. પરંતુ અચાનક સોજીત્રા જઇ ચડ્યા પછી પ્રાચીન પ્રભુજીઓનાં દર્શને જે આનંદ પ્રગટ્યો એ સાચે જ શ્રેષ્ઠ-અલૌકિક હતો. પછી તો ત્યાં ખૂબ સરસ ભક્તિ ય કરી. ઉપાશ્રયમાં પૂજ્યશ્રીએ અમને ઇતિહાસ કહ્યો કે ''આ સોજીત્રા મોતીશાહની જન્મભૂમિ છે અને પૂ.આ.શ્રી કસ્તૂરસૂરીશ્વરજી મ.ની કાલધર્મભૂમિ છે.''

એ વિહારયાત્રામાં શ્રમણજીવનની કષ્ટમયતાનો અને અજૈનવર્ગની પણ જૈન શ્રમણો પ્રત્યેની ભક્તિનો પરિચય કરાવતો એક પ્રસંગ આવો સર્જાયો. એક સાંજે વિહાર કરીને નાપાડતીર્થની યાત્રા આવરી લેવાનો વિચાર પૂજ્યશ્રીને આવ્યો. જ્યાં હતા ત્યાંથી નાપાડ છ કિ.મી. હોવાની માહિતી મળી હતી. એથી સાંજે સૂર્યાસ્ત સમયે ત્યાં પહોંચી જવાય એ રીતે સાંજનો વિહાર અમે સહુએ શરુ કર્યો. છ કિ.મી.ના અંતે ગામ દેખાયું. એથી અમે સમજ્યા કે વિહાર ધારણાનુસાર જ છે. કિંતુ જ્યાં ગામના પાદરે પહોંચ્યા ત્યારે ખ્યાલ આવ્યો કે આ ગામ નાપાડ નથી, પરંતુ નાપા છે. નાપાડ તો હજુ બીજા છ કિ.મી. આગળ હતું!! નામની સમાનતાનાં કારણે સમજફર્ક થયાનો ખ્યાલ આવી ગયો. પરંતુ હવે નાપાડ સાંજે જવું અશક્ય હતું.

એથી નાપાગામે રાત્રિસ્થિરતા વિચારી જૈન ઘરની પૃચ્છા કરતાં ગામજનોએ જણાવ્યું કે ''અહીં એક પણ ઘર જૈનનું નથી. પણ અમે પટેલને ત્યાં તમારી વ્યવસ્થા કરી દઇશું.'' ગામના સંપન્ન પટેલ પરિવારના ઘરની બાજુના એમના સ્વતંત્ર મકાનમાં અમને સ્થાન અપાયું. અમે ત્યાં રાત્રિમુકામ કર્યો. સાડા સાત થયા ત્યાં પટેલ પૂજ્યશ્રી પાસે આવીને કહેઃ ''બાપજી! તમારા સંતો માટે શીરો-ભજીયા-દાળ-ભાત-શાક-રોટલી ચાલશે કે બીજું કાંઇ કરું?'' પૂજ્યશ્રી રમૂજ અનુભવતા બોલ્યાઃ ''અમારે તો સૂર્યાસ્ત પછી પાણી પણ પીવાનું ન હોય. એટલે એક પણ ચીજ અમારે માટે બનાવવાની નથી.'' પટેલ મોભીનાં ચહેરા પર દુઃખમિશ્રિત આશ્ચર્યના ભાવ ઊપસ્યા. એમણે આગ્રહ કર્યો કે ''તો પછી મને લાભ શું મળે? એક કામ કરો. તો પછી કાલે સવારે ચા-નાસ્તો કરીને જજો.'' પૂજ્યશ્રીએ એ ભાવુક પટેલને સમજાવ્યું કે જેનાં ઘરે રાતવાસો કર્યો હોય એનાં ઘરના ભોજન-પાણી જૈન શ્રમણને ખપે નહિ એથી એ ય શક્ય નથી. પરંતુ અમે તમારાં સ્થાનમાં રાત્રિવાસ કર્યો એમાં તમે 'સજ્ઝાતર' બનવાથી તમને ભોજન-પાણી આપવાથી પણ વિશેષ લાભ મળી જાય એમ અમારા શાસ્ત્રો કહે છે. પટેલનાં મનનું સમાધાન થયું. એ જૈન શ્રમણચર્યા પ્રત્યે અહોભાવમંડિત થયા. એમને પૂજ્યશ્રીએ કક્ષાનુસારી દશેક મિનિટ ઉપદેશ પણ આપ્યો.

આ વિહારયાત્રાના અંતે વડોદરા શહેરમાં પૂજ્યશ્રીની પધરામણી થઇ. અહીં મુખ્ય કાર્ય હતું પૂજ્યશ્રીની નિશ્રામાં આયોજિત કોઠીપોળ સંઘના સામૂહિક વર્ષીતપના ભવ્યાતિભવ્ય સમાપનમહોત્સવનું. સાત દિવસ કોઠીપોળ સંઘમાં પૂજ્યશ્રીની પ્રવચનધારા યોજાતા ચતુર્દશાહ્નિક મહોત્સવનાં તમામ આયોજનો સંપન્ન થઇ ગયા. તે પછી વડોદરાના વિવિધ સંઘોમાં પધરામણી-પ્રવચનો-સામૈયાં, સુભાનપુરા સંઘમાં અધિષ્ઠાયકપ્રતિષ્ઠા, કારેલીબાગ સંઘના મુનિસુવ્રત જિનાલયના તથા કોઠીપોળ સંઘના સાલગિરિઉત્સવો અને આજવા રોડ વિસ્તારમાં સા. શ્રી મયૂરકલાશ્રીજી પ્રેરિત ધર્મવિહાર ઉપાશ્રય ઉદ્‌ઘાટનાદિ કાર્યક્રમો સંપન્ન કરાવી ફાગણ શુદિ છઠે પૂજ્યશ્રી દર્ભાવતીતીર્થે પધાર્યા. સંઘ દ્વારા પૂજ્યશ્રીનું ભવ્ય સામૈયું-નિત્ય પ્રવચનો વગેરે યોજાતાં પુનઃ એક વાર ઉલ્લાસનો માહોલ બન્યો. દર્ભાવતીતીર્થે પૂજ્યશ્રીની પધરામણીમાં કારણ બન્યું હતું શ્રાવિકાઉપાશ્રયનો ઉદ્‌ઘાટનસમારોહ. આ ઉપાશ્રય અંગે પણ સર્વાધિક યોગદાન પૂજ્યશ્રી દ્વારા સંઘને પ્રાપ્ત થયું હતું. ફાગણ વદિ એકમ, રવિવારે સવારે શાનદાર શોભાયાત્રા યોજાઇ. તે પછી ચિક્કાર ભાવિકોની ઉપસ્થિતિ વચ્ચે ઉદ્‌ઘાટનવિધિ થયો અને ત્યાર બાદ શ્રાવકઉપાશ્રયના વિરાટ પ્રવચનહૉલમાં શાંતિનાથ જિનાલયે બાકી રહેલ બે અધિષ્ઠાયકોની-પરિકરની પ્રતિષ્ઠાઉછામણી થતાં માતબર રકમના આદેશો થયા. આ પ્રતિષ્ઠા પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રી શાંતિનાથ જિનાલયની પ્રથમ સાલગિરિ પ્રસંગે યોજવાની ઘોષણા થઇ. ત્યાંથી પૂજ્યશ્રી સપરિવાર વડોદરા-સુભાનપુરા જૈન સંઘમાં શાશ્વતી ચૈત્રી ઓળીની આરાધનાર્થે પધાર્યા. ત્યાં પૂજ્યશ્રીના સામૈયાંદિને પૂ. શાસનશણગાર આ.ભ.શ્રી વિજય ચન્દ્રોદયસૂરીશ્વરજી મ. પણ વિરાજમાન હતા. બન્ને પૂજ્યોના સંયુક્ત પ્રવચનો થયાં. મારાં પ્રવચનમાં મેં રમૂજ કરી કે ''પ્રભુ મહાવીરદેવનાં સમવસરણમાં ચન્દ્ર-સૂર્ય મૂળ વિમાને આવ્યા હતા અને એ આશ્ચર્ય ગણાયું હતું. આજે અહીં પણ 'ચન્દ્રોદય-સૂર્યોદય' એક સાથે જોવા મળે છે.'' પ્રવચનોમાં વિશાલ મેદની-ચૈત્ર શુદિ તેરશે પ્રભુના જન્મકલ્યાણકની પાંચ કલાકની ભવ્ય સ્ટેજઉજવણી વગેરેથી એ આરાધના યશસ્વી બની.

હવે પૂજ્યશ્રીની સામૈયાં સાથે પધરામણી થઇ ચૈત્ર વદિ બીજે કોઠીપોળસંઘમાં. શહેરના એક પુરાતન છતાં વસતિની અપેક્ષાએ મર્યાદિત આ સંઘમાં પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવે જે જબરજસ્ત પ્રબળ ઉલ્લાસથી સામૂહિક વર્ષીતપસમાપનનો ચતુર્દશાહ્નિક શાનદાર મહોત્સવ ઉજવાયો એ કલ્પનાતીત હતો. અખબારોએ સૌથી વધુ સમાચારો એ સમયે આ સંઘના સમૂહવર્ષીતપના પ્રગટ કર્યા, તો સૌથી વધુ સાધુ-સાધ્વીજીની ઉપસ્થિતિ પણ પૂજ્યશ્રીની નિશ્રામાં આયોજિત આ વર્ષીતપોત્સવમાં હતી. એની સંક્ષિપ્ત ઝલકો કાંઇક આવી છેઃ (૧) પૂજ્યશ્રીના પ્રશિષ્ય મુનિ શ્રી હિતરત્નવિજયજીના







## છ'રી' પાલંતા જે નર જાવે... પાતિક ભુક્કો થાવે

















ચેમ્બુરતીર્થ પ્રતિષ્ઠાસુવર્ણવર્ષના ઐતિહાસિક યશસ્વી ચાતુર્માસ બાદ પૂજ્યશ્રીના પરમ ભક્ત અને સંઘાગ્રણી શ્રી હસ્તિમલજી પુખરાજજી ગુર્જર પરિવાર દ્વારા પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં ચેમ્બુરથી માનસમંદિર તીર્થના છ દિવસીય ભવ્ય પદયાત્રા સંઘની આ તસવીરો એ સંદેશ આપે છે કે ભવયાત્રા મિટાવે તે છે તીર્થયાત્રા.











સળંગ દ્વિતીય વર્ષીતપની તથા સા. શ્રી ભવ્યરત્નાશ્રીજીના વર્ષીતપની પૂર્ણતા આ જ મહોત્સવમાં થઇ (૨) જિનાલયના અજૈન પૂજારી અર્જુનભાઇએ આશ્ચર્યજનક રીતે વર્ષીતપસાધના કરી (૩) ચોસઠ વર્ષીતપારાધકો પૈકી કેટલાક તપસ્વીઓએ ગ્રીષ્મની એ ભીષ્મ ગરમીમાં પારણાં પૂર્વે અટ્ઠાઇઓ-ચાર ઉપવાસ-ચોવિહાર છટ્ઠ જેવા આકરા તપ કર્યા (૪) ચૌદ દિવસના મહોત્સવના તમામ દિવસોમાં મહાપૂજનો અને વિશિષ્ટ સ્ટેજકાર્યક્રમો-રથયાત્રાદિ હતા. એક પણ દિવસ નાનો કાર્યક્રમ ન હતો (૫) ચૈત્ર વદિ તેરશે તપસ્વીઓનો શાનદાર બહુમાનસમારોહ યોજાતાં પ્રત્યેક તપસ્વીનું ચાર ગ્રામ સુવર્ણમુદ્રા-ચાંદીનો કુંભ-વિશિષ્ટ કલાકારીગરીયુક્ત શત્રુંજયપટ-'પાનું ફરે...સોનું ઝરે' કેલેન્ડર-સન્માનપત્ર આદિથી બહુમાન કરાયું જે કોઠીપોળસંઘ માટે આશ્ચર્યરૂપ હતું.

(૬) ચૈત્ર વદિ-૧૪ રવિવારે યોજાયેલ તપસ્વીઓના વરઘોડામાં જે વૈવિધ્યસભર સામગ્રીઓ અને માનવમહેરામણ હતો એ કોઠીપોળના ઇતિહાસમાં સીમાચિહ્ન સમો હતો, તો વૈશાખ શુદિ એકમે નીલેશ રાણાવતના સંગે યોજાયેલ 'શત્રુંજય ભાવયાત્રા' પણ સંઘ માટે યાદગાર બની ગઇ. સંવત્સરીમહાપર્વે કોઠીપોળ ઉપાશ્રયે જે મેદની ન હોય તેવી મેદની કાર્યક્રમના પ્રારંભે પૂર્વેથી જ ત્યાં ઊમટી હતી. કાર્યક્રમ એવો ભાવોત્પાદક રહ્યો કે ભાવુકતાની ચરમસીમાએ સંઘના ટ્રસ્ટી શ્રી દીપકભાઇ જેસીંગલાલ શાહે જાહેર કર્યું કે "જો પૂજ્યશ્રી અમારા સંઘમાં ચાતુર્માસ કરે તો અમે વડોદરાથી શત્રુંજય મહાતીર્થનો ૬'રી'પાલક પદયાત્રા સંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં યોજીએ." પૂજ્યશ્રીએ ત્યારે તો માત્ર 'વર્તમાન જોગ' કહ્યો. પરંતુ શહેરમાં વાત પ્રસરી ગઇ કે આગામી વર્ષોમાં હવે આ ભાવના સાકાર થશે. (૭) અક્ષયતૃતીયાએ વર્ષીતપમુખ્યલાભાર્થી દીપકભાઇનાં ગૃહાંગણેથી તમામ તપસ્વીઓનો ભવ્ય વરઘોડો-ઉપાશ્રયે પૂજ્યશ્રીનું માંગલિક સંબોધન અને તે પછી પારણાનો સમારોહ યોજાયો. કોઠીપોળ ઉપાશ્રયના બે વિશાલ હૉલ અને મુક્તિ-કમલ જ્ઞાનમંદિરનું ભવન ભાવિકોથી ભરચક રહ્યું. એકંદર આ વર્ષીતપમહોત્સવે વડોદરામાં સૌથી વધુ પ્રભાવ પાથર્યો અને તેમાં પૂજ્યશ્રીનો પુણ્યપ્રભાવ મહત્ત્વપૂર્ણ પરિબળ બની રહ્યો.

ત્યાંથી પૂજ્યશ્રી સપરિવાર દર્ભાવતીતીર્થે પધાર્યા. ત્યાં ગત વર્ષે પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં પ્રતિષ્ઠિત શ્રી શાંતિનાથ જિનાલયનો પ્રથમ સાલગિરિ મહોત્સવ-અધિષ્ઠાયકપ્રતિષ્ઠાદિ ધર્મકાર્યો સંપન્ન થયા. તે પછી વૈશાખ વદિની ભરગરમીમાં પૂજ્યશ્રીનો મુંબઇ તરફનો દીર્ઘ વિહાર આરંભાયો. આ વિહારયાત્રાનાં એક-બે સંસ્મરણો અને પૂજ્યશ્રીની શ્રુતભક્તિ-ગુરુભક્તિનો ઉલ્લેખ કરી આ પ્રકરણનું સમાપન કરીશું: પ્રથમ સંસ્મરણ છે કીમનગરનું. વિહાર કરીને અમે એ ગામમાં આવ્યા. ત્યાં સવારે ૧૧.૩૦ ક. મારા દ્વારા આલેખાતા ૭૦૦ પેજના 'યુગદિવાકર' મહાગ્રન્થના સળંગ જીવનચરિત્રવિભાગનું આલેખન સંપૂર્ણ થયું. મેં પૂજ્યશ્રીને એ વધામણાં આપી અંતિમ મંગલરૂપ વાસક્ષેપ કરવા કહ્યું. પૂજ્યશ્રી એવા રાજી રાજી થયા કે વાસક્ષેપ બાદ ત્રણ-ચાર મિનિટ બન્ને હાથે મારી પીઠ થાબડતા રહ્યા. એમની આંખમાં હર્ષાશ્રુ ઝગી ઊઠ્યા. કેમ કે એમણે દાયકાઓથી સેવેલ સ્વપ્ન હવે સાકાર થવાની નક્કર ભૂમિકાએ આવી ચૂક્યું હતું. મને એમના આ આનંદમાં એમની અદ્ભુત ગુરુભક્તિ પ્રતિબિંબિત થતી જણાઇ.

બીજું સંસ્મરણ છે સુરત-વડાચૌટાસંઘનું. ત્યાં લબ્ધિસમુદાયના પૂ.આ.ભ. શ્રી વિજયરાજયશસૂરીશ્વરજી મ. વિરાજમાન હતા. તેઓના ખાસ આગ્રહથી પૂજ્યશ્રી તે સંઘમાં પધાર્યા. જો કે તે પૂર્વે એ આચાર્યશ્રીનો પૂજ્યશ્રી સાથેનો પરિચય નહિવત્ જેવો હતો. તેઓ પૂજ્યશ્રીને લેવા સામે પધાર્યા, સાથે પ્રવચનાદિ થયા અને એકદિવસીય સ્થિરતા અમે સૌએ સાથે કરી. તેઓ પૂજ્યશ્રીના આડંબરરહિત સરલ સહજ વ્યવહારથી ખૂબ પ્રભાવિત થઇ ગયા. તે પછીના અલ્પ સમયમાં, પૂજ્યશ્રીસંપાદિત 'ધર્મસૌરભ' ગ્રન્થની પ્રસ્તાવનામાં પૂ. રાજયશ સૂ.મ. સુરતનો એ અનુભવ ટાંકતા આ શબ્દો લખે છે કે :- "સંપાદક પૂ. આચાર્યશ્રીનાં દર્શનનો અવસર હું બે વાર મેળવી શક્યો. પણ એમની વિદ્વત્તા સાથેની સરળતા, કોઇને પ્રતિભાથી આંજી દેવાની વૃત્તિથી વિમુખતાથી મને પ્રસન્નતા થઇ છે..." પૂજ્યશ્રીની નિરાડંબર સહજ જીવનશૈલીનું આમાં સરસ પ્રતિબિંબ ઝિલાય છે.

આટલી સખત શાસનસેવા અને વિહારયાત્રા વચ્ચે ય પૂજ્યશ્રીએ યુગદિવાકર ગુરુદેવના સાહિત્યપ્રકાશનનો યજ્ઞ જારી રાખ્યો હતો. જેનાં ફલસ્વરૂપે 'ધર્મજ્યોત' પુસ્તકનું વિમોચન કોઠીપોળ સંઘના મહોત્સવમાં થયું. 'ધર્મસૌરભ' પુસ્તકનું કાર્ય પૂર્ણ થયું હોવાથી તેનું વિમોચન આગામી ચાતુર્માસ પ્રવેશદિને નિર્ધારાયું; તો ષટ્ત્રિંશિકા-ચતુષ્કપ્રકરણવિવેચના-પંચમ શતક કર્મગ્રન્થવિવેચના અને શ્રાદ્ધપ્રતિક્રમણવંદિત્તુ-સૂત્રટીકાવિવેચનારૂપ ત્રણ મહાગ્રન્થોનાં કાર્યો જારી હતાં. આ ઉપરાંત આ વર્ષનાં પૂર્વોક્ત દરેક શાસનકાર્યોમાં પૂજ્યશ્રીએ ગુણાનુવાદસભાઓ-રંગોળીપ્રદર્શનો વગેરે દ્વારા ગુરુદેવની જન્મશતાબ્દીની ઉજવણી પણ અખંડ રાખી હતી. પૂજ્યશ્રીની આ ભક્તિને-શાસનસેવાને નમન કરતાં ગાઇએ આ સ્તુતિ કે :-

**શ્રી ધર્મસૂરીશ્વરતણી ધર્મધ્વજા લહેરાવતા,**
**શાસનતણાં બહુ કાર્યથી જિનધર્મજય ફેલાવતા;**
**બહુ શિષ્યકેરી સંપદાથી જેહ નિત્ય વિરાજતા,**
**તે સૂરિસૂર્યોદયચરણમાં ભાવથી કરું વન્દના.**



## પ્રકરણ : ૩૯

# પૂજ્યશ્રીનાં જીવનનું શ્રેષ્ઠ પ્રકરણ : જગડૂશાજિનાલયરક્ષાનો સુવર્ણ ઈતિહાસ...

સંસારની એક લાક્ષણિકતા જ્ઞાનીભગવંતો આ દર્શાવે છે કે ‘જયાં ધાર્યું ઘણું ન થાય અને અણધાર્યું ઘણું થાય એનું નામ સંસાર.’ સરેરાશ વ્યક્તિને લાગુ પડતી આ વાસ્તવિક વ્યાખ્યામાં પુણ્યશાળી વ્યક્તિ માટે એટલો ફર્ક રહે છે કે એમનાં જીવનમાં ધાર્યું પ્રાયઃ ઘણું થતું હોય છે અને અણધાર્યું ક્વચિત જ થતું હોય છે. પ્રબળ પુણ્યપ્રભાવસંપન્ન પૂજ્યશ્રીનાં જીવનમાં આ હમણાં જણાવી તે સ્થિતિ હતી. એમાં એક વાર એક અણધારી ઘટના એવી બની કે એમાં અમારા સૌના શ્વાસ ઘડીભર અદ્ધર થઇ ગયા. જો કે, એમાં ય પૂજ્યશ્રીની બે નમસ્કરણીય વિશેષતાઓ નિહાળીને અમે સહુ આફ્રીન થઇ ગયા. એ હૈયાંની ધડકન વધારી દેનારી રોમાંચક ઘટના આ હતીઃ

વડોદરાથી મુંબઈની વિહારયાત્રા નિર્વિઘ્ન પૂર્ણતાના આરે હતી અને અમે અંતિમ વિહાર ગિરનારધામથી ભાયંદર-બાવનજિનાલયતીર્થનો કરી રહ્યા હતા. પૂજ્યશ્રીની વ્હીલચેર નિયમાનુસાર 'Leftside'માં હતી અને અમે સુરક્ષા ખાતર Wrongsideમાં ચાલી રહ્યા હતા. કાળું ડિબાંગ અંધારું હતું. માત્ર સતત આવતા-જતાં વાહનોની Headlightથી જ માર્ગ પ્રકાશિત રહેતા. એકાદ મિનિટ જ્યારે વાહનોનું ગમનાગમન ન રહે ત્યારે તો કેવળ અંધકારનું સામ્રાજ્ય જ લાગે. કેમ કે વદ પક્ષ હતો. એમાં એક વળાંક ઉપર કોઇ તોતિંગ ટ્રકે પૂજ્યશ્રીની વ્હીલચેરને આછી ટક્કર લગાવી. અલબત્ત, એ તોતિંગ ટ્રકની Speed એકદમ ઓછી હતી. નહિ તો પરિણામ ખૂબ કરુણ હોત. એ ટક્કરથી વ્હીલચેર એક તરફ ઢળી પડી અને પૂજ્યશ્રી તથા સેવક મહાતો ડાબી તરફ ભૂમિ પર

પડી ગયા. ક્યારેય નહિ ને એ દિવસે જ અમે શ્રમણો અર્ધો Kilometre પાછળ રહી ગયા હતા. ટ્રક ચલાવનાર એક સરદારજી હતા. એ સજ્જન હતા. એથી ટક્કર લાગ્યાનો ખ્યાલ આવતા જ ટ્રક થંભાવી દઈને એ નીચે ઉતરી આવ્યા. પડી ગયેલ પૂજ્યશ્રીને બેઠા કર્યા. પૂજ્યશ્રી પૂર્ણ ભાનમાં હતા અને વ્હીલચેર પણ સલામત હતી. ડ્રાયવરે વ્હીલચેર ખડી કરી આપી. પરંતુ થોડો માર લાગ્યો હોવાથી પૂજ્યશ્રી ભૂમિ પર જ બેસી રહ્યા. હવે સરદારજી પસ્તાવો કરવા લાગ્યા કે ''સંત તો ભગવાન કહેવાય. મેં તમને ટક્કર લગાવીને મોટું પાપ કર્યું છે. તમારી બદ્દુઆ મળે તો મારું જીવન ખતમ થઈ જશે. મને માફી આપો.'' પૂજ્યશ્રીની પહેલી વિશેષતા અહીં પ્રગટ થઈ. એમણે કહ્યુંઃ ''તેં જાણીને આ કૃત્ય કર્યું નથી. અમારી તને માફી જ છે. પરંતુ તું અહીં ઊભો ન રહીશ. કોઈ પોલીસવાન Petrollingમાં આવી ચડશે કે કોઈ જૈનનું વાહન આવી ચડશે તો તારે ગુનેગાર બનવું પડશે. તું તુર્ત જતો જ રહે.'' પેલા સરદારજી માફી માંગતા માંગતા ગયા.

અમે ત્યાં પહોંચ્યા ત્યારે પૂજ્યશ્રી પ્રયત્નપૂર્વક માંડ માંડ વ્હીલચેરમાં વિરાજ્યા હતા. સેવકને પણ લાગ્યું હોવાથી એ ચેર પકડીને ઊભો હતો. સાડા પાંચથી પોણા છ વચ્ચેનો એ સમય હતો. ધ્યાનથી જોતાં સમજાયું કે કામળ પર-વસ્ત્ર પર લોહીના ડાઘ હતા. હાથ પર ઊઝરડા પડ્યા હતા. પૂજ્યશ્રી બોલ્યા કે ''છેલ્લી આંગળી પર Fracture થયું હોય એમ લાગે છે.'' હજુ સાડા ચૌદ કિ.મી.નો વિહાર બાકી હતો. અમે શ્રમણોએ વિનંતિ કરી કે ''આપ ઘાયલ છો. કેટલું નુકસાન છે એનો અંદાજ નથી. તુર્ત સારવાર મળે માટે વાહનમાં આપની વ્યવસ્થા કરાવીએ.'' પૂજ્યશ્રીએ એ સ્થિતિમાં ય દૃઢ ઇન્કાર કરતાં કહ્યુંઃ ''મારી સ્થિતિ ઘાયલ છે, પણ એટલી ખરાબ નથી. હું વાહનનો ઉપયોગ નહિ કરું. આપણે પૂર્વવત્ જ જઈશું. હા, સેવક મહાતોને વાહનમાં મોકલી આપજો.'' અમે સહુ દંગ થઈ ગયા પૂજ્યશ્રીની આ સંયમનિષ્ઠાથી અને સેવક પ્રત્યેની લાગણીથી. પૂજ્યશ્રીનાં સૂચન મુજબ સેવકને વાહનથી મોકલી અપાયો અને પૂરા સાડા ચૌદ કિ.મી. મુનિ શ્રી રશ્મિરત્નવિજયજીએ Chair ચલાવી. કદાચ અન્ય કોઈ હોત તો ટ્રક- અકસ્માત્ના આઘાતથી જ વિહાર માટે નાહિંમત બની ગયા હોત. ભાયંદર આવ્યા બાદ પણ પૂજ્યશ્રીએ સર્વપ્રથમ બાવનજિનાલયતીર્થે ચૈત્યવંદન કર્યું. પછી જ વસ્ત્રો બદલાવી નવકાર હોસ્પિટલમાં ગયા.

પૂજ્યશ્રીનાં અનુમાન મુજબ જ ડૉક્ટરનું નિદાન આવ્યું કે છેલ્લી આંગળીમાં Fracture છે. એ સારવાર એક માસ ચાલી અને બાકીની રુઝ બારેક દિવસમાં આવી ગઈ. આ ઘટનાએ મારાં મન પર જે ઘેરી અસર સર્જી એનું પરિણામ એ આવ્યું કે વર્ષો બાદ પૂજ્યશ્રીનો કાલધર્મ થયો ત્યારે મેં એમના પાર્થિવ દેહ માટે વાહનનો ઉપયોગ ન જ થવા દેવાનું અડગ વલણ દાખવ્યું. વાહન દ્વારા ધર્મધામતીર્થે લઈ જઈ ત્યાં અંતિમસંસ્કારનો આગ્રહ પણ ફગાવ્યો, તો ભાયંદર-બાવન જિનાલયતીર્થ પરિસરમાં અંતિમસંસ્કારના નિર્ણય બાદ અંધેરીથી ભાયંદરના ૨૯ કિ.મી. કોણ ચાલશે એ ડર પણ ફગાવ્યો અને મક્કમતાથી પૂરા ૨૯ કિ.મી. ની અંતિમયાત્રા પગપાળા જ યોજાવી...

આરામ અર્થે ભાયંદરમાં આઠેક દિવસ સ્થિરતા કરી પૂજ્યશ્રી મુંબઈના વિવિધ સંઘોમાં વિચર્યા. ત્યાંથી પુનઃ પૂજ્યશ્રી સપરિવાર ભાયંદરમાં ચાતુર્માસ માટે પધારતાં આષાઢ શુદિ દશમે શાનદાર સામૈયાં સાથે તેઓનો ચાતુર્માસપ્રવેશ થયો. દશ-દશ વર્ષો બાદ પૂજ્યશ્રીના ચાતુર્માસનો યોગ મળ્યો હોવાથી લહેરાયેલો ઉત્સાહ પ્રવેશસભામાં સરસ પ્રતિબિંબિત થયો. સ્ટાર સંગીતકાર શ્રી અનિલગેમાવત દ્વારા ગુરુભક્તિજમાવટ, ગુરુદેવની ગ્રન્થમાળા પૈકી પૂજ્યશ્રી દ્વારા સર્વપ્રથમ સંકલિત-સંપાદિત 'ધર્મસૌરભ' પુસ્તકનું તથા ગત વર્ષ બાદ ફરી એકવાર પુનરાવૃત્તિ પામેલ 'શ્રમણ ભગવાનમહાવીર' ગ્રન્થનું વિમોચન-સળંગ છત્રીશ દિવસ અખંડ ચોવીશ કલાકના જાપ સાથે ૧૦૮ પાર્શ્વતપની ઘોષણા વગેરે દ્વારા ઝમકદાર પ્રારંભ થયો. ત્યાં પ્રવેશદિનથી નિત્યનાં વ્યાખ્યાનોમાં ૯૦૦ શ્રોતાઓ અને રવિવારે ૧૪૦૦ થી ૧૫૦૦ ભાવિકો ઊમટવા માંડ્યા. બે શ્રાવણ માસ હતા. એથી રવિવારો ઘણા મળ્યા. એ વર્ષે સર્વપ્રથમવાર રવિવારીય પ્રવચનોમાં 'યુગદિવાકરજીવનદર્શન પ્રવચનશ્રેણિ' જન્મશતાબ્દીના ઉપલક્ષમાં શરુ થઈ. જે અદ્યાવધિ અખંડ પ્રતિચાતુર્માસમાં યોજાય છે. સાથે જ 'રાવણ બનવું ય સહેલું નથી'ના પ્રવચનોએ રંગ જમાવ્યો. આ ઉપરાંત શિબિરો-અનુષ્ઠાનો પણ યુગદિવાકરગુરુદેવને કેન્દ્રમાં રાખી યોજાયા. એમાં આષાઢ વદિના અંતભાગમાં એવા સમાચારો આકાર લેવા માંડ્યા કે જેનાથી પૂજ્યશ્રીએ હિંમતભર્યા નિર્ણયો એકાએક કર્યા. પરિણામ એ આવ્યું કે તે નિર્ણયો અને ત્યાર બાદની ઘટના પૂજ્યશ્રીનાં જીવનની સર્વશ્રેષ્ઠ શાસનરક્ષાનો સુવર્ણઈતિહાસ બની ગઈ. તે કાળે ભારતભરના સંઘોમાં જે ઘટનાના ત્વરિત પ્રતિઘોષ ઝિલાયા અને જૈન સંઘની અઘોષિત એકતાનાં દર્શન થયાં એ ઘટનાની-ઈતિહાસની વિસ્તૃત કડીબદ્ધ વિગતો હવે આપણે અહીં આલેખીશુંઃ

આષાઢ માસના અંતિમ દિવસો. મુંબઈના ખ્યાતનામ અખબાર 'મુંબઈ સમાચાર'માં તેમ જ અન્ય એક અખબાર 'મિડ-ડે' માં ક્યારેક છેલ્લા પેજ પર તો ક્યારેક પ્રથમ પેજ પર મોટી Headline માં સમાચારો વારંવાર પ્રગટ થવા માંડ્યા કે 'ઘાટકોપરના જગડૂશાનગરનું ભવ્ય જિનાલય કાયદાની ચુંગાલમાં ફસાયું હોવાથી એને સંપૂર્ણ જમીનદોસ્ત કરવાનો આદેશ હાઈકોર્ટે આપ્યો છે.' બે વાર આવા સમાચારો આવ્યા. પછી 'મિડ-ડે'માં પ્રથમ પેજ પર સમાચાર આવ્યા કે 'મ્યુનિસીપાલિટીએ જિનાલય તોડવાના Tender પ્રગટ કર્યા છે. અમુક દિવસોમાં જિનાલય સંપૂર્ણ તોડવાનું રહેશે.' લાખો મુંબઈગરા જૈનોમાં અને મુંબઈના ત્રણસોથી વધુ સંઘોમાં ચાતુર્માસ વિરાજિત પૂજ્યોમાં આ સમાચારોથી ચિંતાનું મોજું પ્રસર્યું. પરંતુ સોપો એવો પડી ગયો હતો કે આ અંગે કોઈ Lead લેવા - નેતૃત્વ લેવા બહાર ન આવ્યું. એ દિવસો પૂર્વે જગડૂશાના સંઘે અમૂક મોભાદાર સંઘનો પોતાની રીતે સંપર્ક કર્યો હતો. કિંતુ એ સંઘે આ સળગતી સમસ્યામાં હાથ નાંખવાનું સાહસ ન કરતા યોગ્ય પ્રતિસાદ ન આપ્યો.

આ તરફ પૂજ્યશ્રીએ છેલ્લા સમચાર વાંચી મન મક્કમ બનાવી દીધું. બપોરની ગોચરી બાદ માંડલીમાં જ પૂજ્યશ્રીએ મને દૃઢ નિર્ણય જણાવી દીધો કે

''જગડૂશાજિનાલયની રક્ષા માટે હું મોરચો સંભાળીશ જ. આવતી કાલે રવિવારે અહીં- ભાયંદરમાં નમસ્કારમહામન્ત્રાનુષ્ઠાનમાં મોટી મેદની હશે. ત્યાં જ હું મારો વિહાર જગડૂશાનગર તરફ કરવાની ઘોષણા કરી દઇશ. આજે રાત્રે બાવનજિનાલય સંઘના અગ્રણીઓ શ્રી શશીકાંતભાઇ સીરોયા વગેરેને બોલાવી લેજે. મારે એ સૌને આ નિર્ણય જણાવીને પછી કાલે ઘોષણા કરી દેવી છે.'' પૂજ્યશ્રીના આ શબ્દોમાં ભાવના-વિચારણાની કોઇ જ વાત ન હતી, માત્ર દૃઢતાભર્યો નિશ્ચય હતો. હું મુંઝાયો. કેમ કે પૂજ્યશ્રી કરતા મારી જવાબદારી અલગ હતી. મારે આંદોલનોનાં આયોજનો કરવાના હતા અને ધારો કે આંદોલનનો જુસ્સો જાગે તો ય સફળતાની શક્યતા મને નહિવત્ લાગતી હતી. કેમ કે Highcourtનો આદેશ સ્પષ્ટ હતો. એની સામે અને સરકારી તંત્ર સામે બાથ ભીડવી લોઢાના ચણા ચાવવા જેવી વાત હતી. મેં પૂજ્યશ્રીને કહ્યું : ''સાહેબજી! આમાં આંધળું સાહસ ન કરીએ. બલાબલની તુલના વિના આપણે વિહાર કરીને ત્યાં જઇએ અને જો કાંઇ ન કરી શકીએ તો હાંસીપાત્ર બનીશું.'' પરંતુ પૂજ્યશ્રી જરા ય વિચલિત થયા વિના અડગપણે બોલ્યા કે ''રાજા! અત્યારે મારે આવો કોઇ જ વિચાર કરવાનો નથી. પ્રતિષ્ઠા મેં કરાવી છે. માટે સંઘ કરતાં પણ મારી જવાબદારી વિશેષ છે. આ શાસનરક્ષાનું કર્તવ્ય છે અને એ મારે અદા કરવાનું જ છે. આપણે પ્રભુની કૃપા પર શ્રદ્ધા રાખીને જ આગળ વધવું છે.''

પૂજ્યશ્રીનો આ નિર્ધાર અડગ હતો. એથી મારે પણ હવે કાંઇ 'નનુ ન ચ' કર્યા વિના આગળનાં આયોજનો વિચાર્યા સિવાય વિકલ્પ ન હતો. એ દિવસે સાંજ સુધીમાં ત્રણ મહત્ત્વના નિર્ણયો કર્યા. એક એ કે બાવનજિનાલયતીર્થ જેવા મોટા સંઘની ચાતુર્માસિક આરાધનામાં વિક્ષેપ ન થાય તે માટે તમામ પ્રવચનો-અનુષ્ઠાનાદિ જારી રાખવા. આ માટે મુનિ શ્રી રશ્મિરત્નવિજયજી આદિ ચાર શ્રમણોને ત્યાં જ સ્થિરતા કરાવાઇ. બીજા નિર્ણયમાં સંઘપ્રમુખ શશીકાંતભાઇ સાથે વિમર્શ કરાયો કે 'આવતી કાલે અમે વિહારની જાહેરાત કરીએ તે સમયે, જ્યારે જરૂર હોય ત્યારે ભાયંદરથી મોટી સંખ્યામાં Special બસો યોજીને ત્યાં જગડૂશાનગરમાં માનવમેદની ખડી કરવાની તમારે ઘોષણા કરવી.' એ તૈયાર થઇ ગયા. આવાં આંદોલનો Mediaના સહકાર વિના જોર ન પકડે સમજીને જ્યાં અમારો ધર્મસંબંધ હતો એ ગુજરાત+મુંબઇના અગ્રેસર અખબાર 'ગુજરાત સમાચાર'ના સર્વેસર્વા શ્રી શ્રેયાંસભાઇ શાહનો સંપર્ક કરાયો. એમણે સહર્ષ સંમતિ આપી કે 'મંદિરબચાવઅભિયાનના દરેક સમાચારો અમે કાયદાની મર્યાદામાં રહી તુર્ત પ્રકાશિત કરીશું. 'આમ આંદોલનની પ્રારંભિક તૈયારી એ જ સાંજ સુધીમાં બરાબર થઇ.

બીજે દિવસે સવારે નમસ્કારમન્ત્રઆરાધના અનુષ્ઠાનમાં બે હજારથી વધુ ભાવિકો ઉપસ્થિત હતા. ત્યાં પૂજ્યશ્રીએ મને સૂચન કર્યું કે ''પ્રથમ તો આપણે સંખ્યાબળનું પ્રદર્શન કરી સરકારને-તંત્રને આંજી દેવું જોઇએ. એની પ્રબળ અસરો Case પર પડશે જ. આ માટે આગામી રવિવારે જગડૂશાનગરમાં સમગ્ર મુંબઇના જૈનોની વિરાટ મહાસભા કરીએ.'' એ સૂચન વધાવી લઇ ત્યાં જ આની ઘોષણા કરાઇ કે ''આ મહાસભામાં મુંબઇના સંઘો બસો લઇને ઊમટી પડે.'' ભાવુક શ્રી શશીકાંતભાઇએ ત્યારે કહી દીધું કે ''ભાયંદર થી સત્તર બસ લઇને આવવાની જવાબદારી હું સ્વીકારું છું અને એનો લાભ પણ મારો જ રહેશે. હજુ વધુ આવશ્યકતા હશે તો વધુ બસ મારા તરફથી લાવીશ.'' ગુજરાત સમાચારમાં બીજા દિવસે આનો વિસ્તૃત અહેવાલ પ્રગટ થતાં મુંબઇના અનેકાનેક સંઘોમાં એના જોરદાર પ્રતિઘોષ ઝિલાયા અને 'રવિવારે અમે આટલી બસો લાવીશું' એવા ફોન પર ફોન ત્યાંના સંઘ પર આવવા માંડ્યાં. મહાસભાદિને જે સાતસો સ્પેશ્યલ બસો સહિત બારસો ખાનગી વાહનો ખડકાયા એનાં મૂળમાં ભાયંદરની આ પદ્ધતિસરની ચિનગારી હતી. પૂજ્યશ્રીના માર્ગદર્શનાનુસાર નીતિવિષયક મહત્ત્વનો નિર્ણય એ કરાયો કે Courtનો અનાદર થાય તેવી કોઇ તોફાની આક્રમક નિવેદનબાજી ન કરવી. વળી મોરચો-ધરણાં જેવા સંઘર્ષભર્યા કાર્યક્રમો પણ ન આપવા. માત્ર બેઠી તાકાતથી-શાંત વિરાટ વિરોધથી કાર્યસિદ્ધિનું લક્ષ્ય રાખવું. માટે જ રવિવારની મહાસભાને 'મન્ત્રજાપઅનુષ્ઠાનમહાસભા'નું સ્વરૂપ અપાયું. આ ઉપરાંત કાયદેસરતાનો માર્ગ હજુ મળે તે માટે નીતીનભાઇ દોશી-ભાવેશભાઇ સંઘવી વગેરેની Legal Teamને પૂરજોશમાં સક્રિય કરાઇ, તો જૈન સંઘોને-વિવિધ યુવકમંડળોને-યુવાનોને આ આંદોલનમાં ઝંપલાવવા એલાન અપાયું. માત્ર બે જ દિવસમાં ગુજરાત સમાચાર-મુંબઇસમાચાર-મીડ ડે તેમજ મરાઠી-ઇંગ્લીશ અખબારો અને ચેનલોએ આ પ્રશ્ન બરાબર ઉપાડી લીધો. એમાંના મહદંશ સમાચારો જિનાલયની તરફેણમાં આવતા હતા.

અમે ત્રણ તબક્કાનો વિહાર કરી જગડૂશાનગર પહોંચ્યા ત્યારે પણ સવાર અને સાંજ જે સંઘોમાં સ્થિરતા કરી ત્યાં પ્રવચનો દ્વારા આંદોલનને વેગ આપ્યો. અમે જગડૂશાનગરમાં પગ મૂક્યો ત્યારે સિનારિયો પૂરેપૂરો પલટાઇ ગયો હતો. બે-ત્રણ દિવસ પૂર્વે જે હતાશાનો માહોલ હતો એ કાંઇક કરી બતાવવાના જુસ્સામાં પરિવર્તિત થઇ ગયો હતો. પૂજ્યશ્રીના શબ્દોમાં અટલ વિશ્વાસ ટપકતો હતો. મારી રજૂઆતોમાં-પ્રવચનોમાં અલબત્ત જુસ્સો તો હતો. પરંતુ મને ઊંડે ઊંડે ધાસ્તી રહેતી કે 'આ બધું છેલ્લે ક્યાં ઊતરશે-છેલ્લું પરિણામ શું હશે?' અમે જગડૂશાનગર પહોંચ્યા એ દિવસે બપોરના એક વાર્તાલાપમાં ત્યારનો પ્રબળ માહોલ અને મારી મનઃસ્થિતિ આબેહૂબ પ્રતિબિંબિત થાય છે.

એ દિવસે સવારથી જ ઘાટકોપરના વિવિધ જૂથો-સંઘો-ભાવિકોનો પ્રવાહ પૂજ્યશ્રી પાસે આવતો રહ્યો. એમાં બપોરે આવ્યા સાંઘાણી સંઘમાં ચાતુર્માસસ્થિત વાગડ સમુદાયવર્તી મિત્ર મુનિવરો પં. શ્રી મુક્તિચન્દ્ર-મુનિચન્દ્રવિજયજી ગણિવર. વાત-વાતમાં એમણે હળવા અંદાજમાં મને કહ્યું: ''જિનાલયબચાવ આંદોલનનું પરિણામ જે આવશે એ પછી ખબર પડશે. પણ અત્યારે તો તમને અખબારોમાં ભરપૂર પ્રસિદ્ધિનું પરિણામ મળી રહ્યું છે.'' મારાં મુખમાંથી સહસા શબ્દો સરી પડ્યાઃ ''જો આ મંદિર બચી જશે તો એ અમારાં જીવનનું શ્રેષ્ઠ સુવર્ણપ્રકરણ બની જશે અને જો મંદિરની રક્ષા ન થઇ

શકી તો તે અમારાં જીવનનું કનિષ્ઠ પ્રકરણ બની જશે!!'' મારા મનમાં આવી ઊલઝન ક્યારેક આવતી, પરંતુ પૂજ્યશ્રી તો હરેક તબક્કે નિશ્ચયાત્મક જ રહ્યા. એ મુનિવરોની વિદાયના અર્ધા કલાકમાં 'મિડ-ડે'ના પત્રકારો અમારી પાસે આવ્યા. એ સમયે પૂજ્યશ્રીએ ઉચ્ચારેલ શબ્દો બીજા દિવસે જગડૂશામંદિરપ્રકરણના અહેવાલનું મુખ્ય શીર્ષક બની ગયા. એ શીર્ષકમાં પૂજ્યશ્રીનું Quotation આ રીતે મુકાયું હતું કે ''મનમાં ગાંઠ વાળો કે આ ધર્મસ્થાનની એક કાંકરી પણ નહિ ખેરવવા દઇએ.'' એની નીચે જ બીજું શીર્ષક હતું કે ''ભાયંદરથી વિહાર કરીને ઘાટકોપર-જગડૂશાનગરના દેરાસરે આવી પહોંચેલા આચાર્ય સૂર્યોદયસૂરિનું આહ્વાન : શાંત રીતે તાકાત દેખાડવાનો સમય આવી ગયો છે.''

એ સમયે પત્રકારો પણ કેવા કેવા પ્રશ્નો પૂછતાં એની એક-બે ઝલકો નિહાળીએ. એ પ્રથમ દિવસની મુલાકાતમાં 'મિડ-ડે' ના પત્રકારે મને એક પ્રશ્ન એ કર્યો કે ''તમે ચાતુર્માસમાં વિહાર કરી શકો?'' મેં એમને મુદ્દાસર ઉત્તર આપ્યોઃ ''સામાન્યપણે જૈન સાધુઓ ચાતુર્માસમાં એક નગરથી બીજા નગરમાં વિહાર ન કરે. જેની Municipal હદ એક હોય તેને એક નગર ગણાય. આ ચાતુર્માસમાં અમે ભાયંદર છીએ અને આ મુંબઇનું ઉપનગર છે. માટે અમે ચાતુર્માસમાં વિહાર કર્યો છે. મુખ્યત્વે ત્રણ કારણસર ચાતુર્માસમાં ય વિહાર સંમત છેઃ એક, શાસનની રક્ષાનો મોટો પ્રશ્ન સર્જાય ત્યારે. બે, રોગચાળાદિ કારણે આરોગ્યના ગંભીર પ્રશ્નો સર્જાય ત્યારે. અને ત્રણ, એ ક્ષેત્રમાં સંયમપાલનમાં મોટો અંતરાય સર્જાય ત્યારે. અમે આ પૈકીના પ્રથમ કારણસર વિહાર કરીને આવ્યા છીએ.'' 'ચિત્રલેખા' સાપ્તાહિકના પત્રકારે તો પૂજ્યશ્રીને બહુ વિલક્ષણ પ્રશ્ન કર્યો કે ''મંદિર તૂટે એ સંજોગોમાં આટલી વિરાટકાય મુખ્ય પ્રતિમા અને અન્ય મૂર્તિઓ માટે તમે વૈકલ્પિક વ્યવસ્થા શી વિચારી છે?'' પૂજ્યશ્રીએ આત્મવિશ્વાસની પરાકાષ્ઠાભર્યો જબરજસ્ત ઉત્તર આપ્યો કે ''મંદિર તૂટવાનું જ નથી. એથી વૈકલ્પિક વ્યવસ્થા અમારે વિચારવાની જ નથી.'' હું દંગ રહી ગયો પૂજ્યશ્રીના ખુમારીભર્યા ઉત્તરથી. આ જ 'ચિત્રલેખા'ના પત્રકાર સાથેની વાતમાં પૂજ્યશ્રી એક વાક્ય બોલ્યા હતા જે એમની તસવીરની બરાબર બાજુમાં આ રીતે લખાયું હતું કે ''**મંદિર પરનું સંકટ ટળે એ બાદ જ હું અહીંથી હલવાનો છું.**'' જો કે, એ અહેવાલમાં તસવીર સાથેના આ શબ્દો વાંચતા મને પુનઃ એ વિચાર આવ્યાનું બરાબર યાદ છે કે ''જો પરિણામ હાંસલ ન થઇ શક્યું તો શું થશે? પૂજ્યશ્રી આટલા ખમીરવંતા નિવેદનો કરે છે. પરંતુ ક્યાંક પીછેહઠ તો નહિ આવે ને?''

રવિવારની મહાસભા પૂર્વે જુસ્સો વધતો જાય તે માટે, ઘાટકોપરના ત્રણ મોટા તપાગચ્છીય સ્થાનો સાંઘાણીએસ્ટેટ-નવરોજીલેન-૬૦ ફુટ રોડના સંઘોમાં તથા અંચલગચ્છીય સ્થાન જીરાવલા પાર્શ્વનાથના સંઘમાં જિનાલયરક્ષાસભાઓ યોજાઇ. દરેક સ્થળે ચિક્કાર મેદની જિજ્ઞાસા અને જુસ્સો લઇને ઊમટતી. આ સભાઓમાં મુખ્યત્વે '**શાસનની આરાધના કરતાં પ્રભાવના ઉત્કૃષ્ટ છે અને પ્રભાવના કરતાં ય રક્ષા શ્રેષ્ઠ છે**' આ મુદ્દો પૂર્વકાલીન મહાન શાસનરક્ષાના પ્રસંગો સાથે પ્રસ્તુત કરાતો.

આ ઉપરાંત (૧) ગેરકાયદેસર ઝૂંપડપટ્ટીઓ પણ સમયાંતરે કાયદેસર બનાવી દેવાય છે, તો જગડૂશાવિસ્તારમાં ક્યાં ય કોઇને ન નડે એવા સ્થાને રહેલ આ જિનાલયને કાયદેસર કેમ ન કરી શકાય? એ માટે જે વિકલ્પ અપાય તેનો સંઘ આદર કરવા તૈયાર રહેશે. (૨) મુંબઇમાં ઠેર ઠેર રાજમાર્ગો પર અન્ય ધર્મસ્થાનકો એવા બને છે કે જે અવરોધરૂપ હોય. છતાં એને આંચ પણ નથી આવતી. ખુદ જગડૂશાનગરમાં જ અન્ય ત્રણ મોટા ધર્મસ્થાનકો આ જ રીતના Plotમાં બન્યા છે, છતાં ત્યાં કોઇ ચર્ચામાત્ર નથી અને અહીં હથોડો ઉગામવાની તૈયારીઓ છે. આપણી શાંતિ નબળાઇમાં ન ખતવાવી જોઇએ. (૩) સમાજમાં દૂષણો-બદીઓ ફેલાવતા દારુના અડ્ડાઓ-બિયરબારો ગેરકાયદે હોય તો ય હપ્તાઓના જોરે બાકાયદા ટકી રહેતા હોય છે અને જેનાથી જીવનની બદીઓ-વ્યસનો અનેક લોકો દૂર કરે છે એવું આ તીર્થસ્વરૂપ જિનાલય તોડી પાડવાની તૈયારી કરાય એ આપણાથી ન જ ચલાવાય. (૪) આપણે Courtનો પૂરો આદર કરવાનો છે. જિનાલય ટકે તે રીતના જે પણ વિકલ્પો અપાય તેને સ્વીકારવાના છે. પણ જો દેરાસર પર હથોડો ઉઠાવવાની જ વાત આવે તો શાંત-અહિંસક પ્રતીકાર કરી બલિદાન આપવા તૈયાર રહેવું પડશે.'' દરેક સભાઓમાં અંતે જિનાલયરક્ષાફંડ થતું. જે Court કાર્યવાહીનો બોજ ઉઠાવી રહેલ જગડૂશાનગરસંઘને મહાસભા માટે અને Court કાર્યવાહી માટે સહાયક બનતું.

આ મંદિરબચાવ આંદોલનમાં સૌથી અગત્યના પાસા બે પ્રગટ્યાઃ એક એ કે આ આંદોલનને સંપ્રદાય-ગચ્છ કે પક્ષના ભેદભાવ વિના સૌએ શુભ નિષ્ઠાથી પ્રબળ વેગ આપ્યો. જેઓ મૂર્તિપૂજામાં માનતા નથી તે સ્થાનકમાર્ગી સંપ્રદાયના ગીતાકુમારી મહાસતીજી એ દિવસોમાં પૂજ્યશ્રી પાસે આવ્યા. તેઓ ઘાટકોપરમાં જ ચાતુર્માસ હતા. જગડૂશાજિનાલયરક્ષા માટે અટ્ઠમતપ કરીને મન્ત્રજાપ- મહાસભામાં તેઓ આવ્યા. અંચલગચ્છ વગેરે સંઘોના ભાવિકો ય એમાં સામેલ થયા, તો મુંબઇના બેતિથિપક્ષના સ્થાનો પણ પોતાનો સંયુક્ત પરિપત્ર પ્રગટ કરીને તપ-જપ આરાધનામાં સામેલ થયા. મહાસભામાં એમના શ્રમણો ય આવ્યા હતા, તો એમના ગચ્છાધિપતિ આપણા પૂજ્યશ્રી સાથે સતત પત્રસંપર્કમાં ય રહ્યા. શાસનસમ્રાટસમુદાય કે સાગરજીસમુદાય, બુદ્ધિસાગરસૂરિસમુદાય કે ભુવનભાનુસૂરિસમુદાયઃ આવા ઘણા ઘણા સમુદાયના ગચ્છાધિપતિઓ-ટોચના આચાર્યદેવો ત્યારે પૂજ્યશ્રીના સંપર્કમાં રહ્યા. એમાં સૌથી આત્મીયતાભર્યો અને પ્રબળ સંપર્ક રાખ્યો શાસનસમ્રાટ સમુદાયના પૂ. શાસનશણગાર આ.ભ.શ્રી ચન્દ્રોદયસૂરીશ્વરજી મહારાજે. એ દિવસોમાં રોજ સાંજે એ શ્રાવકો દ્વારા પૂજ્યશ્રીનો અચૂક ફોનસંપર્ક કરાવે, રોજની કાર્યવાહીના સમાચાર જાણે, રાજી થાય. તેઓ ત્યારે મુલુંડ ચાતુર્માસ વિરાજમાન હતા. ત્યાંનાં પ્રવચનોમાં તેઓ રોજ આ વિષય લઇ જનજુવાળ જગવતા. સૌથી વધુ સિત્તેર Special બસો મુલુંડથી આવી તેમાં તેમની પ્રેરણાએ ભાગ ભજવ્યો હતો. તેઓ સ્વયં પણ મહાસભાદિને નિશ્રા આપવા પધાર્યા હતા...

બીજું મહત્ત્વનું પાસુ એ હતું કે આ આંદોલનના પ્રતિઘોષ મુંબઇની બહાર જ નહિ, દૂર દૂરનાં રાજ્યો સુધી ઝિલાયા. અખબારોમાં સુરતની રેલીની જે તસવીરો હતી એ જોતાં જાણે એમ લાગે કે મંદિર તૂટવાની નોબત સુરતમાં આવી હશે. એ હદે લોકજુવાળ ત્યાં જણાયો હતો. રાજકોટ-અમદાવાદ-સૌરાષ્ટ્રના ગામો-પૂના-અરે! ઠેઠ દક્ષિણના રાજ્યોમાં-ચેન્નઇમાં ય મંદિર બચાવવા નિમિત્તે રેલીઓ યોજાઇ. જો કે આના માટે કોઇ તૈયારી કરાઇ ન હતી. સહુ સ્વયંભૂ રીતે જોડાતા ગયા, દક્ષિણરાજ્યોના સંઘો અને શ્રમણોના પત્રો પૂજ્યશ્રી પર આવ્યા, તો કાઠિયાવાડના નાના-મોટા શહેરોના સંઘોના અને શ્રમણોના ય પત્રો અવિરત આવવા માંડ્યા. પૂજ્યશ્રીએ મુંબઇમાં મક્કમ નેતૃત્વ દાખવીને આંદોલન ઉઠાવ્યું એની એ સ્વયંભૂ પ્રતિક્રિયા હતી.

અને ... આવી ગયો પ્ર. શ્રાવણ શુદિ-૮, તા. ૨૫-૭-૨૦૦૪ ને રવિવારનો મહાસભાદિન. તાડપત્રી સાથે રચાયેલ વિરાટ મંડપનો ખૂણેખૂણો તો મુંબઇગરા જૈનોની મેદનીથી છલકાઇ ગયો, ઉપરાંત એનાથી ત્રણ ગણા વધુ લોકો પૂરા જગડૂશાનગરના Mainroad પર ઊમટ્યા હતા. માત્ર મુલુંડથી સિત્તેર બસ અને માત્ર ભાયંદરથી પચાસ બસો આવી હતી. એ સિવાયના સંઘોની સેંકડો બસો અલગ. આથી બે કિલોમીટર દૂર વાહન Park કરીને પગપાળા આવવા સિવાય કોઇ વિકલ્પો ન હતા. બીજા દિવસના સમાચારોમાં લગભગ દરેક અખબારે નોંધ્યું હતું એ મુજબ સાઠ હજાર જૈનો આ 'મંદિરબચાવ' આંદોલનની મહાસભામાં હતા. પૂજ્યશ્રીને એ ખ્યાલ હતો કે લોકજુવાળ સર્જીને સંખ્યાબળ દર્શાવવું જેટલું કપરું કાર્ય છે એનાથી વધુ કપરું કાર્ય એ જુવાળને તોફાનની દિશામાં ન જવા દેવાનું હતું. એથી એમણે પ્રથમ નિયંત્રણ એ રખાવ્યું કે ગુરુભગવંતો અને નિશ્ચિત કરેલ વિવિધ સંઘના અગ્રણી સિવાય કોઇ પણ વ્યક્તિ ભાષણ ન કરે. જે સંઘાગ્રણીઓ હતા એમને પણ વકતવ્ય માટે Guide Line અપાઇ હતી કે ''ન્યાયતંત્ર વિરુદ્ધ આક્રમક-બેફામ વાણીવિલાસ ન કરવો અને રેલી-મોરચાની વાતો ન કરવી. કેમ કે જગડૂશાસંઘ કોર્ટમાં એક પક્ષકાર છે.'' આ આંદોલનને કોઇ રાજકીય રંગ ન અપાઇ જાય તે માટે કોઇ પણ રાજકીય નેતાને આ મંચ પર માઇક ન આપવાનું વલણ પણ નક્કી થયું. આ બે દૂરંદેશીભર્યા નિર્ણયનું પરિણામ એ આવ્યું કે મહાસભામાં ચિક્કાર મીડિયાકર્મીઓની હાજરી છતાં બીજા દિવસના Reportingમાં કોઇ આડેધડ નિવેદનો ન આવ્યા. પૂ.આ.શ્રી ચન્દ્રોદયસૂરીશ્વરજી મ.-પૂજ્યશ્રી-પૂ.આ.શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ. (વાગડ સમુદાય) વગેરેના તથા મારાં વકતવ્યો થયાં. પૂજ્યશ્રીએ એમનાં પ્રવચનમાં યાદગાર શબ્દો ઉચ્ચાર્યા કે ''ગમે તે થાય, પણ દેરાસરની ધજા તો સદા ય ફરકતી જ રહેશે. એને નીચે ઉતારવાની ગુંજાયેશ કોઇની ન હોઇ શકે. કારણ કે એ આપણા સૌના શ્રદ્ધેય ભગવાનની ધજા છે.'' સમગ્ર સભાએ તાળીઓના ગડગડાટ વચ્ચે આ શબ્દો વધાવી લીધા. મારા વકતવ્યમાં મેં 'ચિત્રલેખા' સાપ્તાહિકના પત્રકારને ગુરુદેવે આપેલ ખુમારીભર્યા ઉત્તરની ઘટના કહીને ઉમેર્યું કે ''જૈનો દેરાસરની શિલા મૂકવામાં માને છે અને એ માટે લાખોના ચડાવા બોલે છે. આ જૈનો દેરાસરની શિલા હરગિજ નહિ ઊતરવા દે. આજની આ મેદનીની વહીવટીતંત્રને ચેતવણી છે કે Demolision Order સામે આ જુવાળ છે, તો Demolision કરવા જશો તો કઇ પરિસ્થિતિ સર્જાશે? જૈનો ન્યાયતંત્રને પડકારવા નથી માંગતા, માત્ર પોતાની શ્રદ્ધાનું રક્ષણ માંગે છે.'' આ મહાસભામાં ઉપસ્થિતિ માટે મુંબઇભરના અનેક સંઘોમાંથી અનેક આચાર્યાદિ ભગવંતોના સમાચાર પૂજ્યશ્રી પર આવ્યા હતા. પૂજ્યશ્રીએ જણાવેલ કે હાલ તુર્ત એવી કોઇ આવશ્યકતા નથી. એથી ચાતુર્માસમાં અકારણ વિહારો નથી કરાવવા. જ્યારે એવી જરૂર સર્જાશે ત્યારે સૌની ઉપસ્થિતિ કરાવીશું. ફક્ત પૂ. ચન્દ્રોદય સૂ.મ. સિવાય બાકીના પ્રાયઃ બધા ગુરુભગવંતો ઘાટકોપર અને તેની નિકટના સ્થાનેથી જ આમન્ત્રિત કરાયા હતા. આ મહાસભાએ મુંબઇના જ નહિ, બહારના નગરો-રાજ્યોના જૈન સંઘોનું ધ્યાન આકર્ષિત કર્યું. સર્વત્ર જગડૂશાના 'મંદિર બચાવ' આંદોલનની ચર્ચા રહી.

આ તરફ, Legal Team ના ભરપૂર પ્રયાસો જારી હતા. ખ્યાતનામ વકીલ મહેશ જેઠમલાણી વગેરે દ્વારા Review Petition કરાઇ જે તે જ હાઇકોર્ટના જજ સમક્ષ હાથ ધરવાની હતી. એ સમયે Bombay Municipal Corporation હકારાત્મક વલણ લે તો જ મંદિર બચે તેમ હતું. Legal Team દ્વારા સખત મહેનત સાથે નવેસરથી મજબૂત મુદ્દા હાથ ધરાયા હતા, તો મહાસભાના લોકજુવાળથી દબાવમાં આવેલ B.M.C. એ પણ પોતાનું વલણ શિથિલ કર્યું હતું. પરિણામ આનું એ આવ્યું કે જે Review Petitionના ચુકાદાની કાગડોળે પ્રતીક્ષા કરાઇ રહી હતી તેનો ચુકાદો મહાસભાના ચોથા દિવસે તા. ૨૯-૭-૨૦૦૪ ગુરુવારે બપોરે જિનાલયની તરફેણમાં આવ્યો!! B.M.C. એ અમૂક કલમો અન્વયે દેરાસર કાયદેસર થઇ શકે તેમ હોવાનું સ્વીકારતાં કોર્ટે એ રાહે આગળ વધવાની સંમતિ આપી.

એ જ Highcourt, એ જ Judges અને એ જ B.M.C.: છતાં ચુકાદો તરફેણમાં આવ્યો એ કેવલ ને કેવલ પ્રભુની કૃપાનો અને પૂજ્યશ્રીની દૃઢ મક્કકમતાનો-અતૂટ આસ્થાનો પ્રભાવ હતો. Court પરિસરમાં જ જૈન પ્રતિનિધિઓએ ખુશાલીના પેંડા વહેંચ્યા, તો કોર્ટપરિસરમાંથી જ પૂજ્યશ્રીને ફોન દ્વારા સમાચાર અપાયા કે દેરાસર પરના વિઘ્નનાં વાદળ દૂર થયા છે. સવા બાર વાગ્યે કોર્ટમાં ચુકાદો અપાયો અને પંદર મિનિટમાં તો ગામેગામ આ સમાચાર ફરી વળ્યા. 'મુંબઇ સમાચાર' જેવા મુંબઇના અગ્રિમ અખબારે તા. ૩૦ જુલાઇએ પ્રથમ પેજ પર લગભગ આઠ કોલમનું Full Page Heading કર્યું કે ''જગડૂશાનગર દહેરાસર કાયદેસર બને એ માટેનો માર્ગ મોકળોઃ આરાધકોનો વિજય''. તો 'ગુજરાત સમાચાર' અખબારે એની તમામ છ આવૃત્તિમાં પ્રથમ પેજ પર આ સમાચારને સ્થાન આપ્યું. દરેક અખબારોએ સમાચારમાં પૂજ્યશ્રીના જે શબ્દો ટાંક્યા હતા તે આ હતા કે ''આ ચમત્કાર ભગવાન ઉવસગ્ગહરપાર્શ્વનાથનો છે અને આ પરિણામ તમામ જૈનાચાર્યો તથા જૈન શ્રદ્ધાળુઓના સામૂહિક તપ-જપનું છે. સાઠ હજાર જૈનો અહીં ઊમટી પડે અને તે છતાં સંપૂર્ણ શિસ્તમય વાતાવરણ બની રહે એ પણ પ્રભુકૃપા વિના શક્ય નથી. અમારું ખાસ નિવેદન છે કે આજના ચુકાદાથી માત્ર દેરાસરના





## ચાર ચાંદથી ચેમ્બુર ચમક્યું : પ્રતિષ્ઠાસુવર્ણમહોત્સવની ઝલકો




























## ચાર ચાંદથી ચેમ્બુર ચમક્યું :
## પ્રતિષ્ઠાસુવર્ણમહોત્સવની ઝલકો

**પૂજ્યશ્રીની પ્રાણવાન પ્રેરણાથી યશસ્વી ઐતિહાસિકસ્વરૂપે ઉજવાયેલ ચેમ્બુરતીર્થપ્રતિષ્ઠા-સુવર્ણમહોત્સવમાં તીર્થમાં અનેક સ્થાયી કાર્યો થયા, ભવ્ય પ્રતિષ્ઠાઓ સંપન્ન થઇ, તો ભાવિકોએ વિરાટ સંખ્યામાં સામેલ થઇને સુવર્ણમહોત્સવને યાદગાર બનાવ્યો હતો.**







માથેથી નહિ, મુંબઈના માથેથી વિઘ્ન દૂર થયું છે. કારણ કે શાસ્ત્રો કહે છે કે ''પ્રાસાદભઙ્ગે નગરભઙ્ગ:'' મતલબ કે દેરાસરના વિનાશથી નગરનો વિનાશ થાય છે. આખું મુંબઈ સંભવિત ભયથી બચી ગયું છે.''

ધ્યાનથી વાંચીશું આ પ્રથમ પ્રતિભાવ, તો એમાં જણાશે કે પૂજ્યશ્રીએ બધું શ્રેય પ્રભુકૃપાને અને સમસ્ત જૈન સંઘોને આપ્યું હતું . આ એમનાં ઉદાત્ત વ્યક્તિત્વની પરિચાયક બાબત ગણી શકાય. આ ઉપરાંત એમણે ''પ્રાસાદભઙ્ગે નગરભઙ્ગ:'' નો ઉલ્લેખ કર્યો એ પણ એમની અવસરોચિત પ્રસ્તુતિક્ષમતાનું પ્રતીક છે જે લોકમાનસનું ઘડતર કરનાર હતી. ચુકાદો આવ્યા બાદના કલાકમાં 'મિડ-ડે' ના પત્રકારો અમારી પાસે આવ્યા અને અન્યાન્ય બાબતો બાદ એમણે માંગણી કરી કે આ ચુકાદાથી તમને જે લાગણી થતી હોય તે પત્ર સંદેશરૂપે આપો. બીજા દિવસના 'મિડ-ડે'માં મૂળ હસ્તાક્ષરમાં પ્રગટ થયેલ એ પત્રમાં એમના પરમ શ્રદ્ધેય યુગદિવાકર ગુરુદેવશ્રીને યાદ પણ કરાયા હતા. તે પત્રઅક્ષરશઃ આ હતોઃ

ૐ

પ્ર. શ્રાવણ શુદિ ૧૨
જગડૂશાનગર

**સમસ્ત જૈનો માટે ઉત્સવની ઘડી : પ્રભુનો ચમત્કાર**

જગડૂશાનગર દેરાસર માટે આજે તા. ૨૯-૭-૨૦૦૪ના મળેલ કોર્ટનો ચુકાદો વિશ્વવત્સલ ભગવાન શ્રી ઉવસગ્ગહરપાર્શ્વનાથ પ્રભુના પ્રભાવનો ચમત્કાર છે અને તમામ જૈનાચાર્યો, પૂજ્ય સાધુ-સાધ્વીવૃંદ, દેશ-વિદેશના જૈન ભાવિકોના શ્રદ્ધાભર્યા તપ-જપનું પરિણામ છે...

જગડૂશાનગર વિસ્તારમાં દેરાસર અને ઉપાશ્રયની સર્વપ્રથમ પ્રેરણા કરનાર અમારા પરમગુરુદેવ યુગદિવાકર આ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.નું આ જન્મશતાબ્દી વર્ષ છે અને શ્રાવણ માસ તેમના જન્મનો માસ છે. તેથી તેમની જન્મશતાબ્દીએ આ સૌથી મોટી પ્રસાદી અમને પ્રાપ્ત કરાવી હોય તેવી લાગણી અમે અનુભવીએ છીએ.

**સર્વથા સહુ સુખી થાઓ, પાપ ના કોઈ આચરો,**
**રાગ– દ્વેષથી મુક્ત થઈને, મોક્ષસુખ સહુ જીવ વરો.**

લિ. આચાર્ય સૂર્યોદયસૂરિ
પંન્યાસ રાજરત્નવિજય ગણિ.

ચુકાદો મંદિરની તરફેણમાં આવ્યાના સમાચારો અખબારોમાં તો બીજા દિવસે આવવાના હતા. પરંતુ તત્કાલ એ સમાચાર Mobile વગેરેથી પ્રસરી જવાનાં કારણે કલાકમાં તો સ્વસમુદાયના વડીલો પૂ. આ.ભ.શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.-પૂ. આ.શ્રી કનકરત્નસૂરીશ્વરજી મ. ઉપરાંત તપાગચ્છાધિપતિ પૂ.આ.શ્રી રામસૂરીશ્વરજી મ. ડહેલાવાળા- પૂ. આ.શ્રી પદ્મસાગર સૂ. મ. - પૂ. આ.શ્રી ચન્દ્રોદય સૂ. મ. -પૂ.ગ.આ.શ્રી જયઘોષ સૂ.મ. -પૂ.ગ. આ.શ્રી સૂર્યોદયસાગર સૂ.મ. - પૂ. ગ.આ.શ્રી હેમભૂષણ સૂ.મ. - પૂ. ગ.આ.ભ.શ્રી ગુણોદયસાગર સૂ. મ. - પૂ. ગ.આ.શ્રી હેમપ્રભ સૂ.મ., પૂ. આ. શ્રી ગુણરત્ન સૂ.મ. -પૂ. આ.શ્રી રાજયશ સૂ.મ. -પૂ.આ.શ્રી યશોવર્મ સૂ.મ. - પૂ. આ.શ્રી જિનચન્દ્ર+હેમચન્દ્ર સા.સૂ.મ. વગેરેના અભિનંદનસંદેશાઓ ફોન દ્વારા પૂજ્યશ્રી પર આવવા માંડ્યા.આ સર્વ સફલતા પ્રભુકૃપાને આભારી હોવાથી સર્વ પ્રથમ પ્રભુભક્તિકાર્યરૂપે તે જ સાંજે જિનાલયમાં મહાઆરતી સાથે ભકિતસંધ્યા યોજાઈ. એમાં હૈયું એટલું બધું સંવેદનાર્દ્ર થઈ ગયું કે લગભગ અર્ધો કલાક જેટલો સમય આંખમાંથી હર્ષાશ્રુ અવિરત વહ્યા. મને સ્મરણ છે કે એ સમયે મનમાં સતત એ સંવેદના રમતી હતી કે '' પ્રભુ! અમારી અર્થાત્ ભક્તોની ભૂલથી આ મંદિરરૂપી જહાજ ખરાબામાં અટવાઈ ગયું હતું. આપે સૂકાની બનીને અશક્યપ્રાયઃ થઈ ગયેલ બચાવ આબાદ કર્યો અને એને સહીસલામત કિનારે પહોચાડયું છે. બસ, આ જ રીતે પ્રભુ ! આપ અમારા આત્માના જહાજને પણ સહીસલામત ભવસાગરને સામે પાર પહોંચાડજો.'' મોટી આફતમાંથી બહાર આવવાનાં કારણે આ સંવેદના હૃદયનાં અતલ ઊંડાણમાંથી ઘુંટાઈ ઘુંટાઈને બહાર આવતી હતી. એ પછીના દિવસોમાં આગળની કાર્યવાહીનાં આયોજન-રવિવારે વિજયોત્સવ વગેરે થયા બાદ 'દેરાસર બચાવ Mission' પૂર્ણ થતાં અમે ભાયંદર તરફ પુનઃ વિહાર કર્યો. ક્રમશઃ અંધેરી -બોરીવલી થઈ પ્ર.શ્રા.વદિ -૮, તા. ૮ ઓગષ્ટ, રવિવારે ભાયંદરમાં પૂજ્યશ્રીની પધરામણી થઈ ત્યારે સંઘે ઐતિહાસિક શાસનરક્ષાકાર્ય સફળપણે સંપન્ન કરીને પધારેલ પૂજ્યશ્રીનું શાનદાર સ્વાગત કર્યું. ચાર હજારથી વધુ ભાવિકો એ સામૈયામાં ઊમટ્યા. સંઘના આગેવાનોએ અને મેં પૂજ્યશ્રીની સુઝ-સમજ દૃઢ નિશ્ચયાત્મકતા અને આવેશ - આવેગ વિનાની આયોજનબદ્ધ કુનેહની અંતઃકરણપૂર્વક અનુમોદના કરી. આ પ્રવેશોત્સવમાં દોઢસોથી વધુ કબૂતરોને પિંજરામાંથી મુક્ત કરીને અભયદાન અપાયું, તો ૧૦૦૦ દરિદ્રોને મિષ્ટાન્નદાન કરાયું. જગડૂશાસંઘ આ સભામાં ખાસ ઉપસ્થિત રહ્યો...

અને...હવે આપણે નિહાળીશું અનેક પૂ. આચાર્યાદિ ભગવંતો તેમજ શ્રી સંઘોના અભિનંદન - અનુમોદનાપત્રો પૈકી કેટલાક પસંદગીના પત્રાંશો :

* પૂ. શાસનશણગાર આ.ભ.શ્રી ચન્દ્રોદયસૂરીશ્વરજી મ. લખે છે કે :- ''શ્રી જગડૂશાનગરના શ્રી ઉવસગ્ગહરપાર્શ્વનાથજિનાલય બચાવવાના પ્રકરણે તમોએ સમગ્ર જૈન સંઘમાં જે વાતાવરણ તૈયાર કર્યું. એના પ્રતિસાદરૂપે લાખોની સંખ્યામાં જાપ - હજારોની સંખ્યામાં તપ - ઠેર ઠેર સભાઓ તથા રેલીઓ - સૌથી વિશેષ ૬૦ હજાર લોકોની જંગી સભામાં ક્ષાત્રવટને છાજે એવો જુવાળ જાગ્યો અને મુંબઈમાં જન જન હૈયે શાસનરક્ષાનો નાદ ગાજ્યો એનું મહત્ત્વનું પરિણામ મળ્યું કે શ્રી ઉવસગ્ગહરપાર્શ્વપ્રભુનું એ જિનાલય અખંડ રહ્યું - બચી ગયું. એનું શ્રેય તમો ઉભયના ફાળે જાય છે''...

* પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજી મ. લખે છે કે :- ''શાસનપ્રભાવક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.તથા પં.શ્રી રાજરત્ન વિ.મ.! સાદર અનુવંદન... તમો શાતામાં નહિ પરમાનંદમાં હશો. એક હળવાશ અનુભવી. તમારો ફોન આવ્યો અને પછી તો લગાતાર આનંદના ગુલાલ ઉછળ્યા. આ નિમિત્તે જિનશાસનની સૂક્ષ્મશક્તિનો ફરી એકવાર અનુભવ થયો. તમારો પ્રશસ્ત પ્રયાસ - પુરુષાર્થ અને સકલસંઘનાં હૈયે પ્રભુ પ્રત્યેની અખંડ ભક્તિ સફલતાનો આધાર રહ્યો... ખૂબ આનંદ-ઉલ્લાસ અને પ્રસન્નતા છે. આગળના કાર્યક્રમો જણાવશો..

* પ્રખર વક્તા પૂ. આ. શ્રી યશોવર્મસૂરીશ્વરજી મ. સા. લખે છે કે :- આપનો અભિગમ અને પુરુષાર્થ ઈતિહાસમાં નોંધાશે અને પ્રાચીન કે અર્વાચીન જિનાલયો માટે રક્ષાકવચ બનશે...

* તપોવનપ્રણેતા પૂ. પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખર વિજયજી ગણિવર લખે છે કે :- ''આપે ખૂબ કમાલ કરી. ભારતભરમાં જૈનધર્મની એકતાનો ડંકો વગાડીને અભૂતપૂર્વ-અનુપમ જિનાલયરક્ષાનું કાર્ય કર્યું. આપ તાબડતોબ જગડૂશાનગર પહોંચ્યા. મામલો હાથમાં લીધો. વીજળીવેગે મુંબઈના સકલ જૈન સંઘોને એકઠા કર્યા. ચારે ય ફીરકા, તમામ ગચ્છો આ પ્રશ્ન ઉપર જે એક થયા એ સૈકાઓમાં ન બનેલી ઘટના છે. મુસ્લિમોના સમયમાં સેંકડો જિનાલયો જોતજોતામાં ધારાશાયી થયા. શેઠ શ્રી શાંતિદાસ સ્વનિર્મિત મૂલ્યવાન જિનમંદિરમાં ઔરંગઝેબની ઝનૂની તોડફોડને રોકી ન શક્યા અને આપે એક કાંકરી પણ ખરવા ન દીધી. આ જિનાલયરક્ષાનાં કાર્યમાં સમસ્ત જૈન સંઘોની અઘોષિત - સ્વૈચ્છિક એકતા થઈ. કદાચ આપણા અભ્યુદય કાળની અહીં નોબત બજી ગઈ હોય. અસ્તુ. તે તમામ નામી - અનામી જૈનોને-જૈન સંઘોને મારા કોટિ કોટિ વંદન છે જેમણે આ જિનાલયરક્ષાનાં કાર્યમાં સાથ આપ્યો હોય...''

* પૂ. યુવાહૃદયસમ્રાટ આ. શ્રી હેમરત્નસૂરિજી મ. લખે છે કે :- ''આપશ્રીએ ખરેખર ઐતિહાસિક વિજય હાંસલ કર્યો છે અને તે ય બેઠી તપ - જપ અને ભક્તિની તાકાતથી. 'सङ्घे शक्तिः कलौ युगे' ની ઉક્તિને આપે સાચી ઠેરવી છે. સંઘોનું જાગરણ કરીને જાપયજ્ઞનું અનુષ્ઠાન કરીને જે વિજય મેળવ્યો છે તેથી સહુની શ્રદ્ધા શ્રી નવકાર પર વધુ દઢ બની છે. બીજી By-Productionની વાત કરીએ તો આપણે બધા ય કેટલા બધા નજીક આવી ગયા. બધા ય પૂજ્યોનાં હૈયે શાસનરાગ કેવો ગજબનો વસ્યો છે એ જોવા - જાણવાનો એક અપૂર્વ અવસર મળ્યો. પ્રભુને પ્રાર્થના કરીએ કે આવી એકતા સકલ શ્રી સંઘના પૂજ્યોમાં સદૈવ બની રહે. વધુ કંઈક સારું પરિણામ આવી જાય. આપશ્રીના પરિશ્રમને, શાસનદાઝને, શાસનપ્રભાવનાને જેટલા વંદન-અભિવંદન કરીએ તેટલા ઓછા છે...''

* ગણિવર્ય શ્રી મુક્તિવલ્લભ - ઉદયવલ્લભવિજયજી લખે છે કેઃ- ''જગડૂશાનગર જિનાલયના માથે આવેલું આપત્તિનું વાદળ વિખરાઈ ગયું ... પ્રભુશાસનની ગરિમાને ઉની આંચ ન આવી. આ સમાચાર મળતા અત્રે પણ સકલ સંઘમાં અત્યંત આનંદ અને ઉમંગ છવાઈ ગયો છે.જૈનશાસનના કોઈ પણ અંગ સામે આપત્તિ આવે તે એક દુર્ભાગ્યની વાત ગણાય. પરંતુ તેને અવસર માની શાસનરક્ષાનું જ્વલંત કાર્ય કરવામાં આવે છે ત્યારે, આરાધના અને પ્રભાવનાના હજારો અનુષ્ઠાનો કરતાં પણ રક્ષાનું આ કાર્ય ખૂબ ચડી જાય છે. આપશ્રીનાં જીવનનું આ એક સર્વશ્રેષ્ઠ પ્રકરણ બની રહેશે. ખૂબ ખૂબ અનુમોદના. પંન્યાસ શ્રી રાજરત્નવિજયજી મ. ને ખૂબ ખૂબ અભિનંદન...''

* ગણિવર્ય શ્રી મેઘદર્શનવિજયજી લખે છે કે :- ''જગડૂશાનગર જિનાલયની રક્ષાના કાર્યમાં અભૂતપૂર્વ વિજય થયાનો આનંદ અમારા સૌનાં હૈયે જ્યારે અતિશય ઉભરાઈ રહ્યો છે, ત્યારે આપશ્રીનાં હૃદયના ઉમળકાની તો અમારે કલ્પના જ કરવી રહી. પરમાત્મા ઉવસગ્ગહરં પાર્શ્વનાથ ભગવાનની કૃપા, આપશ્રીની ભાવના, દૃઢ સંકલ્પ, ભાયંદરથી વિહાર અને સંઘને અપાયેલા માર્ગદર્શન તથા ભારતભરના વિવિધ સંઘોના સક્રિય સહયોગથી જ્વલંત વિજય પ્રાપ્ત થયો છે. પરમાત્મા પાર્શ્વપ્રભુના જિનાલયને તૂટતું અટકાવવા માટે આપે કરેલી પહેલ, તે માટે અપાયેલા કાર્યક્રમો તથા ત્યાં રખાયેલ વ્યવસ્થા, શિસ્તતા તથા સ્થાનિક સંઘની કાર્યદક્ષતા વગેરે પ્રશંસનીય છે. આ નિમિત્તે જૈન સંઘમાં પેદા થયેલી એકતાનો જો જૈનશાસનના જયજયકાર માટે તથા અનેક પ્રશ્નોના સમાધાન માટે ઉપયોગ કરાય તો ઘણો લાભ થશે...''

* અંચલગચ્છીય મુનિવર શ્રી દેવરત્નસાગરજી મ. લખે છે કે :- ''જિનશાસનની જયપતાકા લહેરાવનારા 'આચાર્યા જિનશાસનો૦' ની પંક્તિની યર્થાથતા કરાવનારા યશનામી પૂજ્યપાદ આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજા તથા જયવંતી વિજયી યશોગાથાના માર્ગદર્શક પૂ. પંન્યાસ શ્રી રાજરત્નવિજયજીગણિના ચરણે વંદના ... ભલું થજો આપનું. આપ ભલે પધાર્યા ... સવેળાનું સુઝભર્યું માર્ગદર્શન મળ્યું . નિમિત્તના દિગ્દર્શને સમસ્ત જૈન સમાજની જાગૃતિ વધી. આવેશ અને આવેગના હાથવગા હથિયાર વિના ધીરતાએ કદમ ભરી જૈનશાસનની શાન-આન વધારી. આપના ગુણગાન ઈતિહાસ ગાશે. આપની પંડિતાઈ ચારે બાજુ પંકાઈ. અંતરથી આપ બન્નેનું અભિવાદન-અનુમોદન ... ધર્મનો સૂર્યોદય જગાવી જનજનના હૃદય પર રાજ કરી રાજી કરી દેનારા આપને વંદના...''

આ માત્ર ઝલકરૂપ પત્રાંશો છે. બાકી આંદોલન દરમ્યાન અને આંદોલન પછી અનેકાનેક પૂ. આચાર્યદેવો, સાધુ-સાધ્વી ભગવંતો તથા શ્રી સંઘોના થોકબંધ પત્રો પૂજ્યશ્રી પર આવ્યા હતા. લગભગ એ દરેક પત્રોમાં પૂજ્યશ્રીનાં જીવનની સૌથી યશસ્વી શાસનરક્ષારૂપે આ જગડૂશાનગરના તીર્થસ્વરૂપ શ્રી ઉવસગ્ગહરપાર્શ્વજિનાલયનું રક્ષાકાર્ય બિરદાવાયું હતું. આપણે પણ એ સૂરમાં સૂર પુરાવીને ગાઈએ કે :-

**દર્ભાવતીવરતીર્થના ઉદ્ધારકારી જે થયા,**
**ઉવસગ્ગહરવરતીર્થના રક્ષક થઈ યશ બહુ વર્યા;**
**ગુરુ'ધર્મ' સ્મારક પુણ્ય'ધર્મધામ'ના સર્જક થયા,**
**તે સૂરિસૂર્યોદયચરણમાં ભાવથી કરું વંદના...**




## પ્રકરણ : ૪૦

# ગુરુદેવને શ્રેષ્ઠ અંજલિ : 'યુગદિવાકર' મહાગ્રન્થ પ્રકાશન...

શરીર!! સૌંદર્યથી લઈને સૌષ્ઠવની દૃષ્ટિએ એના જેમ અલગ અલગ પ્રકારો છે તેમ એના પર્યાયવાચી નામો પણ અલગ અલગ પ્રકારના છે. એને દેહ પણ કહેવાય અને કાયા પણ કહેવાય, એને તનુ પણ કહેવાય અને વપુ પણ કહેવાય. શરીરનો આવો જ એક પર્યાયવાચી શબ્દ એવો વિલક્ષણ છે કે જેનાથી શરીરનો વિચિત્ર ગુણધર્મ નિર્દિષ્ટ થાય. એ શબ્દ છે 'વિગ્રહ.' વિગ્રહનો એક અર્થ શરીર છે, તો બીજો અર્થ યુદ્ધ-સંઘર્ષ પણ છે. આ શબ્દ જાણે કે એમ સ્પષ્ટ કહે છે કે વિગ્રહ અર્થાત્ શરીર અનેકવિધ વિગ્રહ એટલે ઘર્ષણનું-યુદ્ધનું કારણ છે.

શરીર છે એટલે મન-વચન-કાયાનાં યોગ વગેરે નિમિત્તક કર્મ બંધાય છે અને આત્મા-કર્મનું યુદ્ધ જારી રહે છે, તો શરીર છે એટલે ભોજન-વસ્ત્ર-આવાસ વગેરે માટે વ્યક્તિએ સતત સંઘર્ષરત રહેવું પડે છે; શરીર છે માટે વ્યક્તિએ ભૂખ-તરસ-પીડા સાથે સંઘર્ષ કરવો પડે છે, તો શરીર છે માટે રોગો સામે સંઘર્ષ કરવો પડે. વિગ્રહ(=શરીર) એટલે જાણે કે સાક્ષાત્ વિગ્રહ ( =યુદ્ધ). ક્યારે કઈ વ્યક્તિને કયા સ્વરૂપે વિગ્રહ થાય એની કોઈ કલ્પના ન થઈ શકે.

પૂજ્યશ્રીનાં જીવનમાં પણ આવું જ બન્યું ભાયંદર-બાવનજિનાલયના વિ.સં. ૨૦૬૦ના એ ચાતુર્માસમાં. પ્રથમ શ્રા. વદિ આઠમ રવિવારે ભાયંદરમાં પૂજ્યશ્રીનું પ્રવેશસામૈયું અને જગડૂશાજિનાલયનારક્ષાવધામણાની ભવ્ય મહાસભા યોજાયાના સમાચારો

સોમવારના અખબારોમાં પ્રગટ થયા. હજુ તો એ સમાચારની શાહી સુકાય તે પૂર્વે, તે જ દિવસે પૂજ્યશ્રીને કોઇ મોટી શારીરિક તકલીફ આવી રહ્યાનો અહેસાસ થયો. તેઓ હાથમાં બોલપેન લઇ લખવા જાય તો અક્ષર બરાબર ન આવે, પેન હાથમાં વ્યવસ્થિત પકડી ન શકાય અને એકાદ ક્ષણ માટે શું લખવું છે એ જ વિસરાઇ જાય. સોમવારે ત્રણ-ચાર વાર આવું બનતાં પૂજ્યશ્રીએ અનુમાન કરી લીધું કે અંદર કોઇ મોટું શારીરિક નુકસાન આવી રહ્યું છે. બપોરે કયા ડૉક્ટર દ્વારા નિદાન કરવું એ વિચારાયું અને સાંજે ભાયંદરની જ એક હોસ્પિટલમાં પૂજ્યશ્રીને દાખલ કરાયા. સાથે એક જ શ્રમણ રહી શકે તેમ હતું. શિષ્યોએ ઘણો આગ્રહ કર્યો. પરંતુ મેં જ ત્યાં રહેવાનું યોગ્ય ધાર્યું. ઉપાશ્રય નજીક હતો એથી શ્રમણો આવ-જાવ કરી શકતા હતા. પરંતુ એક જ રાત્રિમાં પરિસ્થિતિએ એવો વળાંક લેવા માંડ્યો કે પૂજ્યશ્રીનો જમણો હાથ-પગ બિનકાર્યરત થવા માંડ્યા. એ ચિહ્નો Paralysisના હોવાનો ભાસ થતો હતો. મને રાતભર સતત એ ભય સતાવતો રહ્યો કે ‘જો આ Paralysis જ હોય તો અદ્યાવધિ સતત કાર્યરત-પ્રવૃત્તિશીલ પૂજ્યશ્રીનું જીવન કેવું પરાધીન બની જશે?’ મારી મનઃસ્થિતિ આ રીતે ચિંતાગ્રસ્ત હતી, પરંતુ પૂજ્યશ્રીનાં મુખ પર ચિંતાની એક લકીર પણ ન હતીઃ જાણે કે ‘યદ્ ભાવ્યં તદ્ ભવિષ્યતિ’ આ એમની વિચારધારા ન હોય!!

પૂર્વે કહ્યું તેમ પૂજ્યશ્રીના લગભગ સાડા આઠ દશકાના જીવનપટમાં ફક્ત ત્રણ જ વાર હોસ્પિટલવાસ આવ્યો હતો. પરંતુ એ ત્રણે ય વારમાં એમના મુખ પર-વાતોમાં કોઇ ચિંતાનો ભાર યા ‘હવે શું થશે’ જેવી લાચારી મેં કદાપિ નિહાળી ન હતી. આ એકદમ અક્ષરશઃ સત્ય હકીકત હતી. એ પૈકી આ બીજા હોસ્પિટલવાસમાં તેઓએ કોઇ હાયવોય ન દાખવી. મને દેહની વિલક્ષણતાનો એ વિચાર પણ વારંવાર આવ્યો કે હજુ ગઇ કાલે ભાયંદરની મહાસભામાં જેઓ જગડૂશાજિનાલયરક્ષાની ઇતિહાસસ્મૃતિ હોંશભેર કરતા હતા એમની શારીરિક સ્થિતિ એક દિવસમાં તો નાજુક-કાયમી પરાધીનતા લાવી દે એવી બની ગઇ!!

બીજે દિવસે પ્રભાતે મેં તથા તીર્થના ટ્રસ્ટી સુરેશભાઇ સંઘવી-સંઘપ્રમુખ શશીકાંતભાઇ વગેરેએ તત્કાલ M.R.I. રિપોર્ટ કરાવવાનો અને એમાં જો મુશ્કેલી જણાય તો તુર્ત હિંદુજા હોસ્પિટલમાં દાખલ થવાનો નિર્ણય કર્યો. M.R.I. રીપોર્ટમાં મગજની બહાર મોટો Blood Clot હોવાનું નિદાન આવ્યું. પૂજ્યશ્રી ગુજરાતથી મુંબઇ પધાર્યા ત્યારે ગિરનારધામથી વિહાર કરતાં જે નાના અકસ્માત્‌માં ભૂમિ પર પટકાયા હતા એની આ અસર હોવાનું મંતવ્ય ડૉક્ટરનું આવ્યું. પૂજ્યશ્રીનું દૃષ્ટિબિંદુ એટલું બધું Positive કે તેઓ ત્યારે ય એમ બોલ્યા હતા કે ‘‘પરમાત્માની કૃપા જોરદાર છે. એટલે જ જગડૂશાઆંદોલન દરમ્યાન શારીરિક સમસ્યા ન આવી. બધું હેમખેમ પૂર્ણ થયા પછી સમસ્યા આવી.’’ અમે સાંજ સુધીમાં હિંદુજામાં દાખલ થયા. પૂજ્યશ્રી I.C.U. માં હતા. મને યાદ છે કે રાત્રે Neurologist ડૉ. મિશ્રાએ ઓપરેશન આઠથી દશ કલાક ચાલે તેવી વાત કહી, તો મને જે Form પર સહી કરવા જણાવાયું તેમાં Operationની કક્ષા માટે 'High risky' શબ્દો લખાયા હતા. મને ચોક્કસ એમ અનુભવાયું કે આ પૂજ્યશ્રીનાં જીવનની મોટી ઘાત હશે. બીજે દિવસે વહેલી પ્રભાતે આઠ કલાકે Operation Theatreમાં પૂજ્યશ્રીને લઇ જવાના હતા. એ દિવસે પૂજ્યશ્રીની આંતર પરિણતિનો ખ્યાલ આપતા બે પ્રસંગો અને નિશ્ચિંતતાનો પરિચાયક એક પ્રસંગ મેં નિકટથી અનુભવ્યો હતો. એમાંથી આપણે એક અદ્ભુત પરિણતિપ્રસંગ પૂર્વપ્રકરણમાં નિહાળી ચૂક્યા છીએ, નિશ્ચિંતતાનો એક પ્રસંગ અહીં માણીએ અને શેષ એક પરિણતિપ્રસંગ મારા અંગત અનુભવોના ‘ગુરુ ! રહેજો મારાં અંતરમાં’ લેખમાં નિહાળીશુંઃ

સવારે પોણા આઠે Stretcherમાં પૂજ્યશ્રીને I.C.U. માંથી O.T. માં લઇ જવાઇ રહ્યા હતા. મોટો ગૃહસ્થવર્ગ આવી ગયો હતો. કિંતુ એ સર્વને તો નીચે - મુલાકાતીહૉલમાં જ સ્થાન હતું. ફક્ત પૂ.પં.શ્રી જયશેખરવિજયજી ગણિવર આદિ તથા જે કેટલોક શ્રમણીગણ પોતાનાં ચાતુર્માસક્ષેત્રથી ત્વરિત વિહાર કરી પૂજ્યશ્રીને વન્દનાર્થે-શાતાપૃચ્છાર્થે હિંદુજા Hospitalમાં આવી રહ્યો હતો તે દોડાદોડ ઉપર આવ્યો. પૂજ્યશ્રી Stretcher પર સૂતા હતા અને O.T. ના પ્રવેશદ્વાર પાસે જ એ સાધુ-સાધ્વીવૃંદ મળ્યું. હજુ તેઓ શાતા પૂછે તે પૂર્વે તો પૂજ્યશ્રીએ હસતા હસતા કહ્યુંઃ ‘‘લ્યો, હાથ જોડો. હું માંગલિક સંભળાવું છું.’’ આગંતુક સાધુ-સાધ્વીજી દંગ થઇ ગયા કે જેમને દશ કલાકનું Operation છે એ આવા સ્વસ્થ-નિશ્ચિંત કઇ રીતે હોઇ શકે? વસ્તુતઃ ચિંતા પૂજ્યશ્રીને નહિ, મને હતી. પૂજ્યશ્રીને એ પણ ખબર હતી કે આ Operation દશેક કલાકનું છે. છતાં આ નિશ્ચિંતતા હોવી એ માનસિક દૃઢતા વિના શક્ય ન હતું. જો કે, મને એક આશ્વાસન હતું કે ડૉક્ટરના જણાવ્યા મુજબ એ Paralysis ન હતો. જો Operation સફળ થાય તો પૂજ્યશ્રીના હાથ-પગ તુર્ત જ સંપૂર્ણપણે પૂર્વવત્ કાર્યરત થઇ જ જશે એમ Neurologist ડૉક્ટરે સ્પષ્ટ કહ્યું હતું. સદ્‌નસીબે Operation ધાર્યા કરતા સરલ નીવડ્યું. જે Operation માટે આઠથી દશ કલાક થવાનો અંદાજ ડૉક્ટરે દર્શાવ્યો હતો એ Operation બે-અઢી કલાકમાં થઇ ગયું. અમને સૌને અને ઉપસ્થિત અનેકાનેક સંઘોને - ભક્તોને શાંતિ થઇ-આશ્વાસન મળ્યું...

તાજું જ જગડૂશામંદિરબચાવ આંદોલન થયું હતું. એથી એના પ્રણેતા પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય નાદુરસ્ત થયાના સમાચાર પ્રસરતા જ ઠેર ઠેર સામૂહિક આયંબિલતપ આદિ અનુષ્ઠાનો થયા. એ તપ-જપના પ્રભાવે અને દેવ-ગુરુકૃપાના પ્રભાવે પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય ઝડપભેર સારું થવા માંડ્યું. Neurologist ડૉક્ટરે જણાવ્યું હતું તે મુજબ, Operation થતાવેંત હાથ-પગ પરથી નિષ્ક્રિયતાની તમામ અસર તત્કાલ નાબૂદ થઇ

ગઈ. દશેક દિવસ બાદ લગભગ પૂર્વવત્ સ્થિતિ થઈ જતાં પૂજ્યશ્રી પુનઃ ભાયંદર પધાર્યા. મંદિરબચાવ- આંદોલન તથા પ્રતિકૂળ સ્વાસ્થ્યના આ બન્ને સમયખંડ દરમ્યાન મુનિ શ્રી રશ્મિરત્નવિજયજીએ આરાધનાઓ-પ્રવચનો દ્વારા સંઘનો માહોલ સતત ગાજતો રાખ્યો. અમે ભાયંદર આવ્યા ત્યારે યુગદિવાકર ગુરુદેવની જન્મશતાબ્દીના દિવસ શ્રાવણ શુદિ-૧૧ને આઠેક દિવસની વાર હતી. એ નિમિત્તેના આયોજનો મુનિશ્રી રશ્મિરત્નવિજયજી આદિએ કરાવ્યા જ હતા. અમારા યોગ્ય તૈયારીઓ અમે હોસ્પિટલની સ્થિરતા દરમ્યાન કરાવી હતી. આઠ દિવસનો ભવ્ય મહોત્સવ, શ્રાવણ શુદિ-૧૧ની સવારે વિરાટ ગુરુગૌરવયાત્રા વરઘોડો તથા સાધ્વીજીનો તપસમાપનપ્રસંગ, ભાયંદરના તમામ સંઘોના ઉપક્રમે બાવનજિનાલયે આયોજિત શાનદાર ગુરુગુણાનુવાદસભામાં ભાયંદર ચાતુર્માસસ્થિત સર્વ ગુરુભગવંતોની ઉપસ્થિતિ, પૂજ્યશ્રીની પ્રેરણાથી ગુરુદેવના સાહિત્યાધારિત જૈન સામયિકોમાં પ્રકાશિત મારી બે લેખમાળાઓના સંકલનરૂપ 'ધર્મધારા' અને 'ધર્મસિંધુ' પુસ્તકોનું પ્રકાશન, મુંબઈના છાસઠ સંઘોની સંયુક્ત સહીઓ સાથે શ્રાવણ શુદિ-૧૧ના જન્મશતાબ્દીપર્વે ગુરુવન્દનાની વિશાલ જાહેરખબરો તથા ગુરુજીવનદર્શનલેખોનું ગુજરાતસમાચાર-મુંબઈસમાચાર જેવા અખબારોમાં પ્રકાશન, સાધર્મિક બંધુઓ માટે વિશિષ્ટ ભક્તિકર્તવ્યો, પ્રભુભક્તિ-આરાધનાનાં અઢાર-અઢાર આયોજનો આદિ દ્વારા યુગદિવાકરગુરુદેવના જન્મશતાબ્દીપર્વની ભવ્યાતિભવ્ય ઉજવણી થઈ.

એમાં આરાધનાની પરિણતિની દૃષ્ટિએ વિશેષ ઉલ્લેખનીય કાર્યક્રમ થયો 'ચારિત્રઉપકરણવંદના'નો. ચિક્કાર મેદની વચ્ચે ચૌદશે યોજાયેલ એ કાર્યક્રમમાં તે તે ઉપકરણના લાભ માટે વિરતિના નિશ્ચિત નિયમોના આધારે ઉછામણી થઈ. એમાં ભાવિકોએ આજીવન ગાદલા પર શયનનો ત્યાગ-યાવજ્જીવ ઠંડા પીણાત્યાગ-આજીવન ચંપલત્યાગ-આજીવન ટી.વી. ત્યાગ જેવા આશ્ચર્યજનક વ્રતો સ્વીકાર્યા. અલબત્ત, એ પછી તો આ ભાવોત્પાદક અનુષ્ઠાન અમે પ્રાયઃ પ્રતિવર્ષ કરાવીએ છીએ. પરંતુ એની શરુઆત પૂ. યુગદિવાકરશ્રીના આ જન્મશતાબ્દીમહોત્સવથી થઈ. કદાચ એટલે જ એ વર્ષોના વહાણાં બાદ આજે ય એ જ જોમ-જુસ્સાથી તે અનુષ્ઠાન થઈ રહ્યું છે. ઘણા બધા સંઘોના અગ્રણીઓ પૂજ્યશ્રીને વન્દનાર્થે આવે ત્યારે આશ્ચર્ય વ્યક્ત કરતા કે મંદિરબચાવઆંદોલનની જબરજસ્ત જવાબદારી-તુર્ત પ્રતિકૂળ સ્વાસ્થ્યનો પડકાર વગેરે વચ્ચે આટલાં ત્વરિત આયોજનો-પુસ્તકપ્રકાશનો કઈ રીતે થઈ શકે છે? પરંતુ એ પ્રભાવ પૂજ્યશ્રીના પુરુષાર્થનો અને એમણે કરેલ શિષ્યપરંપરાનાં સરસ સંસ્કરણનો હતો.

પર્યુષણામહાપર્વમાં ભાયંદર-બાવનજિનાલય ઉપરાંત વસઈરોડ સંઘ તથા મીરારોડ સંઘમાં આઠે ય દિવસની આરાધના માટે પૂજ્યશ્રીએ કુલ ચાર મુનિવરોને પાઠવ્યા, તો ભાયંદરના બે સંઘોમાં આઠ દિવસ પ્રવચન માટે મુનિવરો આપ્યા. બાવનજિનાલયમાં પૂજ્યશ્રીની પ્રભાવક છત્રછાયામાં ઉત્કૃષ્ટ માહોલ રહ્યો. જન્મવાંચનદિને નવહજારથી વધુ ભાવિકોના છલકાતા માનવસાગરમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી ઉપધાનતપ-મહાઆરાધના સંઘમાં યોજાવાની ઘોષણા થઈ. હજારો ભાવિકોની આરાધના-તપસ્યાઓ-ભાયંદરના તમામ સંઘોની બાવનજિનાલયતીર્થથી ભવ્યાતિભવ્ય સંયુક્ત રથયાત્રા-પ્રભુભક્તિ મહોત્સવ વગેરે યોજાયા.

આસો માસની શાશ્વતી ઓળી બાદ પૂજ્યશ્રીએ ત્રણ મહત્ત્વના નિર્ણયો લીધા. એક, પૂજ્યશ્રીનાં જીવનનું જે શ્રેષ્ઠ ગુરુભક્તિસ્વપ્ન હતું તે ૬૭૨ પેજના 'યુગદિવાકર' મહાગ્રન્થનું પ્રકાશન. બે, તેની સાથે જ જબરજસ્ત પુરુષાર્થ અને ક્ષયોપશમ માંગી લેતાં પંચમશતકકર્મગ્રન્થવિવેચન - ષટ્ત્રિંશિકાચતુષ્કપ્રકરણવિવેચન - શ્રાદ્ધપ્રતિક્રમણ વંદિત્તુસૂત્રટીકા વિવેચનરૂપ ત્રણ ગ્રન્થોનું પ્રકાશન. અને ત્રણ, મને આચાર્યપદપ્રદાન. પૂજ્યશ્રીએ શાશ્વતી ઓળીમાં ત્રણ નિર્ણયો જણાવ્યા ત્યારે મેં પ્રથમ બે નિર્ણયો માટે તત્પરતા દર્શાવીને એમાં મારા યોગદાનની સંમતિ આપી. પરંતુ ત્રીજા નિર્ણય માટે પૂજ્યશ્રીને પુનર્વિચારની વિનંતિ કરી. મને હજુ આ માટે સમયક્ષેપ કરવો ઉચિત લાગતો હતો. કિંતુ પૂજ્યશ્રીએ દીર્ઘદષ્ટા વત્સલ વડીલની અદાથી સમજાવ્યું કે ''જગડૂશાતીર્થરક્ષાઆંદોલન બાદ તુર્ત એકાએક અચાનક આવી પડેલી મોટી માંદગીસમયે જ મેં મન બનાવી લીધું હતું કે આમાંથી બહાર આવ્યા બાદ મારે તને વહેલામાં વહેલી તકે આચાર્યપદપ્રદાન કરવું. કેમ કે હવે ગમે ત્યારે ગમે તે શારીરિક પ્રતિકૂળતા આવી શકવાની પૂર્ણ સંભાવના છે. વળી જગડૂશાજિનાલયરક્ષાઆંદોલનમાં તારી પરિપક્વ કાર્યશૈલી-શાસનનિષ્ઠાથી પણ મને ખૂબ ખુશી થઈ છે. એથી આ નિર્ણયમાં મારે કોઈ વિચાર કરવાનો નથી. આમાં તારા શિરે કોઈ નવી જવાબદારી નથી ઉમેરાતી. અત્યારે તું જે પ્રવચનો-આરાધનાઓ-શિષ્યસંસ્કરણ-શાસનકાર્યો આદિની પ્રવૃત્તિ કરે છે એને જ આ પદ દ્વારા પુરસ્કૃત કરવાની છે.'' બે-ત્રણ વાર મેં આનાકાની કરી . પરંતુ પૂજ્યશ્રીના વિચારોની દૃઢતા જોતાં છેલ્લે એને અનુસરવાનું મુનાસિબ માન્યું.

જો કે, પૂજ્યશ્રીએ આ અંગે પણ સમુદાયનિષ્ઠાને પ્રથમ પ્રાધાન્ય આપ્યું. એમણે વડીલસ્તરે આ વાત કરીને એ માટે મારાથી વડીલ પંન્યાસજીઓને પણ એક જ દિવસે આચાર્યપદપ્રદાન થાય તેવી વ્યવસ્થા કરાવી. ફલતઃ એક જ દિવસે અલગ અલગ શહેરમાં-સંઘોમાં અમને આચાર્યપદપ્રદાન થયું. એ દિવસ નિયત થયો હતો વિ.સં. ૨૦૬૧ના પોષ શુદિ ચૌદશનો. ભાયંદરમાં પૂજ્યશ્રીએ આયોજન એ રીતે કરાવ્યું કે તે જ

દિવસે ઉપધાનતપમાળારોપણ અને 'યુગદિવાકર' મહાગ્રન્થ સહિત ચાર ચાર ગ્રન્થોનું ઉદ્ઘાટન થાય. એના બે દિવસ પૂર્વેના મુહૂર્તે સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના પરિવારમાં દીક્ષિત થનાર મુમુક્ષુ કુ. કવિતા ગડાની દીક્ષાનો નિર્ણય થતાં ચાર ચાર મહાન ધર્મકાર્યો સાથેનો અગિયાર દિવસનો મહોત્સવ નિશ્ચિત થયો.

શેષ ચાતુર્માસદિવસો ચાલી રહ્યા હતા. એમાં એક દિવસ, જેમણે પૂજ્યશ્રીના વરદ હસ્તે પોતાના રથાકાર જિનાલયની પ્રતિષ્ઠા કરાવી હતી તે ત્રિસ્તુતિક પરંપરાના રાજસ્થાની શ્રેષ્ઠી આર.ટી. શાહ એમના એક મિત્રને લઇ વંદનાર્થે આવ્યા. એ મિત્રનું નામ હતું કાંતિલાલજી જૈન. તેઓ જ્ઞાનરસિક અને જિજ્ઞાસુ હતા. વાતવાતમાં એમણે પૂજ્યશ્રીને કહ્યુંઃ ''સાહેબજી! ૐકાર વિશે સમજવું છે. એનાં સ્વરૂપ વગેરે અંગે કાંઇક સમજાવો.'' અને...પૂજ્યશ્રીએ સતત અર્ધો કલાક ૐ વિશે એટલી અદ્ભુત સમજ આપી કે મારાં આસને બેઠા બેઠા સાંભળતા મને પણ સુખદ આશ્ચર્ય થયું. મહત્ત્વની વાત એ હતી કે આ Instant-તત્કાલ પુછાયેલ બાબત હતી, પૂર્વનિર્ધારિત બાબત ન હતી. આમ છતાં પૂજ્યશ્રીએ જે વૈવિધ્યસભર નિરૂપણ કર્યું એ મને સાચે જ કાબિલેદાદ લાગ્યું. એ વાર્તાલાપ પૂર્ણ થયા બાદ મેં એના સારરૂપ મુખ્ય મુદ્દા નોટમાં નોંધી લીધા. મુખ્યત્વે એમાં પાંચ-છ પ્રસ્તુતિ આ રીતની હતીઃ

(૧) ૐકારના ઉચ્ચારમાં જે અક્ષરોનું સંયોજન છે તેમાં પંચપરમેષ્ઠીના પ્રથમાક્ષરો છે. અ=અરિહંત, અ=અશરીરી, આ=આચાર્ય. સંસ્કૃત ભાષાના સંધિનિયમાનુસાર આ ત્રણનાં સંયોજનથી 'આ' જ બને. તેમાં 'ઉપાધ્યાય'નો પ્રથમાક્ષર 'ઉ' ઉમેરાતાં સંધિનિયમ મુજબ 'ઓ' બને અને એમાં 'મુનિ'નો પ્રથમાક્ષર 'મ્' ઉમેરાતાં 'ઓમ્' બને જે ૐકારનું ઉચ્ચારમય સ્વરૂપ છે. (૨) એનું આકારસ્વરૂપ જૈન પરંપરામાં અલગ છે અને વૈદિક પરંપરામાં અલગ છે, જૈન પરંપરામાં એનો આકાર-એનું આલેખન ૐ રૂપે થાય છે, તો વૈદિક પરંપરામાં એનું આલેખન ૐરૂપે થાય છે . જેમને આ ભેદનો ખ્યાલ નથી તેઓ અજ્ઞાનતાથી-અજાણતાં જૈન મન્ત્રાદિમાં ય ૐ લખે છે-કલ્પે છે. વસ્તુતઃ એ અજ્ઞાનમૂલક ક્ષતિ છે. લેખનમાં કે ધ્યાનમાં આપણે એનો આકાર ૐ રૂપે જ કલ્પવાનો હોય. (૩) જેમ ૐના ઉચ્ચારરૂપમાં સંસ્કૃતશુદ્ધશૈલીથી પંચપરમેષ્ઠીનો સમાવેશ છે, તેમ એના આકારમાં પણ પંચપરમેષ્ઠીનો સમાવેશ છે. ૐ ના આકારમાં બિંદુથી લઇને ઠેઠ નીચેની લીટી સુધીમાં સમશ્રેણિએ પાંચ સ્થાન છે. તેમાં સિદ્ધ-અરિહંત-આચાર્ય-ઉપાધ્યાય-સાધુઃ આ ક્રમે પંચપરમેષ્ઠી ભગવંતો સુસ્થાપિત છે. આપણે જ્યારે જ્યારે ૐનું ધ્યાન ધરીએ ત્યારે ત્યારે એના ઉચ્ચાર અને આકાર, ઉભયસ્વરૂપે પંચપરમેષ્ઠીનું આ રીતે ચિંતન-ધ્યાન ધરવું.

(૪)ૐની આરાધના-સાધના સર્વ શુભ કામનાઓ-ઇચ્છાઓ પૂર્ણ કરે છે, તો આગળ જતાં ઇચ્છામાત્રનો વિલય-વિનાશ કરીને આપણને ઇચ્છાશૂન્ય અવસ્થા અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરાવે છે. સાધનાની પ્રારંભિક અવસ્થામાં રમતાં આરાધકો ભલે પ્રથમ કારણસર ૐનું ધ્યાન ધરે. પરંતુ સાધનાની ઉચ્ચ અવસ્થામાં રમતા યોગીજનો એનું બીજા કારણસર ધ્યાન ધરે. ૐની આ બન્ને વિશેષતાને અનુલક્ષીને જ એના માટે कामदं અને मोक्षदं વિશેષણો યોજાયા છે. આનું પણ ખરું કારણ એ છે કે ૐમાં જેમનું સ્થાન છે તે શ્રી અરિહંત ભગવંતો સર્વાતિશાયીપણે-સર્વશ્રેષ્ઠપણે कामद અને मोक्षद નું સામર્થ્ય ધરાવે છે. એમના જેવું ઇચ્છાપૂર્તિનું અને ઇચ્છાસમાપ્તિનું સામર્થ્ય અન્યત્ર ક્યાંય નથી. માટે ૐ પણ સર્વશ્રેષ્ઠપણે કામદ અને મોક્ષદ છે. (૫) એની ધ્યાનપ્રક્રિયામાં ત્રણ બાબત છેઃ ધ્યેય, ધ્યાતા અને ધ્યાન. ધ્યેયરૂપે આ ૐ વિશ્વશ્રેષ્ઠ છે કે જે એની ઉચ્ચતમ ગુણવત્તાથી પુરવાર થાય છે. ધ્યાતારૂપે આપણે શ્રેષ્ઠતા હાંસલ કરવા માટે ઉપયોગવિશુદ્ધિ જાળવવી જોઇએ. આપણા ઉપયોગમાં કોઇ મલિનતા-દુન્યવી લાલસાઓ યા ચંચળતા ન જોઇએ. તો ધ્યાન પ્રક્રિયામાં તન્મયતા-ઓતપ્રોતતા જોઇએ. આવું બને ત્યારે 'ध्याता ध्येयं तथा ध्यानं त्रयमेकात्मतां गतम्' આ જ્ઞાનસારગ્રન્થકથિત અવસ્થા આવે. (૬) આ ધ્યાનમાં ઉત્કટતા અસંખ્ય આત્મપ્રદેશે પ્રવર્ધમાન થતી શુભ ભાવધારાથી આવે. જેમ શ્રી તીર્થંકર ભગવંતનો પુણ્યાત્મા પૂર્વના ત્રીજા ભવે 'સવિ જીવ કરું શાસનરસી'ની શુભભાવધારા અસંખ્ય આત્મપ્રદેશે પ્રવર્ધમાનરૂપે આત્મસાત્ કરે અને એનું પરિણામ તીર્થંકરત્વની પ્રાપ્તિરૂપે પામે, એમ અસંખ્ય આત્મપ્રદેશે પ્રવર્ધમાન શુભ ભાવધારાથી સાધક ધ્યાનમાં ઉત્કટતા પામે અને એનું પરિણામ અંતે ધ્યાતામાંથી ધ્યેય બનવારૂપે પામે... પુનઃ એક વાર ખ્યાલમાં રહે કે આ પૂર્વનિર્ધારિત ચર્ચા ન હતી, અજાણી વ્યક્તિ દ્વારા અચાનક પુછાયેલ પ્રશ્નના ઉત્તરરૂપે થયેલ સહજ ચર્ચા હતી. પૂર્વ તૈયારી દ્વારા, વાંચન-ટાંચણ દ્વારા બોલવું અલગ વાત છે અને સહજ બોલવું અલગ વાત છે. એ વિશદ બોધ વિના શક્ય જ નથી અને એટલે હું પ્રભાવિત થઇ ગયો...

ચાતુર્માસ બાદ કાર્તિક વદિ પંચમીએ બાવનજિનાલયતીર્થે ઉપધાનતપ-મહાઆરાધનાનો મંગલ પ્રારંભ થયો. પૂજ્યશ્રીના આગ્રહથી પ્રારંભદિને વડીલ પૂ.આ.ભ.શ્રી કનકરત્નસૂ.મ. આદિ ખાસ પધાર્યા હતા. ઉભય પૂજ્યોની પુણ્યનિશ્રામાં આરાધકોએ ઉપધાનતપમાં મંગલ પ્રવેશ કર્યો. સ્થાનની મર્યાદાનુસાર ૧૦૨ તપસ્વીઓને પ્રવેશ અપાયો. તેમાં એંશી તો માળતપસ્વીઓ હતા. સૌથી વિશેષ આકર્ષણ તેમાં સામેલ પાંચથી તેર વર્ષની વયના ચૌદ બાલતપસ્વીઓ હતા. એમાં ય પાંચ વર્ષની બાલ કુ. દૃષ્ટિ ગાંધીએ એક પણ અપવાદ વિના ઉપવાસ-નીવિ વગેરે યથોક્ત તપપૂર્વક ઉપધાનતપ કરતાં સહુ વિસ્મિત થઇ જતા હતા. પ્રવચનો-

વાચનાઓ-રવિવારનાં અનુષ્ઠાનો-કેટલાક તપસ્વીઓ દ્વારા સંપૂર્ણ મૌનપૂર્વક આરાધનાદિ કારણે ઉપધાનતપ યાદગાર બન્યા. એનાં અંતિમ તબક્કામાં પૂર્વોક્ત ચાર મુખ્ય ધર્મકાર્યો નિમિત્તે એકાદશાહ્નિક મહામહોત્સવ પોષ શુદિ-૭, તા. ૧૬-૧-૨૦૦૫ થી પોષ વદિ-૧, તા. ૨૬-૧-૨૦૦૫ સુધી ચાર મોટા સ્ટેજકાર્યક્રમો-વિવિધ મહાપૂજનો-૩૬ કલાત્મક છોડ ઉદ્યાપન-ભવ્ય રંગોળીપ્રદર્શની વગેરે સ્વરૂપે યોજાયા. તેમાં લાભાર્થીનાં નામો વધુ આવતાં છોડ ૪૦ થયા, તો રંગોળી દર્શન માટે હજારો ભાવિકો બાવનજિનાલયભૂગર્ભગૃહમાં ઊમટ્યા. લગભગ ૭૫ થી અધિક સાધુ-સાધ્વીજીએ આ મહોત્સવમાં નિશ્રા પ્રદાન કરી હતી. ભાવાચાર્યવન્દના-અષ્ટાપદતીર્થરચના સાથે શાનદાર અષ્ટાપદભાવયાત્રા-આચાર્યપદઅભિવંદનાસમારોહ-ભવ્યાતિભવ્ય વિરાટ રથયાત્રા-શાંતિસ્નાત્ર-ગૌતમસ્વામીમહાપૂજન-સિદ્ધચક્રમહાપૂજન-સરસ્વતીદેવી-સાધના વગેરે કાર્યક્રમોયુક્ત આ યાદગાર મહોત્સવમાં પોષ શુદિ બારશે સવારે છ કલાકે એક માઇલથી વધુ દીર્ઘ ઐતિહાસિક રથયાત્રા યોજાઇ, તો એ પછી વિરાટ મંડપમાં યુવા મુમુક્ષુ કુ. કવિતા ગડાને પૂજ્યશ્રીના વરદ હસ્તે હજારોની મેદની વચ્ચે પ્રવ્રજ્યાદાન થયું. મુમુક્ષુને નૂતન સા. શ્રી વિશ્વવ્રતાશ્રીજીરૂપે ઘોષિત કરીને સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના પરિવારમાં દીક્ષિત કરાયા. **રાત્રે આચાર્યપદઅભિવન્દનાસમારોહમાં નૂતનાચાર્યને ચારિત્રઉપકરણો વહોરાવવાની ઉછામણી વ્રત-નિયમો દ્વારા યોજાતાં (૧) યાવજ્જીવ બ્રહ્મચર્યપાલન (૨) એક વર્ષ સુધી માત્ર બે જ દ્રવ્યથી ભોજન (૩) 'નમો આયરિયાણં'ની ૩૬ હજાર માળાનો જાપ (૪) યાવજ્જીવ ઠંડા પીણા-ફ્રીજના પાણીનો ત્યાગ (૫) અઢાર હજાર શ્રમણવંદના વગેરે નિયમો ભાવિકોએ સ્વીકાર્યા.**

મહોત્સવના શિરોમોર ત્રણ આયોજનો પૈકી એક મહત્ત્વનું આયોજન હતું 'યુગદિવાકર' મહાગ્રન્થપ્રકાશનનું. એથી હવે આપણે વિશેષ ઉલ્લેખ કરીશું 'યુગદિવાકર' મહાગ્રન્થનો. વર્ષોથી પૂજ્યશ્રીએ યુગદિવાકર ગુરુદેવના સર્વાંગીણ ભવ્ય જીવનચરિત્રનિર્માણનું જે સ્વપ્ન સેવ્યું હતું તે આ મહાગ્રન્થનાં માધ્યમે સાકાર થતું હોવાથી પૂજ્યશ્રીનાં હૈયે એનો હર્ષ અમાપ હતો. ૭૮ પ્રકરણો-આઠ પરિશિષ્ટ-૨૫૦ થી અધિક તસવીરોયુક્ત ૬૭૨ પેજના એ મહાગ્રન્થની પ્રથમ પ્રતો આવી પોષ શુદિ-૧૧ના બપોરે ત્રણ વાગ્યે. મેં પહેલી પ્રત પૂજ્યશ્રીને ધરી. તેઓ સળંગ પોણો કલાક સુધી ગ્રન્થ જોયા જ કરે, જોયા જ કરે. પછી એમણે મને પોતાની પાસે બોલાવ્યો. એમનાં અંતરમાં એવો આનંદ છલકાતો હતો કે આંખો ઊભરાઇ ગઇ. હર્ષાશ્રુ છલકાતી સ્થિતિમાં ચાર-પાંચ મિનિટ સતત મારાં મસ્તકે એમનો હસ્ત પ્રસરતો રહ્યો. એ હસ્તસ્પર્શ ન હતો, મૂર્તિમંત વાત્સલ્યસ્પર્શ હતો. પછી માત્ર એટલું બોલ્યાઃ ''મને કલ્પના ન હતી કે આટલો મોટો-સર્વાંગીણ જીવનચરિત્રગ્રન્થ ગુરુદેવ માટે બની શકશે. ભારે મહેનત કરી તેં.'' મારા માટે એ જીવનની ધન્ય ક્ષણો હતી. એ ગ્રન્થનાં માધ્યમે મને પૂ. દિવંગત યુગદિવાકરશ્રી અને પૂજ્યશ્રી, આ બન્ને ગુરુદેવોની કૃપા પ્રાપ્ત કરવાની તક મળી ગઇ. પૂજ્યશ્રીનો જે વાત્સલ્યધોધ એ દિવસે મારા પર વરસ્યો એનું મૂળ કારણ વિચારતાં મને ચોક્કસ પ્રતીતિ થતી હતી કે પૂ. યુગદિવાકરશ્રી પ્રત્યેની એમની અખંડ ગુરુભક્તિએ એમને આવા હર્ષવિભોર બનાવી દીધા હતા. એમની પૂ. યુગદિવાકરશ્રી પ્રત્યેની ભક્તિ અને ગ્રન્થસર્જનની તમન્ના એ ગ્રન્થમાં *પૂજ્યશ્રીના હસ્તાક્ષરોમાં જ મુદ્રિત લેખના આ ઉદ્ધરણમાં પ્રતિબિંબિત થાય છે. પૂજ્યશ્રી લખે છે કેઃ-

આ ગ્રન્થમાં એક એવા મહાન ગુરુભગવંતનું સંપૂર્ણ જીવનચરિત્ર ગુંફિત છે કે જેઓ...

* જિનશાસનના ઝળહળતા જવાહીર અને ઝગમગતા જ્યોતિર્ધર હતા...
* 'યુગદિવાકર' બનીને યુગોના યુગો સુધીના શાસનના સુવર્ણઇતિહાસનું સર્જન કરનાર હતા...
* શતાધિક જિનાલયો-ઉપાશ્રયાદિના અમોઘ ઉપદેશક અને પ્રેરક-પ્રણેતા હતા...
* પ્રૌઢ પુણ્યપ્રભાવ અને વિશિષ્ટ વચનસિદ્ધિના પ્રભાવે શકવર્તી શાસનપ્રભાવનાઓની શૃંખલાઓ સર્જનાર હતા...
* દ્રવ્યાનુયોગના વિરલ વ્યાખ્યાતા અને અનેક પ્રૌઢ ગ્રન્થોના સર્જક-સંશોધક-વિવેચક હતા...
* અનેક યુગદર્શી કાર્યો દ્વારા જિનશાસનનો જયનાદ દિગંતવ્યાપી બનાવનાર હતા...
* જ્ઞાન-ક્રિયાના સમાન આરાધક અને પ્રાચીનતા તથા અર્વાચીનતાની સુવર્ણસાંકળ હતા...

એ મહાન ગુરુભગવંત એટલે પૂજ્યપાદ પરમકૃપાળુ પરમોપકારી યુગદિવાકર આચાર્ય ભગવંત શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ. જેમ જૈનશાસન માટે એમનું વ્યક્તિત્વ વરદાનરૂપ હતું. એમ અંગત રીતે અમારા માટે એમનું અસ્તિત્વ આશીર્વાદરૂપ હતું. કારણ કે :

- તેઓએ જ અમારા જીવનને પારસમણિ સમો સ્પર્શ આપીને એને સુવર્ણમય બનાવ્યું છે...

* આ સમગ્ર લખાણ પૂજ્યશ્રીના હસ્તાક્ષરરૂપે આ મહાગ્રન્થમાં 'અંતરની અભિલાષા' શીર્ષક નીચે પ્રસ્તુત છે.

- તેઓએ જ ભીષણ ભવસાગરમાંથી અમારો ઉદ્ધાર કરીને આ કક્ષા હાંસલ કરાવી છે...
- તેઓએ જ અમને દીક્ષા અને શિક્ષાનું સમ્યગ્દાન કર્યું છે...
- તેઓએ જ આડત્રીસ વર્ષો પર્યંત સાથે ને સાથે જ રાખીને અમારા જીવનને વધુ ને વધુ શાસનની આરાધના - પ્રભાવનામય બનાવ્યું છે.
- તેઓએ જ અદ્યાવધિ પરોક્ષભાવે કૃપાદૃષ્ટિ કરતાં રહીને અમને શાસનની યત્કિંચિત સેવા કરવાનું સામર્થ્ય બક્ષ્યું છે.

એ પરમારાધ્યપાદ ગુરુભગવંતનો અમારા પરનો ઉપકાર તો ભવકોટિએ પણ વાળી કે વીસરી શકાય એમ નથી. એમના એ અનુપમ ઉપકારોને લક્ષ્યમાં રાખીને એમની ભક્તિ નિમિત્તે વર્ષોથી એ સ્વપ્ન સેવ્યું હતું કે તેઓશ્રીમદ્‌નાં જીવન ઉપર પરિપૂર્ણ પ્રકાશ પાથરતું અને 'અથ' થી 'ઈતિ' સુધીની તમામ બાબતોને આવરી લેતું જીવનચરિત્ર તૈયાર કરવું.''

હું આને માત્ર શબ્દો નથી માનતો. પૂજ્યશ્રીનું ગુરુભક્તિનીતરતું હૃદય માનું છું.

આ મહાગ્રન્થપ્રકાશન પ્રસંગે શાસનધુરીણ પૂ. આચાર્યદેવોનાં અઢળક પત્રો આવ્યાં, તો આ.ક. પેઢીના પ્રમુખ શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ વગેરે સંઘાગ્રણીઓનાં પણ પત્રો આવ્યાં. એમાંથી પસંદગીના ૩૬ પૂ. આચાર્યદેવોનાં તેમજ ૫ મુખ્ય સંઘોનાં પત્રો એ ગ્રન્થમાં પ્રકાશિત થયાં. જેમાં લગભગ દરેક પત્રોમાં પૂ. યુગદિવાકરશ્રીની વિશેષતાઓને અને પૂજયશ્રીની ગુરુભકિતને મુકતમને બિરદાવાઈ હતી.પૂ.તપાગચ્છાધિપતિ આ.ભ. શ્રી રામસૂરીશ્વરજી મ.એ પૂ. યુગદિવાકરશ્રીને દીર્ઘ કાલ અઢળક શાસનકાર્યો કરાવવા છતાં તે તે સંઘો સાથે માધુર્ય જાળવનારા ગણાવ્યા, તો પૂ. ગચ્છાધિપતિ આ.શ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજી મ. એ પૂ. યુગદિવાકરશ્રીને પૂજ્યપાદ સાગરજી મ. ના દ્રવ્યાનુયોગસંબંધી જ્ઞાનના વારસદાર ગણાવ્યા; પૂ. શાસનસમ્રાટસમુદાયના પૂ. શાસનશણગાર આ.ભ. શ્રી ચન્દ્રોદયસૂરીશ્વરજી મ. એ પૂ. યુગદિવાકરશ્રીને નામનાની-કામનાથી મુક્ત મહાન યુગપુરુષ ગણાવ્યા, તો પૂ. રાષ્ટ્રસંત આ. ભ. શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ. એ પૂ. યુગદિવાકરશ્રીને દ્રવ્યાનુયોગમાં જાણે કે એકાધિકાર ધરાવતા હોય તેવા જ્ઞાનીભગવંત ગણાવ્યા; પૂ. ગચ્છાધિપતિ આ.ભ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.એ પૂ. યુગદિવાકરશ્રીને વિરલ વિભૂતિ ગણાવ્યા, તો પૂ. પ્રભાવક પ્રવચનકાર આ. ભ. શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ. એ પૂ. યુગદિવાકરશ્રીને ઈતિહાસવિદોએ જેમની નોંધ લેવી જ પડે એવું વ્યક્તિત્વ ધરાવનાર ગણાવ્યા; પૂ. શાસનપ્રભાવક આ. ભ. શ્રી રાજયશસૂરીશ્વરજી મ. એ આપણા પૂજ્યશ્રીનાં આ ગ્રન્થકાર્યને એક સિદ્ધિ સમાન ગણાવ્યું, તો પૂ. પ્રખરવક્તા આ.ભ. શ્રી યશોવર્મસૂરીશ્વરજી મ. એ પૂજ્યશ્રીના બહોળા અનુભવની સરવાણીથી આ મહાગ્રન્થ નવપલ્લવિત હોવાનું લખ્યું. સૌથી શ્રેષ્ઠ ગણાય તેવો અનુમોદનાપત્ર આ મહાગ્રન્થપ્રકાશન બાદ પૂ. વિદ્વદ્વર્ય આ. શ્રી પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ. નો આવ્યો.એ પત્રના મુખ્ય અંશ આ છે કેઃ-

'યુગદિવાકર' હમણાં જ ૯.૩૫ મિનિટે મળ્યું. આજે જ લોચ કરાવ્યો હતો. છતાં હાથમાં લીધા પછી પૂરા કલાક સુધી એ ગ્રન્થે મને, મારાં મનને - આંખને અને હાથને જકડી રાખ્યા.તમે કમાલ કરી છે રાજામહારાજ !! શબ્દ પાછળ પરિશ્રમ કરવાની તમારી આવી અદ્‌ભુત શક્તિ જોઈને તે બિરદાવવા આ પુસ્તક, ના..ના..ગ્રન્થ; દળદાર અને રસદાર ગ્રન્થને નીચે મૂકીને આ પત્ર લખી રહ્યો છું. મનમાં ખુશી ઉભરાવા લાગી, છલકાવા લાગી. તેથી લખ્યા વિના, એ ખુશીને તમારી પાસે પહોંચાડ્યા વિના, જંપ વળે તેમ નથી. માટે લખી રહ્યો છું.

તમે અને તમારા ગુરુજીએ દૃષ્ટાંતરૂપ ગુરુઉપકારને કૃતજ્ઞતાથી મઢીને સંઘના ચોકમાં મૂકી આપ્યો છે !! શું તમે આખો એ જમાનો જીવતો કરી દીધો છે!! એ યુગને ફરી ફરી જીવવો ગમે તેવો કરી દેખાડ્યો છે. તમારી કલમ, તમારા ગુરુજીની સૂઝબૂઝ અને જયંતપ્રિન્ટરીની સાજ-સજ્જા : વાહ રે વાહ ! કમાલ કરી , ન્યાલ કરી દીધા . એક માનસ્તંભ જ રોપી દીધો. માણેકસ્તંભ પણ કહી શકાય તેવું જાજરમાન કામ કર્યું. એકલા હાથે આવું ગંજાવર કામ, વળી એ પણ કલાદૃષ્ટિથી દીપતું કામ... સમયસર કર્યું.''

આ મહાગ્રન્થની વિસ્તૃત પ્રસ્તાવનાનું આલેખન કર્યું પૂ. વિદ્વદ્વર્ય આ. શ્રી શીલચન્દ્રસૂરીશ્વરજી મહારાજે. પૂ. યુગદિવાકરશ્રી પ્રત્યેની ગુણાનુરાગમંડિત ભક્તિવશ એમણે પૂ. યુગદિવાકરશ્રી માટે એક સ્થળે આ શબ્દો લખ્યા છે કે ''પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજી મહારાજ વીસમા સૈકાના એક શ્રેષ્ઠ શાસનપ્રભાવક પુરુષ હતા.'' તો અન્યત્ર આ શબ્દો લખ્યા છે કે ''મુંબઈના સમગ્ર જૈન સંઘ ઉપર એમણે જે નિર્વ્યાજ ઉપકારો કર્યા છે અને મુંબઈનાં અનેકાનેક ક્ષેત્રોમાં અશક્ય કે અતિ વિકટ લાગતાં ધર્મકાર્યો પણ તેમણે જે રીતે પાર પાડ્યા છે તે સાંપ્રત ઈતિહાસમાં અનન્ય અને અજોડ છે એમ કહ્યા વિના ન ચાલે.''

પૂજ્યશ્રીએ સાકાર કરેલ સ્વપ્નરૂપ એ મહાગ્રન્થ અંગે શાસનધુરીણ પૂજ્યોનો આદર - ઊમળકો કેવો હતો એ ઉપરોક્ત ઝલકોમાં નિહાળાય છે. એ મહાગ્રન્થ અંગે સ્વયં પૂજ્યશ્રીને ઊમળકો એવો અદ્‌ભુત હતો કે મહોત્સવની રથયાત્રાના દિવસે એને ગજરાજની અંબાડી પર સ્થાપિત કરી એના બહુમાન પૂજ્યશ્રીએ કરાવ્યા. સૌથી નાનકડી બાલતપસ્વી કુ. દૃષ્ટિ ગાંધી એ મહાગ્રન્થ લઈને ગજરાજની અંબાડી પર



## તપસ્યા કરતા કરતા હો કે
## ડંકા જોર બજાયા હો :
















ચેમ્બુર તીર્થ પ્રતિષ્ઠા સુવર્ણ વર્ષ નિમિત્તે પૂજ્યશ્રીએ સામૂહિક વર્ષીતપની પ્રેરણા કરતા, પૂ.આ.શ્રી રાજરત્નસૂરિજી મ. આદિ
૨૭ પૂ. સંયમી ભગવંતો સહિત કુલ ૨૫૨ તપસ્વીઓએ વર્ષીતપ સાધના કરી. એના સમાપન દિનની આ છે તસવીરી તાસીર.
આ પ્રસંગ માણવા ૨૨ હજાર ભાવિકો ઊમટ્યા હતા. આ જ પ્રસંગે પૂજ્યશ્રીના શિષ્ય-પ્રશિષ્યોના એક સાથે સાત પુસ્તકોનું ઉદ્‌ઘાટન થયું હતું.






વિરાજી હતી. પોષ શુદિ- ૧૪, તા. ૨૪-૧-૨૦૦૫ના દિને આ મહાગ્રન્થ તથા પૂજ્યશ્રી સંપાદિત પૂર્વોક્ત ત્રણ ગ્રન્થોનો પ્રકાશનસમારોહ યોજાયો. એ જ દિવસે અન્ય બે શિરમોર આયોજનો પૈકી આચાર્યપદારોહણ તથા ઉપધાનમાળ હોવાથી વિરાટ મંડપમાં પાંત્રીસ હજારની મેદની ઊમટી હતી. 'ગુજરાત સમાચાર' ના સૂકાની શ્રી શ્રેયાંસભાઈ શાંતિલાલ શાહના હસ્તે આ મહાગ્રન્થનું ભવ્ય વિમોચન યોજાયું. પૂજ્યશ્રીએ એમાં પણ એક સરસ દષ્ટિબિંદુ રાખીને પૂ. યુગદિવાકરશ્રીનાં સાંસારિક ભત્રીજા રમેશભાઈ શાહ વગેરેને તેમજ જેમણે દાયકાઓ પૂર્વે પૂ. યુગદિવાકરશ્રીનાં જીવનચરિત્રનું સ્વપ્ન સેવ્યું હતું તે સ્થાનકમાર્ગી પરમગુરુભક્ત શ્રી ચીમનલાલ શાહ મોરબીવાળાને પણ આ મહાન પ્રસંગે યાદ કર્યા હતા. ત્રણે ય પુણ્યવાનોના હસ્તે ગ્રન્થપ્રકાશન-સુવર્ણમુદ્રાથી પૂજન-ગ્રન્થસમર્પણાદિ કાર્યો થયા. 'ગુજરાત સમાચાર'ની તમામ આવૃત્તિમાં 'નેટવર્ક' વિભાગમાં પૂરા પોણા પેજમાં આ અંગેનો વિગતલેખ પ્રસિદ્ધ થયો.

પૂજ્યશ્રીએ ગ્રન્થપ્રકાશનસમયના પોતાનાં સંબોધનમાં અનેક બાબતો આવરી લેવા સાથે આચાર્યપદારોહણનો ઉલ્લેખ આ રીતે કર્યો કે ''આ ગ્રન્થલેખનરૂપે કરેલ ગુરુભક્તિ રાજરત્નવિજયજીને બહુ અલગ રીતે અને સરસ રીતે ફળી છે. ગ્રન્થલેખનનો પ્રારંભ કર્યો ત્યારે તેઓ ગણિપદે હતા , ગ્રન્થ મધ્યમાં આવ્યો ત્યારે એ પંન્યાસપદે પ્રતિષ્ઠિત થયા અને આજે ગ્રન્થ પ્રકાશિત થાય છે ત્યારે તેઓ આચાર્યપદે આરૂઢ થાય છે. આ ગુરુભક્તિની જ નીપજ છે.'' ચોક્કસપણે મારું પણ અંતઃકરણપૂર્વક એ મન્તવ્ય હતું કે પૂ. યુગદિવાકરશ્રી અને પૂજ્યશ્રી : આ ઉભય ગુરુદેવોની કૃપાધારા જ આચાર્યપદારોહણનું અગત્યનું કારણ હતી. બાકી યોગ્યતામાં તો ન જાણે કેટલી ય ઊણપો હશે ?' 'યુગદિવાકર' મહાગ્રન્થ પ્રકાશનની સાથે જ આચાર્યપદ પ્રદાનનો પ્રસંગ હોવાથી પૂજ્યશ્રીના શ્રીમુખે સાતસો ગાથાના નંદિસૂત્ર આગમનું શ્રવણ-સૂરિમન્ત્રપ્રદાન, સૂરિમન્ત્રપટ-માળા આદિની સુંદર ઉછામણીઓ, સમસ્ત સંઘ અને સાંસારિક માતા-પિતાદિ પરિવાર દ્વારા હૃદયના ભાવોથી અવિરત અક્ષતવધામણાં વગેરે હૃદયંગમ દશ્યો ત્યારે સર્જાયાં. ભાવુકતા અને વાત્સલ્યથી આર્દ્ર બનેલ પૂજ્યશ્રીનાં નયનોમાં એ દિવસે હર્ષાશ્રુ પ્રગટ્યા હતા. એમનો અપાર સંતોષ એમના ઉચ્ચારમાં ને વ્યવહારમાં ઝળકતો હતો...

છેલ્લે પુનઃ એક વાર 'યુગદિવાકર' મહાગ્રન્થની વાત કરીએ તો, મારી દષ્ટિએ પૂજ્યશ્રીનું બહિરંગ - અંતરંગ જીવન પૂ. યુગદિવાકરશ્રી પ્રત્યેની ભક્તિના અખંડ ગંગાપ્રવાહ સમું હતું. એમાં એમની ગુરુભક્તિના દ્યોતક શિરમોર કાર્યો ત્રણ ગણી શકાયઃ એક, આ 'યુગદિવાકર' મહાગ્રન્થસહિત પૂ. યુગદિવાકરશ્રીના તમામ સાહિત્યનું સંપાદન. બે, પૂ. યુગદિવાકરશ્રીરચિત છ હજાર શ્લોકપ્રમાણ સંસ્કૃત સુમંગલામહાટીકાનો પૂજ્યશ્રી દ્વારા કરાયેલ દશ હજાર શ્લોકપ્રમાણ ગુર્જર ભાવાનુવાદ. અને ત્રણ, પૂ. યુગદિવાકરશ્રીની પુણ્યસ્મૃતિમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી ₹ ૩૮ ક્રોડના ખર્ચે સર્જાયેલ ધર્મધામ નાગેશ્વરપાર્શ્વનાથતીર્થ તથા પૂ. યુગદિવાકરશ્રીનાં પુણ્યનામથી અંકિત અન્ય અનેકાનેક સ્થાવર નિર્માણો. આ ત્રણે ય માં પૂ. યુગદિવાકરશ્રીનો તલસ્પર્શી જીવનપરિચય કરાવતું પુણ્યકાર્ય 'યુગદિવાકર' મહાગ્રન્થપ્રકાશન છે. માટે એ અપેક્ષાએ એને પૂજ્યશ્રીનાં જીવનનું શ્રેષ્ઠ ગુરુભક્તિકાર્ય ગણી શકાય. આપણે એ મહાગ્રન્થને અને પૂજ્યશ્રીની અનુપમ ગુરુભક્તિને વિનીત વંદન કરીએ...



## પ્રકરણ : ૪૧

# સિદ્ધક્ષેત્રમાં શાસનપ્રભાવના ...

ત્રિભુવનતાજ સૃષ્ટિશિરતાજ ભવજલધિજહાજ તારક તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિરાજ એટલે જૈનમાત્રનું સર્વોચ્ચ શ્રદ્ધાકેન્દ્ર-અનન્ય આસ્થાકેન્દ્ર. સ્વયં તીર્થંકરભગવંતો એની સ્પર્શનાએ પધાર્યા છે, ગણધર ભગવંતો કર્મનિર્જરાર્થે પધાર્યા છે, તો રાજા-મહારાજાઓ અહીં આવીને પ્રચંડ પુણ્યોપાર્જન કરી ચૂક્યા છે. આ પાવન તીર્થાધિરાજના સંસ્કૃત સ્તુતિપંચકમાં ઉપરોક્ત વિશેષતાઓને આવરી લેતો એક શ્લોક મેં આ રચ્યો છે કે :-

यत्रागता जिनवरा भविबोधनाय, यत्रागता गणधरा भवशोषणाय।
यत्रागता नृपवरा: सुकृतार्जनाय, तं तीर्थराजविमलाचलमानमामि।।

લાખો યાત્રિકો આ ગરવા ગિરિરાજ સમક્ષ ચોવિહાર છટ્ઠ કરીને સાત યાત્રા-૯૯ યાત્રા-દીર્ઘ તપશ્ચર્યાઓ-ક્રોધાદિ ત્યાગ વગેરે સંકલ્પો કરતા હોવાથી એ સંકલ્પતીર્થ છે, તો સાવ નાના-નાના બાળકોથી લઈને વયસ્કો-વૃદ્ધો સુધીના આરાધકો પોતાના કઠિન સંકલ્પ સાકાર કરવા કાજે કલ્પનાતીત દૃઢતા-મક્કમતા ધરાવતા હોવાથી આ મહાન તીર્થ એમના માટે સત્ત્વતીર્થ પણ છે; આ તીર્થ માટે કૈંક શ્રદ્ધાસંપન્ન-શક્તિસંપન્ન ભાવિકો લાખો-ક્રોડો ₹. નામ વિના સમર્પિત કરે છે તેમજ તન-મનની સર્વશક્તિ ગિરિરાજસેવામાં

સમર્પિત કરે છે માટે એ ગિરિરાજ સમર્પણતીર્થ છે, તો ચન્દ્રશેખરરાજા જેવા અનેક મહાપાપી જીવો પણ આ તીર્થનાં આલંબને પાપમુક્તિ-કર્મમુક્તિ વર્યા હોવાથી એ શુદ્ધિતીર્થ છે. અને... મોક્ષપદ-સિદ્ધિપદ ? એ તો આ ભૂમિના કાંકરે કાંકરે અનંતા આત્માઓ પામ્યા હોવાથી એ સિદ્ધિતીર્થ પણ છે.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીનાં મનમાં વિ.સં. ૨૦૬૦ના Brain Clotના Operation બાદ વારંવાર એ મનોરથ ઘુંટાતો હતો કે 'હવે એક ચાતુર્માસ તારક તીર્થાધિરાજની છાયામાં કરવું. આમ પણ પાલિતાણાની પુણ્યભૂમિમાં ચાતુર્માસ કર્યે સત્તાવીશ-સત્તાવીશ વર્ષો વહી ગયા છે. વળી હવે જીવનની પણ ઢળતી સંધ્યા છે. તો એક ચાતુર્માસ દયાળુ દાદા આદિનાથની અને ગિરિરાજની ભક્તિમાં કેમ ન સમર્પિત કરવું?' પૂજ્યશ્રીએ આ મનોરથ ભાયંદરના ઉપધાનતપ દરમ્યાન જણાવ્યો. મેં આ મનોરથને સમર્થન આપી જે કરવું એ હોય ત્વરિત કરવાની ભાવના વ્યક્ત કરતાં ઉપધાનતપ- માળારોપણ-આચાર્યપદપ્રદાનાદિ સમારોહમાં જ પાંત્રીશ હજાર ભાવિકોની વિરાટ મેદની વચ્ચે વિ.સં. ૨૦૬૧નું પૂજ્યશ્રીનું ચાતુર્માસ શ્રી સિદ્ધક્ષેત્ર-પાલિતાણામાં કરવાની જય બોલાવાઇ. સાથે જ આરાધકો માટે (૧) સામૂહિક ચાતુર્માસારાધના (૨) ઉપધાનતપ (૩) સામૂહિક નવાણું યાત્રા (૪) સાત યાત્રા સહ ચોવિહાર છટ્ઠનું સામૂહિક આયોજન અને (૫) અયોધ્યાપુરમ્ થી ગિરિરાજના પદયાત્રા સંઘનું આયોજન પણ જાહેર થયું. જો કે, આમાંના એક પણ આયોજન માટે કોઇ પૂર્વતૈયારી કરાઇ ન હતી. માત્ર ભાવુક જાહેરાત હતી. છતાં '**પુણ્યવંતને સિદ્ધિનો, ઇચ્છામાત્ર વિલંબ**' આ ઉક્તિ અનુસાર ચાતુર્માસઘોષણા થતાં જ પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવે દાતાઓ સામેથી આવવા માંડ્યા.

ઘોષણાના બે-ત્રણ દિવસમાં જ ભાયંદરના એક રાજસ્થાની ગુરુભક્ત હીરાચંદજી ચોવટિયાએ પૂજ્યશ્રી સમક્ષ વિનંતિ કરીઃ ''મારે વર્ષોથી પાલિતાણામાં સંપૂર્ણ ઉપધાનતપ કરાવવાના ભાવ છે. આપ પાલિતાણા પધારો છો, તો આ સંપૂર્ણ લાભ મને આપો. આપ મારાં આંગણે કાલે પગલાં કરો અને માતુશ્રીની હાજરીમાં ઉપધાનતપની જય બોલાય એ મારી તીવ્ર ભાવના છે.'' એમની વિનંતિ મુજબ એમને ઉપધાનતપનો સંપૂર્ણ લાભ અપાયો. આ ઉપરાંત આચાર્યપદપ્રદાન પ્રસંગે આવેલ ગુરુભક્તો પૈકી શ્રી મોહનલાલ સૂરચંદ શાહ પરિવાર તથા રથમંદિરનિર્માતા આર. ટી. શાહ પરિવારે ચાતુર્માસની સામૂહિક આરાધનાના મુખ્ય દાતા બનવાના લાભ લીધા. આ ચાતુર્માસ દોઢ માસનું નહિ, સંપૂર્ણ ચાર માસની સામૂહિક આરાધનાનું નિશ્ચિત કરાયું. એમાં ૪૫૦ થી ૫૦૦ આરાધકોને સ્થાન આપવાનો નિર્ણય કરાયો હતો. પરંતુ છેલ્લે ૫૫૫ આરાધકોને સ્થાન અપાયું. યુગદિવાકરસમુદાયમાં પાંચ-પાંચ આયોજનોસહિતના આ રીતના સામૂહિક ચાતુર્માસનો અવસર આ સર્વપ્રથમ હતો. એથી સિત્તેર સાધુ-સાધ્વીજીએ પણ આ ચાતુર્માસમાં ત્યાં પધારવાની ભાવના દર્શાવતા તે મુજબ આયોજન કરાયું અને આ સંબંધી સર્વ વ્યવસ્થા માટે 'સિદ્ધક્ષેત્ર ચાતુર્માસ આરાધનાસમિતિ'ની રચના કરાઇ. આમ, ઉપધાનતપ પછીના અલ્પ સમયમાં પાલિતાણાની તમામ આરાધનાઓના સામૂહિક આયોજનોની સર્વ વ્યવસ્થા સહજપણે થઇ ગઇ.

ભાયંદરથી પોષ વદિ દશમે વિહાર કરી પૂજ્યશ્રી પીયૂષપાણિતીર્થે પધારતા પાંચસોથી વધુ ભાવિકો ચાતુર્માસવળામણાં માટે વિહાર કરીને સાથે આવ્યા. ત્યાં પ્રવચન-હિતશિક્ષા બાદ સૌની નવકારશીભક્તિ થઇ. તે પછીના દિવસોમાં પૂજ્યશ્રી મુંબઇના વિવિધ સંઘોમાં વિચર્યા અને પાલિતાણા વિહાર પૂર્વે પાયધુનીના ગોડીજીદાદાની-વાલકેશ્વરના પ્રાચીન આદિનાથદાદાની-ચેમ્બુર તીર્થના આદિનાથદાદાની અને ગુરુદેવના સમાધિમંદિરની યાત્રા કરી. એ દરમ્યાન વિવિધ મહોત્સવો-મુલુંડમાં 'ધર્મ' આરાધના ભવનનો નામકરણસમારોહ-નૂતન સાધ્વીજીની વડીદીક્ષાદિ થયા. તેમાં વિશેષ ઉલ્લેખનીય બાબત બની વસઇરોડ જૈન સંઘની. ત્યાં સામૂહિક પાંચસો આયંબિલનો પૂર્ણાહુતિમહોત્સવ હતો. ફાગણ વદિ સાતમે પૂજ્યશ્રી એ સંઘમાં પધારતાં તપસ્વીઓમાં ઉલ્લાસનાં મોજાં પ્રસર્યા. આયંબિલનો સામૂહિક પ્રસંગ હતો. એથી અવસર નિહાળી પૂજ્યશ્રીએ કાયમી આયંબિલખાતાની સ્થાપનાની પ્રેરણા કરતાં સંઘે એ વધાવી લીધી. એક જ પ્રવચનમાં મુખ્ય દાતા વગેરે યોજનાના લાભો અપાઇ ગયા, તો સવા બસોથી વધુ કાયમી તિથિ નોંધાઇ ગઇ. સંઘમાં સામૂહિક પાંચસો આયંબિલ સમાપન નિમિત્તે આ રીતે કાયમી આયંબિલખાતાની ઉપલબ્ધિ થઇ.

ત્યાંથી પૂજ્યશ્રી ચૈત્રી ઓળીની આરાધનાર્થે ભાયંદર-બાવનજિનાલયતીર્થે પધાર્યા. અહીં ૪૫૦ થી અધિક સંખ્યામાં સામૂહિક ઓળી અને તે ઉપરાંત હજારો છૂટક આયંબિલ થનાર હતા એ કારણ તો હતું જ. ઉપરાંત અન્ય મહત્ત્વનું કારણ હતું પૂજ્યશ્રીની પ્રેરણાથી નિર્માણ પામી રહેલ ભવ્ય નૂતન 'ધર્મ' આરાધના ભવનના ફંડનું. ગુરુદેવના જન્મ- શતાબ્દીના આરંભે પૂજ્યશ્રીની પ્રેરણાથી જે આલીશાન ઉપાશ્રયનું નિર્માણ આરંભાયું હતું એનું કાર્ય પૂરા ગત ચાતુર્માસ દરમ્યાન આગળ-આગળ જારી હતું. હવે મહદંશ કાર્ય પૂર્ણ થવા આવ્યું હતું એથી આદેશો આપવા જરૂરી હતા. શાશ્વતી ઓળીની આરાધનાર્થે પધાર્યા બાદ પૂજ્યશ્રીએ એ કાર્ય હાથમાં લીધું. એમણે સંઘપ્રમુખ શશીકાંતભાઇ સીરોયાને જ પ્રેરણા કરી કે ''શાસ્ત્રોમાં સાત સુપાત્ર ક્ષેત્રો પૈકી સર્વોચ્ચ સ્થાને ભલે જિનમૂર્તિ-જિનમંદિર હોય, પરંતુ એક અપેક્ષાએ વિચારીએ તો આરાધનાભવનનું મહત્ત્વ પણ ખૂબ જ છે. એમાં સાધુભગવંતોની સ્થિરતા હોય એટલે સંયમીની ભક્તિનો લાભ મળે, તો પ્રવચનોનાં માધ્યમે સકલ સંઘની આરાધનામાં નિમિત્ત બનવાનો લાભ મળે. આ ઉપરાંત હજારો-લાખો સામાયિક-પ્રતિક્રમણ-પૌષધાદિની આરાધના ત્યાં થાય એનો લાભ અલગ. ભાયંદરના સંઘની જનસંખ્યા અતિ વિપુલ છે અને એક જ પરિસરમાં બાવનજિનાલયની સાવ નિકટ એકમાત્ર સોપાન

ચડતા મળી જતું આ વિરાટ આરાધનાભવન છે. એથી અહીં શુભ ધર્મકરણી એટલી વિપુલ થશે કે જેનાં કોઇ લેખાં-જોખાં ન થાય. આવી સુવર્ણતક તો ભૂલમાં ય ન ચુકાય.'' સાવ સહજતાથી થયેલ આ પ્રેરણા શશીકાંતભાઇએ તુર્ત ઝીલી લીધી અને તેઓ મુખ્ય લાભાર્થી બન્યા. અન્ય આદેશો તેમજ રત્નસ્તંભ-સુવર્ણસ્તંભની યોજના દ્વારા ભાયંદર જેવા મધ્યમવર્ગીય વિસ્તારમાં શેષકાળમાં ₹. નેવું લાખનું ફંડ તે સમયે આરાધના-ભવન માટે થઇ ગયું જે પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવનું જ પરિણામ હતું. સ્વયં શશીકાંતભાઇ પછીથી અલગ અલગ અવસરે ચાર-પાંચ વાર બોલ્યા હતા કે ''સાહેબજીએ મને ક્રોડો ₹.માં ન મળે એવો લાભ અપાવી દીધો.''

ઓળી બાદ પૂજ્યશ્રી સપરિવાર પધાર્યા ચેમ્બુરતીર્થે. ત્યાં પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં સ્થાપનાશત્રુંજયતીર્થનો શાનદાર અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો. પૂ.પં. શ્રી જયશેખરવિજયજીગણિપ્રેરિત આ સ્થાપનાતીર્થનો અંજન-પ્રતિષ્ઠાપ્રસંગ પૂજ્યશ્રીના અવસરોચિત પ્રવચનો-પ્રણિધાનયુક્તક્રિયાકલાપો-પ્રભાવક નિશ્રા વગેરેથી જાજરમાન રહ્યો. વૈશાખ શુદિ છઠની રાત્રિએ પૂજ્યશ્રીના વરદ હસ્તે સર્વ જિનબિંબોનું અંજનવિધાન અને સાતમે સવારે ભવ્ય પ્રતિષ્ઠાવિધાન થયું. આ પ્રતિષ્ઠાના બરાબર નવમા દિવસે પૂજ્યશ્રીના પાલિતાણાચાતુર્માસની સુદીર્ઘ વિહારયાત્રાનો પ્રારંભ થવાનો હતોઃ જાણે કે પૂજ્યશ્રીના સિદ્ધગિરિરાજના ચાતુર્માસના મંગલરૂપે આ સ્થાપનાસિદ્ધગિરિરાજની અંજન-પ્રતિષ્ઠાનો પ્રસંગ યોજાયો ન હોય!! તે પછી પૂજ્યશ્રી વૈશાખ શુદિ અગિયારશે ભાયંદરમાં બાવનજિનાલયતીર્થની સાલગિરિપ્રસંગે પધાર્યા. ત્યાં પ્રબળ ઉલ્લાસપૂર્વક એક સાથે ચોસઠ નૂતન ધ્વજાનું આરોહણ સેંકડો ભાવિકોની ઉપસ્થિતિમાં લાભાર્થી પુણ્યવાનોએ કર્યું. તે જ દિવસે નૂતન 'ધર્મ' આરાધનાભવનનું વાસ્તુ-કળશસ્થાપનાવિધાન પૂજ્યશ્રીની નિશ્રામાં થયું. ત્યાંથી કાંદિવલી-પશ્ચિમના મુનિસુવ્રતસ્વામીચતુર્વિંશતિજિનાલયનો સાલગિરિ-મહોત્સવ વૈશાખ શુદિ પૂનમે સંપન્ન કરાવીને પૂજ્યશ્રીએ વિશાલ શ્રમણ-શ્રમણીવૃંદ સાથે શ્રી સિદ્ધગિરિરાજની છાયામાં ચાતુર્માસાર્થે દીર્ઘ વિહારયાત્રાનો વૈશાખ વદિ બીજે પ્રારંભ કર્યો.

વૈશાખ-જેઠ માસની ધોમધખતી ગરમીમાં નિત્ય સત્તર-અઢાર-વીશ તો ક્યારેક બાવીશ-ત્રેવીશ કિલોમીટરના વિહારો શરૂ થયા. શ્રમણજીવનની કઠિન આચારસંહિતા શી ચીજ છે આ વિહારોમાં અનુભવાતું હતું. ગ્રીષ્મકાળ એટલે સૂર્ય વહેલો ગરમી વરસાવવા માંડે, તો ઉકાળેલ પાણી મોડે સુધી ઠરે નહિ. ક્યાંક વસતિ અનુકૂળ ન હોય, તો ક્યાંક ગોચરી અનુકૂળ ન હોય. આમ છતાં સહુ સંયમી ભગવંતો પ્રસન્નતાથી આ કષ્ટો સહન કરતા હતા. પૂજ્યશ્રીનો પુણ્યપ્રભાવ એવો કે માત્ર ૪૫ દિવસમાં મુંબઇથી પાલિતાણાનો ઉગ્ર વિહાર અને ૨૯ શ્રમણ-શ્રમણી ભગવંતો હોવા છતાં એકને પણ તાવ યા અન્ય કોઇ પીડા ન આવી. આ વિહારયાત્રાના બે-એક પ્રસંગો ઉલ્લેખનીય છેઃ

સમય અત્યલ્પ હતો. એથી પહેલાં વડોદરા-ડભોઇ જતાં કરીને Short cut થી પાલિતાણા જવાનો વિચાર કરાયો હતો. પરંતુ ડભોઇનો સંઘ વિહારમાર્ગમાં પ્રારંભે જ ભારપૂર્વક વિનંતિ કરવા આવી ગયો કે ''ભલે ૭૦ કિ.મી. વધે, પણ આપે ડભોઇ આવવું જ પડશે. ખાસ તો આ. રાજરત્નસૂરિજી આચાર્યપદાર્પણ બાદ પ્રથમ વાર જ જન્મભૂમિમાં પધારે તેવો આ યોગ છે, માટે એ જતો નહિ જ કરાય.'' પૂજ્યશ્રીએ સંઘનો પ્રેમાળ આગ્રહ સ્વીકાર્યો અને વિહારક્ષેત્ર લંબાવીને પણ તેઓ વડોદરા-ડભોઇ પધાર્યા. વડોદરામાં એક જ દિવસે ત્રણ સંઘોમાં સામૈયાં તથા પ્રવચનો ફરમાવ્યા. તો ડભોઇતીર્થે પધાર્યા ત્યારે અચાનક જ અયોધ્યાપુરમ્તીર્થપ્રણેતા પૂ. આ. શ્રી જિનચન્દ્ર-હેમચન્દ્રસાગરસૂરિજી મ. સપરિવારનું મિલન થયું. સામૈયામાં-પ્રવચનમાં તેઓ સાથે જ હતા. સામૈયાંનો અને સંઘસાધર્મિકવાત્સલ્યનો લાભ સંઘપ્રમુખ મફતભાઇ કંસારાએ લીધો હતો. એક જ દિવસની સ્થિરતા, છતાં સામૈયાંની જે તૈયારીઓ અને માનવમેદનીની જે વિપુલતા હતી એ સંઘની ભક્તિભાવનાની પ્રબળ પરિચાયક હતી. હકડેઠઠ પ્રવચનસભાના પ્રારંભે સંઘની બહેનોએ મધુર લયમાં 'ચંદન છે માટી મારા ગામની.. ખુશબૂ ફેલાવે જિનશાસનની...'ગીત લેતાં સહુ ડોલી ઊઠ્યા હતા. ખુદ આંગતુક આચાર્યદેવોએ પ્રભાવિત થઇ મને કહ્યુંઃ ''આ ગીતમાં ગામના લોકોનો તમારા ગુરુજી પ્રત્યેનો ભક્તિભાવ છલકાય છે...'' બીજો પ્રસંગ છે ધંધૂકાનો. સવારે ધંધૂકા પહોંચ્યા પછી વરસાદની જે હેલિ વરસી એ એવી પ્રચંડ હતી કે સળંગ ત્રણ દિવસ ત્યાં જ ફરજિયાત રહેવું પડ્યું. ઠેઠ ચોથા દિવસે વિહાર થયો. જો કે, અમારી પાસે Extra દિવસો છ-સાત હતા. પરંતુ આગળ જતાં આવી હેલિ વરસે અને સ્થિરતા કરવી જ પડે ત્યારે એ ખપમાં આવે એમ સમજીને એ દિવસના ઠંડા વાતાવરણમાં ઉત્સાહમાં ને ઉત્સાહમાં અમે એક દિવસમાં ૩૭ કિ.મી. ચાલીને સાંજ સુધીમાં પાણવી પહોંચી ગયા!! ત્રણ વારનો એ વિહાર યાદગાર બની ગયો...

આષાઢી બીજના મંગલ મુહૂર્તે પૂજ્યશ્રીનો પાલિતાણામાં નગરપ્રવેશ થયો. ગામમાં સંઘના ઉપાશ્રયે પ્રવચન ફરમાવી ત્યાંથી ભવ્ય સામૈયાં સાથે પૂજ્યશ્રી સાહિત્યમંદિર પધાર્યા. ત્યાં પર્યાયસ્થવિર પૂ.પં. શ્રી વાચસ્પતિવિજયજી ગણિનું મિલન-પ્રવચનાદિ થયા. સમુદાયનું આ પુરાતન સ્થાન હતું. એથી સમુદાયભાવનાપરસ્ત પૂજ્યશ્રીએ પ્રારંભિક દશ દિવસની સ્થિરતા સાહિત્ય મંદિરમાં કરી. ત્યાંથી જ પૂજ્યશ્રીએ સપરિવાર સિદ્ધગિરિરાજની પ્રથમ યાત્રા કરી. બાર-બાર વર્ષો બાદ ગિરિરાજની સ્પર્શનાનો-યાત્રાનો અને દાદા આદિનાથની ભક્તિનો અવસર ઉપસ્થિત થયો હતો. ખૂબ

ભાવુકતાસભર-આર્દ્ર હૈયે નિરાંતપૂર્વક પૂજ્યશ્રીએ એ પ્રથમ યાત્રા કરી. પૂજ્યપાદ પરમ ગુરુદેવ આ.ભ.શ્રી મોહનસૂરીશ્વરજી મ. દ્વારા રચિત પ્રાંજલ સ્તવના 'સિદ્ધગિરિમંડન ! ઈશ ! સુણો મુજ વિનતિ...' દાદાના દરબારમાં ગવાઈ. એમાં જ્યારે આ કડી આવી કે :-

'ભવઅટવીસત્થવાહ કર્મ કરીકેસરી,
જન્મ-જરા-મૃત્યુ-રોગચ્છેદ ધન્વંતરી;
જ્ઞાનરયણરયણાયર ગુણમણિભૂધરા,
રાગ-દ્વેષ-કષાય જીતી થયા જિનવરા...'

ત્યારે પૂજ્યશ્રીનાં અંતરની ઊર્મિઓ-સ્પંદનો અશ્રુરૂપે બહાર આવ્યા. વર્ષો બાદ પ્રાપ્ત થયેલ શત્રુંજયતીર્થેશ્વરના યોગનું આ પરિણામ હતું. એ પછી ત્રણેક વાર પૂજ્યશ્રી ગિરિરાજયાત્રાએ પધાર્યા, જ્યારે અમે સહુ શ્રમણોએ દશે ય દિવસ સાહિત્યમંદિરેથી સિદ્ધગિરિરાજની યાત્રાઓ કરી.

અને... આવ્યો આષાઢી બારશનો સપરમો શુભ દિવસ. તમામ પાંચસો પંચાવન યાત્રિકો અગિયારશની રાત્રિ સુધીમાં પાલિતાણા આવી પહોંચ્યા હતા. ખીવાંદીભવન તથા યતીન્દ્ર-ભવનની ધર્મશાળામાં સહુની આવાસવ્યવસ્થા સુચારુ થઇ ગઇ હતી. બારશની સવારે ૮.૩૦ ક. એ તમામ આરાધકો તેમજ અનેક સંઘોના અગ્રણીઓ-ગુરુભક્તો સજ્જ થઇને પૂજ્યશ્રીનો ચાતુર્માસપ્રવેશ કરાવવા સાહિત્યમંદિરે આવી પહોંચ્યા. શુભ શુકનો-ગહુંલીઓ અને બેન્ડની સુમધુર સૂરાવલિઓ વચ્ચે યાદગાર સ્વાગતયાત્રાનો પ્રારંભ થયો. શ્રેણિબદ્ધ સુશોભિત વાહનો-અનેકાનેક વિશેષતાઓ અને સાફાસજ્જ મહાજનોથી શોભતી એ સ્વાગતયાત્રાએ સર્વપ્રથમ પ્રસ્થાન કર્યું જયતળેટી તરફ. ત્યાં સામૂહિક ચૈત્યવંદના-ધૂન-સોના રૂપાનાં ફુલોથી ગિરિરાજ-વધામણાં બાદ ક્રમશઃ પૂજ્યશ્રીનું આગમન ખીવાંદીભવનધર્મશાળામાં થયું. વચ્ચેના વિરાટ પરિસરમાં તૈયાર કરાયેલ ધર્મપ્રતાપનગરમંડપમાં પૂજ્યશ્રી પધાર્યા ત્યારે મંડપ સંપૂર્ણ ખીચોખીચ થઇ જવા ઉપરાંત બહાર પણ ભાવિકોની ભીડ હતી. સંગીતકાર નીલેશ રાણાવતે પૂજ્યશ્રીનાં પાવન પદાર્પણની ક્ષણે આ પંક્તિઓ ઉચ્ચારી કેઃ-

'આપનાં આગમનની બધે ખબર થઇ ગઇ છે,
ફુલોની ય નજરો નીચી થઇ ગઇ છે;
શબ્દો આ સ્વાગતના 'પધારો પધારો',
લખ્યા છે જિગરની કમાને કમાને...'

ચોતરફ ઉલ્લાસનો માહોલ હતો. પૂજ્યશ્રીનું ચાતુર્માસ હોવાથી મુંબઇના અનેક આરાધકો-અગ્રણીઓ ચારે માસ આરાધનાર્થે પાલિતાણા આવ્યા હતા. એથી પ્રવચનથી લઇને તપસ્યા-દાન વગેરે સર્વ ક્ષેત્રે વાતાવરણ એકદમ Response ભર્યું બની રહેતું. પ્રથમ પ્રવચનમાં પૂજ્યશ્રીએ 'सकारा: पञ्च दुर्लभा:' કહીને (૧) સત્કુલજન્મ (૨) સદ્ધર્મ (૩) સંઘ (૪) સિદ્ધક્ષેત્ર અને (૫) સમાધિઃ આ પાંચ સ્ ઉત્તરોત્તર દુર્લભ હોવાનું ફરમાવ્યું. સાથે જ શત્રુંજય- ગિરિરાજ અંગે વિશેષ પ્રકાશ પાથર્યો. સંગીતકારની ભાવુક સંગીતસૂરાવલિ વચ્ચે ચાતુર્માસિક પ્રવચનગ્રન્થોની-ગુરુપૂજનની-કામળઅર્પણની ભવ્ય ઉછામણીઓ થઇ. પ્રવેશદિને જીવદયાકાર્યરૂપે પંખીચણની તિથિયોજના રજૂ થતાં તુર્ત જ બસોથી વધુ તિથિઓનાં દાન ભાવિકો તરફથી આવી ગયા. આ રીતે સામૂહિક ચાતુર્માસારાધનાનો ઝમકદાર પ્રારંભ થયો. ચાતુર્માસમાં શ્રી સિદ્ધગિરિરાજની યાત્રા ન કરવાની સુવિહિત પરંપરા હોવાથી તેરશ અને ચૌદશના દિવસે સૌ આરાધકોએ યાત્રા કરી, તો ઘણાએ ચાતુર્માસિક ચૌદશનો અહોરાત્ર પૌષધ કર્યો.

આષાઢી પૂર્ણિમાથી નિયમિત આરાધનાઓ શરૂ થઇ. પાલિતાણામાં એક પદ્ધતિ છે કે જેટલા સામૂહિક ચાતુર્માસો હોય તેના આયોજકો પ્રતિદિન પ્રભાતે વાજતે-ગાજતે સાજસામગ્રી સાથે સામૂહિકપણે જયતળેટીની ભક્તિ કરે. પેઢી તરફથી સૌને સમયની ફાળવણી થાય. એ વર્ષે સર્વપ્રથમ ભક્તિનો સમય પૂજ્યશ્રીના નિશ્રાવર્તી ચાતુર્માસારાધકોને ફાળવાયો હતો. સર્વપ્રથમ સામૂહિક રાઇ-પ્રતિક્રમણ બાદ વહેલી પ્રભાતે બેન્ડવાજાં-બગીઓ વગેરે સાથે સમૂહમાં સાડા પાંચસો આરાધકો અને સુવિશાલ શ્રમણ-શ્રમણીવૃંદ જયતળેટીની સ્પર્શનાએ સંચરે એ દૃશ્ય જ તન-મન-નયનને પાવન કરી દે તેવું હતું. તળેટીએ અર્ધા કલાકની સમૂહભક્તિ બાદ પાછા વળતા રાજમાર્ગ પરના અલગ અલગ જિનાલયે નિત્ય ભક્તિ કરાતી. તે પછી ગૃહસ્થવર્ગ પૂજા વગેરે કરે, જ્યારે શ્રમણ-શ્રમણી વર્ગમાં યોગોદ્વહનની ક્રિયા થતી. આષાઢ વદિ બીજથી આરંભાયેલ વિવિધ આગમસૂત્રોના યોગમાં સ્વ-પર સમુદાયના ત્રીશ શ્રમણ-શ્રમણી ભગવંતો સામેલ થયા અને આ યોગ ઠેઠ કાર્તિકમાસ સુધી જારી રહ્યા. સવારે ૯.૩૦ થી ૧૧ ધર્મસંગ્રહ ગ્રન્થ પર મારાં પ્રવચનો થતાં, તો બપોરે ૨.૩૦ થી ૪.૦૦ શત્રુંજય-માહાત્મ્યગ્રન્થ પર પૂજ્યશ્રીનાં પ્રવચનો થતાં. સમગ્ર ચાતુર્માસમાં આ રીતે બે સમયનાં પ્રવચનો રહ્યા. આ ઉપરાંત ભાઇઓમાં રાત્રે 'અમૃતવેલની સજ્ઝાય' આધારિત મુનિશ્રી રશ્મિરત્નવિજયજીનાં પ્રવચનો અલગ. સાંજે સામૂહિક દૈવસિક પ્રતિક્રમણ બાદ ૯.૩૦ સુધી માહોલ ગાજતો રહેતો. પ્રતિ રવિવારે સવારે મુંબઇના અલગ અલગ ખ્યાતનામ સંગીતકારો દ્વારા એકથી એક ચડિયાતા ભવ્ય સ્ટેજ કાર્યક્રમો યોજાતા, તો રવિવારે બપોરે 'રામાયણનાં પ્રેરક પાત્રો' પર રસપ્રદ પ્રવચનો યોજાતા. આ ઉપરાંત સાંજે સંગીતમય ભક્તિસંધ્યા યોજાતી.

પૂજ્યશ્રીની પ્રભાવક પ્રવચનધારાથી આરાધનાનો માહોલ કેવો અદ્ભુત સર્જાયો તેની કેટલીક ઝલકો નિહાળીએઃ (૧) ૪૦ વર્ષના એક આરાધકે સંપૂર્ણ ચાતુર્માસમાં કુલ

ત્રણ જોડથી વધુ વસ્ત્ર ન વાપરવાનો નિયમ લીધો અને વસ્ત્ર પણ સપ્તાહમાં એક જ વાર ધોવાનો નિર્ણય લીધો. (૨) અન્ય ઘણા આરાધકોએ આ ચાતુર્માસમાં Haircutting યા Clean-shave ન કરાવતાં દાઢી-મૂછનો લોચ કરાવવાનો નિર્ણય લીધો. (૩) એક આરાધકે ચારે ય માસ સળંગ પૌષધવ્રત સ્વીકારી જાણે કે ચાર માસ શ્રમણજીવન અપનાવ્યું (૪) રોજની પચાસ ઉપરાંત વાનગી આરાધકોની ભક્તિ માટે બનતી હોવા છતાં કેટલા ય આરાધકોએ સંપૂર્ણ ચાતુર્માસ ક્રમશઃ પાંચ-છ અને સાત દ્રવ્ય જ વાપરવાની જાહેરમાં પ્રતિજ્ઞા સ્વીકારી... તપશ્ચર્યાની વાત કરીએ તો આરાધકોમાં વિશાલ સંખ્યામાં સામૂહિક શત્રુંજયતપ તેમજ સામૂહિક સમેતશિખરતપ યોજાયા. વ્યક્તિગત મોટી તપશ્ચર્યામાં પાલિતાણામાં એ વર્ષે સૌથી મોટી તપસ્યા ૫૧ ઉપવાસની હતી અને તે પૂજ્યશ્રીની નિશ્રામાં સા. શ્રી વિશ્વરમ્યાશ્રીજીએ તથા ડભોઇના એક યુવા આરાધકે કરી. તો આઠ સાધ્વીજી ભગવંતો સહિત અગિયાર ભાવિકોએ માસક્ષમણ તપ કર્યો!! આ ઉપરાંત મુનિ શ્રી રશ્મિરત્નવિજયજી -આગમરત્નવિજયજી-હિતરત્નવિજયજીએ સોળ ઉપવાસની આરાધના કરી, તો મુનિશ્રી ધર્મરત્નવિજયજી-બાલમુનિ શ્રી અક્ષયરત્નવિજયજીએ અગિયાર ઉપવાસની તપસ્યા કરી. આમાં મુનિ શ્રી આગમરત્નવિજયજીએ મહાનિશીથસૂત્રના સળંગ બાવન આયંબિલના યોગમાં અંતે સોળ ઉપવાસ કર્યા હતા, તો મુનિ શ્રી હિતરત્નવિજયજીએ સળંગ ચતુર્થ વર્ષીતપમાં સોળ ઉપવાસ કર્યા. આ ઉપરાંત છ સાધ્વીજી ભગવંતોએ પંદર વગેરે ઉપવાસ કર્યા. આ રીતે દીર્ઘ તપસ્યાઓની તો જાણે એ ચાતુર્માસમાં પરંપરા સર્જાઇ હતી. અલગ અલગ ત્રણ વાર આ તપશ્ચર્યાના અષ્ટાહ્નિક મહોત્સવો-શાનદાર વરઘોડાદિ યોજાયા.

સાર્વત્રિક આયોજનોનો વિચાર કરીએ તો તે વર્ષે પાલિતાણામાં ચાતુર્માસ માટે ૨૧ પૂ. આચાર્યદેવો વિરાજમાન હતા. એકતિથિપક્ષ-બેતિથિપક્ષ કે અન્ય ગચ્છના એ તમામ પૂજ્યોની સંયુક્ત નિશ્રામાં બે મહાસભાઓ થઇ. તેમાં એક મહાસભા હતી શ્રી સમેતશિખરજીતીર્થરક્ષાર્થે અટ્ઠમનાં પારણે અટ્ઠમનો સળંગ સિલસિલો સર્જનાર તપસ્વિની દર્શનાબહેનના ૧૦૦૮ અટ્ઠમતપની અનુમોદનાની. આ મહાસભા પૂર્વે સર્વ પૂજ્યોના સામૈયાંનો પ્રારંભ ખીવાંદીભવનથી કરાયો, તો મહાસભાનાં સુરેખ આયોજનમાં ય પૂજ્યશ્રી દ્વારા બહુમૂલ્ય માર્ગદર્શન મળ્યું હતું. આવી જ બીજી સંયુક્ત મહાસભા 'અહિંસા' અંગે પારણાભવનમાં યોજાઇ. ગુજરાતમાં પર્યુષણામહાપર્વમાં જે રાજ્યવ્યાપી કતલખાનાબંધી હતી તેની સામે HighCourt નો વિપરીત ચુકાદો આવતા આ મહાસભા યોજાઇ હતી. પાલિતાણામાં તે વર્ષે ચાતુર્માસસ્થિત સર્વ પૂ. આચાર્યાદિ શ્રમણભગવંતોએ આવાં સંયુક્ત શાસનકાર્યો અંગે અખબારી માહિતી-પ્રચારાદિ કાર્ય અધિકૃત રીતે મને સુપરત કર્યું હતું. આ બધી બાબતો એ દર્શાવે છે કે પૂજ્યશ્રીની ભૂમિકા ત્યાંના સંયુક્ત શાસનકાર્યોમાં કેવી પ્રભાવક હતી. એવામાં આવ્યો શ્રાવણ શુદિ-૧૧નો દિન.

શ્રાવણ શુદિ-૧૧ એટલે પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનો પાવન જન્મદિન. સવારે ૬.૩૦ ક. ચતુર્વિધ સંઘની વિશાલ ઉપસ્થિતિ વચ્ચે સાહિત્યમંદિરના પૃષ્ઠભાગસ્થિત પૂ. યુગદિવાકરશ્રીના ગુરુમંદિરની યાત્રા-સ્પર્શના-ભક્તિ થઇ. ત્યાં સ્થિત પૂ.પં. શ્રી વાચસ્પતિવિજયજી મ. પણ તેમાં પધાર્યા. તે પછી ૯.૦૦ ક. ખીંવાદીભવનના વિરાટ પ્રવચનમંડપમાં પાલિતાણાના એકતિથિપક્ષના સર્વ આચાર્યભગવંતોની અને ત્રણ હજારથી વધુ ભાવિકોની ઉપસ્થિતિમાં યુગદિવાકરશ્રીની ગુણાનુવાદસભા યોજાઇ. પૂ.આ.ભ. શ્રી કનકરત્નસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં આયોજિત આ મહાસભામાં અત્યંત સમયબદ્ધ રીતે દરેક સમુદાયના ગુરુભગવંતોએ ગુણાનુવાદ કર્યા. સંગીતમય ગુરુભક્તિગીતો-સંચાલનની ક્ષણોમાં ય ગુરુગૌરવકીર્તન આદિ દ્વારા એ મહાસભા યાદગાર બની ગઇ. ગુરુદેવના જન્મદિન નિમિત્તે શત્રુંજયHospital-વૈયાવચ્ચધામ-બાલાશ્રમ-શ્રાવિકાશ્રમ-ગુરુકુલઃ આ પાંચ પાલિતાણાની સેવાસંસ્થાઓને સુંદર દાન અપાયું, તો સાધર્મિકોની વિશિષ્ટ ભક્તિ જીવનોપયોગી સામગ્રીઓનાં વિતરણ દ્વારા થઇ.

હવે આવી પર્યુષણામહાપર્વની સવારી. પર્યુષણામહાપર્વની આરાધના પૂજ્યશ્રીની નિશ્રામાં કરવા અનેક ગામોના ભાવિકો પાલિતાણામાં આવ્યા હતા. એથી પર્યુષણામાં આરાધકોની ભરતી ઓર વધી. પ્રથમ દિવસથી જ પર્યુષણામાં પણ સવાર-બપોરનાં પ્રવચનો થયાં, તો સાધુ-સાધ્વીજી સહિત ગૃહસ્થવર્ગની માસક્ષમણ-૫૧ ઉપવાસાદિ મોટી તપસ્યાનો અંતિમ તબક્કો હોવાથી તપનું વાતાવરણ પણ જોરદાર રહ્યું. ઉછામણીઓએ પણ રંગ જમાવ્યો, તો સંવત્સરીમહાપર્વદિને મુનિ શ્રી ધર્મરત્નવિજયજીએ પ્રતનું એક Page પણ હાથમાં રાખ્યા વિના અસ્ખલિત ગતિએ કોઈ જ ક્ષતિ વિના બારસાસૂત્રનું મુખપાઠ શ્રવણ કરાવતાં સમગ્ર સભા અહોભાવમંડિત બની ગઇ. ભાદરવા શુદિ નોમે ચૌદ ચૌદ લોકકલાકાર મંડળીઓ-વિવિધ બેન્ડો-૪૫ આગમસ્થાપના-ગજરાજ વગેરે યુક્ત વિરાટ રથયાત્રા વરઘોડો યોજાયો, તો ભાદરવા શુદિ ચૌદશથી સળંગ અગિયાર દિવસ નિત્ય સવારે ત્રણ-સાડા ત્રણ કલાક વાજતે-ગાજતે સમસ્ત પાલિતાણાના જિનાલયોની ચૈત્યપરિપાટી યોજાઇ. સામાન્યપણે પાલિતાણા જતા યાત્રિકો ગિરિરાજની યાત્રા કરીને અને વધુમાં વધુ તળેટીમાર્ગ પરના મુખ્ય મુખ્ય જિનાલયનાં દર્શન કરીને વિદાય થતા હોય છે. આ સમસ્ત પાલિતાણાની ચૈત્યપરિપાટીમાં આરાધકોને સંખ્યાબંધ જિનાલયોના પ્રથમવાર જ દર્શન થયાં.

પૂ. યુગદિવાકરશ્રીએ આચાર્યપદારોહણસમયે બે પીઠિકા કરી એ પછીના લગભગ પંચાવન વર્ષના સમયમાં કોઇ ને કોઇ કારણસર સમુદાયમાં સૂરિમન્ત્રપીઠિકાસાધના થઇ ન હતી. આથી પૂજ્યશ્રીએ આ ચાતુર્માસમાં મને ખાસ પ્રેરણા કરી કે ''તારી વય નાની છે.





# જંગલમાં મંગલ... શૂન્યમાંથી સર્જન















મુંબઇ-અમદાવાદ નેશનલ હાઇવે પરનાં તીર્થોમાં સૌથી ઉત્તુંગ-વિરાટ મૂલનાયક પ્રભુ ધરાવતું ધર્મધામ-નાગેશ્વરપાર્શ્વનાથતીર્થ એટલે પૂજ્યશ્રીનું માનસ સ્વપ્ન. સાવ અનાયાસે જાણે સામેથી આવેલ આ તીર્થનું નિર્માણ પણ એવું જ અનાયાસે-વિના મહેનતે પરિપૂર્ણ થયું. એના અંજન શલાકા-પ્રતિષ્ઠા મહામહોત્સવમાં ઊમટેલ આ માનવમહેરામણ જોતાં જરાય ન લાગે કે આ કોઇ જંગલમાં ઉજવાતો મહોત્સવ છે. જંગલમાં મંગલ અને શૂન્યમાંથી સર્જન એ પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવનો ચમત્કાર હતો.



જંગલમાં મંગલ...
શૂન્યમાંથી સર્જન











તારે બને એટલી ત્વરિત સૂરિમન્ત્રની પાંચે ય પીઠિકાની સાધના કરી લેવી જોઇએ.'' મેં પૂજ્યશ્રીની આ પ્રેરણાનો તત્કાલ અમલ કરવાનો નિર્ણય કર્યો કે 'પીઠિકાસાધના માટે સિદ્ધગિરિરાજની છાયા જેવું શ્રેષ્ઠ સ્થાન અન્ય ક્યાં મળવાનું છે? માટે અહીંથી જ પ્રારંભ કરી દેવો.' જો કે, મારે એક મર્યાદા હતી કે પૂજ્યશ્રીહસ્તકનાં દરેક શાસનકાર્યોમાં-પ્રવચનોમાં-વિહારાદિમાં સતત જોડાયા રહેવાનું હતું. એથી એમાં વચ્ચે જે સમયમાં સંપૂર્ણ નિવૃત્તિ લેવાય તેમાં જ પીઠિકા શક્ય હતી. જેમ કે પાલિતાણામાં દશેરાથી મારે ખીમઇબાઇ ધર્મશાળામાં સામૂહિક ઉપધાનતપની પ્રવચનાદિથી લઇ તમામ જવાબદારી સંભાળવાની હતી, જ્યારે પૂજ્યશ્રી ખીવાંદીભવનમાં શેષ ચાતુર્માસની સંપૂર્ણ પ્રવચનાદિ કાર્યવાહી સંભાળવાના હતા. એથી માત્ર પ્રથમ પીઠિકાસાધના જ શક્ય બને તેમ હતી.

ભાદ્ર. શુદિ. ચૌદશે પૂજ્યશ્રીની હાર્દિક શુભાશિષ ગ્રહણ કરવાપૂર્વક પૂજ્યશ્રીની નિશ્રામાં મારો પીઠિકાપ્રવેશ થયો. રોજની સાત કલાકની સૂરિમન્ત્રસાધના અને દોઢ-બે કલાકની પ્રભુભક્તિ : બહારની દુનિયાથી સંપૂર્ણ નિવૃત્તિના એ દિવસો મોંઘેરી મૂડી સમા બની ગયા. આસો શુદિ પંચમીએ પીઠિકાસમાપન હતું. પૂજ્યશ્રીની હાર્દિક ભાવના હતી કે આ પ્રસંગે પાલિતાણાના તમામ આચાર્યભગવંતો પધારે. એ પ્રમાણે વિનંતિ અને આયોજન થયું. એ દિવસે જયતળેટીમાં તમામ ચાતુર્માસોના આરાધકોની ભીડ ઊમટી. તમામ આચાર્યદેવોએ સાથે તળેટીસ્પર્શનાભક્તિ કરી. પછી સહુ વાજતે-ગાજતે પારણાભવનહૉલમાં પધાર્યા. ત્યાં તમામ ગુરુભગવંતોના મુખે એકેક માંગલિક શ્લોકશ્રવણ અને તમામ વતી પૂ. આ.શ્રી યશોવર્મસૂરિજી મ.એ સૂરિમન્ત્રપીઠિકા-આરાધનાનું અભિવાદનપ્રવચન આપ્યું. વ્યક્તિગત પ્રસંગમાં તમામ પક્ષ-ગચ્છના આચાર્યદેવોની ઉપસ્થિતિ હોય એવો તે ચાતુર્માસનો આ એકમાત્ર અવસર હતો. તે પછી ખીવાંદીભવનમાં પણ સાધનાવધામણાં-સરસ્વતીઆરાધના વગેરે કાર્યક્રમો વિશાલ ફલક પર થયા. આ સૂરિમન્ત્રસાધના કરાવ્યાનો આનંદ સર્વાધિકપણે પૂજ્યશ્રીને જ હતો...

દશેરાના શુભદિને પૂજ્યશ્રીની પુણ્યપ્રભાવવંતી નિશ્રામાં ખીમઇબાઇ ધર્મશાળામાં ઉપધાનતપની મહાઆરાધનાનો મંગલ પ્રારંભ થયો. સંપૂર્ણ લાભાર્થી ચોવટિયા પરિવારની ઉદારતા અદ્ભુત હતી. પ્રત્યેક આરાધકોને તમામ ઉપકરણોની કિટ એમના તરફથી અર્પણ કરાઇ હતી. પ્રવેશદિને એ કિટમાંની એક સરખી શ્વેત શાલ પરિધાન કરીને તળેટીયાત્રાએ ગયેલ તપસ્વીઓને નીરખવા એ પણ એક લહાવો હતો. ૨૭૧ આરાધકો આ ઉપધાનતપમાં સામેલ થયા. પાલિતાણામાં તે વર્ષે થયેલ ઉપધાનતપમાં સૌથી વધુ સંખ્યા આ ઉપધાનતપમાં હતી, તો સૌથી વધુ માળતપસ્વીઓ પણ અહીં જ હતા; માત્ર સાડા આઠ વર્ષના બાળતપસ્વી એમાં હતા, તો બ્યાશી વર્ષના આરાધક પણ એમાં હતા; કેટલાક તપસ્વીઓએ સંપૂર્ણ ઉપધાન પર્યંત અખંડ મૌન ધર્યું, તો કેટલાક તપસ્વીઓએ પ્રત્યેક નીવિમાં વધુમાં વધુ પંદર જ દ્રવ્યોના ઉપયોગનો નિયમ કર્યો, મૂળવિધિથી પણ કેટલાક પુણ્યવાનોએ આ આરાધના કરી. આ ઉપધાનતપના લાભાર્થી પરિવારની યતનાપ્રવૃત્તિનો એક સરસ પ્રસંગ ખાસ જાણવા જેવો છેઃ નીવિ વગેરેમાં બનતી વિપુલ રસોઇના અનાજની સફાઇમાં ભૂલમાં ય ઇયળ-ધનેરા વગેરેની હિંસા ન થઇ જાય તે માટે એમણે એક યોજના કરીને સફાઇકર્મચારીઓને કહ્યું કે, ''અનાજમાંથી તમે જેટલી જીવાત કાઢશો એટલી જીવાતમાં પ્રત્યેક જીવાતદીઠ ચોક્કસ રકમ તમને ઇનામરૂપે મળશે.'' આ યોજનાએ ધારી અસર સર્જી. કર્મચારીઓ અત્યંત ચીવટથી નાનામાં નાની જીવાત શોધી કાઢવા માંડ્યા. આ જ પરિવારે તપસ્વીઓનું સુવર્ણહાર-સુવર્ણમુદ્રાથી બહુમાન પણ કર્યું. પ્રવચનો-વાચનાઓ-ક્રિયાઓ-ભક્તિસન્ધ્યાઓ આદિ સાથે ઉપધાન ભવ્યરૂપે સંપન્ન થયા. એનો માળમહોત્સવ-અદ્ભુત રથયાત્રા-માળપરિધાનસમારોહ વગેરે પણ નેત્રદીપક થયા.

ઉપધાનતપ દરમ્યાન જ કાર્તિકી પૂર્ણિમાના દિનથી પૂજ્યશ્રીની નિશ્રામાં લુણાવાભવન ધર્મશાળામાં સામૂહિક નવાણુંયાત્રાનો પ્રારંભ થયો. ૧૭૫ થી વધુ સંખ્યા તેમાં હતી. અમે સહુ શ્રમણો તો ખરા જ, પરંતુ સ્વયં પૂજ્યશ્રીએ પણ નવાણુંયાત્રા આરંભી. અલબત્ત, પૂજ્યશ્રી ભલે ડોલી દ્વારા એ યાત્રા કરવાના હતા. કિંતુ પ્રતિદિન છ-છ કલાક બબ્બે યાત્રાઓ કરવી અને સવારના પાંચથી બપોરના અગિયાર વાગ્યા સુધી પચ્ચક્ખાણ પાર્યા વિના જૈફ વયે નિત્ય શ્રમ લેવો એ જરા ય આસાન વાત ન હતી. પૂજ્યશ્રી દરેક ચૈત્યવંદનસ્થળે અને દાદાના દરબારમાં અત્યંત સ્થિરતાપૂર્વક ભક્તિ કરેઃ ન કોઇ ઉતાવળ, ન કોઇ વિક્ષિપ્તતા. એમાં પણ '**સિદ્ધગિરિમંડન પાય નમીજે**'... અને '**તું ત્રિભુવન સુખકાર**'... સ્તવનો ગવાતા હોય ત્યારે પૂજ્યશ્રીનો ભાવોલ્લાસ નિઃસીમ બની જતો. યાત્રાએથી આવ્યા બાદ પૂજ્યશ્રી ઘણી વાર પોતાનો ઉમળકો વ્યક્ત કરતા કે ''આપણે આ ચાતુર્માસ પાલિતાણામાં કર્યું એ બહુ યોગ્ય થયું. એટલે જ મને આ વયે નવાણુંયાત્રાનો લાભ મળ્યો. મને નથી લાગતું કે હવે મારાં જીવનમાં નવાણુંયાત્રાનો યોગ આવે.'' એમના આ શબ્દો સાંભળતા મને એવો અહેસાસ થતો કે 'પૂજ્યશ્રીની આ નવાણુંયાત્રા સાચે જ સાનુબંધ છે.' બપોરે ૪ થી ૫ પ્રવચનો યોજાતા. આ નવાણું યાત્રાના ય કેટલાક પ્રસંગો રસપ્રદ છે. (૧) દશ-દશ વર્ષના ત્રણ બાળકોએ આ નવાણું યાત્રામાં ચોવિહાર છટ્ઠ સાથે સાત યાત્રા કરવાનું સત્ત્વ દાખવ્યું (૨) પૂજ્યશ્રીના શિષ્યવૃંદના તમામ શ્રમણોએ આ નવાણું યાત્રામાં ચોવિહાર છટ્ઠ સાથે સાત યાત્રાઓ કરી (૩) નવાણું યાત્રા દરમ્યાન એક ભાવિક રોજ સાંજે પ્રતિક્રમણ કરવા આવે. સાવ

Low Profile એ ભાવિક વિશે મને એક જાણકારે કહ્યું કે ''આ ભાઈએ નામ ગુપ્ત રાખવાની શરતે ગિરિરાજ પરના બે જિનાલયના જીર્ણોદ્ધારમાં ₹. ૬૩ લાખનું યોગદાન આપ્યું છે.'' એ ભાઈની ભક્તિ-લઘુતા ઓળઘોળ થઈ જવાય એવી હતી.(૪) વિનુભાઈ ગાંધી નામે એક પરિચિત શ્રાવક ચાતુર્માસારાધનામાં ય હતા અને આ નવાણું યાત્રામાં પણ હતા. તેઓ મને એક વાર કહેઃ ''નિત્ય યાત્રા કરતાં હું મારાં જીવનનાં સૂક્ષ્મ પણ દુષ્કૃત્યો યાદ કરી કરીને એની અંતઃકરણથી ગર્હા કરું છું. આ યાત્રા મારા માટે ખરેખર પાપમુક્તિની યાત્રા બની રહે છે.'' (૫) આ નવાણું યાત્રા દરમ્યાન સામૂહિક ચોવિહાર છટ્ઠ સાથે સાત યાત્રાનું સ્વતંત્ર આયોજન કરાતાં તેમાં બસો ભાવિકો બીજા સામેલ થયા. માગશર વદિ ચૌદશ અને અમાવસ્યાના દિવસે એ ચોવિહાર છટ્ઠ થયા.

એમાં તૃપ્તિબેન નામે એક તપસ્વીએ પ્રથમ દિને તો છ યાત્રા કરી લીધી. પરંતુ બીજા દિને એક પગલું ન ભરાય એવા સખત પગ જકડાઈ ગયા. બપોરે ખૂબ હિંમત કરીને થોડું ચડવાની કોશિશ કરી. કિંતુ એ કામિયાબ ન થયા. છટ્ઠ તો ચોવિહાર હતો જ. માત્ર એક યાત્રા માટે સાવ અટકી જતા નિરાશ થઈ ગયા. સાંજે આ સમાચાર મળતાં પૂજ્યશ્રીએ તથા મેં પ્રોત્સાહન આપ્યું કે કાલે સવારે પારણા પહેલા પણ એક યાત્રા થઈ જાય તો તમારી છટ્ઠ સહિત સાત યાત્રા થઈ જાય. એમણે વળતા દિવસે ખૂબ કોશિશ કરી. પહેલી પરબ સુધી પહોંચતા એક કલાક ગયો. પરંતુ પછી કોણ જાણે કઈ કૃપા વરસી કે તેઓ પ્રમાણમાં આસાનીથી દાદાના દરબાર સુધી પહોંચી ગયા. એમની આંખોમાં ગંગા-જમનાના પૂર ઊમટ્યા કે આ ફક્ત ને ફક્ત દેવ-ગુરુકૃપાનું પરિણામ છે. ઊમળકો એવો જાગ્યો કે એ ક્ષણે દેહ પર રહેલ સુવર્ણના તમામ આભૂષણો એમણે અચાનક જ દાદાને ધરી દીધા. આવા આવા અન્ય પણ પ્રેરણાસ્પદ પ્રસંગો પૂજ્યશ્રીની નિશ્રામાં આ નવાણું યાત્રા દરમ્યાન સર્જાયા. પોષ વદિ એકમે દાદાના દરબારમાં મુખ્ય લાભાર્થી ગુરુભક્ત શ્રી મનહરભાઈ ભોગીલાલ શાહ પરિવારને વિધિવિધાનપૂર્વક માળપરિધાન કરાયું....

તે પછી પૂજ્યશ્રી સપરિવાર વિહાર કરીને અયોધ્યાપુરમ્ તીર્થે પધાર્યા. પોષ વદિ પ્ર. સાતમના દિને ત્યાંથી શ્રી સિદ્ધગિરિરાજનો છ'રી'પાલક પદયાત્રાસંઘ શ્રી સમરથમલ ચેલાજી પરિવાર દ્વારા યોજાયો. સાતસો યાત્રિકો સાથેનો એ સંઘ જાજરમાન રહ્યો. છ યે દિવસ પ્રવચનો અને ભક્તિસન્ધ્યાઓ ખૂબ રંગત લાવનાર બન્યા. પૂજ્યશ્રીના પરિવારમાં ભક્તિસન્ધ્યાઓમાં રસપ્રદ વિવેચનાની પદ્ધતિ આ પદયાત્રાસંઘમાંથી પ્રચલિત થઈ. સંઘવી પરિવારે યાત્રિકોની ભક્તિ પણ ખૂબ ઉદારભાવે કરી. પોષ વદિ અગિયારશે તીર્થમાળારોપણ વિધાન થયું. નવાણું યાત્રાના અંતિમ ચરણમાં પોષ શુદિ ચૌદશે સમુદાયના એક વયસ્ક સા. શ્રી કલ્પયશાશ્રીજી સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા હતા. એમના સાંસારિક પરિવારની ભાવનાનુસાર, તેમના કાલધર્મનિમિત્તક શાંતિસ્નાત્રાદિ યુક્ત મહોત્સવ પૂજ્યશ્રીની નિશ્રામાં ઉજવાયો.

સિદ્ધગિરિરાજની છેલ્લી યાત્રાઓ કરીને પૂજ્યશ્રીએ પાલિતાણાથી મુંબઈ તરફ પ્રસ્થાનનો દિવસ નિશ્ચિત કર્યો મહા શુદિ છઠ. અલબત્ત પૂજ્યશ્રીના ચાતુર્માસની જય તો વડોદરા-માંજલપુર સંઘ માટે બોલાઈ ગઈ હતી. પરંતુ મુંબઈમાં ઠાકુરદ્વાર સંઘના વિરાટ શાંતિનાથચતુર્વિંશતિમહાજિનાલયની અંજનશલાકા-પ્રતિષ્ઠાનો પ્રસંગ ઉપસ્થિત થયો હોવાથી પૂજ્યશ્રીને મુંબઈ પદાર્પણ કરવું જરૂરી હતું. યોગાનુયોગ છઠના પૂર્વદિને જ પાલિતાણા-નંદાભુવનના ટ્રસ્ટીઓ પૂજ્યશ્રીને વિનંતિ કરવા આવ્યા કે, ''અમારા જીર્ણોદ્ધાર કરાયેલ જિનાલયમાં તમામ પ્રભુજીઓનો પ્રવેશ કાલે-છટ્ઠના મુહૂર્તે જ છે. આપ આ પ્રસંગમાં નિશ્રાપ્રદાન કરો.'' દીર્ઘ વિહારના પ્રસ્થાનમુહૂર્ત બાદ પ્રથમ જ કાર્ય આ પ્રભુપ્રવેશનું ઉપસ્થિત થતાં જાણે કે એ આગામી અંજનશલાકા-પ્રતિષ્ઠાઓનું મંગલાચરણ બની ગયું. ભવ્ય વરઘોડાદિ સાથે એ જિનાલયમાં પ્રભુપ્રવેશનું વિધાન પૂજ્યશ્રીની નિશ્રામાં ઉલ્લાસભેર સંપન્ન થયું. સાંજે પૂજ્યશ્રીએ નંદાભુવનથી ગુરુકુળ તરફ વિહાર આરંભ્યો.

સાધિક સાતમાસની સ્થિરતા દરમ્યાન પાંચ પાંચ યાદગાર ધર્મકાર્યો કરાવીને હવે પૂજ્યશ્રી વિહાર કરી રહ્યા હતા ત્યારે શત્રુંજયતીર્થાધિરાજ આદીશ્વરદાદા માટે એમનાં અંતરમાં એ ભાવ ઘુંટાતો હતો કેઃ-

**''તારક ! મોહનિવારક! કષ્ટ મુજ કાપજો,**

**ભવોદધિ પાર ઉતારી મુક્તિપદ આપજો...''**

•••



તમે સૂરજ થઈને ચમક્યા

## પ્રકરણ : ૪૨

# સંસ્કારનગરીમાં સુવર્ણઈતિહાસ...

ગુજરાતી ભાષામાં એક મજાની ઉક્તિ છે કે 'વિદ્યા પાઠે અને ગરથ ગાંઠે.' નિર્દેશ આ ઉક્તિનો એ છે કે વિદ્યા હંમેશા મુખપાઠ-કંઠસ્થ હોવી જોઈએ. કોઈ જિજ્ઞાસુ યા તો પરીક્ષક વ્યકિત જ્યારે પણ પ્રશ્ન કરે ત્યારે તુર્ત એનો ઉત્તર હોઠવગો હોવો જોઈએ. જો ગ્રન્થો-પુસ્તકો જોયા વિના સમજી-સમજાવી શકાય નહિ એવી સ્થિતિ હોય તો વિદ્વાન ગણાતી વ્યકિત પણ મહદંશે નિષ્ફળ જવાનો સંભવ છે. કેમ કે દરેક સ્થળે તત્કાળ પુસ્તકો-ગ્રન્થો મળવા શક્ય નથી હોતા. એથી ય વિશેષ વાત એ છે કે કંઠસ્થ જ્ઞાન દ્વારા વ્યક્તિની વિદ્વત્તાની જે આભા-છાપ ઊપસી શકે એ ગ્રન્થસ્થ જ્ઞાન દ્વારા ન જ ઊપસી શકે. આવી જ વાત ગરથ અર્થાત્ સંપત્તિ અંગે છે. એ જો હાથવગી હોય-સાથે હોય તો જે સમયે જે ખર્ચ કરવો હોય એ તુર્ત કરી શકાય. પરંતુ જો એ સંપત્તિ નિધાનમાં રખાઈ હોય-ધિરાણમાં અપાઈ હોય તો એ અવસરે ત્વરિત ઉપયોગી ન જ થઈ શકે. માટે ઉક્તિ એમ જણાવે છે કે **'વિદ્યા પાઠે અને ગરથ ગાંઠે.'**

આ જ ઉક્તિના ભાવો ઝીલતું એક સંસ્કૃત સુભાષિત પણ સરસ મળે છે કે :-

पुस्तकस्था तु या विद्या, परहस्तगतं धनम्। कार्यकाले समुत्पन्ने, न सा विद्या न तद्धनम्।।

ભાવાર્થ કે પુસ્તકમાં રહેલ વિદ્યા અને અન્યના હાથમાં રહેલ ધન, જરૂરિયાતનો સમય આવી જાય ત્યારે વિદ્યારૂપે યા ધનરૂપે કાંઇ જ ઉપયોગી નથી થતા.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી ગ્રન્થસ્થ નહી કંઠસ્થ વિદ્યાના ધારક હતા. એનો અનુભવ મને ખુદને અને અન્ય અનેક જિજ્ઞાસુ પરિચિતોને સુપેરે હતો જ. પરંતુ એની એક વિશેષ પ્રતીતિ એક નવા જિજ્ઞાસુ મહાત્માને થઇ પાલિતાણાથી સાંજે પ્રયાણ કરીને પૂજ્યશ્રી ગુરુકુળ પધાર્યા ત્યારે. મહા શુદિ છઠની એ સાંજે અમે સહુ ગુરુકુળ પહોંચ્યા ત્યારે સૂર્યાસ્ત થવા આવ્યો હતો. લાંબી પરસાળ જેવા સ્થાનમાં અમારો રાત્રિમુકામ હતો. થોડી વાર થઇ. ત્યાં પાલિતાણા-ગિરિવિહારથી વિદ્વાન પંન્યાસ શ્રી ઉદયપ્રભવિજયજી ગણિ (હાલ આચાર્ય) એમના શિષ્યો સાથે પધાર્યા. અમારી જ લાઇનમાં થોડે દૂર એમની સ્થિરતા હતી. પ્રતિક્રમણ બાદ તેઓ પૂજ્યશ્રી પાસે જિજ્ઞાસાથી જ્ઞાનગોષ્ઠિ કરવા પધાર્યા. વાર્તાલાપમાં એમણે તત્ત્વાર્થમહાસૂત્રના પ્રથમાધ્યાયનો વિષય છેડ્યો. એમાં સિદ્ધસેનીય ટીકામાં 'દ્રવ્યં ચ ભવ્યે' આ સિદ્ધહેમ-વ્યાકરણનાં સૂત્રનો ઉપયોગ કરાયો હતો. પંન્યાસજીને એનો સંદર્ભ બરાબર સમજાતો ન હતો. એથી એમણે પૂજ્યશ્રીને પૃચ્છા કરી. સિદ્ધહેમવ્યાકરણ તો પૂજ્યશ્રીનો પ્રિય વિષય. પૂજ્યશ્રીએ તુર્ત કંઠસ્થ એ સૂત્રનો વૃત્તિપાઠ-ટીકાંશ વગેરે કહીને સમગ્ર અર્થઘટન એવું સરસ કરી બતાવ્યું કે પંન્યાસજીનો સંશય દૂર થઇ ગયો-જિજ્ઞાસા તૃપ્ત થઇ ગઇ. ધ્યાનમાં રહે કે એ સમયે પૂજ્યશ્રીની વય ચુમ્મોતેર-પંચોતેર વર્ષની હતી. કોઇ પૂર્વનિર્ધારણ વિના રાત્રિના સમયે અચાનક જ ઉપસ્થિત થયેલ આ જિજ્ઞાસા હતી. છતાં આ ત્વરિત સમાધાન બીજું કાંઇ નહિ, પૂજ્યશ્રીની કંઠસ્થ વિદ્યાનું દ્યોતક છે.

પંન્યાસજીનાં ચિત્તમાં આ ઘટનાની શી છાપ ઊપસી તે- આપણે એમના જ શબ્દોમાં નિહાળીએ. ગત વર્ષે એમનું ૩૨ યોગસંગ્રહ સંબંધિત વાચનાપુસ્તક પ્રકાશિત થયેલ. જે તાજેતરમાં મારા હાથમાં આવ્યું. ઊડતી નજર કરતા અચાનક મારાં ધ્યાનમાં એક Page આવ્યું. શિક્ષાયોગનાં નિરૂપણસમયે કેટલાક બહુશ્રુત વિદ્વાનોના એમને થયેલ અનુભવમાં એમણે પ્રથમ નામ મૂક્યું આપણા પૂજ્યશ્રીનું. એમાં ગુરુકુળનો ઉપરોક્ત અનુભવ ટાંકતા તેઓ લખે છે કે "એક વખત વિહારમાં સન્ધ્યાસમયે તેઓશ્રીને (આપણા પૂજ્યશ્રીને) મળવાનું થયું. પ્રતિક્રમણ પૂર્ણ થયે તેઓશ્રી પાસે બેઠા બાદ વ્યાકરણસૂત્ર 'દ્રવ્યં ચ ભવ્યે' (જે તત્ત્વાર્થ પ્રથમ અધ્યાયમાં કયા અનુસંધાનમાં મુકાયું છે તે ખબર નહોતી પડતી) તેની પૃચ્છા કરતા પૂજ્યશ્રીએ વિહારનો થાક છતાં થોડી જ મિનિટોમાં સરસ અન્વય કરી આપ્યો. આવી વૃદ્ધવયે કેવો સ્વાધ્યાયપ્રેમ-રસ!!".. આ જ Paragraph ની આગળ તેઓ પૂજ્યશ્રી માટેનો જ્ઞાનસંબંધી અન્ય એક પ્રસંગ આ શબ્દોમાં લખે છે કે "દ્રવ્યાનુયોગના ગ્રન્થો તેમજ વ્યાકરણ વિશે યુગદિવાકર પ.પૂ.ધર્મસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના પૂજ્ય આ. સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજની નિષ્ણાતતા મેં સ્વયં અનુભવેલી લખું છું. તત્ત્વાર્થસૂત્રના બીજા અધ્યાય (શ્રી સિદ્ધસેનીય ટીકા)નું ભાષાંતર કરતા જીવાદિ તત્ત્વોના માર્ગણાદ્વાર(૬)નાં વિશ્લેષણમાં ક્યાંક તૂટતી કડીને જોડવાનું કાર્ય પૂજ્ય આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. દ્વારા સંપાદિત-અનુવાદિત પૂ. ધર્મસૂરિજીકૃત નવતત્ત્વપ્રકરણની ટીકાથી સુલભ બન્યું હતું." પૂજ્યશ્રી સંબંધી ઉપરોક્ત બે ઉલ્લેખો બાદ અન્ય વિદ્વાનોને યાદ કરવા પૂર્વક તેઓ અંતે લખે છે કે "આવા બહુશ્રુત પુરુષોને અનંતાનંત વંદન... નમન...".

ગુરુકુળથી અમારી વિહારયાત્રા ત્વરિત વેગે આગળ ચાલી. બેંતાલીશ દિવસમાં મુંબઇ પહોંચવાનું લક્ષ્ય હતું. જો કે, ચાતુર્માસ પૂર્વેના વિહાર કરતાં આ વિહાર પ્રમાણમાં આસાન હતો. કેમ કે આમાં ડભોઇ-વડોદરાદિનો Extra વિહાર ન હતો. ઉપરાંત સૌથી વિશેષ અનુકૂળતા એ હતી કે આ શિયાળાનો-ઠંડકનો વિહાર હતો. અમે આસાનીથી આ વિહારો કરી રહ્યા હતા. એમાં એક યાદગાર અનુભવ થયો ગંભીરાગામ પાસે એ દિવસે બાવીશ કિ.મી.નો વિહાર હતો. થોડો દીર્ઘ વિહાર હોવાથી એક ટુકડીએ સાંજે સાત કિ.મી.નો વિહાર કરી નાનકડા ગામમાં રાત્રિમુકામ કર્યો હતો. તેઓ ગંભીરા પહોંચીને ગોચરી-પાણી વહોરી લાવે ત્યાં સુધીમાં પહોંચી જવાની ધારણા સાથે અમે સળંગ વિહાર કર્યો. અમારી ગતિ પ્રતિ કલાકની સવા છ કિ.મી.ની તેજ હતી. નવ વાગ્યા સુધીમાં ગંભીરા પહોંચવાની ધારણા હતી. પરંતુ દૈવયોગે બની ગયું વિપરીત. અમે માર્ગ ભૂલી ગયા અને સરતચૂકથી અન્ય માર્ગે ચાર કિ.મી. આગળ નીકળી ગયા.

પછી ખેડૂતને પૂછતાં માર્ગ ચૂક્યાનો ખ્યાલ આવ્યો. ખેડૂત કહેઃ "તમે ચાર કિ.મી. પાછા જાવ અને ગંભીરાનો માર્ગ પકડો એ જ ઉપાય છે. બીજો કોઇ માર્ગ છે જ નહિ." પૂજ્યશ્રી-હું અને સળંગ ચતુર્થ વર્ષીતપના આરાધક મુનિ શ્રી હિતરત્નવિજયજીઃ એમ ત્રણ શ્રમણો હતા. હું ક્ષણિક મુંઝાયો કે 'હિતરત્નવિજયજીને ગઇ કાલનો ઉપવાસ છે. અને આજે આ અણધાર્યો ત્રીશ કિ.મી.નો સળંગ વિહાર આવી પડ્યો છે. તો શું કરવું?' ત્યાં જ પૂજ્યશ્રી વત્સલભાવે બોલ્યાઃ "વિચારવાથી ગંભીરા નહિ આવે. વધુ તેજ ગતિએ પગ ઉપાડવાથી જ ગામ આવશે. આજે એમ સમજી લેવાનું કે ચર્યાપરિષહ આવ્યો છે. આપણે સામે પગલે પરિષહો સહન નથી કરતા. પરંતુ આવી રીતે ક્યારેક અનાયાસે પરિષહો આવી જાય તો એ હસતા હસતા સહન કરી લેવાના. આ જ તો સાચું સાધુજીવન છે." અમે મક્કમ થઇને એમ જ કર્યું. જરા ય હતાશા વિના ગતિ વધારીને સાડા છ કિ.મી.ની કરી. સવા દશ આસપાસ અમે ગંભીરા પહોંચ્યા ત્યારે આગળ પહોંચેલ ટુકડીના શ્રમણોનો શ્વાસ હેઠો બેઠો. તેઓ ચિંતામાં હતા કે "હજુ સુધી પૂજ્યશ્રી પધાર્યા કેમ નહિ?" એ વિહાર, એમાં પૂજ્યશ્રીની સમયોચિત પ્રેરણા અને શ્રી હિતરત્નવિજયજીની પ્રસન્નતાભરી સહનશક્તિઃ આ ત્રણે ય મારા માટેનું આજીવન સંભારણું બની ગયા...

વિહારયાત્રા વલસાડથી આગળ વધી ત્યાં ભાયંદર-પૂર્વનો નવઘરરોડ સંઘ પૂજ્યશ્રી સમક્ષ ઉપસ્થિત થયો. એમના જિનાલયમાં ૫૧ ઇંચના મૂલનાયક શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાદિ જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવવા માટે એ સંઘે પૂજ્યશ્રીને વિનંતિ કરી. પૂજ્યશ્રીએ એનો સ્વીકાર કરી ઠાકોરદ્વાર સંઘની અંજનશલાકા-પ્રતિષ્ઠા બાદ તેની પ્રતિષ્ઠાનું મુહૂર્ત ફરમાવ્યું. મુંબઇપ્રવેશ બાદ વિવિધ સંઘોમાં પૂજ્યશ્રીનાં સામૈયાં-પ્રવચનો થયાં. ક્રમશઃ વાલકેશ્વરમાં તેઓ ગચ્છનાયક પૂ. આ.શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા.ને વન્દનાર્થે પધાર્યા. વાલકેશ્વરમાં પૂજ્યશ્રીએ ફાગણ વદિ ૧૨ અને ૧૩ બે દિવસની સ્થિરતા કરી. બે દિવસમાં લગભગ છ કલાક જેવી બેઠક થઇ. વાતવાતમાં ગચ્છનાયકશ્રી બોલ્યાઃ ''હવે મારાં શરીરનો ભરોસો નથી. ફરી મળાય કે ન મળાય.'' પૂજ્યશ્રીએ હસીને આશ્વાસન આપ્યુંઃ ''ના, ના, હજુ તો કેટલી ય વાર મળાશે. આપને એકાણુંમું વર્ષ ચાલે છે. પણ સો પૂરા કરવાના છે.'' ત્યાંથી પૂજ્યશ્રી પાયધુની-ગોડીજી સંઘમાં પધાર્યા. ચૈત્ર શુદિ-૧ તા. ૩૦-૩-૨૦૦૬ ગુરુવારે ગોડીજીથી ઠાકોરદ્વાર સંઘમાં પૂજ્યશ્રી તથા નૂતન ચાલીશ-ચાલીશ આરસપ્રતિમાઓની શાનદાર પ્રવેશયાત્રા યોજાઇ.

ચાર ચાર બેન્ડ - બાર કલાત્મક શિબિકાઓ - રજતબગી - રજતરથ - રાજસ્થાની લોકકલાકારોના નૃત્યો-બાર ફીટના કૃત્રિમ ગજરાજ વગેરે અનેક વિશેષતાઓથી શોભતી એ અદ્ભુત દેવગુરુપ્રવેશયાત્રાએ જૈનેતરોની આંખમાં પણ વિસ્મયનાં અંજન આંજ્યાં. નૂતન પ્રતિમાઓનું સંસ્થાન-મુખાકૃતિ એવી અદ્ભુત હતી કે એને નિહાળતા જ મુખમાંથી શબ્દો સરી પડે કેઃ-

**'મૂર્તિ મનોહારિણી ભવજલધિતારિણી,**
**નીરખત નયન આનંદ હુઓ'...**

એમાં ચોવીશ કુલિકામાં વિરાજમાન થનાર વર્તમાન ચોવીશીના શ્રી ચોવીશ તીર્થંકરભગવંતો હતા, તો ત્રીજા મજલે અદ્ભુત સમવસરણમાં વિરાજિત થનાર ચાર શાશ્વત જિનેશ્વર ભગવંતો હતા; શ્રી પુંડરીક સ્વામી-શ્રી ગૌતમ સ્વામી અને સંઘના પરમોપકારી પૂ.આ.ભ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.-પૂ.આ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.ની ગુરુમૂર્તિઓ હતી, તો ભૂમિતલમાં પ્રતિષ્ઠિત થનાર અધિષ્ઠાયક દેવ-દેવીઓ ય હતા. ત્રિમજલી ભવ્ય શિખરબદ્ધ આ જિનાલયની કલાકોરણી અને બહારના રમણીય ગવાક્ષો જિનાલયને અદ્ભુત શોભા બક્ષતા હતા. આવા જિનાલયમાં આવી સુંદર પ્રતિમાઓની અંજન-પ્રતિષ્ઠા માટે પૂજ્યશ્રીનો પ્રવેશ થતાં ભાવિકોનો ભાવસાગર હિલોળા લેવા માંડ્યો. એના પ્રતિબિંબો ઉછામણીસમારોહમાં ઝિલાયા. આપણે એની કેટલીક ઝલકો નિહાળીએ.

(૧) એક ભાગ્યવાન દરેક પ્રતિમાની ઉછામણીમાં ભાગ લેતા અને પોતાની મર્યાદા આવે ત્યાં અટકી જતા. ઘણી મહેનત-પુરુષાર્થ બાદ એમને એક લાભ મળ્યો. લાભ મળ્યાનો અતિશય આનંદ એમના ચહેરા પર છલકાતો હતો. એ મને કહેઃ ''આ લાભ મેળવવા માટે મેં છેલ્લા વીશ વર્ષોથી મારી સૌથી પ્રિય વાનગી ન વાપરવાની બાધા લીધી છે. જ્યારે એકેક કુલિકાના આદેશો નકરાથી અપાયા ત્યારે મારી એટલી શક્તિ ન હતી. આજે યત્કિંચિત્ શક્તિ મળી છે એટલે આ લાભ લીધો છે. આજની ક્ષણ મારાં જીવનની સૌથી શ્રેષ્ઠ ક્ષણ છે.'' (૨) એમની જ વયના અન્ય એક ભાઇએ ઉછામણીનો લાભ મળ્યા બાદ પૂજ્યશ્રીને કહ્યુંઃ ''આપની કૃપાથી આ લાભ મળી શક્યો. બાકી આ લાભની ઉછામણીમાં મેં મારા જીવનની પચાસ ટકા કમાણી વાપરી દીધી છે.'' નાની વયે પચાસ ટકા કમાણી પ્રભુભક્તિમાં વાપરી દેવી એ મુંબઇ જેવા શહેરમાં વસતી વ્યક્તિ માટે જરા ય નાની બાબત ન ગણાય. (૩) એક ભક્તિવંત ભાગ્યવાને સંગીતકારને સૂચના આપી હતી કે ''પ્રભુજીની એક પણ ઉછામણી પાંચ લાખથી નીચે ન આપવી. પાંચ લાખ સુધી તારે મારા તરફથી ચડાવો બોલતા રહેવું. જેટલા લાભો મળશે એટલું મારું સૌભાગ્ય સમજીશ. જે લાભો નહિ મળે એમાં ય સંઘને લાભ કરાવ્યાનું-દેવદ્રવ્યની વૃદ્ધિ કરાવ્યાનું પુણ્ય સમજીશ.'' (૪) પ્રતિષ્ઠામહોત્સવ દરમ્યાન કાયમી ધ્વજાની ઉછામણી બોલાતા અ...ધ...ધ... Record થયો. એ સમય સુધીમાં સમસ્ત મુંબઇમાં ધ્વજારોપણની ઉછામણી આઠ આંકડા સુધી ક્યારે ય પહોંચી ન હતી. સમસ્ત મુંબઇમાં સર્વ પ્રથમ વાર પૂજ્યશ્રીની નિશ્રામાં આ સુવર્ણ ઇતિહાસ સર્જાયો અને કાયમી ધ્વજાનો લાભ ₹. ૧,૧૧,૧૧,૧૧૧ માં અપાયો. ચારે તરફ આ ઉછામણીની પ્રશંસાઓ પ્રતિઘોષરૂપે ઝિલાઇ.

ઠાકોરદ્વારવિસ્તાર મુંબઇના હાર્દભાગે હોવાથી દિવસભર ત્યાં ભરચક ભીડ રહે. આમ છતાં પ્રશાસનના સહકારથી અંજનશલાકામહોત્સવના તમામ દિવસો મુખ્ય રાજમાર્ગની બન્ને તરફ જાહેર જનતાને આવકારતા અને પ્રતિષ્ઠાપ્રસંગની જાણ કરતાં વિરાટ કલાત્મક પ્રવેશદ્વારો રચાયાં. પૂરા વિસ્તારમાં વિશિષ્ટ સજાવટ અને રોશની કરાઇ. ચૈત્ર વદિ-૧૦, તા. ૨૩-૪-૨૦૦૬ થી બાર દિવસનો ઐતિહાસિક અંજનશલાકામહોત્સવ આરંભાયો. મહાપૂજનો-વિધિવિધાનો અને પંચ કલ્યાણકની શાસ્ત્રીય ઉજવણીસમયે વિશાલ જિનાલય ભાવિકોથી ચિક્કાર થઇ જતું. તે પછી વરઘોડા સાથે સી.પી. ટેંકના મેદાનમાં કલ્યાણકોની શાનદાર સ્ટેજઉજવણી થતી. આ સ્ટેજઉજવણી હો કે રથયાત્રાનો ઐતિહાસિક વરઘોડો હો, ઘરે ઘરે તોરણસમર્પણ હો કે પ્રત્યેક ઘરે મિષ્ટાન્ન સાથે પત્રિકાવિતરણ હોઃ દરેક પ્રસંગોમાં ભાવિકોની ભીડ સમાતી ન હતી. પ્રતિષ્ઠાની પૂર્વરાત્રિએ એવી ગુલાલવાંદોલી થઇ કે મુખ્ય રાજમાર્ગ-ઠાકોરદ્વારરોડ પર દિવસો સુધી ગુલાલ છવાયેલો રહ્યો. વૈશાખ શુદિ પંચમીની રાત્રિના શ્રેષ્ઠ મુહૂર્તે

પૂજયશ્રી દ્બારા અધિવાસના અને અંજનવિધાન થયું. વહેલી પ્રભાતે નિર્વાણ કલ્યાણકના ૧૦૮ અભિષેક બાદ શ્રેષ્ઠ લગ્ને પૂજયશ્રી દ્બારા થતા બુલંદ મન્ત્રોચ્ચારો અને વાસક્ષેપ વચ્ચે જયારે પ્રતિષ્ઠા થઇ ત્યારે ખાસ Permission સાથે લવાયેલ હેલિકોપ્ટરે આકાશમાં નવ વાર પ્રદક્ષિણાપૂર્વક પુષ્પવૃષ્ટિ કરી!!

પ્રતિષ્ઠા બાદ બૃહત્શાંતિપાઠના અંતે પૂજયશ્રીએ ચિક્કાર મેદની સમક્ષ ખૂબ Powerful પ્રેરણા કરી કે ''આજે શક્તિસંપન્ન ભાવિકો ખૂબ મોટી ઉછામણી બોલીને પ્રતિષ્ઠાઓ કરે છે. એમની ઉદારતા જરૂર અનુમોદનીય છે. પરંતુ પછી એક ખામી પણ ઘણી વાર જોવા મળે છે કે તેઓ પ્રભુની પૂજા-ભક્તિની દરકાર નથી કરતા. માત્ર દર્શનમાં ભક્તિની 'ઇતિશ્રી' માની લે છે. જો તમારાં જીવનમાં આવી માનસિકતા ભૂલેચૂકે ય હોય તો એ અત્યારે જ ફગાવી દેજો. વસ્તુતઃ આપણે 'મૂર્તિપૂજક' છીએ, 'મૂર્તિદર્શક' નહિ. આજે સંકલ્પ એ કરો કે પ્રભુની પ્રતિષ્ઠા જેવા ઊછળતા ભાવે કરી છે એવા ઊછળતા ભાવે પ્રભુની પૂજા પણ કરીશું. પ્રભુની નવાંગી પૂજા તો નવ ઉચ્ચ ધ્યેય આપણને આપે છે જે આપણે આ જ જીવનમાં પ્રાપ્ત કરી શકીએ.

જેમ કે (૧) ચરણની પૂજા આચરણશુદ્ધિનું ધ્યેય આપે. કેમ કે ચરણનો અન્ય અર્થ આચરણ છે. (૨) જાનુની પૂજા અપ્રમાદનું ધ્યેય આપે. કેમ કે પ્રભુ આ જાનુબળે જ અપ્રમત્ત સાધના કરતા હતા. (૩) હસ્તની પૂજા ઔદાર્યનું ધ્યેય આપે. કેમ કે પ્રભુએ હસ્તથી વાર્ષિક દાન આપ્યું હતું. (૪) સ્કંધની પૂજા નમ્રતાનું ધ્યેય આપે. કેમ કે સ્કંધ ઉલાળીને વ્યક્તિ અહંકાર દર્શાવતી હોય છે. (૫) મસ્તકની પૂજા વિવેકનું ધ્યેય આપે. કેમ કે સારા-નરસાનો વિવેક કરવાની વિચારશીલતા મસ્તક પાસે છે (૬) ભાલની પૂજા પ્રશસ્ય બનવાનું ધ્યેય આપે. કેમ કે જે પ્રશસ્ય હોય એને જ ભાલતિલક થાય છે. (૭) કંઠની પૂજા માધુર્યનું-હિતવચનોનું ધ્યેય આપે. કેમ કે પ્રભુ હિતકર-મધુર વચન જ કંઠ દ્બારા ફરમાવતા હતા. (૮) હૃદયની પૂજા નિર્મલ ભાવોનું ધ્યેય આપે. કેમ કે પ્રભુનું હૃદય નિર્મલ ભાવો ધરાવતું હતું. (૯) નાભિની પૂજા ગંભીરતા ધરવાનું ધ્યેય આપે. કેમ કે સ્વયં 'સાગરવર ગંભીરા' વિશેષણ ધરાવનાર પ્રભુની નાભિ ગંભીરતાની દ્યોતક છે.વીતરાગપ્રભુની પૂજા વીતરાગ બનવાનું સર્વોચ્ચ ધ્યેય તો આપે જ છે. પરંતુ એ પરંપર ધ્યેય છે. આ હમણાં જણાવ્યા તે ધ્યેય તો આપણે પ્રયાસ કરીને આ જન્મમાં અત્યારે હાંસલ કરવાના છે...''

તે પછી નિત્ય પ્રભુપૂજાની પ્રતિજ્ઞા અપાતા ઘણા ભાવિકોએ તેનો સ્વીકાર કર્યો. પ્રતિષ્ઠાદિને સાંજે શાનદાર કુમારપાલમહાઆરતી યોજાતાં એમાં પણ ભાવિકો મન મૂકીને ઝૂમ્યા. વૈશાખ શુદિ સાતમના દ્બારોદ્‌ઘાટનસમારોહ બાદ સાંજે જ પૂજયશ્રી સપરિવારે વિહાર કર્યો.

હવે પૂજયશ્રીની પુણ્યનિશ્રામાં બે મહત્ત્વનાં ધર્મકાર્યો ભાયંદર-પશ્ચિમ અને પૂર્વના સંઘોમાં ઉપસ્થિત થયા. ભાયંદર-પશ્ચિમમાં બાવનજિનાલયતીર્થે કાયોત્સર્ગમુદ્રાના આદીશ્વરદાદાની નૂતન પ્રતિમાની પ્રતિષ્ઠા-આલીશાન ધર્મ આરાધનાભવનઉદ્‌ઘાટન તથા તીર્થસાલગિરિનો મહોત્સવ વૈશાખ શુદિ નોમથી બારશ દરમ્યાન યોજાયો હતો. તો ભાયંદર-પૂર્વના નવઘરરોડ સંઘમાં શ્રી શંખેશ્વરપાર્શ્વનાથજિનાલયની પ્રતિષ્ઠા નિમિત્તે વૈશાખ શુદિ પ્ર.દશમ થી તેરશ સુધીનો મહોત્સવ યોજાયો હતો. બન્ને કાર્યક્રમો સમાન દિવસોમાં હોવાથી વારંવાર ઇસ્ટ-વેસ્ટમાં ગમનાગમન આવશ્યક હતું. પૂજયશ્રી દોઢ દિવસમાં ઠાકોરદ્બારથી ભાયંદર પધાર્યા. વૈશાખ શુદિ ૯ તા. ૬ મે, શનિવારે પૂજયશ્રીનું ભવ્ય સામૈયું યોજાયું. એ દિવસે 'ગુજરાતસમાચાર'માં રવિવારના પ્રતિષ્ઠા-ઉદ્‌ઘાટન-સમારોહની અર્ધા પેજની વિશાલ જાહેરાત સંઘ તરફથી પ્રકાશિત થઇ. સામૈયામાં-પ્રવચનમાં બે હજારથી વધુ ભાવિકો ઊમટ્યા. કેમ કે સંઘને આરાધનાભવનનાં કારણે કાયમી સુવિધા થયાનો આનંદ હતો. રવિવારે સવારે સર્વપ્રથમ કાર્ય સીરોયા પરિવારના હસ્તે શ્રી આદીશ્વરદાદાની પ્રતિષ્ઠાનું થયું. તે પછી ભવ્ય વરઘોડા સાથે ધર્મઆરાધનાભવનના ઉદ્‌ઘાટન માટે ચતુર્વિધ સંઘનું આગમન થયું. બાવનજિનાલયનું પૂર્ણ પરિસર ભાવિકોથી છલકાઇ ગયું હતું. પૂજયશ્રીના મુખેથી 'ૐ પુણ્યાહં પુણ્યાહં'. વગેરે મંગલ મન્ત્રોચ્ચારો થયા, લાભાર્થી શશીકાંતભાઇ સીરોયા પરિવારે પૂજયશ્રીનો વાસક્ષેપ ગ્રહણ કર્યો અને બેન્ડની સૂરાવલિ વચ્ચે દ્બારોદ્‌ઘાટન તથા મુખ્ય વિશાલ તકતીનું અનાવરણ થયું. ગ્રેનાઇટતકતીમાં સુવર્ણાક્ષરે વિશાલ નામાંકન આ હતું કે ''પૂજયપાદ યુગદિવાકર આચાર્યભગવંત શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજ જન્મશતાબ્દી પુણ્યસ્મારક...કરબટીયા-ભાયંદરનિવાસી માતુશ્રી લીલાવતીબેન રતિલાલ સીરોયા 'ધર્મ 'આરાધનાભવન-* પ્રેરકઃ પૂજયપાદ શાસનપ્રભાવક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ.'' અન્ય સર્વ વિભાગોના ઉદ્‌ઘાટન બાદ પ્રવચનસભા યોજાઇ.

હકડેઠઠ મેદનીને સંબોધતા પૂજયશ્રીએ અહીં એ પદાર્થ સમજાવ્યો કે ''સુપાત્ર સંયમીભગવંતોની ભક્તિ જલદાન-આહારદાન-પાત્રદાન-વસ્ત્રદાન-વસતિદાન વગેરે વિવિધ રૂપે થાય. પરંતુ આ સર્વમાં વસતિદાન સૌથી ચડિયાતો લાભ છે. કેમ કે એના આધારે જ સંયમી ભગવંતો ક્રિયા-આરાધના-સ્વાધ્યાય-તપ-જપ વગેરે કરી શકે. એટલે જ તો શાસ્ત્રોએ વસતિદાતાને 'શય્યાતર' કહીને એને વસતિદાન દ્બારા તરી જનાર પુણ્યાત્મા જણાવ્યો છે. સંયમીઓની આરાધનાનો છટ્ઠો હિસ્સો એ પુણ્યાત્માને મળતો હોવાનું પણ શાસ્ત્રો જણાવે છે.'' પૂજયશ્રીએ આ પ્રવચનમાં પ્રભુ આદિનાથ અને ભરતચક્રવર્તીનો એ પ્રસંગ ખૂબ રસપ્રદ રીતે વર્ણવ્યો કે જેમાં ભરતચક્રવર્તીના આહાર-પાણી લેવાનો પ્રભુએ ઇન્કાર કર્યો અને ભરતચક્રવર્તીને અતિશય દુઃખ થયું ત્યારે પ્રભુએ ભરતચક્રીને 'અવગ્રહ દાન'-સ્થાનદાનનો મહિમા સમજાવીને શોકનિવૃત્ત કર્યા હતા-અવગ્રહદાન માટે પ્રેરિત કર્યા હતા. આ ઉપરાંત 'આ આરાધનાભવનમાં નિત્ય વિપુલ પ્રમાણમાં થનાર આરાધનાઓ-અનુષ્ઠાનો-પ્રવચનોમાં પણ આરાધનાભવનના દાતાઓ નિમિત્ત બનશે' એમ જણાવીને પૂજયશ્રીએ લાભાર્થીઓને આ સુકૃત કેવું ઉત્તમ ફળદાયી છે એ સરસ સમજાવ્યું. આ જ સમારોહમાં બાવનજિનાલયતીર્થ સંઘે શશીકાંતભાઇની સેવાઓને લક્ષ્યમાં લઇ 'જૈન સમાજરત્ન' બિરૂદ આપ્યું...











## ધર્મધામ તીર્થે અંજન શલાકા...
## નાગેશ્વર દાદાની ફરકે પતાકા













પૂજ્યશ્રીના સુદીર્ઘ જીવનનાં અંતિમ વર્ષની આ પ્રથમ અંજન શલાકા–પ્રતિષ્ઠામહામહોત્સવમાં ચૌદ ફુટના અતિ ભવ્ય પ્રભાવ સંપન્ન શ્રી નાગેશ્વર પાર્શ્વ પ્રભુનો પ્રતિષ્ઠા મન્ત્રોચ્ચાર કરાવતા પૂજ્યશ્રી નિહાળાય છે, તો કલ્યાણક મહોત્સવમાં વિશાલ શ્રમણી વૃંદ વચ્ચે સ્થાનકમાર્ગી મહાસતીઓ પણ નિહાળાય છે; તપસ્વી મુનિવરોનો તપસમાપન સમારોહ છે. તો ભવ્યાતિ ભવ્ય રથયાત્રા–વરઘોડો પણ છે. ૧૧૧ ફુટ ઉત્તુંગ શિખર પરની ધજાએ પંક્તિ યાદ કરાવે છે કે ‘‘નાગેશ્વરદાદાની ફરકે પતાકા’’..











## ધર્મધામ તીર્થે અંજન શલાકા... નાગેશ્વર દાદાની ફરકે પતાકા







આ તરફ ભાયંદર-પૂર્વના નવઘરરોડસંઘમાં નૂતન જિનબિંબો તથા પૂજ્યશ્રીની ભવ્ય સ્વાગતયાત્રા-રથયાત્રા-મહાપૂજનો-સંઘસાધર્મિકવાત્સલ્યો વગેરે સાથે ભવ્ય પંચાહ્નિકમહોત્સવ યોજાયો અને વૈશાખ શુદિ બારશ-બુધવારે એકાવન ઇંચના વિશાલ શ્યામલવર્ણા શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાદિ જિનબિંબોની પ્રતિષ્ઠા વિશાલ ભાવિકગણની ઉપસ્થિતિમાં જોરદાર ઉમંગપૂર્વક થઇ. આ સર્વ પ્રસંગો બાદ પૂજ્યશ્રીએ નિર્ધારિત લક્ષ્ય મુજબ ગુજરાત-વડોદરા તરફનો વિહાર આરંભ્યો. હજુ વસઇ પહોંચ્યા ત્યાં ભાયંદરથી બાલાજી બિલ્ડર્સના જૈન ભાવિકો પૂજ્યશ્રીને શોધતા શોધતા વસઇ આવ્યા. આવીને એમણે વિનંતિ કરી : ''આપ ભાયંદરથી કાંદિવલી તરફ પધાર્યા એ સમાચાર મળ્યા હતા. પરંતુ આપ ગુજરાત તરફ વિહાર કરો છો એ ખબર ન હતી. આપ પાછા ભાયંદર પધારો. અમારે આપની નિશ્રામાં શિખરબદ્ધ ભવ્ય શ્રી જીરાવલા પાર્શ્વનાથ દેરાસર તથા ઉપાશ્રયનો શિલાન્યાસવિધિ વિશાલ ફલક પર કરવો છે.'' 'પુણ્યશાળીને પગલે પગલે નિધાન' તે આનું નામ. ન પૂજ્યશ્રીએ શિખરબદ્ધ જિનાલય માટે પ્રયાસ કર્યો હતો કે ન એમને કાંઇ ખ્યાલ હતો. છતાં સામે પગલે આવાં મહાન કાર્ય માટે વિનંતિ આવી હતી. પૂજ્યશ્રીએ વિચાર્યું કે 'એક વાર વિહાર આરંભાઇ ગયો છે તો પાછા ફરવા કરતાં રાજરત્નસૂરિજીને પાઠવી આ કાર્ય સાચવી લેવું. તેઓ શિલાન્યાસ બાદ ઝડપી વિહારો કરી માર્ગમાં સાથે થઇ જાય. બાકી બધા જ પાછા ફરીશું તો પછીના વિહારો ખૂબ ઉગ્ર કરવાના આવશે.'

પૂજ્યશ્રીના વિચારો મુજબ જ થયું. તેઓશ્રીએ આગળ વિહાર જારી રાખ્યો અને અમે ત્રણ શ્રમણો પુનઃ ભાયંદર આવ્યા. વૈશાખ વદિ બારશ તા. ૨૪-૫-૨૦૦૬ બુધવારે વહેલી પ્રભાતે વિધિવિધાનપૂર્વક જિનાલય અર્થે ભૂમિપૂજન-ખનનવિધાન થયું અને બપોરે શિલાન્યાસવિધિ ધામધૂમથી થયો. લગભગ બાવીશ હજાર ભાવિકો પૂરા ભાયંદરમાંથી આ પ્રસંગે ઊમટ્યા હતા. તમામનું સાધર્મિકવાત્સલ્ય લાભાર્થી પરિવાર દ્વારા થયું. અમે એ જ દિવસે સાંજે વિહાર કરી નિત્ય સવાર-સાંજ વિહાર કરતા કરતા બગવાડા મુકામે પૂજ્યશ્રીનાં ચરણોમાં ઉપસ્થિત થઇ ગયા. મારાં જીવનના કુલ બે પ્રસંગો પૈકી આ પ્રથમ પ્રસંગ હતો કે જેમાં મારે પૂજ્યશ્રીથી દૂર રહેવાનો પ્રસંગ આવ્યો હોય. લગભગ દશેક દિવસનો આ પ્રથમ ગુરુવિયોગ હતો... શેષ વિહારયાત્રા પૂર્ણ કરી ડભોઇતીર્થે આઠ દિવસ સ્થિરતા બાદ આષાઢ શુદિ ત્રીજે પૂજ્યશ્રી સપરિવાર વડોદરા પધાર્યા. વડોદરાના વિવિધ સંઘોમાં પ્રવચનો-સામૈયાં બાદ વિ.સં. ૨૦૬૨ના ચાતુર્માસ માટે માંજલપુર-લાલબાગ સંઘમાં પૂજ્યશ્રીએ આષાઢ શુદિ ૧૦, તા. ૬-૭-૨૦૦૬ ગુરુવારે શાનદાર સ્વાગતપૂર્વક પ્રવેશ કર્યો.

સંસ્કારનગરી રૂપે સુપ્રસિદ્ધ વડોદરાશહેરની ધન્ય ધરતી પર સોળ સોળ વર્ષો બાદ પૂજ્યશ્રી ચાતુર્માસ પધાર્યા હતા, તો ચાતુર્માસ પણ સોળે કળાએ ખીલ્યું હોય એવું યશસ્વી-શાસનપ્રભાવનાસભર થયું. નિત્ય પ્રવચનોમાં ઉપાશ્રયનો નીચેનો વિશાલ હૉલ ભાવિકોથી લગભગ ભરાઇ જતો, તો રવિવારીય 'જીવનશણગાર' યુવાશિબિરોમાં ઊભા રહેવાની જગ્યા ન મળે એટલી ભીડ ઊમટતી; સંઘમાં સામૂહિક વર્ષીતપ જારી હોવા છતાં બસોની સંખ્યામાં સામૂહિક ૧૦૮ પાર્શ્વનાથતપ થયો, તો શ્રેયસ હૉલમાં પાર્શ્વનાથજન્મકલ્યાણકનો ભવ્યાતિભવ્ય ઉત્સવ પૂ. યુગદિવાકરશ્રીના ૧૦૩મા જન્મદિન નિમિત્તે કરાતા સાડા સાત કલાકની અદ્‌ભુત Marathon ઉજવણી થઇ; પર્યુષણાની પૂર્વ શિબિરમાં પૂ. યુગદિવાકરશ્રીના જન્મદિન નિમિત્તે સાધર્મિકભક્તિફંડ થતા ૨૫૫ સાધર્મિક પરિવારોની વિશિષ્ટ ભક્તિ થઇ, તો સુરતના પૂર હોનારત અંગે માતબર ફંડ થયું; કોઠીપોળ જૈન સંઘની વિનંતિથી મુનિ શ્રી રશ્મિરત્નવિજયજીને પૂજ્યશ્રીએ ચાતુર્માસારાધનાર્થે પાઠવ્યા, તો મુનિશ્રી આગમરત્નવિજયજીને નિઝામપુરાસંઘમાં તથા મુનિશ્રી ધર્મરત્નવિજયજીને આમ્રપાલીસંઘમાં સંપૂર્ણ પર્યુષણારાધનાર્થે પાઠવ્યા. ચડતી કળાના આ યશસ્વી ચાતુર્માસમાં પર્યુષણા દરમ્યાન ત્રણ મહાન કાર્યો એવાં થયાં જેણે વડોદરાભરમાં પૂજ્યશ્રીનાં ચાતુર્માસને અગ્રિમ બનાવી દીધું:

પ્રથમ ઘટના બની શ્રાવિકાઉપાશ્રયસંબંધી. પાંચસો ઘરના વિશાલ માંજલપુરસંઘમાં ઉપાશ્રય માત્ર એક જ હતો. સંઘે પૂજ્યશ્રીને આ માટે વિનંતિ કરતા પૂજ્યશ્રીએ માર્ગદર્શન આપીને વિવિધ યોજનાઓ નક્કી કરાવી. પર્યુષણાના પ્રથમ દિને બપોરે યોજનાઓ નક્કી થઇ, એનો પરિપત્ર બીજા દિવસે સવારે મુદ્રણતૈયારી માટે આપ્યો, બીજા દિવસની પ્રવચનસભામાં ઉપાશ્રયની મહત્તા દર્શાવતા જુસ્સાભર્યા પ્રવચન સાથે યોજનાઓ માત્ર રજૂ કરીને ત્રીજે દિવસે નકરા મુજબ આદેશો આપવાની ઘોષણા થઇ અને ચમત્કાર એ સર્જાયો કે ત્રીજા દિવસની પ્રવચનસભામાં માત્ર ૪૫ મિનિટમાં તમામ યોજનાઓ પૂર્ણ થઇ જવા સાથે તે કાળે ₹. ૭૦ લાખનું ફંડ ક્યાં ય વ્યક્તિગત પ્રેરણા વિના ત્વરિત થઇ ગયું. યોજનાના પરિપત્રનું હજુ તો પ્રૂફ આવ્યું તે પૂર્વે જ ફંડ પરિપૂર્ણ થઇ જતાં પરિપત્રમુદ્રણની આવશ્યકતા જ ન રહી. પૂજ્યશ્રીનાં માર્ગદર્શન મુજબ ઉપાશ્રયનું નામકરણ નક્કી થયું **'પૂ.આ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ. આરાધનાભવન'**. વડોદરા વિસ્તારમાં આટલી ઝડપથી આયોજન પૂર્ણ થયું એ તમામ જૈન સંઘોમાં અનુમોદનાનો વિષય બની ગયો...

વર્ષોથી સેવેલ સ્વપ્ન એક દિવસમાં સાકાર થઇ ગયાના આનંદમાં ટ્રસ્ટીઓ રાચતા હતા ત્યાં પૂજ્યશ્રીએ નવી પ્રેરણા કરી કે આવા મોટા સંઘમાં કાયમી આયંબિલખાતાની વ્યવસ્થા આવશ્યક છે. પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવનો તાજો જ અનુભવ હોવાથી અગ્રણીઓએ આ પ્રેરણા ઝીલી લીધી. એની યોજનાઓ-નકરા નક્કી કરી ચોથા દિવસની પ્રવચનસભામાં રજૂ કરાયા અને પાંચમા દિવસે મુખ્ય નામસહિતના સર્વ આદેશો અપાવા સાથે કાયમી આયંબિલખાતાની ઘોષણા થઇ ગઇ. આજીવન આયંબિલતપસ્વી દર્ભાવતીરત્ન પૂર્વાચાર્યપ્રવર શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મ.નું પુણ્યનામ આ આયંબિલખાતા સાથે અંકિત થયું. આયંબિલખાતાનું ફંડ થયું ₹. ૩૧ લાખ... પર્યુષણાના સાતમા દિવસે સાંજે પૂજ્યશ્રીએ ટ્રસ્ટીગણને પ્રેરણા કરી કે સંઘમાં અદ્યાવધિ ઉપધાનતપ થયા નથી. એ નક્કી થાય તો ઉત્તમ. સંવત્સરીમહાપર્વદિને એની

યોજના રજૂ થતાં એમાં પણ ભાવિકોએ ત્વરિત લાભ લીધો. આ ત્રણ ત્રણ મહાન ધર્મકાર્યોથી સમગ્ર વડોદરામાં આ ચાતુર્માસ ગાજી ઊઠ્યું. આ ઉપરાંત આમ્રપાલીસંઘમાં પણ ઉપાશ્રયના આદેશો પૂજ્યશ્રીના શ્રમણોની નિશ્રામાં પર્યુષણામાં અપાયા.

પર્યુષણા બાદનાં મહત્ત્વનાં ધર્મકાર્યોમાં (૧) એકાવન કલાત્મક છોડનાં ઉદ્યાપન સાથે ચૌદ દિવસનો મહોત્સવ યોજાયો. ચૌદે ય દિવસ ચૌદ અલગ અલગ મહાપૂજનો આ મહોત્સવમાં હતા. (૨)એ જ ચૌદ દિવસ દરમ્યાન, મારે સૂરિમન્ત્રદ્વિતીય-પીઠિકાઆરાધના થઇ. આ આરાધનામાં પણ પાલિતાણાની જેમ ખૂબ આંતર આનંદ સાથે સાત્ત્વિક અનુભૂતિ રહી. મુનિ શ્રી રશ્મિરત્નવિજયજીએ પીઠિકામાં બળ પૂરવા સળંગ ચૌદ ઉપવાસ કર્યા. પૂજ્યશ્રીને આનંદ એ હતો કે એમની નિશ્રામાં એકેક પીઠિકા ક્રમશઃ આગળ વધી રહી હતી. (૩) ભાદ્ર. શુદિ છઠે મુંબઈમાં પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.નો સમાધિમય કાળધર્મ થતાં વડોદરામાં તેઓની સર્વપ્રથમ ગુણાનુવાદસભા સમસ્ત વડોદરાના જૈન સંઘોના ઉપક્રમે માંજલપુરઉપાશ્રયે પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં ભવ્ય રીતે યોજાઇ. એમાં વડોદરાચાતુર્માસસ્થિત પૂ.આ.શ્રી પ્રબોધચન્દ્રસૂરીશ્વરજી મ. આદિ સ્વ-પર સમુદાયના સંયમીભગવંતો ખાસ ઉપસ્થિત રહ્યા. સ્વ. ગચ્છાધિપતિશ્રી નિમિત્તે તેમની પ્રથમ માસિક પુણ્યતિથિએ પંચાહ્નિક મહોત્સવ પણ ઉજવાયો. (૪) ભાદરવા વદિ દ્વિ. ૧૦, તા. ૧૭ સપ્ટેમ્બર, રવિવારે ભવ્ય સૂરિમન્ત્રપીઠિકાપૂર્ણાહુતિસમારોહ અને સાંજે દબદબાભરી અદ્ભુત મહાપૂજા સાથે સમ્રાટ કુમારપાલમહાઆરતી યોજાઇ. આ મહાપૂજા માટે ખાસ મુંબઇ-કાંદિવલી મુનિસુવ્રતયુવકમંડળના યુવાનો આવ્યા હતા, તો સંગીતસૂરાવલિ માટે મુંબઇ-પાર્લાથી બુદ્ધિસાગર બેન્ડ આવ્યું હતું. વડોદરામાં પ્રાયઃ પ્રથમવાર આવી શાનદાર મહાપૂજા યોજાઇ હશે. જેમ જેમ કર્ણોપકર્ણ આ મહાપૂજાના સમાચાર ફેલાતા ગયા તેમ તેમ લોકોનાં ટોળેટોળાં એના દર્શનાર્થે દૂર-દૂરથી ઊમટવા માંડ્યા. રાત્રિના સાડા બાર સુધીમાં નવથી દશ હજાર ભાવિકો મહાપૂજાનાં દર્શન કરી અનુમોદનાથી તર-બ-તર થતા ગયા.

આ જ દિવસોમાં એક ઘટના ગુજરાતમાં રાજકીય સ્તરે એવી બની કે જેના પ્રત્યાઘાત જૈનશાસનમાં ઘેરા સર્જાયા. તત્કાલીન ગુજરાતની નરેન્દ્રમોદીસરકારે એવો વટહુકમ જાહેર કર્યો કે જૈન સ્વતન્ત્ર ધર્મ રૂપે નહિ, બલ્કે હિંદુ ધર્મનો પેટા વિભાગ-અવાંતર સંપ્રદાય છે. દેખીતી રીતે જ હિંદુએકતા માટે હિંદુત્વવાદી સરકારે આ પગલું ભર્યું હતું. પરંતુ એમાં સનાતન સત્યોની-તથ્યોની અવગણના કરાઇ હતી. જૈનોમાં અંદરોઅંદર આ અંગે ચર્ચા-ચણભણાટ હતો. પરંતુ કોઇ હજુ સુધી ખૂલીને જાહેરમાં મુદ્દાસભર ચર્ચા કરવા તૈયાર ન હતું. વડોદરાના જાણીતા અખબારો 'ગુજરાત સમાચાર' તથા 'દિવ્ય ભાસ્કર'ના પ્રતિનિધિઓ આ મુદ્દે પૂજ્યશ્રીનો પ્રત્યાઘાત જાણવા તા. ૨૧ સપ્ટેમ્બરે આવ્યા. પૂજ્યશ્રીએ સૌથી પ્રથમ વિરોધનું બ્યૂગલ બજાવતા નિર્ભીકપણે વિસ્તૃત નિવેદન કરીને મુખ્યત્વે આ મુદ્દાની છણાવટ કરી કે **(૧) 'જૈન' શબ્દ જાતિવાચક નથી, ધર્મવાચક છે. (૨) 'હિંદુ' ધર્મવાચક નહિ, જાતિવાચક શબ્દ છે. (૩) 'સિંધુ' શબ્દ પરથી 'હિંદુ' શબ્દ આવ્યો છે. સિંધુનદીના દક્ષિણ પ્રદેશમાં વિસ્તરેલ આર્યમહાપ્રજાના વર્ગોને હિંદુ ગણાય છે. (૪) પૂર્વકાલીન હિંદુપ્રજાના મુખ્ય ધર્મો ત્રણ હતાઃ વૈદિક-જૈન-બૌદ્ધ. આ ત્રણે ય ધર્મ તરીકે સંપૂર્ણ સ્વતન્ત્ર છે. કોઇ એક-બીજાના પેટા વિભાગરૂપ નથી. (૫) પ્રજારૂપે-જાતિરૂપે સર્વ જૈનો હિંદુઓની સાથે જ છે. પરંતુ ધર્મરૂપે તો જૈનો સ્વતન્ત્ર જ છે અને એ જગતનો સૌથી પ્રાચીન ધર્મ છે. સનાતન સત્યને ચાતરી જઇ જૈનોને હિંદુધર્મના પેટાસંપ્રદાય ગણવાની સરકારની ગુસ્તાખી જૈનોને કદાપિ સ્વીકાર્ય નથી. જૈનો સરકારના આ અનધિકૃત ચંચુપાતનો સાફ સાફ વિરોધ કરે છે.** તા. ૨૨ સપ્ટેમ્બરના એ બન્ને અખબારોમાં પૂજ્યશ્રીની-મારી તસવીરો સાથે એ વિસ્તૃત નિવેદનો પ્રકાશિત થયા. ગુજરાત સમાચારે તો આ નિવેદનને છેલ્લા પેજ પર ચાર કોલમમાં સ્થાન આપ્યું. સમગ્ર વડોદરામાં પૂજ્યશ્રીના આ સમયોચિત નિવેદનની પ્રશંસા થઇ. આગળ જતાં સાડા ચાર વર્ષો બાદ ચોમેરથી લોકલાગણીમાં વિરોધ જોઇને સરકારે પારોઠનાં પગલાં ભરી એ વટહુકમ પરત ખેંચી લેવો પડ્યો હતો.

દશેરાના પુણ્યદિનથી ઉપધાનતપસાધના શરુ થતા તેમાં નાના નાના અનેક બાળતપસ્વીઓ પણ સામેલ થયા. સુંદર આરાધનાઓ-પ્રવચનો-વાચનાઓ સાથે ઉમંગપૂર્વક એ ઉપધાનતપ પૂર્ણતાના આરે આવ્યા ત્યારે કાર્તિક વદિ-૧૦ થી ૧૪ સુધીનો ભવ્ય માળારોપણમહોત્સવ યોજાયો. દરેક તપસ્વીઓનું સુવર્ણહાર સમર્પણ કરીને બહુમાન-શાનદાર રથયાત્રાવરઘોડો-શ્રેયસ હૉલમાં અદ્ભુત માળપરિધાન-સમારોહ સંપન્ન કરાવીને બીજા જ દિવસે કાર્તિક વદિ અમાવસ્યાએ પૂજ્યશ્રીએ સપરિવાર દર્ભાવતીતીર્થ તરફ પ્રસ્થાન કર્યું. માંજલપુરસંઘના સહુ ભાવિકોને ત્યારે એવી અનુભૂતિ થતી હતી કે આ ચાતુર્માસ સંઘ માટે આજપર્યંતનો શ્રેષ્ઠ સુવર્ણઇતિહાસ છે. કેમ કે આ રીતની ઝાકઝમાળ ચાતુર્માસઆરાધના-પ્રેરણાપરબ સમા પ્રવચનો આદિ અને સાથોસાથ યશસ્વી સંઘકાર્યોનો ત્રિવેણીસંગમ એ ચાતુર્માસમાં સર્વપ્રથમ હતો...





## પ્રકરણ : ૪૩

# જય શંખેશ્વર... જય શત્રુંજય : ભવ્ય પદયાત્રાસંઘોની પરંપરા...

એક સંસ્કૃત સુભાષિત કહે છે કે છ આત્મહિતકર મહાન બાબતો એવી છે કે જે પ્રબળ પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય હોય તો જ વ્યક્તિને પ્રાપ્ત થાય. શ્લોક એ છ બાબતોની પ્રસ્તુતિ આ કરે છે કે :-

सङ्घस्य भक्तिः सुकुलप्रसूतिः, सुपात्रदानं शुभवित्तयोगः।
सङ्घाधिपत्यं च सुतीर्थसेवा, लभ्यानि भाग्यैः प्रचुरैरमूनि।।

ભાવાર્થ કે :- (૧) ગુણરત્નની ખાણ સમા શ્રી સંઘની ભક્તિ (૨) ધર્મસંસ્કારસંપન્ન સત્કુલમાં જન્મ (૩) શાસ્ત્રકથિત સાત સુપાત્રક્ષેત્રમાં દાન (૪) સુકૃતલક્ષ્મી બને તેવી સંપત્તિનો યોગ (૫) સંઘપતિપદ અને (૬) સંસારને સામે પાર લઈ જાય તેવા તીર્થોની સેવા-ભક્તિઃ આ છ ઉત્તમ બાબતો શ્રેષ્ઠ સૌભાગ્ય -પરમ પુણ્યોદય પ્રવર્તતો હોય ત્યારે પ્રાપ્ત થાય છે.

જાણકારો કહે છે કે કોઈ એક જ આરાધનાયોગ દ્વારા આ છ યે મહાન બાબતો ઉપલબ્ધ કરી શકાતી હોય તો એ છે પદયાત્રાસંઘ. સંક્ષેપમાં વિચારીએ તો પદયાત્રાસંઘ માધ્યમે એ છ બાબતો આ રીતે ઉપલબ્ધ થઈ શકેઃ ત્યાં ચતુર્વિધ સંઘની નિત્ય ઉપસ્થિતિ હોય અને વિહારાદિ ઘટનાઓ એવી હોય કે ડગલે ને પગલે અનેકશઃ આ ચતુર્વિધ સંઘની ભક્તિના અવસર મળ્યા જ કરે. શ્રી સંઘની આ નિષ્ઠાપૂર્વકની ભક્તિ એવું શુભાનુબંધી પુણ્ય ઉપાર્જિત કરાવે કે સંસારક્ષય ન થાય ત્યાં સુધી સારા-ધર્મિષ્ઠ કુલોમાં જન્મ અપાવ્યા

કરે. સતત આરાધનાયોગોમાં રમમાણ સુપાત્ર સંયમીભગવંતોને ગોચરી-પાણી-વસતિ આદિનાં દાનનો પદયાત્રાસંઘમાં નિત્ય સુયોગ રહે. યાત્રાસંઘોમાં વિનિયોગ પામતી સંપત્તિ નવી નવી સુકૃતલક્ષ્મીનો યોગ કરાવતી જ રહે એ મહામન્ત્રીશ્વર વસ્તુપાલ-તેજપાલનાં ઉદાહરણોમાં પ્રત્યક્ષ દેખાય છે. ઇન્દ્રપદ કરતાં ય શ્રેષ્ઠ ગણાતું સંઘપતિપદ આ પદયાત્રાસંઘનાં માધ્યમે જ મળે છે. અને... એકેકથી ચડિયાતા પ્રાચીન તીર્થોની સેવાનો લાભ પણ પદયાત્રાસંઘ દ્વારા સુપેરે મળે જ છે. એથી જ જૈન શાસનમાં પ્રભુ આદિનાથના સમયથી લઇને આજપર્યંત છ'રી'પાલક પદયાત્રાસંઘ યોજવાની એક સમૃદ્ધ-સબળ પરંપરા છે.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી સમક્ષ વિ.સં. ૨૦૬૩ના એ વર્ષે એક નહિ-ચાર ચાર પદયાત્રાસંઘોની વિનંતિ વિવિધ ભાવિકો-સંઘો દ્વારા થઇ રહી હતી. એમાંના બે પદયાત્રાસંઘો તો શત્રુંજય અને શંખેશ્વર જેવા જાગતાં-ગાજતાં તીર્થોના અને પ્રમાણમાં વધુ દિવસોના હતા. આ પૈકી સર્વપ્રથમ વિનંતિ આવી હતી અમદાવાદથી શ્રી શંખેશ્વરજી તીર્થના પદયાત્રાસંઘની. ગત વર્ષે પાલિતાણામાં સામૂહિક નવાણું યાત્રા-ઉપધાનતપ યોજાયા હતા ત્યારે ત્યાં આવેલ U.S.A. ના વતની રાજેન્દ્રભાઇ દલીચંદ શાહ વગેરેએ પૂજ્યશ્રીને વિનંતિ કરી હતી કે ''અમારે અમદાવાદ-ધર્મવિહારસંઘથી શંખેશ્વરજી મહાતીર્થનો પદયાત્રા સંઘ આપની નિશ્રામાં યોજવો છે.'' તેઓ સા. શ્રી કલ્પલતાશ્રીજીના પરિચયથી ધર્માભિમુખ થયા હતા. પૂજ્યશ્રીએ ત્યારે 'વર્તમાન જોગ' કહેલ. બીજી વિનંતિ આવી કોઠીપોળ જૈન સંઘની. બે વર્ષ પૂર્વે એ સંઘમાં પૂજ્યશ્રીની નિશ્રામાં જાજરમાન સામૂહિક વર્ષીતપસમાપનમહોત્સવ યોજાયો ત્યારે શત્રુંજયભાવયાત્રામાં અચાનક કોઠીપોળથી શત્રુંજયગિરિરાજનો પદયાત્રાસંઘ યોજવાની ભાવના એ સંઘે દર્શાવી હતી. આ ચાતુર્માસપ્રારંભે એ સંઘે વિનંતિ કરી તે પદયાત્રાસંઘની.

ત્રીજા પદયાત્રાસંઘની વિનંતિ આવી શિનોરથી અણસ્તુતીર્થના પદયાત્રાસંઘની. વડોદરામાં વસતા શિનોરના મૂળવતની ઇન્દ્રકુમાર શાહને વ્યક્તિગત સંપૂર્ણ લાભ લઇ આ પદયાત્રાસંઘ યોજવાની ભાવના હતી. માંજલપુરના ચાતુર્માસ દરમ્યાન આ ત્રણે ય પદયાત્રાસંઘોની જય બોલાવાઇ. આ ઉપરાંત શંખેશ્વરજીના સંઘસમયે ખેડાથી કલિકુંડતીર્થના પદયાત્રાસંઘનો નિર્ણય થતાં તેની પણ જય બોલાઇ. આ ચાર પદયાત્રાસંઘો ઉપરાંત નાગેશ્વરપાર્શ્વ-ધર્મધામમાં અંજનશલાકા-પ્રતિષ્ઠા-દીક્ષા, ડભોઇતીર્થે પૂજ્યશ્રીના જીવનપર્યાયનો ભવ્યાતિભવ્ય અમૃતમહોત્સવ વગેરે આયોજનોની પણ જય બોલાવાઇ હતી. તો પૂજ્યશ્રીની ભાવનાનુસાર મારે ત્રીજી અને ચોથી સૂરિમન્ત્રપીઠિકા જન્મભૂમિ ડભોઇતીર્થે બે અલગ અલગ સ્થાને કરવાની હતી. આ તમામ કાર્યો સુવ્યવસ્થિત પૂર્ણ થાય તે રીતે એનાં મુહૂર્તો પૂજ્યશ્રીએ નિર્ધાર્યા. એમાં સર્વપ્રથમ કાર્ય લેવાયું ડભોઇતીર્થે સૂરિમન્ત્રતૃતીયપીઠિકાસાધનાનું. પૂજ્યશ્રીની ભાવના હતી કે 'આપણી સુવિહિત ગુરુપરંપરાના શિરતાજ પૂ. પ્રવચનપ્રભાવક આ.ભ.શ્રી મોહનસૂરીશ્વરજી મહારાજે જ્યાં અંતિમ ચાતુર્માસ કરીને દેહત્યાગ કર્યો એ ઉપાશ્રયમાં એક પીઠિકા કરવી.' તદનુસાર વડોદરાથી અમાસે વિહાર કરી બેસતા મહિને-માગશર શુદિ બીજે ડભોઇમાં સામૈયાં સાથે પૂજ્યશ્રીએ પ્રવેશ કર્યો. પ્રવેશદિને જ પૂજ્યશ્રીની નિશ્રામાં વિધિપૂર્વક તૃતીયપીઠિકામાં પ્રવેશ થયો.

મને યાદ છે એ પીઠિકાપ્રવેશની યાદગાર ક્ષણો. સન્મુખ શ્રી લોઢણપાર્શ્વનાથદાદાની મૂર્તિપ્રમાણ વિશાલ તસવીર અને અન્ય આરસપ્રતિમાદિ હતા અને પૂજ્યશ્રી મારી સાથે હતા. શ્રીદેવી આ પીઠિકાના અધિષ્ઠાયિકા હતા. એમાં અચાનક મનમાં સ્ફુરણા થઇ કે 'આ આરાધનાના પ્રભાવે મારાં જીવનમાં વિનયશ્રી-જ્ઞાનશ્રી-ચારિત્રશ્રી-પુણ્યશ્રી (શાસનકાર્યો થઇ શકે એ માટે) ની વૃદ્ધિ થાઓ.' મેં પૂજ્યશ્રીને તુર્ત આ મનોરથ કહ્યો. પૂજ્યશ્રીએ ખુશખુશાલ થઇ મારાં મસ્તકે હાથ પ્રસાર્યો. પછી તો પચીશે ય દિવસ જાપસાધના પૂર્વે આ જ સંકલ્પ થતો રહ્યો. આ જ પીઠિકા દરમ્યાન જાપસાધના ઉપરાંતના સમયમાં જીવનનાં અનન્ય શ્રદ્ધાકેન્દ્ર પરમાત્મા શ્રી લોઢણપાર્શ્વનાથ પ્રત્યે ભક્તિના પરમ કક્ષાના પૂર ઊમટતા રહ્યા અને એમાં જ એ પ્રભુનાં ચૈત્યવંદન-સ્તવન થોયજોડાંની રચના થઇ. આ દિવસોમાં જ સંકલ્પ થયો કે આજીવન નિત્ય શ્રી લોઢણ પાર્શ્વપ્રભુનું ચૈત્યવંદન અવશ્ય કરવું જ. પીઠિકા નિમિત્તે દશ સાધુ-સાધ્વીજીએ ૨૧-૧૬-૮-૯ ઉપવાસ કર્યા. પૂજ્યશ્રી સ્વયં નિત્ય પીઠિકાખંડમાં એક કલાક આરાધના માટે પધારતા. પચીશ દિવસના અંતે માગશર વદિ-૧૨, રવિવારે પીઠિકાસમાપનનો ભવ્ય વરઘોડો-શ્રી મફતભાઇ કંસારાનાં ગૃહાંગણે પૂજ્યશ્રી આદિનાં પગલાં-પ્રવચન-શ્રાવિકા ઉપાશ્રયના તોટાનું ₹. સાત લાખનું ફંડ-સંઘનવકારશી અને તે પછી શત્રુંજયભાવયાત્રાનો ભવ્ય કાર્યક્રમ સંગીતકાર નીલેશ રાણાવતના સંગે યોજાતાં સતત સાડા પાંચ કલાક ભાવિકો ભાવયાત્રામાં તરબોળ બન્યા. તે પછી પણ સંઘસાધર્મિકવાત્સલ્ય યોજાયું....

ત્યાંથી પૂજ્યશ્રી સપરિવાર શિનોરતીર્થે પોષ શુદિ એકમે પધાર્યા. ગામ બહાર પ્રાચીન પદ્માવતી દેવીનું જીર્ણ-શીર્ણ સ્થાન હતું. શિનોરસંઘ તથા સંઘપતિ શ્રી ઇન્દ્રકુમાર વગેરે સામૈયું લઇને પૂજ્યશ્રીને આવકારવા ત્યાં આવ્યા. પ્રાચીન એ ગામ હતું, પ્રાચીન એનો ઇતિહાસ હતો. સામૈયું ઊતર્યા બાદ પ્રવચન દરમ્યાન છ'રી'પાલકસંઘનું મહિમાદર્શન કરાવ્યા પછી પૂજ્યશ્રીએ શિનોરના ઇતિહાસના બે પૃષ્ઠનો ઉલ્લેખ કર્યો. એક એ કે ''ત્રણસો વર્ષ પૂર્વે થઇ ગયેલ સમર્થ શાસ્ત્રકાર પૂજ્યપાદ મહોપાધ્યાય

શ્રી યશોવિજયજી ગણિવરે શિનોરગામમાં વારંવાર સ્થિરતા કરી છે. અહીંનો પુરાણો ઉપાશ્રય નર્મદા નદીતટની એકદમ નિકટ હતો. રાત્રે નિરવ શાંતિ એવી રહેતી કે નર્મદાના નીરનો કલકલનાદ રાત્રે સુખેથી સંભળાય. અમે સ્વયં સાધુજીવનના પ્રારંભે પૂ. યુગદિવાકરશ્રીની સાથે એ નદીતટના ઉપાશ્રયે મુકામ કર્યો છે. પૂ. મહોપાધ્યાયજી જેવી વિરલ વિભૂતિનાં પદાર્પણથી આ ગામ ધન્ય બની ગયાનું અવશ્ય કહેવાય.'' બીજો ઉલ્લેખ પૂજ્યશ્રીએ એ કર્યો કે ''પૂ. આગમોદ્ધારક આ.ભ.શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ. ડભોઇ પધાર્યા હતા ત્યારે એમને વળાવવા માટે અમે સંસારીપણામાં આ શિનોરગામ સુધી આવ્યા હતા. શિનોરથી એમને વળાવ્યાનું દૃશ્ય આજે ય તાજું છે.'' સાંજે જિનાલયમાં સામૂહિક સંધ્યાભક્તિ યોજાઇ. પોષ શુદિ-બીજ-ત્રીજ-ચોથના પદયાત્રાસંઘ યોજાયો. ચારસોથી વધુ યાત્રિકો, પચાસ સાધુ-સાધ્વી ભગવંતો, અને કર્મચારીગણ મળી છસો પચાસની સંખ્યાને સમાવતી એક ધર્મ-પ્રતાપનગરી ત્રણે ય દિવસ રચાઇ. સંઘપતિ પરિવાર તથા યાત્રિકોના જોરદાર ઉમંગનાં કારણે પ્રવચનોમાં અને સંધ્યાભક્તિમાં જોરદાર જમાવટ રહી. ત્રીજની સાંજે ભવ્ય કુમારપાલમહાઆરતી યોજાઇ, ચોથે પ્રભાતે અણસ્તુતીર્થે સંઘપ્રવેશ થયો ત્યારે સંઘપતિની આંખમાં હર્ષાશ્રુનાં તોરણ હતા. કેમ કે સંઘમાં એમની ધારણાથી દ્વિગુણ યાત્રિકસંખ્યા અને જમાવટ થઇ હતી. સંઘપતિનાં મુખમાં શબ્દો હતા કે ''આ સુકૃત મારાં જીવનનું શ્રેષ્ઠ સંભારણું બની રહેશે...''

પોષ શુદિ પાંચમે પૂજ્યશ્રીએ અમદાવાદ તરફ વિહાર કર્યો. પોષ શુદિ ચૌદશે અમદાવાદ-પાલડીના ધર્મવિહારસંઘમાં ભવ્ય સામૈયાં સાથે પૂજ્યશ્રીનો પ્રવેશ થયો. સામૈયાની સાથે મુમુક્ષુ કુ. ફાલ્ગુની શાહની વર્ષીદાનયાત્રા પણ યોજાઇ. ધર્મવિહારના બહારના પરિસરના મંડપમાં પૂજ્યશ્રીનું પ્રવચન થયું, તો પૂનમે અન્નપૂર્ણા હૉલમાં નાગેશ્વર પાર્શ્વ-ધર્મધામના શિખરબદ્ધ જિનાલયની અંજનશલાકા-પ્રતિષ્ઠાની ઉછામણીઓ યોજાઇ. બન્ને દિવસોમાં પદયાત્રાસંઘપ્રયાણ નિમિત્તે કુંભસ્થાપના-નવગ્રહાદિપૂજન અને શાંતિસ્નાત્રવિધાન યોજાયું. પોષ વદિ ૧, તા. ૪-૧-૨૦૦૭ના ગુરુવારે શ્રી શંખેશ્વરજીમહાતીર્થના ચૌદ દિવસીય પદયાત્રાસંઘનું શાનદાર રૂપે પ્રસ્થાન થયું. આ પદયાત્રાસંઘમાં કુલ ચારસોની સંખ્યા હતી. એના વિહારમાર્ગ પર શેરીસા-વામજ-ભોંયણી-ઊઘરોજ-રાંતેજ-શંખલપુર જેવા પ્રાચીન તીર્થો હતા કે જેનો ઇતિહાસ પ્રાચીન હતો અને પ્રતિમાજી અતિ પ્રભાવસંપન્ન હતા. સંઘપતિ-સહસંઘપતિપરિવારો મહદંશે U.S.A. અને બ્રિટન-કેનેડાના હતા. તેઓ મૂળ તો ગુજરાતી જ હતા. પ્રવચનોમાં એ સહુને રસ પડે એવી સરસ અને હળવી રજૂઆતો ધારાબદ્ધ થતી હોવાથી એ સહુની જિજ્ઞાસા કાંઇક નવું-સરસ જાણ્યાના સંતોષમાં પરિણમતી.

પ્રવચનોમાં તે તે તીર્થોના ઇતિહાસ પણ સરસ રીતે ગૂંથી લેવાતા હતા. જેમ કે શેરીસાતીર્થની સ્થિરતામાં એ જણાવાયું કે ''આ તીર્થ ભારતના ૧૦૮ પાર્શ્વનાથતીર્થોમાંનું એક છે. વિક્રમની બારમી શતાબ્દીમાં સંસ્થાપિત આ તીર્થ મોગલોના સમયમાં ધ્વસ્ત થયું ત્યારે મૂલનાયકજી ભૂગર્ભમાં ભંડારાયા હતા. એનો સાંપ્રત ઉદ્ધાર પૂ. શાસનસમ્રાટ આ. શ્રી નેમિસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે થયો.'' તો ભોંયણી તીર્થની સ્થિરતામાં ત્યાંનો રસપ્રદ ઇતિહાસ જણાવાયો કે ''વિ.સં. ૧૯૩૦માં ગામના પટેલ પરિવારના ખેતરમાંથી મૂલનાયક શ્રી મલ્લિનાથ પ્રભુ આદિ પાંચ - પાંચ પ્રભુ અખંડિતપણે નીકળ્યા હતા. માત્ર એક જ જૈન પરિવાર વસતો હોવા છતાં ગ્રામજનોની પ્રબળ ભાવનાવશ ત્યાં જ તીર્થનિર્માણ થયું. પૂ. યુગદિવાકરશ્રીએ આ જ ભોંયણીતીર્થે મહા શુદિ ૧૦ની સાલગિરિ ઉજવી અહીંના ભાતાથી ઉત્તરપારણું કરી મહા શુદિ ૧૧ના સાંગણપુરમાં દીક્ષા સ્વીકારી હતી.'' ઊઘરોજમાં ત્યાંના પ્રાચીન અને અત્યલ્પ જોવા મળે તેવો આકાર ધરાવતા યક્ષરાજ મણિભદ્રદેવની વિશેષતા સમજાવાઇ, તો રાંતેજમાં ટેકરા નીચેથી નીકળેલ સંપૂર્ણ બાવન જિનાલયની અને ત્યાંના અતિ પ્રાચીન સરસ્વતીદેવીની વાતો જણાવાઇ. શંખલપુરનાં જિનાલયમાં એકેકથી ચડિયાતા સંપ્રતિકાલીન તમામ પ્રતિમાજીઓ એવા અદ્ભુત હતા કે સંઘનો પડાવ ગામથી બહાર હોવા છતાં અમે શ્રમણો એક જ દિવસમાં ત્રણ વાર ત્યાં દર્શન માટે-ભક્તિ માટે ગયા. બપોરે પ્રવચનમાં ત્યાંના ઇતિહાસવર્ણન ઉપરાંત એક માર્મિક ટકોર કરાઇ કે ''અમેરિકામાં વસવા જવું એ કાંઇ પુણ્યોદય નથી, આવા પ્રાચીન તીર્થોના આવા આહ્લાદક પ્રભુજીઓની પૂજા-ભક્તિ-યાત્રા કરવા મળે એ સાચો પુણ્યોદય છે.'' અમેરિકાવાસી સંઘપતિઓને આ વિધાન બેહદ પસંદ આવ્યું.

પદયાત્રાસંઘ દરમ્યાનના પ્રસંગો પણ સ્મરણીય રહ્યા. મહેશભાઇ ડી. શાહ નામે અમેરિકા નિવાસી સહસંઘપતિ મને કહે : ''મારે રોજ વિહારમાં આપની સાથે ચાલવું છે.'' મારી વિહારગતિ ખૂબ તેજ હોવાથી મેં એમને પડાવમાં સત્સંગ માટે આવવાનું કહ્યું. તો એ કહેઃ ''સાહેબજી! મારા ખાતર આપ થોડો ધીમો વિહાર કરજો. પણ પડાવમાં ઘણા બધા આવતા-જતા રહે. એના કરતાં આ વિહારનો સત્સંગ મજાનો બનશે.'' એમની હાર્દિક તમન્ના જોઇ મેં એમનું સૂચન સ્વીકાર્યું. બીજા દિવસથી છેલ્લા દિવસ સુધી એ વિહારમાં સાથે રહ્યા. જાતજાતની જિજ્ઞાસા એ દર્શાવે. ઉત્તરો સાંભળી એ રાજી થાય. છેલ્લે બોલ્યાઃ ''અમેરિકામાં અમને કદી સાધુભગવંતો મળતા નથી. મારા માટે આ જ સુવર્ણતક હતી...'' આ જ પરિવાર તરફથી શેરીસાતીર્થે મહાપૂજન હતું. એમાં જીવદયાફંડ પ્રસંગે માકુભાઇ શેઠની વીંટીનું દૃષ્ટાંત કહેવાતા મહેશભાઇના ધર્મપત્ની મીનાબેને તુર્ત જ હીરાજડિત મૂલ્યવાન વીંટી કાઢીને જીવદયામાં આપી દીધી... સંઘના ચોથા દિવસે

વ્યસનત્યાગ પર પ્રવચન અપાયું તો કેટલીક વ્યક્તિઓએ 'Drink'નો કાયમી ત્યાગ કર્યો...શંખેશ્વરજીમહાતીર્થે પ્રવેશ પ્રસંગે, વિહાર હોવા છતાં ઓગણપચાશ ભાવિકોએ અટ્ઠમ તપ કર્યો, તો વીશ સાધુ-સાધ્વી ભગવંતોએ શંખેશ્વરજીમાં આવીને અટ્ઠમ કર્યો. શંખેશ્વરજીમાં ૧૦૮ પાર્શ્વનાથમહાપૂજન પ્રસંગે લાભાર્થી પરિવારે જાહેર કર્યું કે જેઓ એક વર્ષમાં સૌથી વધુ નવકારમાળા-સૌથી વધુ કલાક મૌન વગેરે નિયમ લેશે તેઓને પાર્શ્વપ્રભુની રમણીય પ્રતિમા ભેટ અપાશે. અનેક ભાવિકોએ આ નિમિત્તે ભાતભાતના નમસ્કરણીય નિયમો ગ્રહ્યા. પૂજ્યશ્રીના આનંદનો કોઇ સુમાર ન હતો. કેમ કે શંખેશ્વરદાદાની યાત્રાનો લાભ એમને ચૌદ ચૌદ વર્ષે પ્રાપ્ત થયો હતોઃ જાણે કે ચૌદ વર્ષનો વનવાસ પૂર્ણ ન થયો હોય!! શંખેશ્વરજીની ચાર દિવસની સ્થિરતામાં જે પ્રભુભક્તિ થઇ તેમાં સ્તવનરૂપે પૂજ્યશ્રીને અતિશય પસંદ આવ્યું 'મુખ ખોલ જરા... યહ કહ દે ખરા...તું ઓર નહિ મેં ઓર નહિ...' આ આત્મારામજી કૃત સ્તવન. અને ભક્તિગીત રૂપે ખૂબ ગમી ગઇ 'આશરા ઇસ જહાં કા મીલે ના મીલે... મુઝે તેરા સહારા સદા ચાહિયે...' કૃતિ. પોષ વદિ ૧૩, તા. ૧૭-૧-૨૦૦૭ બુધવારે તીર્થમાળારોપણનો વિધિ ઉલ્લાસપૂર્ણ રીતે સંપન્ન થયો.

મહા શુદિ એકમે શંખેશ્વરજીથી વિહાર કરી માંડલ-વિરમગામ વગેરે સ્થળોએ થઇ પૂજ્યશ્રી નાગેશ્વરપાર્શ્વધર્મધામ-જખવાડા પધાર્યા. આ સ્થાન જખવાડાથી ૧ કિ.મી. દૂર **Main Road Touch** હતું. અમદાવાદ-શંખેશ્વરજીની વિહારયાત્રામાં પધારતા પૂ. સાધુ-સાધ્વીભગવંતો માટે અહીં નિકટમાં કોઇ સુવિધા ઉપલબ્ધ ન હતી. એથી આ નૂતન વિહારધામ રચાયું હતું. અહીં શિખરબદ્ધ જિનાલયમાં મૂલનાયકરૂપે છ ફુટના નીલવર્ણા કાયોત્સર્ગમુદ્રાના શ્રી નાગેશ્વર પાર્શ્વનાથપ્રભુ તેમજ અન્ય જિનબિંબો વિરાજમાન થનાર હતા. આ પ્રભુ અને પૂ. યુગદિવાકરશ્રીનું નામ સંમીલિત કરીને આ સ્થાનનું નામ પૂજ્યશ્રીએ સૂચવ્યું શ્રી નાગેશ્વરપાર્શ્વધર્મધામ-જખવાડા. આ જિનાલયનો અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ તથા યુવામુમુક્ષુ કુ. ફાલ્ગુની શાહનો દીક્ષામહોત્સવ પૂજ્યશ્રીની નિશ્રામાં મહા શુદિ-૭, તા. ૨૫-૧-૭ થી મહા શુદિ-૧૪, તા. ૨-૨-૭ દરમિયાન ભવ્ય સ્વરૂપે ઉજવાયો. આ મહોત્સવની કેટલીક ઝલકો નિહાળીએઃ

(૧) આમ તો આ વિહારધામ હાઇવે પર હોવાથી આસપાસ કોઇ વસતિ ન હતી. માત્ર અમદાવાદ-ધર્મવિહારસંઘમાંથી રોજ એક Special બસમાં ભાવિકો આવતા હતા. પરંતુ મંડપમાં કલ્યાણકઉજવણીસમયે આઠસો-નવસોની સંખ્યા રહેતી. કારણ કે જખવાડાની હિંદુ વસતિના ભદ્રિક પટેલો-ખેડૂતો રોજ વિપુલ સંખ્યામાં કાર્યક્રમ માણવા આવતા હતા. આ ભદ્રિક ગ્રામીણજનો સાંજે આરતીપ્રસંગે આવી આઠસો-હજાર ₹.ની બોલી પણ બોલતા. (૨) કલ્યાણકઉજવણી દરમ્યાન પ્રભુજીનો લગ્નપ્રસંગ ઉજવાયો ત્યારે ગ્રામીણ ખેડૂત પ્રજાએ ભગવાનના લગ્નનો ચાંલ્લો લખાવવા પડાપડી કરી. ભલે એ ચાંલ્લાની રકમ ૩૦૦-૪૦૦-૫૦૦ ₹.ની હતી. પરંતુ એ જૈનેતર બંધુઓના ભાવ મોટા હતા એ સ્પષ્ટ જણાતું હતું. (૩) મહા શુદિ તેરશે સવારે મુમુક્ષુનો વર્ષીદાનવરઘોડો અને તે પછી પ્રવ્રજ્યાપ્રદાનવિધિ હતો. જૈન વસતિના અભાવે આયોજકોની ધારણા વિહારધામમાં જ નાનો વરઘોડો કરી દીક્ષાપ્રદાનની હતી. પરંતુ ભાવુક ગ્રામ્યજનો આગ્રહ કરીને ધરાર એક કિ.મી. દૂર ગામમાં વરઘોડો લઇ જવાનું બે દિવસ પૂર્વે નક્કી કરી ગયા. ગામના અગ્રણીઓએ નિર્ણય કર્યો કે 'આજ સુધી ગામમાં લગ્નના વરઘોડા ઘણા થયા છે. પરંતુ જૈન દીક્ષાનો વરઘોડો સર્વપ્રથમ છે. માટે લગ્ન કરીને બહારગામ વસેલ ગામની દીકરીઓને પણ આ વરઘોડો માણવા તેડાવવી.' વર્ષીદાનયાત્રાના દિવસે એ તમામ દીકરીઓ તથા પૂરું ગામ સજી-ધજીને તૈયાર થયું. ગામની દરેક ગલીમાં દીક્ષાવરઘોડો લઇ જઇ ગામજનો સૌની સાથે પુનઃ દીક્ષામંડપમાં આવ્યા. પૂજ્યશ્રીએ એ ક્ષણે માર્મિક વચન ફરમાવ્યું કે ''આ માહોલ જોતાં અમને લાગે છે કે આ ગામ જખવાડા નથી પણ જૈનવાડા છે.''

(૪) દીક્ષા સમારોહના પ્રારંભે પૂજ્યશ્રીએ તમામ ગામજનોને એક માસ પર્યંત કંદમૂળત્યાગ અને બીડીત્યાગની અપીલ કરતાં સહુએ હોંશે હોંશે એ નિયમ સ્વીકાર્યો. ગામજનો તેમજ અમદાવાદ-આમોદ-ભરુચ-વિરમગામ વગેરે નગરોના જૈનોની ચિક્કાર ઉપસ્થિતિ વચ્ચે દીક્ષાસમારોહ ભવ્ય રીતે ઉજવાયો. પૂજ્યશ્રીના વરદ હસ્તે રજોહરણ ગ્રહીને મુમુક્ષુ કુ. ફાલ્ગુની નૂતન સા. શ્રી ભાવવર્ષાશ્રીજી બન્યા અને તેઓ સા. શ્રી કલ્પલતાશ્રીજીના પરિવારમાં સંમિલિત થયા. તે જ રાત્રે શુભ મુહૂર્તે અધિવાસના તથા અંજનનું ઉત્કૃષ્ટ વિધાન પૂજ્યશ્રીના વરદ હસ્તે થયું. મહા શુદિ ચૌદશના મુખ્ય દિને શુભ લગ્ને-નવમાંશે પૂજ્યશ્રીના સૂરિમન્ત્રવાસિત વાસક્ષેપ સાથે શ્રી નાગેશ્વરપાર્શ્વપ્રભુ વગેરે જિનબિંબોની પાવન પ્રતિષ્ઠા થઇ. સમગ્ર નવદિવસીય મહોત્સવમાં સંગીતકાર નીલેશ રાણાવતે અદ્ભુત જમાવટ કરી 'જંગલમાં મંગલ' સર્જી દીધું હતું...

ત્યાંથી એક નાની પ્રતિષ્ઠા કરાવી પૂજ્યશ્રી મહા વદિ ત્રીજે ખેડા પધાર્યા. અહીં સા. શ્રી કલ્પધર્માશ્રીજીની પ્રેરણાથી શ્રી કિશોરભાઇ સાવલાને પદયાત્રાસંઘ યોજવાની ભાવના હતી. સવારે પૂજ્યશ્રીનું ભવ્ય સામૈયું-પ્રવચન અને સાંજે ભક્તિસંધ્યા ખૂબ જમાવટભરી થઇ. સંઘ ભલે બે દિવસનો હતો. પરંતુ પરિવારનો ઉમંગ પારાવાર હતો. મહા શુદિ ચોથે સવારે જિનાલયમાં સંઘપ્રયાણની વિધિ પૂર્ણ કરાવીને પૂજ્યશ્રી જિનાલયની પગથાર ઊતરી રહ્યા હતા. હાથમાં દાંડો હતો. એ સમયે અચાનક તસવીરકારે **'Natural'** અવસ્થામાં પૂજ્યશ્રીની જે તસવીર લીધી એ અદ્ભુત હતી. ન પૂજ્યશ્રીને ખ્યાલ હતો,

ન અમને કોઈને ખ્યાલ હતો. તસવીર જોવામાં આવી ત્યારે અમને ખ્યાલ આવ્યો કે પૂજ્યશ્રીનું પ્રૌઢ પ્રતાપી-ધીર-ગંભીર-વ્યક્તિત્વ એમાં કેવું સરસ પ્રતિબિંબિત થતુ હતું. આ મહાગ્રન્થના અંતિમ Title પર છે તે જ આ તસવીર. ચોથના સંઘની સ્થિરતા રઢુ ગામે થઇ. બપોરે પ્રવચન અને સાંજે ભક્તિસંધ્યામાં ચારસો ભાવિકો ઊમટ્યા. મહા વદિ પાંચમે કલિકુંડતીર્થ-ધોળકામાં સંઘનું ભવ્ય સામૈયું-તીર્થયાત્રા-તીર્થમાળવિધાન વગેરે થયા. ત્યાંથી છઠના દિવસે પૂજ્યશ્રીએ વડોદરા તરફ વિહાર આરંભ્યો અને મહા વદિ અગિયારશે ભવ્ય સામૈયાં સાથે પૂજ્યશ્રીની પધરામણી કોઠીપોળસંઘમાં થઇ.

કોઠીપોળસંઘના ઇતિહાસના સવાસો વર્ષમાં શ્રી શત્રુંજયમહાતીર્થનો ૬'રી'પાલક પદયાત્રાસંઘ આ પ્રથમવાર પૂજ્યશ્રીની નિશ્રામાં આયોજિત થયો હતો. એથી સંઘનો ઉલ્લાસ નિરવધિ હતો. સંઘના મુખ્ય સંઘપતિ બન્યા શ્રી દીપકભાઇ જેસીંગલાલ શાહ. સહસંઘપતિરૂપે ડભોઇતીર્થના અનેક પુણ્યાત્માઓએ એમાં લાભ લીધો હતો. મહા વદિ-૧૪ તા. ૧૬-૨-૦૭ થી સંઘપ્રયાણ નિમિત્તેનો ભવ્ય અષ્ટદિવસીય પ્રભુભક્તિમહોત્સવ આરંભાયો. ફાગણ શુદિ-૫, તા. ૨૧-૨-૦૭ના જિનાલયે શાંતિસ્નાત્રવિધાન યોજાયું અને ફાગણ શુદિ-૬, તા. ૨૨-૨-૦૭ના શ્રેષ્ઠ મુહૂર્તે ઓગણીશ દિવસીય ભવ્ય શત્રુંજયમહાતીર્થપદયાત્રા સંઘનું મંગલ પ્રસ્થાન પૂજ્યશ્રી આદિ સુવિશાલ શ્રમણ-શ્રમણીવૃંદની પુણ્યનિશ્રામાં થયું. સંઘપ્રયાણ પૂર્વે રાવપુરાના મુખ્ય રાજમાર્ગ પર પદયાત્રાસંઘનો ભવ્ય અભિવાદનસમારોહ વડોદરાના મેયર-વિપક્ષી નેતા-ધારાસભ્ય-સમસ્ત વડોદરાના જૈન સંઘના અગ્રણીઓ આદિની ઉપસ્થિતિમાં જાજરમાન થયો. તે પછી ત્રણ કિલોમીટર દીર્ઘ શોભાયાત્રા વાજતે-ગાજતે યોજાઇ. સયાજીગંજમાં વળામણાં માટે પધારેલ તમામ ભાવિકોને પૂજ્યશ્રીએ અંતિમ માંગલિક શ્રવણ કરાવ્યા બાદ એ સર્વેની નવકારશીભક્તિ થઇ અને પદયાત્રાસંઘનું પ્રસ્થાન આગળના મુકામ તરફ થયું.

સ્વ-પર સમુદાયના સાધુ-સાધ્વીજીસહિત ૨૭૫ની સંખ્યા ધરાવતા આ સંઘમાં ગરમીના દિવસો શરુ થવા છતાં ભાવિકોએ સાંકળી અટ્ઠમ-સાંકળી આયંબિલ તેમજ અટ્ઠાઇ જેવી તપસ્યાઓ કરી, તો પદયાત્રા દરમ્યાન જ ફાગણ શુદિ તેરશના મહાન દિને ઉપસ્થિત બોરુગામે વિશિષ્ટ શત્રુંજયતીર્થઆરાધના જેવા કાર્યક્રમો થયા. સંઘસંચાલનની સર્વ જવાબદારી પરિમલભાઇ સી. શાહ ડભોઇવાળાએ સરસ રીતે સંભાળી હતી. પ્રવચનો અને સંધ્યાભક્તિમાં અનેરા ઉમંગરંગ- જમાવટ આ વર્ષના દરેક સંઘની આગવી ઓળખ બની ગઇ હતી. 'ગુજરાત સમાચાર'ની 'ધર્મલોક' પૂર્તિમાં સંઘ દરમ્યાનના ત્રણ ગુરુવારોએ શત્રુંજયમહાતીર્થસંબંધી વિસ્તૃત લેખો પ્રગટ થયા, તો અખબારોમાં સંઘના પ્રયાણના-કાર્યક્રમોના-પૂર્ણાહુતિના સમાચારો પણ આવતા હતા.

પ્રવચન દરમિયાન 'શત્રુંજયમાહાત્મ્ય' ગ્રન્થના આધારે તેમજ પ્રાચીન-અર્વાચીન સત્ય ઘટનાઓના આધારે યાત્રિકોને શત્રુંજયભક્તિથી તરબોળ બનાવી દેવાતા હતા. એમાંની અનેક ઘટનાઓ શ્રોતાઓને અશ્રુતપૂર્વ લાગતી. જેમ કે પ્રવચનમાં પદાર્થ જણાવાયો કેઃ- આ અવસર્પિણીકાળના પ્રથમ ચક્રવર્તી ભરત મહારાજા ષટ્ખંડસાધના માટે નીસર્યા ત્યારે લવણસમુદ્રના પશ્ચિમ તીરે આવેલ વરદામતીર્થના અધીશ્વર વરદામદેવનું મિલન ચક્રવર્તી સાથે થયું. ભરતે જોયું કે દેવ સુવર્ણકુંભમાં કોઇ જળ જીવની જેમ સાચવતા હતા . ચક્રવર્તીએ જિજ્ઞાસા દર્શાવતા દેવે કહ્યુંઃ ''આ જળનો એક ઇતિહાસ છે. સૌરાષ્ટ્ર દેશમાં દર્શનમાત્રથી પાપોનો નાશ કરનાર મહાપ્રભાવક શત્રુંજયમહાતીર્થ છે. એની દક્ષિણે વહેતી શત્રુંજયી નદી પતિત-પાવન હોવાથી શાસ્ત્રોમાં 'પાપંકષા' રૂપે જણાવાઇ છે. આ મહાતીર્થના કદંબગિરિ અને પુંડ્રીકગિરિ નામે બે શિખરોની વચ્ચે 'કમલ' નામે પ્રભાવસંપન્ન દ્રહ છે. એનાં જળમાં અને માટીમાં ભયાનક રોગોનું નિવારણ કરવાની જબરજસ્ત તાકાત છે. હું પ્રતિવર્ષ એ મહાતીર્થની યાત્રા બાદ આ 'કમલ'દ્રહનું પવિત્ર જળ લાવું છું અને એનાથી મારા ગૃહજિનાલયના પ્રભુજીનો અભિષેક કરું છું.'' વરદામદેવની આ ભક્તિસભર વાત સાંભળીને ભરતચક્રવર્તી પ્રભાવિત થઇ ગયા. એમણે પણ એ સુવર્ણકુંભમાંથી થોડું જળ ભક્તિ માટે લીધું...

આ તો થઇ શત્રુંજયના દ્રવ્યરોગનિવારણસામર્થ્યની વાત. એનાં ભાવરોગનિવારણસામર્થ્યનો ઉલ્લેખ કરતા 'શત્રુંજયમાહાત્મ્ય' ગ્રન્થાધારે જ શત્રુંજયનું સરસ વર્ણન પણ પ્રવચનમાં કરાયું કે :- અનંત સિદ્ધોને મુક્તિસ્થાન-અનંત સુખ આપનાર આ ગિરિરાજ અનંત ભવસાગરમાં પ્રાણીઓને આધાર માટે દ્વીપસમાન છે. આસપાસના બત્રીશ હજાર ગામોથી વિભૂષિત આ ગિરિરાજ ત્યારે મૂળભાગે પચાસ યોજન પહોળો, શિખરભાગે દશ યોજન પહોળો અને આઠ યોજન ઊંચો હતો. આ ગિરિરાજ પર અગણિત દેવ-દાનવ-માનવના મહેરામણ વચ્ચે પ્રભુ આદિનાથે શત્રુંજયગિરિનો અદ્ભુત મહિમા દર્શાવી પુંડરીકગણધરને કહ્યું કે ''તમે આ જ ગિરિરાજ પર સાધનાના અંતે મોક્ષ પામશો-કર્મરોગથી સર્વથા મુક્ત થશો અને તમારાં કારણે આ તીર્થ પુંડરીકગિરિરૂપે વિખ્યાત થશે.'' પ્રભુવચન અંગીકાર કરી એમણે પાંચ ક્રોડ મુનિવરો સાથે આ ગિરિરાજ પર અનશન કર્યું અને એક માસના અંતે ચૈત્રી પૂનમે પાંચ ક્રોડ મુનિવરો સાથે મોક્ષે પધારી કર્મરોગથી-ભાવરોગથી સર્વથા મુક્ત થયા.

જ્યારે પ્રભુ આદિનાથ અયોધ્યાનગરીમાં સમવસર્યા ત્યારે ભરતચક્રવર્તી સમક્ષ એમણે છ'રી'પાલકસંઘનો મહિમા દર્શાવ્યો હતો. 'શત્રુંજયમાહાત્મ્ય' ગ્રન્થાધારે પ્રવચનમાં પ્રભુવચનોનો સાક્ષાત્ ઉલ્લેખ આ કરાયો કે ''રાજન્ ! ઇન્દ્ર અને ચક્રવર્તીપદ કરતાં પણ વિશેષ સુકૃતથી પ્રાપ્ત થતું સંઘપતિનું પદ અતિશય પ્રશંસનીય છે. સંઘપતિ સમ્યગ્દર્શનની ઉત્તમ શુદ્ધિ પ્રાપ્ત કરીને અતિ દુર્લભ તીર્થંકરનામગોત્ર પણ ઉપાર્જી શકે

છે.'' ભરતચક્રવર્તીએ પ્રભુના સ્વાગતસમયે કરેલ બાર ક્રોડ સુવર્ણમુદ્રાદાન, ભરતચક્રવર્તી દ્વારા નાભગણધરની નિશ્રામાં યોજાયેલ અયોધ્યાથી શત્રુંજય-મહાતીર્થના અજોડ પદયાત્રાસંઘનાં હૃદયંગમ વર્ણનો-ચક્રવર્તી દ્વારા ગિરિરાજ પર ચોર્યાશી મંડપો યુક્ત અદ્ભુત 'ત્રૈલોક્યવિભ્રમ' જિનપ્રાસાદનિર્માણ વગેરે અવનવી બાબતો પ્રવચનમાં જાણીને શ્રોતાઓની ભાવધારા પ્રવર્ધમાન બનતી...

ફાગણ વદિ ૭, તા. ૧૧-૩-૦૭ રવિવારે પાલિતાણાની પુણ્યભૂમિમાં શાનદાર સ્વાગત સાથે પદયાત્રાસંઘનો પ્રવેશ થયો. ખીવાંદી ભવનમાં બપોરે ભવ્ય સમારોહમાં તીર્થમાળઉછામણી-દાતા પરિવારોનું બહુમાન અને સાંજે જયતળેટીએ ભવ્ય મહાપૂજા તથા ભક્તિસંધ્યા યોજાઇ. ફાગણ વદિ-૮ સોમવારે ગિરિરાજ પર દાદાના દરબાર સમક્ષ તીર્થમાળવિધાનસહિત માળપરિધાન-નૂતન ધ્વજારોપણાદિ કાર્યો સંપન્ન થયા.

આ પ્રસંગે પાલિતાણામાં છ-સાત દિવસની સ્થિરતા અને નિત્ય ગિરિરાજયાત્રા થઇ. આ દરમિયાન જ સા. શ્રી ભવ્યતાશ્રીજીને સમાધિપ્રદ ઉપદેશસ્તોત્ર સંભળાવવા જવાનું બન્યું. વિષમ કર્મસંયોગે આ સાધ્વીજી યુવાવયે એવા વિચિત્ર અકસ્માત્નો ભોગ બન્યા હતા કે સંપૂર્ણ ભાન-વચનશક્તિ હોવા છતાં એમના દેહનો ગળાથી નીચેનો તમામ ભાગ સંપૂર્ણ નિષ્ક્રિય હતો. તેઓ વર્ષોથી આ વેદના સમતાથી સહતા અને પાલિતાણામાં પધારતા મોટા આચાર્યાદિભગવંતો સમાધિદાન માટે પધારે તેવી વિનંતિ કરાવતા. અમે ત્યાં ગયા. ઉપદેશવચનોથી લઇને 'સમતાથી દર્દ સહું પ્રભુ! આટલું બળ દેજે' જેવું પ્રેરણાગીત પણ ગાયું. પાછળથી પૂજ્યશ્રીની સૂચનાથી આ સાધ્વીજીની સમતાને બિરદાવતો એક લેખ 'ગુજરાત સમાચાર' ના 'અમૃતની અંજલિ' વિભાગમાં મેં લખ્યો. 'તનમાં ભલે છે વ્યાધિ... પણ મનમાં રમે છે સમાધિ...' શીર્ષકના એ લેખ પછી હજારો પુણ્યાત્માઓ પાલિતાણા જાય ત્યારે આ સાધ્વીજીના દર્શનાર્થે ગયા. સાધ્વીજીના ગુરુણીએ આ ઉલ્લેખ કરીને પત્ર દ્વારા ખૂબ ઋણસ્વીકાર કર્યો. ફાગણ વદિ તેરશે પાલિતાણાથી ડભોઇ તરફ વિહાર આરંભાયો. પૂજ્યશ્રીની ખાસ ભાવનાથી માર્ગમાં ખંભાતનગર લેવાયું અને ત્રણ દિવસની સ્થિરતા દરમ્યાન પૂજ્યશ્રી આદિ અમે સૌએ ખંભાતના અનેક ભવ્ય પ્રાચીન જિનાલયો સહિત તમામ ૭૩ જિનાલયોની યાત્રા કરી. ત્યાંથી વિહાર કરીને ક્રમશઃ ચૈત્ર વદિ ત્રીજના દિવસે પૂજ્યશ્રીએ ભવ્ય સામૈયાં સાથે ડભોઇતીર્થે પ્રવેશ કર્યો.

ડભોઇતીર્થે આયોજિત દ્વાદશાહ્નિક શાનદાર મહોત્સવમાં સૌથી મહત્ત્વનો પ્રસંગ હતો પૂજ્યશ્રીની જીવનયાત્રાના ૭૫ વર્ષની પૂર્ણાહુતિનો અમૃતમહોત્સવ. આશ્ચર્ય એ છે કે આજે જીવનના ૪૦-૪૫-૫૦ વર્ષની કે સંયમના ૧૫-૨૦-૨૫ વર્ષની ઉજવણી કરનારનો તોટો નથી. જ્યારે પૂજ્યશ્રીએ અનેક પ્રભાવક પ્રસંગોની હારમાળા સર્જી હોવા છતાં સંયમયાત્રાના સુવર્ણવર્ષ (૫૦ વર્ષ) ને બાદ કરતાં આજ પર્યંત એક પણ જન્મદિનની કે દીક્ષાદિનની ઉજવણીમાં જરા ય સંમતિ નથી આપી. એમની ના હોવાનાં કારણે અમારે ક-મને ય અટકી જ જવું પડે. પરંતુ અમૃતમહોત્સવ એક સીમાચિહ્ન જેવી મહત્ત્વની બાબત હોવાથી ખૂબ વિનંતિના અંતે આમાં પૂજ્યશ્રીએ ઇન્કાર ન કરવાનું-મૌન રહેવાનું વલણ અખત્યાર કર્યું. આ અમૃતમહોત્સવના બાર દિવસોમાં જ (૧) ₹. એક ક્રોડના ખર્ચે પુનરુદ્ધાર પામેલ રમણીય યશોવાટિકાસંકુલનું અને તેમાંના યશોવાટિકાસાધનાસદનઉપાશ્રયનું ઉદ્ઘાટન (૨) ₹. સવા ક્રોડના ખર્ચે નવનિર્મિત શ્રી નવપદહાઇસ્કૂલનાં ભવ્ય ભૂમિતલ સંકુલનું ઉદ્ઘાટન (૩) શ્રાવિકાઉપાશ્રય ધર્મદ્વાર-ઉદ્ઘાટન (૪) શ્રી લોઢણપાર્શ્વનાથજિનાલય-દર્ભાવતીતીર્થની પરિચયપુસ્તિકાનું ઉદ્ઘાટન (૫) મારી ચતુર્થસૂરિમન્ત્રપીઠિકાસાધના (૬) મુમુક્ષુ કુ. આશા શાહને પ્રવ્રજ્યાપ્રદાન (૭) મુનિશ્રી હિતરત્નવિજયજીના સળંગ પંચમ વર્ષીતપનું સમાપન (૮) સા. શ્રી વિશ્વહિતા-વિશ્વવન્દ્યાશ્રીજીને પાંચસો આયંબિલતપસમાપન વગેરે વિવિધ મહત્ત્વપૂર્ણ આયોજનો થયા હતા. તેમાં સાત મહાપૂજનો-સાધર્મિકભક્તિ અને અનુકંપાનાં વિશિષ્ટ કાર્યો-સાત સાધર્મિકવાત્સલ્યો-મહાપૂજા વગેરે કાર્યક્રમો નિર્ધારાયા. એથી ડભોઇ તીર્થે પુનઃ એક વાર મહોત્સવનો મોટો માહોલ સર્જાયો.

ચૈત્ર વદિ આઠમથી મારી ચતુર્થસૂરિમન્ત્રપીઠિકાસાધના શરૂ થઇ. પૂજ્યશ્રીની ભાવના હતી કે આ પીઠિકાસાધના પૂ. મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ.ના અણુ-પરમાણુથી પાવન બનેલ તેઓશ્રીની અંતિમ સમાધિભૂમિ યશોવાટિકામાં કરવી. આ ભાવના શિરસાવંદ્ય કરવા માટે જ એ સાધના યશોવાટિકામાં આરંભાઇ. મારી સાથે બે મુનિવરો અટ્ઠાઇ તપ કરીને જોડાયા. ગામથી સંપૂર્ણ દૂર એકાંત અવસ્થામાં આ સાધના હતી. નિયત જાપ બાદ યશોવાટિકામાં પૂ. મહોપાધ્યાયજીની મૂળ પાદુકા-પ્રતિકૃતિ સમક્ષ મારી શ્રુતજ્ઞાનવૃદ્ધિ માટેની જાપઆરાધના થતી. વૈશાખ શુદિ બીજે-મહોત્સવના દ્વિતીય દિને શ્રી લોઢણપાર્શ્વનાથજિનાલયેથી ભવ્ય વરઘોડા સાથે યશોવાટિકામાં આગમન-પીઠિકાસમારોહ-પ્રવચન-નૂતન યશોવાટિકાસાધનાસદનઉદ્ઘાટન-સંઘનવકારશી થઇ. પ્રવચન દરમ્યાન પૂજ્યશ્રીએ નૂતન ઉપાશ્રય તથા પીઠિકાના સંપૂર્ણ લાભાર્થી શ્રી સુરેશભાઇ ગિરધરલાલ જીનવાળા પરિવારની ઉપબૃંહણા-પ્રશંસા કરી કે ''સુરેશભાઇને ઉપાશ્રય આદેશ નકરામાં અપાયો હતો. પરંતુ એમણે ઉદારતાપૂર્વક સામેથી ભાવના દર્શાવી કે ઉપાશ્રય સારામાં સારો કરાવજો. તમામ ખર્ચ હું આપીશ.'' સુરેશભાઇ જીનવાળાએ પૂજ્યશ્રી હસ્તક આ પ્રથમ લાભ લીધો હતો. મારો અનુભવ ટાંકું તો એ પછી ચારેક વાર અલગ અલગ કાર્યોમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી એમણે લાભ લીધા. એ મને કહેઃ ''અમે નક્કી રાખ્યું છે કે સાહેબજી કહે એમાં અમારે વિચાર્યા વિના હા જ કહેવી. તેઓ પુણ્યશાળી અને ભદ્રિક છે. જે કહેશે એ યોગ્ય જ કહેશે...'' એ જ દિવસે 'ગુજરાત સમાચાર'ની તમામ આવૃત્તિના 'અમૃતની અંજલિ' વિભાગમાં પૂજ્યશ્રીના વિશિષ્ટ જીવનપ્રસંગોયુક્ત ગુણાંજલિલેખ પ્રગટ થયો, તો એ અરસામાં જ 'ગુજરાત સમાચાર'ના Netwrok વિભાગમાં યશોવાટિકા સંકુલ અને પૂ. મહોપાધ્યાયજી અંગે વિસ્તૃત લેખ પ્રકાશિત થયો.



**પૂજ્યશ્રીનાં જીવનનું અંતિમ પ્રવજ્યા પ્રદાન :**
**વિરાટ મેદની વચ્ચે યુવામુમુક્ષુ કલ્પેનકુમાર તથા જિમીતકુમારને કાંદિવલી (પૂર્વ)માં દીક્ષાદાન**








પૂજ્યશ્રીનાં જીવનનું અંતિમ પ્રવજ્યા પ્રદાન :
વિરાટ મેદની વચ્ચે યુવામુમુક્ષુ કલ્પેનકુમાર તથા જિમીતકુમારને કાંદિવલી (પૂર્વ)માં દીક્ષાદાન





પૂજ્યશ્રીનાં જીવનનું અંતિમ પ્રવજ્યા પ્રદાન :

પૂજ્યશ્રીનાં જીવનનું અંતિમ પ્રવજ્યા પ્રદાન :

અક્ષયતૃતીયાએ ચિક્કાર મેદની વચ્ચે સળંગ પંચમ વર્ષીતપનો સમાપનસમારોહ થયો, તો પાંચમે પૂજયશ્રી તથા સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના ૬૦મા દીક્ષાવર્ષ નિમિત્તે ૬૦૦ સામૂહિક સામાયિક અને તેમાં 'શ્રમણત્વમિદં રમણીયતરમ્' વિષયનું પ્રવચન થયું. વૈશાખ શુદિ છઠ રવિવારે પૂજ્યશ્રીના દિવંગત માતા-પિતા મણિબા તથા ચીમનભાઇને કેન્દ્રમાં રાખી સળંગ ચાર કલાકનો 'માતૃ-પિતૃવંદના'નો અદ્ભુત કાર્યક્રમ ખ્યાતનામ કલાકાર અશ્વિન જોષીના સંગે થયો, તો સાતમે યુવામુમુક્ષુ કુ. આશા શાહનો પ્રવ્રજ્યાસમારોહ યોજાયો. પૂજ્યશ્રીના વરદ હસ્તે દીક્ષિત થયેલ એ મુમુક્ષુને સા. શ્રી આગમદર્શાશ્રીજી રૂપે ઘોષિત કરીને સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના પરિવારમાં સંમીલિત કરાયા. આઠમથી પ્ર.બારશ દરમ્યાન શાંતિસ્નાત્રવિધાનાદિ- શ્રી શાંતિનાથજિનાલય તથા યશોવાટિકાના આદિનાથ જિનાલયની સાલગિરિઉજવણી-પાંચસો આયંબિલ તપસ્યાનો વરઘોડો તથા સમાપનસમારોહ-નમસ્કારમન્ત્રભાષ્યજાપ તેમજ મહાપૂજનો થયા. મહોત્સવનો અંતિમ અને મુખ્ય દિવસ હતો વૈશાખ શુદિ બારશ, તા. ૨૯ એપ્રિલ ને રવિવાર.

એ દિવસે મુંબઇના વિવિધ સંઘોના અગ્રણીઓ તથા અનેક દાતા પરિવારો ડભોઇનાં આંગણે આવ્યા હતા. સવારે ૮.૩૦ ક. જાજરમાન વરઘોડાનો આરંભ થયો. દર્ભાવતીતીર્થવિકાસસમિતિના મુંબઇ આદિ સ્થળે સ્થિત અગ્રણીઓ તેમજ વડોદરાથી મોટી સંખ્યામાં ડભોઇવાસી ભાવિકો વરઘોડામાં ઊમટ્યા. સંગીતસૂરાવલિ વચ્ચે નાચતા યુવાનોના થનગનાટને ફરજિયાત અટકાવીને સમયસર કાર્યક્રમ પૂર્ણ કરવા સહુ યશોવાટિકા- સંકુલનાં ઉદ્ઘાટન અર્થે આવ્યા. મન્ત્રોચ્ચારો અને વાંજિત્ર નાદો વચ્ચે મુખ્ય લાભાર્થી શ્રી શાંતિનાથજિનાલયપેઢી-ઠાકોરદ્વાર સંઘવતી શ્રી સુરેશભાઇ દેવચંદ સંઘવીએ મુખ્ય નામાંકનનું ઉદ્ઘાટન કર્યું, તો ડભોઇના જ વતની શ્રી જગદીશભાઇ છોટાલાલ જીનવાળાએ જમણાદ્વારનો લાભ લઇ તેનું ઉદ્ઘાટન કર્યું. આ જ સમયે ડાબી તરફના દ્વારનો લાભ ભાયંદર-બાવનજિનાલયતીર્થ પેઢીને અપાતાં તમામ આદેશો પૂર્ણ થઇ ગયા. સંઘપ્રમુખ શ્રી મફતભાઇ કંસારાએ એમનાં વકતવ્યમાં પૂજ્યશ્રી અંગે બે મુદ્દા બહુ માર્મિક કહ્યા કે ''(૧) કોઇ પણ પ્રકારના પુરાવા વિના જાણ્યે-અજાણ્યે પૂ. મહોપાધ્યાયજીનાં મૂળ આ સમાધિસ્થાન સામે સંદિગ્ધતા ઊભી કરવાના પ્રયાસો કરનાર વર્ગની પ્રવૃત્તિને સચોટ પુરાવાઓ અને સક્ષમ રજૂઆતો દ્વારા અટકાવી દેવાનો મહત્ત્વનો ઉપકાર પૂજ્યશ્રીએ કર્યો છે અને (૨) મૂળ સમાધિસ્થાનાદિ યથાવત્ રાખીને આ સમગ્ર સંકુલનો ₹. એક ક્રોડના ખર્ચે આમૂલચૂલ પુનરુદ્ધાર કરવાનો પરમોપકાર પણ પૂજ્યશ્રીએ કર્યો છે. યશોવાટિકાના સંદર્ભમાં પૂજ્યશ્રીના આ બે મહાન ઉપકારોને ડભોઇનો સંઘ કદી નહિ ભૂલી શકે...''

ત્યાંથી સહુ વરઘોડા સાથે નર્મદાકોલોનીના Main Road Touch પચાસ હજાર Sq.Feet ના વિરાટ ભૂમિખંડ પર સરસ કોમ્પ્લેક્ષ અને ચોતરફ ફરતી દિવાલ (Compound Wall)માં દીપતા નવપદ હાઇસ્કૂલભવનનાં ઉદ્ઘાટન માટે આવ્યા. આ નવપદહાઇસ્કૂલના મુખ્ય નામાંકન-વીંગ નામાંકન અને K.G. થી બારમા ધોરણ સુધીના તમામ ખંડોનું ઉદ્ઘાટન થયા બાદ વિશાલ મંડપમાં પૂજ્યશ્રી આદિનાં પ્રવચનો થયાં. મહાવીર વિદ્યાલયો દ્વારા સમગ્ર જૈન સમાજને થયેલ લાભનું ઉદાહરણ ટાંકીને પૂજ્યશ્રીએ શિક્ષણ-સંસ્કરણ અંગે પોતાનું મક્કમ-સ્પષ્ટ દષ્ટિબિંદુ રજૂ કર્યું. લગભગ પંદર વર્ષ સુધી સ્થાનના અભાવે અનેક અસુવિધા હસતે મુખે સહન કરનાર માનદ સેવા આપનાર કર્મઠ કમીટિગણ વતી પ્રો. નટુભાઇ શાહે એમનાં વકતવ્યમાં પૂજ્યશ્રી માટે કહ્યું કે ''આજે આ સંકુલમાં પ્રવેશતા અમારી આંખો અને અંતર એવાં ઠરે છે-આનંદિત થાય છે કે પંદર વર્ષના કષ્ટો ભુલાઇ જાય છે. નવપદ હાઇસ્કૂલની નૈયાને આ મંઝિલ સુધી લાવનાર સૂકાની જો કોઇ પણ હોય તો પૂજ્યશ્રી જ છે. એમનો પરમોપકાર સંસ્થા કદી વીસરી નહિ શકે.'' પૂજ્યશ્રીએ ભાવિમાં જરૂર પડે તો ઉપરની મંઝિલ પણ નિર્માણ કરાવવા આર્થિક પ્રેરણાની તત્પરતા દર્શાવી.

દર્ભાવતીતીર્થવિકાસસમિતિએ નિર્ધારિલ તમામ કાર્યો પૂજ્યશ્રીના અદ્ભુત યોગદાનથી-પ્રેરણાથી હવે પૂર્ણ થયા હતા. તીર્થવિકાસસમિતિએ આ સમયખંડની Meetingમાં પૂજ્યશ્રીના અભૂતપૂર્વ યોગદાન માટે આભાર વ્યક્ત કરીને એ ભાવનો ઠરાવરૂપે ઉલ્લેખ કર્યો કે ''પૂજ્યશ્રી અને તેમના પરિવારે દર્ભાવતીતીર્થોદ્ધાર માટે જે સહયોગ આપ્યો છે તે જોતાં સંઘનાં ભવિષ્યનાં કાર્યો માટે પણ સર્વપ્રથમ સંપર્ક પૂજ્યશ્રી અને તેમના પરિવારનો કરવો.'' પૂજ્યશ્રીનાં કાર્યોની સુવાસ કેવી હતી તે સંઘના આ ઉલ્લેખથી સમજી શકાય છે.

માત્ર છ માસના અલ્પ સમયમાં ચાર ચાર પદયાત્રા સંઘો-અનેકવિધ ધર્મકાર્યો/ સમાજકાર્યોસભર આ ભવ્યાતિભવ્ય અમૃતમહોત્સવ-અંજનશલાકા-પ્રતિષ્ઠા-બે દીક્ષામહોત્સવો પૂર્ણ કરાવી પૂજ્યશ્રીએ મુંબઇ તરફ વૈશાખ વદિ ચોથના દિને પ્રસ્થાન કર્યું ત્યારે અમારાં સહુનાં અંતરમાં બબ્બે મહાતીર્થની મનભર યાત્રાનાં આંદોલનો તરંગિત થતા હતા. એમાંથી એ અવ્યક્ત સૂર ઊઠતા હતા કે :-

''જય શંખેશ્વર...જય શત્રુંજય...''

• • •




## પ્રકરણ : ૪૪

# શાસનસન્નિષ્ઠ પૂજ્યશ્રી...

આસન્નોપકારી ચરમતીર્થપતિ પરમાત્મા શ્રી મહાવીરદેવે શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં આત્મકલ્યાણનાં જે ચાર ઉત્તરોત્તર દુર્લભ સાધનો ફરમાવ્યા છે તે છે (૧) મનુષ્યજન્મ (૨) ધર્મશ્રવણયોગ (૩) ધર્મ પર શ્રદ્ધા અને (૪) સંયમપ્રાપ્તિ માટે પુરુષાર્થ. ઉત્તરોત્તર ક્રમે આ ચાર સાધનો દુર્લભ હોવાથી એ સ્પષ્ટ છે કે સંયમપ્રાપ્તિ માટે સંપૂર્ણ સામર્થ્ય ફોરવવું, તે ચારે ય માં અતિશય દુર્લભ બાબત છે. છતાં બલિહારી છે પ્રભુશાસનની કે આજના વિષમકાળમાં - વિલાસી વાતાવરણમાં યુવાવયે ય આ સંયમપ્રાપ્તિ માટે સામર્થ્ય ફોરવનાર પુણ્યાત્માઓ એક નહિ, અનેકાનેક છે. ન સમજતા કે તેઓ માત્ર જાતને વિરક્ત કરવા જ પોતાનું સામર્થ્ય ફોરવે છે. બલ્કે એથી ય વિશેષ સ્વજનાદિ દ્વારા દીક્ષા માટે નિષ્કારણ વિરોધ જેવાં કારણો સામે ય સામર્થ્યપૂર્વક ઝઝૂમે છે, દઢતાપૂર્વક એ અવરોધો પાર કરે છે અને ગંભીર ગીતાર્થ ગુરુભગવંતો તમામ પરિસ્થિતિ ચકાસીને તેવું એકદમ યથાર્થ કારણ જણાય ત્યારે આવા મુમુક્ષુનાં સામર્થ્યને એળે ન જવા દેતા ખાનગી-ગુપ્ત દીક્ષા આપવાનું સાહસિક કદમ પણ ભરે છે.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ જીવનની સર્વપ્રથમ ગુપ્ત દીક્ષા આપવાનું સાહસિક કદમ ભર્યું ઉપરોક્ત સંયોગોમાં ડભોઇથી વિહાર કર્યો તે જ દિવસે. બન્યું હતું એવું કે સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના પરિવારના સંસર્ગથી મૂળ ડભોઇના વતની હાલ વડોદરાના યુવામુમુક્ષુ કુ. સોનલ શાહને સંયમના મનોરથ પ્રગટ્યા હતા. વિ. સં. ૨૦૫૬નાં પૂજ્યશ્રીના ડભોઇતીર્થનાં ચાતુર્માસમાં એમણે

ઉપધાનતપ કર્યા. તે પછી દીક્ષાની એમની ભાવના દિવસોદિવસ દૃઢ થતી ગઇ. પરંતુ એમનાં અંતરાયકર્મનો ઉદય કે કોઇ યોગ્ય કારણ વિના માત્ર મોહવશ પરિવાર દ્વારા રજા ન મળી. પૂર્વે આપણે નિહાળી ગયા તેમ પૂજ્યશ્રીની દીક્ષા અંગેની વિચારધારામાં ઉતાવળને અવકાશ ન હતો. એમણે મુમુક્ષુને સૂચન કર્યું કે ''ધીરતાપૂર્વક સંમતિ મેળવવાના પ્રયાસ કરો.'' એમાં ને એમાં સાડા છ વર્ષ જેવો સમય વ્યતીત થઇ ગયો. આ સમયખંડના અંતિમ છ-સાત માસમાં પૂજ્યશ્રીની સૂચનાનુસાર મુમુક્ષુએ માતા-પિતાદિને સ્પષ્ટ જણાવી દીધું કે '' આપ સંમતિપૂર્વક દીક્ષા આપો, નહિ તો મારે ન છૂટકે ગુપ્ત દીક્ષાનું કદમ ભરવું રહેશે.'' તો પણ મોહવશ સ્વજનોની સંમતિ ન જ મળી. બધા જ પ્રયાસો થઇ ગયા હોવાથી અને દીર્ઘ સમય વ્યતીત થઇ ચૂક્યો હોવાથી પૂજ્યશ્રીના માપદંડ અનુસાર ગુપ્ત દીક્ષાની બધી યોગ્યતા આ કિસ્સામાં હતી. એથી આ અવસરે પૂજ્યશ્રીએ હિંમતપૂર્વક ગુપ્ત દીક્ષાનો નિર્ણય કર્યો.

પૂર્વનિર્ધારણ મુજબ દીક્ષામુહૂર્ત વૈશાખ વદિ ચોથનું હતું. એની પૂર્વસન્ધ્યાએ તે મુમુક્ષુ,શ્રી અનિલભાઇ સી. શાહ નામે શ્રાવકનાં ઘરે રોકાઇ ગયા. વહેલી પ્રભાતે ત્યાં પ્રતિક્રમણ-પ્રભુની સ્નાત્રપૂજા અને કેશમુંડનાદિ કરીને તેઓ અનિલભાઇ સાથે **'Car'** માં અમારા વિહારમાર્ગ પરના એક હિંદુ મંદિરના ખંડમાં આવી ગયા. ડભોઇ સંઘની ભાવપૂર્ણ વિદાય લઇ અમે વિહાર શરુ કર્યો. આ પૂર્વે મહદંશ શ્રમણ-શ્રમણીભગવંતોને વહેલો વિહાર કરાવી દેવાયો. માત્ર પૂજ્યશ્રી આદિ અમે ત્રણ શ્રમણો અને મુમુક્ષુના ગુરુણી વગેરે ત્રણ શ્રમણીભગવંતો રહ્યા. નિયત સમયે અમે તે હિંદુ મંદિરે આવી ગયા. અનિલભાઇ તથા એમના શ્રાવિકા ત્યાં હોવાથી ચતુર્વિધ સંઘ બની ગયો. પૂજ્યશ્રીએ વિધિપૂર્વક મુમુક્ષુને દીક્ષા આપીને સા. શ્રી સર્વવન્દ્યાશ્રીજીરૂપે સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના પરિવારમાં સંમીલિત કર્યા. એક કલાકમાં દીક્ષાકાર્યપૂર્તિ બાદ તુર્ત કારવણ તરફ સૌએ વિહાર કર્યો.

દૈવયોગે બીજા-ત્રીજા કિ.મી.ના વિહારમાં જ સામેથી સ્કૂટર પર નવદીક્ષિત સાધ્વીજીના એક સ્વજન પસાર થયા. એકમેકની દૃષ્ટિ પરસ્પર પર પડી. એથી સાધ્વીજીને અને એમના ગુરુણીને ગભરાટ થયો કે આજે જરૂર વિઘ્ન આવશે. પરંતુ નિશ્ચિંત પૂજ્યશ્રીએ હળવાશથી ઉત્તર આપ્યો :''કાંઇ ગભરાટ ન રાખવો. આપણે સમજી વિચારીને કદમ ભર્યું છે. એથી કોઇ પણ પ્રકારના પ્રત્યાઘાતનો સંભવ સમજીને જ ચાલવાનું છે. આમ પણ આપણે એમનાં ઘરે સાંજ સુધીમાં સમાચાર આપવાના જ હતા. આ થોડા વહેલા સમાચાર મળશે એટલું જ.''પરંતુ પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવે કોઇ વિપરીત પ્રત્યાઘાત ન આવ્યો. બે દિવસ બાદ એ પરિવાર મીની બસ સાથે પૂજ્યશ્રીને અને નવદીક્ષિતને વન્દનાર્થે આવ્યો. આખર તો એ પરિવાર પણ ડભોઇના ધર્મસંસ્કાર પામેલ હતો. એ ધર્મસંસ્કાર આ મિલનની ક્ષણે ઝળક્યા. તોફાન તો શું, ઠપકાનો એક હરફ પણ કોઇએ ન ઉચ્ચાર્યો. એમણે પોતાની જ ભૂલ કાઢી કે ''અમે મોહવશ આ શુભ નિર્ણય ન લઇ શક્યા.'' પછી તો એમણે પુનઃ વડોદરા પધારવાની અને દીક્ષાનિમિત્તક મહોત્સવ યોજવાની ભાવના દર્શાવી. વિહાર આગળ વધારવો જરૂરી હતો. એથી પૂજ્યશ્રીએ પ્રેમથી એમના સ્વજનોને સમજાવ્યા કે ''હાલ પરત આવવું શક્ય નથી. પરંતુ હવે જ્યારે વડોદરા તરફ આવીશું ત્યારે તમને દીક્ષાઉજવણીમહોત્સવની તક જરૂર અપાશે.''

પૂજ્યશ્રીની નિશ્રામાં છેલ્લા વર્ષોથી જે ઉત્તરોત્તર વધુ ને વધુ શાસનપ્રભાવનાઓની હારમાળા સર્જાઇ રહી હતી એના પ્રતિઘોષ પૂજ્યશ્રીના અમૃતમહોત્સવ પ્રસંગે અને આ વિહારો દરમિયાન પત્રો દ્વારા આવ્યા. ઘણા ઘણા સાધુ-સાધ્વીજીથી લઇને સંઘો-અગ્રણીઓએ પૂજ્યશ્રીની શાસનસેવાઓને એમાં બિરદાવી હતી, આપણે એની માત્ર બે - ત્રણ ઝલક સંક્ષેપમાં નિહાળીએ :

* અમારા વર્તમાન ગચ્છનાયક પૂ. આ. શ્રી ચન્દ્રસેન સૂરીશ્વરજી મહારાજે આ(વિ. સં. ૨૦૬૩) વર્ષની અક્ષયતૃતીયાએ ડભોઇમાં પાઠવેલ પત્રમાં પૂજ્યશ્રીને 'મારા વિદ્યાગુરુ' સંબોધન કરીને લખ્યું કે ''આપશ્રી જીવનયાત્રાના ૭૫ વર્ષની પૂર્ણાહુતિ કરી રહ્યા છો અને સંયમયાત્રાના ૬૦મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છો એ પ્રસંગે મારી ભાવભીની વન્દના. આપની આરાધના-જ્ઞાનસાધના અને શાસનપ્રભાવનાની ભરપૂર અનુમોદના **XXX** પૂ. નેમિસૂરિજીદાદાની ભવ્ય પ્રભાવશાળી મુખાકૃતિ જેવી જ આપની તસવીર (ગઇ કાલના) પેપરમાં જોઇને ચરણસ્પર્શ કર્યા. આપશ્રીના ગુણો પ્રાપ્ત થાય એ જ મનઃકામના.''

* ગોવાલીયાટેંક જૈન સંઘના મેનેજીંગ ટ્રસ્ટી અને પૂ. યુગદિવાકરશ્રીપ્રેરિત અનેક સંસ્થાઓમાં સંલગ્ન શ્રી પ્રાણલાલભાઇ કે. દોશી લખે છે કે ''ડભોઇના પ્રસંગના સમાચારો જાણી ખૂબ જ આનંદ થયો છે. આપનાં શાસનકાર્યોની ભૂરિ ભૂરિ અનુમોદના. આપના વડીલોના આપના પર ખૂબ જ આશીર્વાદ ઊતર્યા છે એ નિશ્ચિત છે.''

* પૂ. યુગદિવાકરશ્રીના પરમભક્ત અને અંધેરી-પૂર્વ સંઘનાં જિનાલયના ભૂમિદાતા શ્રી મનહરભાઇ બગડીયા લખે છે કે ''આપશ્રીનાં શત્રુંજયમહાતીર્થ '૬'રી' પાલક પદયાત્રાસંઘના સમાચાર જાણી અનહદ આનંદ થયો છે. આપશ્રીની પ્રેરણાથી જૈન શાસનનાં અનેક મહાન કાર્યો થઇ રહ્યા છે. આ ઉંમરે ય આપશ્રીના **Will Power** નો અને દીર્ઘદૃષ્ટિનો કોઇ પાર નથી. આપશ્રીના ઉપદેશથી વિશાલ શ્રાવક-શ્રાવિકાવર્ગ ધર્મારાધનામાં જોડાઇ રહ્યા છે એની અનુમોદના.''

પૂજ્યશ્રીની વિહારયાત્રા આગળ આગળ વધી રહી હતી. એમાં અંકલેશ્વર પછી આવ્યું પાનોલી ગામ. ત્યાં પૂ. યુગદિવાકરશ્રીની પ્રેરણાથી નિર્મિત ઉપાશ્રયોને ચોપન વર્ષો થઇ ગયા હતા. પૂર્વે પૂજ્યશ્રીની પ્રેરણાથી એનો પુનરુદ્ધાર થયો હતો. પરંતુ હવે એ સંપૂર્ણ વિહારધામનો આમૂલચૂલ જીર્ણોદ્ધાર આવશ્યક હતો. એક દિવસની સ્થિરતામાં પૂજ્યશ્રીએ વાસ્તવિકતાનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરીને એના સંપૂર્ણ પુનરુદ્ધારનો નિર્ણય કરાવ્યો. સાથે જ કાયમી વૈયાવચ્ચ ફંડનો પણ નિર્ણય કરાવ્યો. ત્યાંથી પૂજ્યશ્રી સુરત-નવસારી-વલસાડ-રાળપટ્ટીના ગામોમાં વિચરી ક્રમશઃ મુંબઇ પધાર્યા. પૂજ્યશ્રી

ડભોઈતીર્થે હતા ત્યારે જ કાંદિવલી-પૂર્વના શાંતિનાથ ઝાલાવાડસંઘના ટ્રસ્ટીઓ ત્યાંના કાર્ય માટે પૂજ્યશ્રીને વન્દનાર્થે આવ્યા હતા. એમની સમસ્યા એ હતી કે ત્યાં ખુલ્લા વિશાલ ભૂમિખંડ પર ભવ્ય જિનાલયનિર્માણનો નિર્ણય કરી ભૂગર્ભગૃહ તૈયાર કરાયું હતું. પરંતુ ચાતુર્માસમાં પાણી ભરાવાનાં કારણે એ સ્થાને પ્રભુપ્રતિષ્ઠાનો નિર્ણય થઈ શકતો ન હતો. સંઘમાં આ અંગે મતમતાંતર પ્રવર્તતા હતા. પૂજ્યશ્રીએ એમની વાત સાંભળીને મજાનું માર્ગદર્શન આપ્યું કે ''તમારા સંઘમાં આ કાર્ય આઠ-નવ વર્ષથી ખોરંભે પડ્યું છે. તો એક તરફ દૈવી શક્તિ અને બીજી તરફ માનવીય શક્તિ : બે ય નો સમન્વય કરો. શાસ્ત્રમાં શાસનદેવતા માટે ''सद्दृष्टयो निखिलविघ्नविघातदक्षाः'' વિશેષણ આવે છે. અર્થાત્ તે દેવતાઓ શાસનકાર્યોમાં આવતા વિઘ્નોનું નિવારણ કરે છે. તમે સૂચિત ભૂગર્ભજિનાલયની બહાર નાની કુલિકામાં અને સાંપ્રત ગૃહજિનાલયની બહાર કુલિકામાં અધિષ્ઠાયકસ્થાપના કરાવો. શક્ય છે કે એમની સહાયથી ભૂગર્ભ સ્થાનના વિઘ્નો દૂર થાય - સંઘમાં એકમત થાય. સાથે જ આધુનિક પદ્ધતિથી કાર્ય કરીને ચાતુર્માસમાં પાણી ન આવે તેવો પુરુષાર્થ કરો.''

સંઘે પૂજ્યશ્રીનું આ માર્ગદર્શન વધાવી લીધું. એમાં પ્રથમ કાર્યરૂપે જેઠ માસમાં જ પૂજ્યશ્રીની નિશ્રામાં અધિષ્ઠાયકપ્રતિષ્ઠાના નવાહ્નિક મહોત્સવનો નિર્ણય થયો અને દ્વિતીય કાર્યરૂપે આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિથી ભૂગર્ભગૃહમાં પાણી અટકાવવાનું કાર્ય થયું. પૂજ્યશ્રી ક્રમશઃ કાંદિવલી પધારતા પ્ર. જેઠ વદિ-૧૦, તા.૧૦-૬-૦૭ થી દ્વિ. જેઠ શુદિ ૪, તા. ૧૮-૬-૦૭ સુધી ભવ્ય પ્રભુભક્તિમહોત્સવ અનેક મહાપૂજનો સાથે યોજાયો. તેમાં દ્વિ. જેઠ શુદિ - ૩, તા. ૧૭મી એ સવારે મંગલ મુહૂર્તે વિશાલ સંખ્યામાં ભાવિકોની ઉપસ્થિતિ સાથે પૂજ્યશ્રીની નિશ્રામાં પ્રતિષ્ઠાવિધિ થયો અને એ પછી તે જ દિવસે નવદીક્ષિત સા. શ્રી આગમદર્શાશ્રીજી તથા સર્વવન્દ્યાશ્રીજીનો વડીદીક્ષાવિધિ થયો. પૂજ્યશ્રીની ધારણા સો નહિ, જાણે સવાસો ટકા સત્ય થઈ હોય એમ આ પ્રતિષ્ઠા બાદનાં ચાતુર્માસમાં પાણીની સમસ્યા નહિવત્ થઈ ગઈ, સંઘમાં પણ ભૂગર્ભજિનાલયમાં પ્રભુપ્રતિષ્ઠા માટે એકમત થઈ ગયો અને ફલસ્વરૂપે એક વર્ષ બાદ જે ઐતિહાસિક અંજન-પ્રતિષ્ઠામહોત્સવ યોજાયો એ આપણે તે વર્ષના પ્રસંગમાં નિહાળીશું. પરંતુ આ સર્વ સફળતામાં પૂજ્યશ્રીનું માર્ગદર્શન જ કામિયાબ નીવડ્યું હતું.

હવે પૂજ્યશ્રી પધાર્યા પાયધુની ગોડીજી વિજયદેવસૂરિ સંઘમાં યોજાયેલ મધ્યમ સ્તરનાં શ્રમણસંમેલનમાં. આમ તો એ પૂર્ણ સ્તરીય શ્રમણસંમેલન ન હતું, પરંતુ તપાગચ્છની પ્રાચીન માન્યતાના મોટા મોટા સમુદાયોના ગચ્છાધિપતિશ્રીઓ તેમજ તત્કાલીન તપાગચ્છાધિપતિશ્રી તેમાં ઉપસ્થિત હોવાથી એ એક પ્રકારનાં સંમેલન જેવું સ્થાન પામ્યું. વળી એમાં મહત્ત્વની વાત એ હતી કે : 'ગોડીજીમાં જે વિચારાય તેની જાણ તપાગચ્છીય પ્રાચીન પરંપરાના તમામ સમુદાયોને કરવી, તે પછી ચાતુર્માસમાં પુનઃ એકત્ર બેઠક કરવી અને સર્વ સમુદાયોની સંમતિપૂર્વક ઠરાવો પ્રસારિત કરવા.' આ મહત્ત્વની બાબતથી પણ એને સંમેલનનું માન મળ્યું. આ સંમેલનમાં પૂજ્યશ્રી પધારે તે માટે તપાગચ્છાધિપતિ પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા. આદિ વડીલોનો ખૂબ આગ્રહ હતો. વળી અમારા ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી કનકરત્નસૂરીશ્વરજી મ. એ તપાગચ્છાધિપતિશ્રીને પત્ર દ્વારા જણાવ્યું કે ''અમારા સમુદાય વતી સર્વ કાર્યવાહી આ.શ્રી સૂર્યોદયસૂરિજી સંભાળશે. તેમનો અભિગમ અમારા સમુદાયનો અભિગમ ગણાશે.'' આથી પણ પૂજ્યશ્રીને એ સંમેલનમાં પધારવું આવશ્યક બન્યું.

દ્વિ. જેઠ વદિ આઠમ રવિવારે, પાયધુની - ગોડીજી સંઘમાં સમસ્ત પૂ. આચાર્યદેવાદિ શ્રમણવૃંદનું સામૈયું થયું. ચતુર્વિધ સંઘ સમક્ષ માંગલિક પ્રવચન બાદ સવાર - બપોર બે વાર માત્ર શ્રમણમંડળની ચિંતનબેઠક થઈ. આ બેઠકોમાં પૂજ્યશ્રીનાં પ્રોત્સાહક માર્ગદર્શનથી જ મારે અગ્રિમ ભાગ લેવાનું બન્યું. એમાં અમૂક ચોક્કસ મુદ્દે મારું તટસ્થ છતાં અત્યંત સ્પષ્ટ નિવેદન જારી હતું ત્યારે વચ્ચે મેં કહ્યું કે ''હું ધારું છું કે મારી આ વાતમાં અહીં ઉપસ્થિત મારા પૂ. ગુરુભગવંત તથા મોટા ભાગના સમુદાયો સંમત હશે.'' તુર્ત જ જે વર્ગ માટે વાત થતી હતી તે સિવાયના સર્વ સમુદાયના વડીલોએ ટેકો આપ્યો. પૂજ્યશ્રીએ તો સ્પષ્ટ કહ્યું કે ''બિલકુલ બરાબર બોલાય છે. કહેવાની જરૂર છે જ. આ જ મક્કમતાથી આગળ બોલો.'' આ પીઠબળનું પરિણામ એ આવ્યું કે જે મુદ્દે અમૂક વર્ગ દ્વારા શાસનની અપભ્રાજના થાય તેવી મનમાની થઈ હતી તે બીજી વાર ન થાય તેવી મજબૂત ભૂમિકા થઈ. મારાં નિવેદનને શાસનસમ્રાટ સમુદાયના ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.-પૂ. આ. શ્રી અશોકસાગરસૂરિજી મ.-પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મ. વગેરેએ ખૂલીને ટેકો આપ્યો. જે વર્ગની વાત હતી એમણે ક્ષતિ બદલ ખેદ-માફી દર્શાવી.

આ સંમેલને ગિરધરનગર સંઘ-અમદાવાદમાં બેતિથિપક્ષ તરફથી સંઘની ઉપરવટ જઈ સમાંતર ચાતુર્માસ કરવાના પ્રયાસને તત્કાલ વખોડતું સત્તર આચાર્યદેવોની સહી સાથે અખબારી નિવેદન પ્રસારિત કર્યું. એની અસર એવી ત્વરિત થઈ કે ઠેર ઠેર વરિષ્ઠ પૂજ્યો દ્વારા આ પ્રવૃત્તિને વખોડતા નિવેદનો થયા અને બેતિથિપક્ષને ક્ષોભજનક સ્થિતિમાં મુકાવું પડ્યું . એ અખબારી નિવેદન હો કે આ સંમેલનની કાર્યવાહીની માહિતી આપતો પૂ. આ. શ્રી રાજયશસૂરિજી મ. તથા મારી સહી સાથેના પરિપત્ર હો : તમામ મુસદ્દા સંમેલનવતી તૈયાર કરવાનો જે લાભ મને મળ્યો એ પૂજ્યશ્રીના મજબૂત પ્રોત્સાહનનું ફળ હતું. આ સંમેલનથી સમુદાયમાં અને શાસનમાં એક સમર્થ અને દૂરંદેશી ધરાવનાર આચાર્યવર્ય તરીકેની પૂજ્યશ્રીની નામના વધુ દીપ્તિમંત બની.

તે પછી ક્રમશઃ પૂજ્યશ્રી વિહાર કરતા વસઈરોડસંઘમાં પધાર્યા. આષાઢ શુદિ બારશનો દિવસ હતો. આ સંઘમાં પૂજ્યશ્રી જેવા પ્રખર ગુરુદેવનું ચાતુર્માસ થાય એ મરુભૂમિમાં કલ્પવૃક્ષનાં પ્રાગટ્ય જેવી અકલ્પ્ય ઘટના હતી. એથી સમસ્ત સંઘનો ઉલ્લાસ અદ્‌ભુત હતો. ભવ્ય સામૈયાં સાથે પ્રવેશ થયો. પ્રવેશસમયે સંઘમાં નવનિર્મિત શ્રાવિકાઉપાશ્રયની ઉછામણીઓ થતાં તમામ આદેશો એ જ પ્રવેશસભામાં માત્ર દશ - બાર મિનિટમાં અપાઈ જવા સાથે સર્વ જરૂરિયાત પૂર્ણ થઈ. આ જ સભામાં મારી સૂરિમન્ત્રપંચમપીઠિકા કરવાની ઘોષણા થતાં એનો લાભ સંઘના અગ્રણી ટ્રસ્ટી શ્રી

અરવિંદભાઈ શાહે તુર્ત લઈ લીધો. દૈનિક ધર્મસંગ્રહગ્રન્થાધારિત પ્રવચનોમાં વિશાલ ઉપસ્થિતિ, વસઈમાં પ્રથમવાર 'જીવનજ્યોત' યુવાશિબિરમાં ચિક્કાર મેદની, અખંડ ચોવીશ કલાકના સતત ચોવીશ દિવસ જાપ સાથે ચોવીશ દિવસીય અરિહંત તપ, પૂ. યુગદિવાકરશ્રીના ૧૦૪મા જન્મદિનની શ્રુતભક્તિ-સાધર્મિકભક્તિનાં વિશિષ્ટ આયોજનો સહ ઉજવણી તેમજ તેઓશ્રીની સંપૂર્ણ જીવનવિગતોનું વિશાલ ભવ્ય ગ્રેનાઈટ પર સુવર્ણાક્ષરીય કાયમી શિલાલેખાંકન, કેસરિયાજીતીર્થરક્ષા નિમિત્તે વસઈના ૧૧ સંઘોની સંયુક્ત મહાસભા તથા સામૂહિક અટ્ઠમ, આસપાસના વિવિધ સંઘોમાં પર્યુષણાપર્વારાધના, વસઈમાં પૂજ્યશ્રીની નિશ્રામાં અદ્ભુત પર્વારાધના, માસક્ષમણ-શ્રેણિતપ-સોળ ઉપવાસાદિ વિપુલ મોટી તપસ્યા વગેરેથી ચાતુર્માસ યશસ્વી બન્યું. ત્રણ-ચાર ઉલ્લેખનીય બાબતો જોઈએ તો (૧) યુવાશિબિરનાં પ્રવચનો સાંભળીને એક કચ્છી દંપતીએ આજીવન ટી.વી. - પિક્ચરનો ત્યાગ કર્યો. (૨) આમાંના જ યુવાને ત્યાગવૃત્તિ-રસવિજય કેળવવા એ ચાતુર્માસના તમામ રવિવારોએ સ્વેચ્છાએ સવારથી સાંજ સંપૂર્ણતઃ મીઠા વિનાનું ભોજન જ વાપરવાનો નિયમ લીધો. (૩) પર્યુષણા પૂર્વે પૂ. સાધુ-સાધ્વીજી દ્વારા અવશ્ય કરાતાં લોચનું વર્ણન સાંભળી દશ યુવાન-પ્રૌઢ ભાઈઓએ સંપૂર્ણ કેશલોચ કરાવ્યો. (૪)તો સંવત્સરીમહાપર્વે પૌષધની પ્રેરણા કરાતાં નાના સંઘમાં ૧૩૦ પૌષધ થયા. એમાં જેમણે જીવનમાં કદી પૌષધ કર્યો જ ન હતો એવા ટ્રસ્ટીઓ પણ સામેલ થયા હતા.

પર્યુષણામહાપર્વ બાદ પૂર્વ નિર્ધારણ મુજબ પાર્લામાં પુનઃ સંમેલનબેઠક નિશ્ચિત થઈ. પોતાનું ચાતુર્માસસ્થળ દૂરનું હોવાથી પૂજ્યશ્રીને ત્યાં જવાની જરા પણ ઈચ્છા ન હતી. પરંતુ, વડીલ ભગવંતોના સતત સંદેશાઓ - 'આપ આવવાની હા નહિ કહો તો અમે બેઠક મુલત્વી રાખીશું ' જેવી પૂ. તપાગચ્છાધિપતિશ્રીની લાગણી વગેરે વશ મોટું શાસનહિતકારણ જોઈને પૂજ્યશ્રી પાર્લાનાં સંમેલનમાં પધાર્યા. ભાદરવા વદિ પ્રથમ અને દ્વિતીય તેરશ દરમિયાન આ સંમેલન યોજાયું. એમાં કુલ સત્તર ઠરાવો થયા. આ તમામ ઠરાવો લખવાની જવાબદારી સહુ દ્વારા મને અપાઈ હતી. એમાં બે ઠરાવો દૂરગામી અસર કરનાર હતા. એમાં એક ઠરાવ હતો, પ્રવરસમિતિની સ્થાપના. પૂર્વે વિ.સં.૨૦૪૪નાં શ્રમણસંમેલનમાં પ્રવરસમિતિ રચાઈ હતી. પરંતુ પાછળથી નવી નવી બાબતો આવતા પ્રવરસમિતિનાં સ્વરૂપમાં ઘણા મોટા ફેરફારો થયાં. સરવાળે એ પ્રવરસમિતિનું અસ્તિત્વ મટી ગયું હતું. પૂજ્યશ્રીનાં માર્ગદર્શનથી આ સંમેલનમાં મારી રજૂઆત એવી પ્રબળ થઈ કે પ્રવરસમિતિ અંગેના અમારા વિચારો સર્વ સમુદાયોએ સર્વસંમતિથી સ્વીકાર્યા અને પાંચ આચાર્યોની પ્રવરસમિતિની સંરચનાનો ઠરાવ થયો. અલબત્ત, બીજા દિવસે એમાં ફેરફારનો અમૂક વર્ગે પ્રયાસ કર્યો. પરંતુ અમારી મક્કમતાથી સર્વસંમતિપૂર્વક થયેલ એ ઠરાવ જ યથાવત્ રહ્યો. આ જ પ્રવરસમિતિને વિ.સં. ૨૦૭૨નાં વિરાટ તપાગચ્છીય શ્રમણસંમેલને પુનઃ નિયુક્ત કરી. ૨૦૬૩નાં આ સંમેલનમાં 'પ્રવરસમિતિ' અંગેના અમારા પુરુષાર્થને બિરદાવતો એક પત્ર પ્રવરસમિતિનિયુક્ત પૂ. ગ. આ. * શ્રી અભયદેવસૂરીશ્વરજી મ. એ પૂજ્યશ્રી તથા મારા પર પાઠવ્યો. તેઓ ત્યારે મુંબઈ બહાર-અન્યત્ર ચાતુર્માસ હતા. તેઓ જણાવે છે કે ''પ્રથમ ચરણરૂપે પ્રવરસમિતિની રચના કરવામાં આવી. તેમાં વિશાલતા-કાર્યદક્ષતા અને પરંપરાનાં સ્થાનોને મહત્ત્વ આપવામાં આપે દઢતાપૂર્વક જે માર્ગદર્શન પૂરું પાડ્યું તે અનુમોદનીય છે. આપની નિર્ણાયક દશા જરૂર લાભદાયી થશે...''

ચાતુર્માસ પૂર્વેની તથા ચાતુર્માસની આ સંમેલનઘટનામાં પૂજ્યશ્રીની શાસનસંન્નિષ્ઠા સુપેરે પ્રતિબિંબિત થાય છે. કેમ કે પૂ. જયઘોષ સૂ. મ. - પૂ. અભયદેવ સૂ. મ.થી તેઓ સંયમપર્યાયમાં વડીલ હોવા છતાં પ્રવરસમિતિ માટે પોતાના નામની લેશ ઈચ્છા ન દર્શાવતા સમુદાયની વિશાલતા-પરંપરામુખ્યતાદિ માપદંડો સાથે પૂર્ણ તટસ્થતાપૂર્વક પાંચ નામોની રજૂઆતનું મને જણાવ્યું. ઉપરાંત જ્યાં ગલત મનમાની લાગી હતી ત્યાં સામુદાયિક વિશાલતાની પરવા કર્યા વિના નીડર પ્રતીકાર માટે પૂજ્યશ્રીએ મને સૂચના કરી. બેમાંથી ક્યાંય પોતાને સીધેસીધું કાંઇ સ્પર્શતું ન હોવા છતાં આ અભિગમ દાખવવો એ ઉત્કૃષ્ટ શાસનસન્નિષ્ઠા સિવાય શે શક્ય બને ?

આવો બીજો ઠરાવ કરાયો દેવસૂરીય સામાચારીની પાંચ મુખ્ય બાબતોના નિર્દેશનો. એના કાયમી ઉલ્લેખો મુંબઇના કેટલા ય સંઘોએ પોતાનાં સ્થાનોમાં કરતા ગિરધરનગર સંઘ જેવા પુનરાવર્તનો થતાં અટક્યા. આ ઉપરાંત સર્વ સમુદાયોના એકેક શ્રમણ પ્રતિનિધિને આવરી લેતી 'સ્થવિર સમિતિ'ની રચના પણ થઇ. એ સમિતિમાં યુગદિવાકરસમુદાયના પ્રતિનિધિરૂપે મારી નિયુક્તિ થઇ...

આ સંમેલનબેઠક બાદ ત્વરિત વિહાર કરી ચૌદશે સાંજે અમે વસઇ આવ્યા અને આસો શુદિ-૧ થી આસો વદિ-૨ સુધી અખંડ મૌનપૂર્વકની સૂરિમન્ત્રપંચમપીઠિકાની મારી સાધના શરુ થઇ. પીઠિકા- પ્રવેશદિને પૂજ્યશ્રી બે કલાક પીઠિકાઆરાધનાસ્થાને વિરાજ્યા અને મને વત્સલ હૂંફભરી નિશ્રા આપી. આ આરાધનામાં સ્ત્રીનું મુખ પણ ન જોવાય એવી કાળજી ધરવાની હોવાથી અખંડ એકાંત હતું. એકાંત અને મૌનની જુગલબંદીમાં મને સૌથી વધુ આનંદ જાપસાધનામાં અને બુલંદીથી પ્રભુભક્તિનાં ગીતગાનમાં આવ્યો. આ નિમિત્તે અમારા આઠ શ્રમણ-શ્રમણીભગવંતો તથા એકેક શ્રાવક-શ્રાવિકા મળી દશ ભાગ્યવાનોએ ૩૬-૩૦-૨૩-૧૬-૯-૮ ઉપવાસ કર્યા. તેમાં સા. શ્રી નિસર્ગમિત્રાશ્રીજીએ ૩૬ ઉપવાસ કર્યા, તો મુનિ શ્રી ધર્મરત્નવિજયજી તથા લાભાર્થી પરિવારના નીરવભાઇએ માસક્ષમણ કર્યું. દશ દશ મહાપૂજનો-શત્રુંજય ભાવયાત્રાદિ ત્રણ સ્ટેજ કાર્યક્રમો-મહાપૂજાદિ સત્તર દિવસનો શાનદાર મહોત્સવ આ નિમિત્તે સંઘમાં યોજાયો. અંતિમ દિને સળંગ અગિયાર કલાક એક જ બેઠકે જાપ તથા આહુતિવિધાન થયું. આસો વદિ ત્રીજે ભવ્ય વરઘોડા સાથે લાભાર્થી પરિવારનાં આંગણે પગલાં-

* પ્રવરસમિતિના પાંચ પૈકી ચાર પૂજ્યો (૧) પૂ. તપાગચ્છાધિપતિ આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. (૨) પૂ. ગ. આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. (શાસનસમ્રાટસમુદાયના) (૩) પૂ. ગ. આ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. અને (૪) પૂ. ગ. આ. શ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજી મ. સંમેલનમાં ઉપસ્થિત હતા. એક માત્ર આ આચાર્યશ્રી ત્યાં ન હોવાથી એમનો આ પત્ર આવ્યો હતો.

પ્રવચન-સંઘનવકારશીનો કાર્યક્રમ હતો ત્યારે પૂજ્યશ્રીના હર્ષની-આનંદની કોઇ સીમા ન હતી. પ્રવચનમાં તેઓ ઉમળકાભેર બોલ્યા :''મારી ભાવના તીવ્ર હતી કે રાજરત્નસૂરિજી વહેલી તકે પાંચ પીઠિકા પૂર્ણ કરે. આજે એમણે અનેક જવાબદારી વચ્ચે આ ભાવના સાકાર કરી છે એનો અમને સૌથી વિશેષ આનંદ છે. એમનું સૌભાગ્ય છે કે સમુદાયમાં સર્વપ્રથમ પાંચે ય પીઠિકા-સાધનાનો લાભ એમને મળ્યો અને આ સૌભાગ્ય માણવા એમના સાંસારિક માતા-પિતા પણ અહીં હાજર છે. '' આ શબ્દો કહેતા પૂજ્યશ્રી ગળગળા થઈ ગયા હતા. મને ત્યારે આ શબ્દોમાં પૂજ્યશ્રીનું અખૂટ વાત્સલ્ય નીતરતું લાગ્યું.

શેષ ચાતુર્માસિક આરાધનાઓ બાદ , કાર્તિક વદિ પ્ર.૯, તા ૨-૧૨-૭ થી ઉપધાનતપસાધનાનો પ્રારંભ પૂજ્યશ્રીની નિશ્રામાં થયો. વસઈમાં આ સર્વપ્રથમ વાર ઉપધાન હતા, તો ઉપધાનતપના લાભાર્થી પણ વસઈના જ હતા. મુખ્ય લાભાર્થી હતા સંઘપ્રમુખ રતિલાલ સોમચંદ શાહ પરિવાર. સ્થાનની મર્યાદાનુસાર ૧૦૦ આરાધકોને પ્રવેશ અપાયો. ૯ થી ૮૧ વર્ષની વયમર્યાદાના એ આરાધકોમાં ૭૦ તો માળપરિધાન કરનાર આરાધકો હતા. એક પ્રશસ્ય ઘટના આમાં એ બની કે બાબુભાઈ ઠક્કર નામે અજૈન બંધુએ પ્રબળ શારીરિક કારણસર ઉપધાન તો ન કર્યા, પરંતુ આ નિમિત્તે આરાધનારૂપે સળંગ ૪૭ આયંબિલ એ દિવસોમાં એમણે કર્યા!! સરસ રીતે સંપન્ન થયેલ આ ઉપધાનતપની પૂર્ણાહુતિ પ્રસંગે જિનાલયમાં પુંડરીકસ્વામી - ગૌતમસ્વામી - સિદ્ધચક્રજી - વીશસ્થાનકના આરસપટ્ટની પ્રતિષ્ઠાનો નિર્ણય થયો. આ નિમિત્તે પોષ શુદિ - ૫, તા. ૧૩-૧-૦૭ થી પોષ વદિ -૧, તા. ૨૩-૧-૦૮ સુધી ૧૧ દિવસનો ભવ્ય મહોત્સવ ૪૫ કલાત્મક છોડનાં ઉદ્યાનસહિત યોજાયો. પોષ શુદિ ૧૨ શનિવારે અદ્ભુત ઉપધાનતપમાળારોપણ રથયાત્રા યોજાઈ, તો પોષ શુદિ તેરશ ને રવિવારે સવારે ચિક્કાર મેદની વચ્ચે પ્રતિષ્ઠાસમારોહ અને તે પછી સ્વામીનારાયણમંદિર પરિસરના વિશાલ મેદાનમાં યાદગાર ઉપધાનતપમાળારોપણસમારોહ યોજાયો. દરેક આરાધકનું સુવર્ણહારથી બહુમાન દાતાપરિવારો દ્વારા અને ત્રણ ગ્રામ સુવર્ણમુદ્રાથી બહુમાન સંઘ દ્વારા કરાયું.

ઉપધાનતપ બાદ હિંમતલાલ રતિલાલ ફાફડિયા પરિવાર તરફથી સીવણસઈતીર્થનો પદયાત્રાસંઘ યોજાયો. આ સંઘના તીર્થમાળવિધાન પ્રસંગે એક એવી વિલક્ષણ ઘટના સર્જાઈ કે જે 'જલલવતરલં જીવિયં' પંક્તિનો સાક્ષાત્કાર કરાવે. બન્યું એવું કે તીર્થમાળાની ક્રિયા થઈ ગયા બાદ માળારોપણનો સમય આવ્યો ત્યારે સંઘપતિના સંબંધીઓએ ખૂબ નાચીને હર્ષોલ્લાસ દાખવ્યો. એ પ્રસંગે મેં પ્રાસંગિક એક દષ્ટાંત કહ્યું કે જેમાં રજોહરણ લઈને નાચતા બાળ રાજકુમારનું ઉત્સાહના અતિરેકમાં ત્યાં જ મૃત્યુ થયું હતું અને એ શુભ મતિનાં કારણે શુભ ગતિ વર્યો હતો. આ પ્રાસંગિક રજૂઆત બાદ માળપરિધાનસમયે પણ સ્વજનોએ ખૂબ નૃત્ય કર્યું. એમાં એકાએક સુરેશભાઈ નામે એક સ્વજનને નાચતા નાચતા કાંઈક તકલીફ થઈ અને હજુ તે કાંઈ સમજાય - ડોક્ટર બોલાવાય તે પૂર્વે કાચી ક્ષણમાં એ ભાઈનું અવસાન થઈ ગયું : જાણે પેલા રાજકુમારની ઘટનાનું પ્રકારાંતરે અહીં પુનરાવર્તન થયું !! એ ભાઈને તો તુર્ત ત્યાંથી લઈ જવાયા. પરંતુ પૂજ્યશ્રીએ વાતને 'Positive' વળાંક આપતા સમજાવ્યું કે ''જેમ પેલા દષ્ટાંતમાંના રાજકુમારની સદ્ગતિ થયાનું શાસ્ત્રોએ જણાવ્યું તેમ આમાં પણ પૂર્ણપણે સદ્ગતિની જ સંભાવના છે . કારણ કે નિયમ 'જેવી મતિ તેવી ગતિ' નો છે.આ પુણ્યાત્મા જીવનની અંતિમ ક્ષણોમાં નૃત્ય - ગાન દ્વારા પ્રભુભક્તિમાં જોડાયેલા હતા. એથી એમની મતિ શુભ હતી અને એનાં કારણે જ ગતિ પણ એમની શુભ થઈ હશે. પ્રભુની સમક્ષ ભક્તિ કરતા કરતા જરા પણ હોય વોય વિના મોતને ભેટવું એ તો માંગ્યું ન મળે એવું મોત ગણાય. એનો હર્ષ હોય, શોક નહિ.''

આ વર્ષના શેષ કાર્યક્રમોમાં મલાડ - પૂર્વના દેવચંદનગરસંઘમાં ૫૧ છોડ ઉદ્યાપન સાથે ભવ્ય મહોત્સવ, ભાયંદર - બાવનજિનાલયતીર્થે છસો આરાધકોની સામૂહિક ચૈત્રી ઓળી આરાધનાદિ કરાવી. અન્યાન્ય શાસનકાર્યો કરાવતા વિ.સં.૨૦૬૪ની ચાતુર્માસારાધનાર્થે આષાઢ શુદિ દશમે મુંબઈની સોનાની ટેકરી ગણાતા વાલકેશ્વર-મલબારહિલના બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વરજિનાલય - ઉપાશ્રયે પૂજ્યશ્રી શાનદાર સ્વાગત સાથે પધાર્યા. વાલકેશ્વરનું એ સૌથી પુરાતન અને સૌનું શ્રદ્ધાકેન્દ્ર સમું સ્થાન હતું. એના સર્વાંગીણ વિકાસનાં મૂળમાં પૂ. યુગદિવાકરશ્રી હતા. વીશ-વીશ વર્ષનાં વહાણાં બાદ આ સ્થાનમાં યુગદિવાકરસમુદાયના ગુરુભગવંત ચાતુર્માસાર્થે પધારતા હતા. એથી ઉમંગ- ઉલ્લાસનાં મોજાં અરબીસમુદ્રનાં મોજાંની જેમ ઉછળતા હતા. પ્રવેશદિને વાલકેશ્વરની હદમાં પદાર્પણ કરતાં જ બે જબરજસ્ત શુકન એવાં થયા કે અમે સૌએ મનમાં ધારણા કરી લીધી કે આ ચાતુર્માસના ચમકાર કોઈ અલગ જ હશે. એની પ્રથમ પ્રતીતિ થઈ પ્રવેશદિને જ. અલગ અલગ સંઘોમાંથી આઠ સ્પેશ્યલ બસો દ્વારા ગુરુભક્તો સમયસર વાલકેશ્વરમાં આવી ગયા. ૮.૧૫ ક. સામૈયું શરુ થયું ત્યારે વાલકેશ્વરનો રાજમાર્ગ ભાવિકોથી છવાઇ ગયો હતો. ઠેર ઠેર ગહુંલીઓ-વધામણાં સાથે પૂજ્યશ્રી જિનાલયે દર્શન કરી ઉપાશ્રયે પધાર્યા ત્યારે ઉપાશ્રય અને બહારના પરિસરમાં પગ મૂકવાની જગ્યા ન બચે એવી પ્રચંડ ભીડ હતી. જાણકારો કહેતા કે વાલકેશ્વરમાં છેલ્લા વર્ષોમાં આટલી જબ્બર મેદની આ પ્રથમવાર ઊમટી હતી. પ્રવેશસભામાં પ્રવચનાદિ થયા બાદ કાર્યકર્તાઓએ અમને પૂછ્યું : ''સાહેબજી ! આજે માહોલ છે. અમારે ત્યાં સકલસંઘના ભાવિકોના સહયોગથી મૂલનાયક પ્રભુની જડતરની રમણીય આંગી બની છે. આ આંગી પ્રથમ વાર કોના હસ્તે પ્રભુને ચડાવવી એની ઉછામણી બાકી છે. તો હમણાં ઉછામણી કરી લઈએ ? '' અમે હા કહી અને ઉછામણી શરુ થઈ.

ધ્યાનમાં રહે કે આ ઉછામણી ન તો આંગીના લાભાર્થી બનવાની હતી, કે ન તો એમાં નામ આવવાનું હતું. માત્ર સ્વહસ્તે પ્રથમ વાર આંગી ચડાવવાનો જ આ લાભ હતો. સૌની ધારણા હતી કે બોલી ૫૦ હ. , ૭૫ હ. કે વધુમાં વધુ લાખ ₹. ની થશે. પરંતુ લાખ ₹. પર ઉછામણી પહોંચ્યા પછી માહોલ બદલાઈ ગયો. દોઢ લાખ... બે લાખ... અઢી લાખ...




જય જય શ્રી જીરાવલા..

## જય જય શ્રી જીરાવલા.. મારાં વહાલા જીરાવલા

મારાં વહાલા જીરાવલા















જય જય શ્રી જીરાવલા... મારા વહાલા જીરાવલા : ભાયંદર–રથાકાર મંદિરના શ્રી શંખેશ્વર શણગાર જૈન સંઘમાં પૂજ્યશ્રીની પ્રભાવક નિશ્રામાં યોજાયેલ ઐતિહાસિક અંજન શલાકા–પ્રતિષ્ઠા મહોત્સવની આ તસવીરોમાં અદ્ભુત મંડપો–પ્રવેશદ્વારો નિહાળાય છે, તો પૂજ્યશ્રીના પ્રવેશનો ઠાઠમાઠ નિહાળાય છે; ભાવિકોની ભરચક ભીડ દેખાય છે, તો ઊછળતો ઉમંગ દેખાય છે. આ જ મહોત્સવની ઉછામણીમાં પૂજ્યશ્રી ૮૪ વર્ષની વયે સળંગ આઠ કલાક પ્રવચન પીઠ પર વિરાજ્યા હતા.











ત્રણ લાખ... સાડા ત્રણ લાખ... ચાર લાખ... સાડા ચાર લાખ... પાંચ લાખ... બોલી વધતી જ ગઈ. સહુ આનંદિત હૈયે આ માહોલ માણી રહ્યા હતા. સાત લાખ... નવ લાખ... અગિયાર લાખ... તેર લાખ... પંદર લાખ... અને સત્તર લાખ... સુધી બોલી પહોંચી ગઈ. સહુનાં નયનો વિસ્મયવિભોર થઈ ગયા કે 'આ શું ? આ પ્રતિષ્ઠાની બોલી છે કે શું ?' અંતે વાલકેશ્વરના ભાગ્યવાને અટકી જઈને સામેની વ્યક્તિને આદેશ મળવા દીધો. ઉછામણી બોલનાર હતા શાંતાક્રુઝનિવાસી ગુરુભક્ત રસિકલાલ ગફુરચંદ શેઠ. આદેશ મળ્યો ત્યારે એમની આંખો હર્ષાશ્રુથી છલોછલ હતી. 'પ્રશમરતિ' ગ્રન્થમા મેં આરાધક પુણ્યાત્માનું એક લક્ષણ 'ભાવિતાત્મા' વાંચ્યું હતું. આ 'ભાવિતાત્મા' શબ્દનું સાકાર સ્વરૂપ મને ત્યારે આ રસિકભાઈમાં દેખાયું. વાલકેશ્વરવાસીઓને પૂજ્યશ્રીના પ્રબળ પુણ્યપ્રભાવનો આ પ્રથમ દિને જ પરિચય થઈ ગયો. આ સભામાં કાંદિવલી - પૂર્વના શાંતિનાથઝાલાવાડસંઘે અંજનશલાકા - પ્રતિષ્ઠામહોત્સવ માટે વિનંતિ કરતાં પૂજ્યશ્રીએ અલ્પ સમયમાં તેનો નિર્ણય કરવાનો ઉત્તર આપ્યો.આ જ પ્રવેશસભામાં, પૂજ્યશ્રીની પ્રેરણાથી મેં તૈયાર કરેલ 'પ્યારા ગુરુવર... ધર્મસૂરીશ્વર...' નામે પૂ. યુગદિવાકરશ્રીના લઘુ જીવનચરિત્રના અત્યાકર્ષક રમણીય પુસ્તકનું વિમોચન થયું..

અગિયારશથી નિત્ય પ્રવચનધારા શરુ થઈ. એક તરફ ચાતુર્માસિક પ્રવચનગ્રન્થરૂપે 'ધર્મબિંદુ' ગ્રન્થ પર પ્રવચનો, તો બીજી તરફ પ્રતિ શુક્ર, શનિ પ્લેઝન્ટ પેલેસ જૈન ઉપાશ્રયે વિશેષ પ્રવચનો યોજાયાં. પ્રતિ રવિવારે યુવાશિબિરો યોજાઈ, તો બાળશિબિરો-મહિલાશિબિરો પણ યોજાઈ. યુવાશિબિરના વિષયો પણ રસપ્રદ હતા. જેમ કે (૧) પસંદગી કોની ? થાળીમિત્રની કે કલ્યાણમિત્રની ? (૨) વ્યસન આબાદ તો જીવન બરબાદ (૩) તો તમારા ઘરમાં પણ સ્વર્ગ અવતરી શકે છે... વગેરે. તપનાં ક્ષેત્રે સામૂહિક ભક્તામરતપમાં ૨૨૫થી અધિક આરાધકો જોડાયા. તપક્ષેત્રે સૌથી મહત્વની બાબત એ બની કે પૂ. યુગદિવાકરશ્રીના ૧૦૫ મા જન્મદિન નિમિત્તે અમારા સાત સાધુ - સાધ્વીજીએ ૩૬-૩૧-૩૦ ઉપવાસની આરાધના કરી!! એક સાથે સાત-સાત સંયમીઓની માસક્ષમણ અને એથી અધિક તપસ્યાથી સંઘમાં એક જબરજસ્ત માહોલ સર્જાઈ ગયો. એમના તપની ઉજવણીરૂપે અને પૂ. યુગદિવાકરશ્રીના જન્મદિને નિમિત્તે ચૌદ દિવસીય મહોત્સવ આષાઢ વદિ ચૌદશથી શ્રા. શુદિ ૧૧ દરમ્યાન ભવ્ય સ્વરૂપે યોજાયો. તેમાં શ્રાવણ શુદિ -૯ ને રવિવારે પ્રભુમહાવીર ને ત્રિશલામાતાનાં હાલરડાંનો રંગારંગ કાર્યક્રમ સતત પાંચ કલાક ભવ્યાતિભવ્યરૂપે ઉજવાયો. ૧૮ પરિવારો ૧૮ રાજા-રાણી બની પ્રભુને હુલરાવવા ઉપસ્થિત થયા. સંગીત અને ભક્તિનો હૃદયસ્પર્શી સંગમ સર્જાયો. એ જ સમારોહમાં સાત પૂ. તપસ્વી ગુરુભગવંતોનાં તપસમાપનની ઉછામણી થતાં માતબર રકમમાં એ આદેશ અપાયો. દશમે દોઢ કિ.મી. દીર્ઘ ભવ્ય વરઘોડા સાથે પૂજ્યશ્રી અને તપસ્વી ગુરુભગવંતોસહિત ચતુર્વિધ સંઘના પગલાં લાભાર્થીનાં ગૃહાંગણે થયા. આ મહાતપ નિમિત્તે સંઘ દ્વારા 'દિવ્યભાસ્કર' અખબારમાં ફુલપેજનું વિજ્ઞાપન પ્રકાશિત થયું. શ્રા. શુદિ ૧૧ ના પૂ. યુગદિવાકરશ્રીની વિશાલ ગુણાનુવાદસભા-અનેક નામાંકિત અગ્રણીઓની ઉપસ્થિતિ અને સાધર્મિક બંધુઓની વિશિષ્ટ ભક્તિ થઈ. આ જ દિવસે, વાલકેશ્વરમાં કાયમી શરુ થયેલ સાધર્મિકભક્તિઅભિયાનનાં બીજારોપણ થયાં.

વાલકેશ્વરનાં આ યશસ્વી ચાતુર્માસના પ્રારંભે જ શાંતાક્રુઝવાળા શ્રી રસિકલાલ ગફુરચંદ શેઠ પૂજ્યશ્રી પાસે વિનંતિ લઈને આવ્યા કે ''મારે લોસ એન્જલસ (અમેરિકા)ના સંઘજિનાલયમાં અંજનશલાકાયુક્ત પ્રભુજી પધરાવવા છે. ત્યાંના સંઘના અગ્રણીઓ સાથે ઘણી ચર્ચાના અંતે મેં આ નિર્ણય મંજૂર કરાવ્યો છે. એ અંજનશલાકા અહીંના જિનાલયમાં આપના વરદ હસ્તે કરાવવાની છે.'' પૂજ્યશ્રીએ સંમતિ આપતાં એ અંજનશલાકાનો આહ્લાદક મહોત્સવ પાંચ દિવસના સંપૂર્ણ વિધિવિધાન સાથે યોજાયો... આરાધનાક્ષેત્રે એક અનુમોદનીય બાબત બની 'ચારિત્રવંદનાવલિ' કાર્યક્રમની. એ દિવસે ચારિત્રઉપકરણને વન્દના સાથે એ ઉપકરણ ઘરે લઈ જવાની તપ-ત્યાગની ઉછામણીઓ બોલાઈ. પાત્રાં લેવા માટે અભક્ષ્ય ચીજના ત્યાગનો નિયમ લેવાયો, તો તરપણી માટે ફ્રીજપાણી - ઠંડાપીણાંત્યાગનો નિયમ લેવાયો; દાંડા માટે ખુલ્લા પગે ચાલવાનો નિયમ લેવાયો, તો પુસ્તક માટે નવી ગાથા કંઠસ્થ કરવાનો નિયમ લેવાયો. એમાં પરાકાષ્ઠા ત્યાં આવી કે રજોહરણ લેવા માટે બાબુપરિવારના જ વિમલબેને એક વર્ષમાં ચાર હજાર સામાયિકનો આદેશ લીધો. એટલે કે રોજના સરેરાશ દશથી વધુ સામાયિક !! એમણે પૂર્ણ જવાબદારીથી - ભાવનાથી અહોરાત્ર પૌષધ - દિવસ પૌષધ વગેરે દ્વારા વર્ષાંતે લક્ષ્યાંક સિદ્ધ કરી દીધો. ખ્યાલમાં રહે કે વાલકેશ્વર વિસ્તારના અતિ સમૃદ્ધ પરિવારની વ્યક્તિ માટે આવા નિયમો જરા ય આસાન ન ગણાય. કિંતુ પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવે એ પણ શક્ય બન્યું.. એક હૃદયસ્પર્શી ઘટના 'મા-બાપને ભૂલશો નહિ' વિષયની યુવાશિબિર પછી સર્જાઈ હતી જેમાં માતા - પિતા સાથે તૂટવાની અણી પર આવી ગયેલ સંબંધના તાર એ પ્રવચન બાદ પુનઃદૃઢ જોડાઈ ગયા હતા.

વાલકેશ્વરમાં ચાતુર્માસપ્રવેશ બાદ એવો એક પણ દિવસ પ્રાયઃગયો ન હતો કે જેમાં અનુષ્ઠાન - ઉત્સવ જેવા પ્રસંગ ન બન્યા હોય. ઊછળતા ઉમંગે ઝાકઝમાળપૂર્વક આગળ વધી રહેલ એ ચાતુર્માસમાં પૂજ્યશ્રી સાથે સંલગ્ન એક સદૈવ સંસ્મરણીય ઘટનાએ એવો આકાર લીધો કે જેમાં આપણને પૂજ્યશ્રીનાં જીવનની બેજોડ શાસનપ્રભાવનાનાં પણ દર્શન થાય અને નિયતિનાં સામર્થ્યનાં પણ રોચક દર્શન થાય. વાલકેશ્વરના ચાતુર્માસપ્રવેશદિને જે ઉપરાઉપરી બે શુકનવંતી ઘટના અમે નિહાળી હતી એનું પરિણામ અમને આ સદૈવ સંસ્મરણીય ઘટનામાં ઝિલાયાની પ્રતીતિ થઈ.એ ઘટના આપણે નિહાળીશું આગામી પ્રકરણમાં...

•••